૩૦૧૨૦
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાધર્મ

લેખક

સીતારામ પુરુષોત્તમ પટવર્ધન

અનુવાદક

પાંડુરંગ દેશપાંડે

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

૧૧ ग
૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

j Foundation

Gurukul Kan

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શ્રી આપ્પાસાહેબ પટવર્ધને એ તપ સુધી પોતે અંગીકાર કરેલા વ્રતનું એકનિષ્ઠાથી આચરણ કરી, અનેક પ્રકારની મુશ્કેલીઓ અને કષ્ટોનો મુકાબલો કરતાં કરતાં છેવટે તેમાં યશ અને પ્રતિષ્ઠા મેળવ્યાં છે. મૂળથી જ વિદ્યાવ્યાસંગી પરંપરામાં જન્મેલા; નાનપણથી કેળવાયેલી સ્વાધ્યાયની ટેવ; તેમાં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના ખાસ વિદ્વાન; અધ્યાપકની મનોવૃત્તિ; ઝીણી ઝીણી ચર્ચાઓ કરનાર યુવકો અને પંડિતોની સોબતમાં નિત્ય જીવન; જેલના એકાંતવાસમાં મળેલી મનનની અનુકૂળતા; અને પોતાના તેમજ બીજાના અનુભવોનો મનમાં ભરાયેલો ખજાનો. આ બધાના પરિપાક રૂપે તેમને હાથે પોતાના સ્વકર્મના શાસ્ત્ર જેવું આ પુસ્તક લખાય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી."

કિ૦ ઘ૦ મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ११९ग / ३२
पञ्जिका संख्या 20120

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા-૧૦

સેવાધર્મ

લેખક

સીતારામ પુરુષોત્તમ પટવર્ધન

અનુવાદક

પાંડુરંગ ગણેશ દેશપાંડે

११ग
३३
२०१२०

પ્રકાશક તરફથી ભેટ

CHECKED 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

નવેમ્બર, ૧૯૫૫, પ્રત ૧,૦૦૦
સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

અઢી રૂપિયા

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ માળાનો ઉદ્દેશ પ્રચલિત અર્થમાં ધાર્મિક ગણાતા ગ્રંથો જ નહિ, પણ જીવનનાં વિધવિધ ક્ષેત્રોમાં 'ધર્મદૃષ્ટિને પોષે અને વધારે એ રીતના ઉપયોગી' ગ્રંથોને પણ લેવાનો છે. આ 'સેવાધર્મ' પુસ્તકનું એ રીતે આ માળામાં યથોચિત સ્થાન છે.

જીવનના નિર્વાહ માટેનું કર્મ, અને જીવનના શ્રેય માટેની સાધના –એ બે બાબતોને એકબીજાથી સદંતર ભિન્ન માનવાનું વલણ સામાન્ય રીતે પ્રચલિત હોય છે. એ વિચ્છેદથી અંતે બંને બાબતોને હાનિ પહોંચે છે. શ્રીકૃષ્ણે ગીતામાં સ્વકર્મને જ 'યોગ'નું પદ આપીને એ વિચ્છેદ ટાળવાનું અવતાર-કાર્ય કર્યું છે.

પરંતુ સમાજના બધા વર્ણધર્મો ઊલટપાલટ થઈ ગયા હોય, ત્યારે વ્યક્તિ માટે કઈ વસ્તુ સ્વકર્મ છે, એ નક્કી કરવું મુશ્કેલ બને છે. તેમ જ સમાજમાં સાર્વત્રિક કટોકટીના કે સર્વતોમુખી આપત્તિના એવા સમયો પણ આવે છે, કે જ્યારે તેમના નિવારણના સેવાકાર્યમાં લાગવું એ જ તે સમાજની સર્વ વિવેકસંપન્ન વ્યક્તિઓ માટે સ્વકર્મ બની રહે. આપણો દેશ હાલમાં કેટલાય સમયથી એવી જ અવદશામાંથી પસાર થઈ રહ્યો છે. સદ્ભાગ્યે ગાંધીજીએ આપણા સમાજને સેવાધર્મની ઉત્તમ પ્રેરણા આપી છે. અને તેને બળે આપણો દેશ કંઈક ધારણ પામી શક્યો છે. દેશના સાર્વત્રિક પુનરુત્થાનનાં આગામી વર્ષોમાં બીજી મૂડી ઉપરાંત સેવાકાર્યની મૂડીની હજુ પણ ભારે માગ રહેશે. એટલે સેવાધર્મ વિષે અનેકમુખી વિચારણા કરતું આ પુસ્તક યોગ્ય સમયે બહાર પડે છે, એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
	લેખકનું નિવેદન	૫
	અથાતો ધર્મજિજ્ઞાસા [શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા]	૭
૧.	સેવા શા માટે કરવી?	૩
૨.	પ્રેમનો વિકાસ	૧૨
૩.	જીવ, જગત અને ઈશ્વર	૧૭
૪.	સેવાનાં ક્ષેત્ર અને પ્રકાર	૩૩
૫.	રાષ્ટ્રવાદ અને કોમવાદ	૪૪
૬.	નકલી સેવા	૬૨
૭.	સેવામાર્ગમાં આવતાં નડતરો	૭૧
૮.	સેવકની સાધનસંપત્તિ	૯૩
૯.	સેવકની આજીવિકા	૧૨૦
૧૦.	વિવિધ પ્રશ્નો	૧૫૧
૧૧.	સેવકો જોઈએ છે	૧૭૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકનું નિવેદન

પોતાના વિચારો વાચકો આગળ પુસ્તક રૂપે રજૂ કરવાનું સાહસ હું આ પહેલી જ વખત કરી રહ્યો છું. આ પુસ્તક મેં ૧૯૪૨ ના જુલાઈથી સપ્ટેંબર માસ સુધીના ગાળામાં બેલગામ જેલમાં લખી કાઢ્યું હતું. તે વખતે એ લખાણ વિષે મેં નીચે મુજબ વિચારો નોંધી રાખેલા :

"મેં આ વિચારો છાપવાના ઇરાદાથી લખ્યા નથી. આ લખાણ છાપવું જોઈએ એવો મિત્રોનો અભિપ્રાય થાય, તેમ જ સાધનોની અનુકૂળતા મળી જાય તો સુધારેલા સ્વરૂપમાં આ લખાણ આગળ ઉપર છાપવાને કશી હરકત છે એવું કંઈ નથી; પણ આ લખાણ મુખ્યત્વે કરીને મારા નિકટના મિત્રો અને સહકારીઓના અવલોકન માટે મેં કરેલું છે. . . . દસ દસ વીસ વીસ વરસ સાથે કામ કર્યા છતાં નિકટના સહકારીઓની સાથે કાર્યના આદર્શ અને પદ્ધતિ બાબત સ્વસ્થ ચિત્તે આમૂલાગ્ર સહવિચાર કરવાની તક ભાગ્યે જ મળે છે. એક તો વખત જોઈએ, તેની સાથે ચિત્તની સ્વસ્થતા જોઈએ અને એ બન્ને હોય તોપણ બુદ્ધિ સજ્જ હોય તો જ કામ પાર પડે. આ બધા સંજોગોનો મેળ ખાવો મુશ્કેલ હોય છે. તેથી નિકટના સાથીઓની સાથે સહવિચાર કરવાના સાધન તરીકે જ આ લખાણ જેલની નિરાંતમાં કરવાનું મેં નક્કી કર્યું.

"વિદ્યાર્થીઓને જેમ નિબંધલેખનથી લાભ થાય છે, તેવો જ લાભ મને આ લખાણને નિમિતે થયો છે. મારા વિચારો વધારે વ્યવસ્થિત અને સ્પષ્ટ થયા, અને મને લાગે છે કે, મારી નિષ્ઠા પણ વધારે દૃઢ બની.

"અહીં જે વિચારો મેં વ્યક્ત કર્યા છે તે મેં ગુરુજનો પાસેથી, સાથીઓ તથા સોબતીઓ પાસેથી અને ક્યાંક મારા બાળમિત્રો પાસેથી પણ જેવા મને સમજાયા તેવા લીધા છે. એ વિચાર મારે ગળે ઊતરેલા છે અને તે પચાવવાનો હું સતત પ્રયત્ન કરી રહ્યો છું. તેથી એ વિચારો મારા છે એમ કહી શકાય. પણ જેટલે દરજ્જે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા છે તેટલે દરજ્જે તે મારા સાથીઓના પણ છે; અમારા બધાની વિચારસરણીનું તે એક સામુદાયિક પ્રતિબિંબ છે, એવી મારી માન્યતા છે, અથવા કહો કે એવી મારી આશા છે."

આ પુસ્તકનું હસ્તલિખિત અનેક મિત્રો કાળજીપૂર્વક વાંચી ગયા છે. તેમાંના ઘણાએ તે છપાવવાનો આગ્રહ કર્યો. કેટલાક મિત્રોએ થોડાઘણા સુધારા પણ સૂચવ્યા. તેમાંના કેટલાક મેં સ્વીકારી લીધા; પણ બીજા કેટલાક એવા હતા કે તે દાખલ કરવા માટે આખું લખાણ નવેસર લખી કાઢવું પડે એમ હતું. તેમ કરવા માટે જરૂરી સમય મને હાલ તુરત મળે તેમ નથી. કાગળની તાણના આજના દિવસોમાં પુસ્તક છપાવવાનો વિચાર સરખો મારા મનમાં આવ્યો ન હતો; પરંતુ મહારાષ્ટ્ર ગ્રંથ ભંડારના ચાલક અને રાષ્ટ્રીય સાહિત્યના ઉત્સાહી પ્રકાશક શ્રી દાદાસાહેબ કુલકર્ણીએ આ પુસ્તક તરતોતરત છાપીને પ્રસિદ્ધ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. પ્રકાશનને અંગે થનારું વાજબી ખર્ચ નીકળી રહે એ રીતે પુસ્તકની કિંમત બને તેટલી ઓછી રાખવાનું પણ તેમણે ખુશીથી કબૂલ કર્યું. તેથી આ પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની રજા મેં તેમને આપી છે. બીજી આવૃત્તિ કાઢવાનો સુયોગ આવે તો તે આથી ઓછી કિંમત રાખીને તેમ જ હવે પછી જે સુધારાવધારા સૂઝે કે સૂચવવામાં આવે તેની સાથે કાઢવાની ઉમેદ રાખું છું. વાચકો પોતપોતાની સૂચનાઓ મને જણાવે એવી તેમને નમ્ર વિનંતિ છે.

શ્રી કિશોરલાલભાઈએ પોતાની તબિયત બહુ જ ક્ષીણ હોવા છતાં કેવળ મારા વિષેના વાત્સલ્યથી પ્રેરાઈને આ પુસ્તકને એક બહુ જ માર્મિક અને મૂલગ્રાહી પ્રસ્તાવના લખી આપી પુસ્તકની ઉપયોગિતામાં મહત્ત્વનો ઉમેરો કર્યો છે. પણ તે માટે તેમના આભાર માનવા એ પણ શોભે તેવું નથી.

સાધકાશ્રમ
કણકવલી
એપ્રિલ, ૧૯૪૫

સીતારામ પુરુષોત્તમ ઉર્ફે આપ્પા પટવર્ધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अथातो धर्मजिज्ञासा ।

શ્રી આપ્પાસાહેબ પટવર્ધને બે તપ સુધી પોતે અંગીકાર કરેલા વ્રતનું એકનિષ્ઠાથી આચરણ કરી, અનેક પ્રકારની મુશ્કેલીઓ અને કષ્ટોનો મુકાબલો કરતાં કરતાં છેવટે તેમાં યશ અને પ્રતિષ્ઠા મેળવ્યાં છે. મૂળથી જ વિદ્યાવ્યાસંગી પરંપરામાં જન્મેલા; નાનપણથી કેળવાયેલી સ્વાધ્યાયની ટેવ; તેમાં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના ખાસ વિદ્વાન; અધ્યાપકની મનોવૃત્તિ; ઝીણી ઝીણી ચર્ચાઓ કરનાર યુવકો અને પંડિતોની સોબતમાં નિત્ય જીવન; જેલના એકાંતવાસમાં મળેલી મનનની અનુકૂળતા; અને પોતાના તેમ જ બીજાના અનુભવોનો મનમાં ભરાયેલો ખજાનો. આ બધાના પરિપાક રૂપે તેમને હાથે પોતાના સ્વકર્મના શાસ્ત્ર જેવું આ પુસ્તક લખાય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

'સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.' એટલે, જીવે ત્યાં સુધી સીવે, તો જ તેની રગેરગમાં સ્વકર્માચરણના સંસ્કારો 'ઊમટ્યા' છે એમ કહી શકાય. એને સીવવામાંથી શું મળે છે એ પ્રશ્ન, નજીવો ન હોય તોયે, એટલો જ એક પ્રશ્ન નથી. એને સીવવા સિવાય બીજું કશું ફાવે જ નહીં, ગમે જ નહીં, તેનાથી કરાય જ નહીં, એવી ભાવના તે સ્વકર્માચરણની ભાવના છે. એવી ભાવનાથી પ્રેરાઈને જ લાખો ખેડૂતો ખેતી ફાયદાકારક થતી નથી છતાં તેને હઠપૂર્વક વળગી રહે છે. પ્રકૃતિના ગુણોમાંથી ઉત્પન્ન થતું આ સ્વકર્માચરણ વર્ણધર્મનું મૂળતત્ત્વ છે. એ તત્ત્વનું સંશોધિત રૂપ — એટલે કે વિશુદ્ધ ભાવે કરેલું સ્વકર્માચરણ — એને આપણે આ જમાનામાં 'સેવાધર્મ'ને નામે ઓળખીએ છીએ, અને એ જ અર્થમાં જનસેવા, દેશસેવા, સેવક વગેરે શબ્દો વાપરવામાં આવે છે.

'સેવા' સ્વકર્માચરણનું જ સંશોધિત રૂપ હોવાથી, તે એક વૃત્તિ જ છે. વૃત્તિ એટલે જન્મથી અથવા તે પછી પ્રાપ્ત થયેલા સંસ્કારોથી નિર્માણ થયેલી શરીર, મન અને બુદ્ધિની સમાજોપયોગી અથવા વિશ્વોપયોગી પાત્રતા. વૃત્તિ એટલે ઉપજીવિકાનું સાધન અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધો, એ તો એના પરિણામને મહત્ત્વ આપી આરોપાયેલો લાક્ષણિક અર્થ છે. બધા જ ન હોય તોયે, સમાજને ઉપયોગી લાગનારા ઘણાખરા ધંધાઓ મૂળે સમાજજીવનની કાંઈક ઊણપ અથવા દુઃખનાં દર્શનમાંથી ઉદ્ભવેલી સેવાવૃત્તિમાંથી નિર્માણ થયેલા જણાય છે. તે ઊણપ કે દુઃખને દૂર કરવા માટે પ્રથમ કેટલાક પરોપકારવૃત્તિના ભલા માણસોને 'સ્વયંસેવા' કરવાની વૃત્તિ થાય છે. એના બદલામાં પોતાને કશો લાભ મળે — એક નારિયેળ કે પાનસોપારી પણ મળે — તો તેયે ન ખપે, એ રૂપે તે પ્રગટ થાય છે. એ સેવાવૃત્તિ તેમના જીવનનાં અન્ય કર્મો અને વ્યવસાયો ઉપરાંત, એક પુરવણી રૂપે, પ્રથમ પ્રગટ થાય છે. પણ જ્યારે એ ઊણપો અથવા દુઃખો સમાજજીવનની એક નિત્યની જ બાબત બની જાય છે, અને તેને પહોંચી વળવા માટે અનેક માણસોની જરૂર ઊભી થાય છે, ત્યારે બીજું પગથિયું 'ખડી સેવા'નું આવે છે. એટલે કે, ઉપર કહેલા 'સ્વયંસેવકો' તથા બીજા કેટલાક માણસો, પોતાના નિત્ય વ્યવસાયોને છોડી દઈ, એ ઊણપો કે દુઃખો દૂર કરવા માટે, પોતાને આઠે પહોર તૈયાર રાખે છે, અને તેમના કામની કદર કરનારા સમાજના બીજા લોકો તેમને તે માટે અનુકૂળતા તેમ જ તેમના જીવનનિર્વાહની વ્યવસ્થા કરી દે છે, અને તેમને પ્રતિષ્ઠા પણ આપે છે. તેમનું સેવાકામ તથા તેમની ઉપજીવિકા એ બે વચ્ચેના પ્રમાણને બજારભાવનો કોઈ ન્યાય લાગુ પડતો નથી. અને ઘણુંખરું, તેઓ પણ પોતાનું જીવન પોતાની કદર કરનારા લોકોની ઉદારતાને પોષે એવું સાદું અને પવિત્ર રાખે છે.

જે ઊણપો અથવા દુઃખો દૂર કરવા માટે પરોપકારવૃત્તિથી આ સેવાકાર્ય ઉત્પન્ન થયું, તે જો સમાજમાં ઘણા ફેલાયેલા અને સદાયે ટકનારા દોષો હોય, અને તે દૂર કરવાનું કામ કોઈ ખાસ પ્રકારની આવડત, કુનેહ, અને શિક્ષણની ઉપર આધાર રાખતું થાય, તો તે 'ખડી સેવા'માંથી એક નવો વર્ણ અથવા ધંધો ધીમે ધીમે પેદા થાય છે. વકીલ, દાક્તર, નર્સ, ધર્મોપદેશક, પુરાણી, શિક્ષક વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ધંધાઓ અને તેમાંથી ઉત્પન્ન થયેલા બીજા ઉપધંધાઓ આ રીતે મૂળ 'સ્વયંસેવા', પછી 'ખડી સેવા' અને અન્તે 'ધંધા'ની સ્થિતિએ પહોંચ્યા છે.

'સ્વયંસેવા'ની સ્થિતિમાં નિર્વાહનો પ્રશ્ન ઊઠતો જ નથી. આર્થિક બદલાની છાયાથીયે તે 'મરજાદી' રહે છે. 'ખડી સેવા'માં આર્થિક બદલો કેવળ તેને સેવા કરવાની સુગમતા કરી આપવાની મર્યાદામાં રહે છે. બજારભાવ સાથે તેનો ઓછો સંબંધ હોય છે. પરંતુ જ્યારે તે ધંધાની સ્થિતિએ પહોંચે છે, ત્યારે તે સમાજની જરૂરિયાત તો પૂરી પાડે છે, પણ તેની 'સેવા' તરીકેની પ્રતિષ્ઠા ઓછી થતી જાય છે, તે બજારની વસ્તુ બને છે, અને અધોગતિએ પહોંચે તો અપ્રતિષ્ઠિત પણ થાય છે.

આમ 'સેવા' એ સ્વકર્માચરણનું સંશોધિત રૂપ અને શરૂઆતમાં એક નવા વર્ણ અથવા ધંધાનું આરંભસ્થાન છે. દેખીતું છે કે, સમાજજીવનની જે ઊણપો અથવા દુઃખો કાયમ જેવાં હોય — જેવાં કે, અજ્ઞાન, રોગ, ગંદકી, અન્યાય, વિષમતા, સંસ્કારવિહીનતા, વિદ્યા-કળા-વિહીનતા વગેરે — તેમના નિવારણનું કાર્ય કેવળ 'સ્વયંસેવા' તરીકે લાંબો વખત સુધી નભી શકે નહીં. જતે દહાડે તેને 'ખડી સેવા'નું રૂપ પ્રાપ્ત થવાનું જ. એટલે કે, તે જ કામને આઠે પહોર કરનારા માણસોની જરૂર લાગવાની, અને તેથી તેમને તેમ કરવાની સુગમતા કરી આપવાનો પ્રશ્ન પણ ઊભો થવાનો જ. 'ખડી સેવા'ની સ્થિતિમાં હોય ત્યાં સુધી જ સેવાકાર્યનું રૂપ શુદ્ધ અને પ્રતિષ્ઠાપાત્ર રહેવાનો સંભવ, અને ત્યાં સુધી જ તેના આચરનારાને તે સ્વકર્મ દ્વારા ઉપાસનાનું અને શ્રેયઃપ્રાપ્તિનું સાધન છે, એવો તેને વિષે સંતોષ થવાનો સંભવ રહે છે. પણ જ્યારે તે 'ખડી સેવા' બજારનો ધંધો બને છે ત્યારે, તે દ્વારા સ્વકર્માચરણ થતું હોય અથવા વર્ણધર્મ પળાતો હોય તોપણ, તેમાંથી 'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः' એ વાક્યનો અનુભવ અથવા સંતોષ મળવો સંશયાસ્પદ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમણે એમ માન્યું કે, સ્વકર્માચરણ ભલે અમુક હદ સુધી મનુષ્યની ચિત્તશુદ્ધિમાં સહાયક થાય, પણ તે દ્વારા 'सिद्धिं विन्दति'નો અનુભવ થવો અશક્ય જ છે, તેમણે શ્રેયઃપ્રાપ્તિના અંતિમ પગથિયા રૂપે સંન્યાસને અનિવાર્ય માન્યો, અને ગીતાના એથી જુદા તાત્પર્ય તરફ ખેંચનારા શ્લોકોને સંન્યાસને અવિરોધી થાય એમ સમજાવ્યા. હજાર બારસો વર્ષ થયાં, હિંદુ જનતા ઓછીવત્તી તે સંસ્કારને વળગી રહી છે.

એ હજાર બારસો વર્ષ દરમ્યાન, 'જ્ઞાનદશા' સિદ્ધ કરીને પાછા સ્વકર્માચરણ અથવા 'સાંસારિક કર્મો'માં પડનારા 'સહજ સ્વરૂપ જ્ઞાનીઓ'નોયે એક સંપ્રદાય ચાલતો રહ્યો. પણ તે 'સહજાવસ્થા' ઘણી વાર દબાયેલી વાસનાઓની તૃપ્તિ કરવા માટે અવલંબેલા એક પ્રકારના દંભનું ઢાંકણુ માત્ર બની; અને, ભલે મુઠ્ઠીભર લોકોને થોડો વખત પોતા પાછળ તે ઘસડી શકી હોય, તોય તેની પ્રતિષ્ઠા ઝાઝો વખત ટકી શકી નહિ, અને એ સંપ્રદાય નૈસર્ગિક પ્રેરણાથી સ્વકર્માચરણ કરનારા માનવસમુદાયને કોઈ શુદ્ધ માર્ગ બતાવી શક્યો નહિ. ગીતાએ કહ્યું છે કે, जोषयेत् सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन्; પણ આ જ્ઞાનીઓએ તે મુજબ કર્મોનો 'समाचार' (सम्यक् आचार) કરી ન બતાવ્યો, તેમ તે કર્મોનું 'जोषण' એટલે 'શોધન' પણ કરી ન બતાવ્યું. કારણ કે તેમનું 'સહજાવસ્થા'નું તત્ત્વજ્ઞાન તેમને ગુણ અને દોષ, નીતિ અને અનીતિ, વગેરે સર્વે 'ત્રિગુણાત્મક વિચારો'ને બાલિશતા ઠરાવવા તરફ લઈ ગયું, અને ઘણી વાર સ્મૃતિ–ધર્મોની ડહાપણભરી મર્યાદાઓનું પણ ઉલ્લંઘન કરવા તરફ ખેંચી ગયું. આમ તેમનું સ્વકર્માચરણ પણ જનતાને ઝાઝું માર્ગદર્શક થયું નહિ. ઊલટું, તેમનામાંના કેટલાકના જીવન પરથી લોકોએ એમ જ માન્યું કે, શ્રેયાર્થી અને સંસારીનો માર્ગ જુદો જ હોવાથી, જે માણસ સંસારની પ્રવૃત્તિઓને શ્રેયાર્થી જીવનને અનુકૂળ કરવા પ્રયત્ન કરે છે, તે સમાજનું નુકસાન કરતો હશે અથવા દંભ કરતો હશે.

હજાર બારસો વર્ષ સુધી આવા અનુભવમાંથી પસાર થયેલા હિંદુ સમાજને આ વિષયની ફરી વિચારણા કરવાની જરૂર હતી જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમાન્ય ટિળકે પોતાના ગીતાભાષ્ય દ્વારા એ વિચારનો આરંભ કર્યો. 'નિષ્કામતા'ની શરત પૂરી પડે તો સ્વકર્માચરણ, સંન્યાસની અપેક્ષા વિના, સંસિદ્ધિનું પૂર્ણ સાધન બની શકે છે, એવો ગીતાના ઉપદેશનો સાર છે એટલું જ નહીં, પણ તે પર જ ગીતાનો વધારે ભાર છે, એમ તેમણે સમજાવ્યું.

પણ નિષ્કામતા એટલે શું? એનું આધ્યાત્મિક સ્વસંવેદ્ય રૂપ શું, અને બાહ્ય વ્યાવહારિક રૂપ શું? સમાજનાં વિવિધ કર્મોમાં તેનો અમલ કરવા માટે કઈ મર્યાદાઓ અને ધર્મોનું પાલન આવશ્યક છે? એ બધી તપસીલો ઉમેરવાની બાકી રહે છે. 'નિષ્કામતા' એવી સૂક્ષ્મ વસ્તુ છે કે, આવી તપસીલો છતાંયે માણસ પોતાને છેતરી શકે, તપસીલોનું રતીભાર વધારે પડતું પાલન કરતાં છતાં સકામકર્મી હોઈ શકે. તો પછી તેવી તપસીલો ન હોય ત્યારે સામાન્ય બુદ્ધિનો શ્રેયાર્થી સ્વકર્માચરણ દ્વારા સંસિદ્ધિની આશા રાખે એ બાહુબળથી દરિયો તરી જવાની આશા રાખવા બરાબર ગણાય. ભૌતિક સુખો પાછળ પડેલા અને સાચ-જૂઠની પરવા કર્યા વિના, લડાઈ-ટંટા-હરીફાઈ તથા સર્વે પ્રકારનાં છળકપટનો આશ્રય કરી, ભૌતિક સ્વાર્થ અને સુખ શોધતા માનવસમાજમાં, સ્વકર્મ દ્વારા, એટલે કે, પોતાનાં અને સમાજનાં ભૌતિક સુખોને જ મુખ્યત્વે વધારવાને પ્રયત્ન કરનાર માણસને શ્રેયની સિદ્ધિ કેમ થઈ શકે? લોકમાન્યે જૂના વિચારોમાં પરિવર્તન કરાવનારું બીજારોપણ તો કર્યું પણ તેને અનુસરી કર્મમાર્ગનું આ જમાના માટેનું આવશ્યક શોધન કરી દેખાડવા જેટલું તે જીવ્યા નહિ.

એ આરંભ ગાંધીજીએ કર્યો. અથવા વધારે ચોક્કસપણે કહીએ તો આરંભ કર્યો સદ્ગત ગોખલેએ અને વિકાસ કર્યો ગાંધીજીએ. એમણે આ જમાનાના હિંદી સમાજજીવનમાં અનેક ઊણપો અને દુઃખોનું સામટું દર્શન કર્યું. અને તે દરેકના ઉકેલ માટે જુદા જુદા પ્રકારની સત્ય, અહિંસા અને યમ-નિયમો પર આધાર રાખનારી સેવાઓ — રચનાત્મક કાર્યક્રમની સંસ્થાઓ — ઉત્પન્ન કરી. પચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષના ગાળામાં તેમાંની ઘણીક 'સ્વયંસેવા', 'ખડી સેવા' અને ધંધો ત્રણે ભૂમિકાઓમાંથી પસાર થઈ, અને એકી વખતે ત્રણે પ્રકારના સેવકોનું કર્મક્ષેત્ર બની. એમાંથી સ્વકર્મયોગ કેવી રીતે 'સેવા'નું અથવા શ્રેયનું સાધન મટી જઈ, 'ધંધા'નું અથવા પેટભરુ વેપારનું સાધન બની જાય છે, તેનું નિરીક્ષણ કરવાનુંયે મળ્યું. શ્રી આપ્પાસાહેબે પોતાના નિરીક્ષણનો લાભ આ પુસ્તક દ્વારા આપણને આપ્યો છે. સમાજોપયોગી કર્મમાર્ગમાં રહીને મનુષ્ય કઈ રીતે તેને સ્વપરશ્રેયનું સાધન બનાવી શકે, તેનું એમણે જાણે એક દર્શન અને તેનું ભાષ્ય જ રચ્યું છે.

એ ભલે સર્વાંગપૂર્ણ ન હોય; એમના કેટલાક વિચારો ફરી વિચારવા જેવા હોય એમ પણ બને; પણ કર્મ દ્વારા સંસિદ્ધિનો રીતસર માર્ગ રજૂ કરવાની એ શરૂઆત કરે છે. સમાજનો કોઈ પણ ધંધો પોતાનાં ભૌતિક સુખો વધારવા માટે કરવો તથા પોતાને વધારેમાં વધારે ભૌતિક સુખો પ્રાપ્ત થાય એ રીતે કરવો, અને તેને સમાજજીવનની કોઈ સાચી ઊણપ અથવા દુ:ખ દૂર કરવા માટે કરીને અમુક એક મર્યાદામાં રહી તેમાંથી નિર્વાહ મેળવવો — એ બેની વચ્ચે જે ભેદ છે, તે સ્વકર્મછંદ અને સ્વકર્મયોગ એ બે વચ્ચે છે. શ્રી આપ્પાસાહેબનું ભાષ્ય સંપૂર્ણ ન હોય તોયે, એટલું બતાવવા માટે પૂરતું છે કે, સમાજજીવનની ઊણપ કે દુ:ખ દૂર કરનાર કોઈ પણ ધંધો જો 'સેવાધર્મ' સમજીને ચલાવવામાં આવે, તો તે સ્વકર્મયોગ બની શકે. તેથી ઊલટું 'સેવા'રૂપે મનાયેલી આજની કોઈ પ્રવૃત્તિ જો પોતાનાં ભૌતિક સુખો વધારવા માટે જ કરવામાં આવે, તો તે પણ એક 'ધંધો' જ બની જાય. તેથી આ પુસ્તક માત્ર 'સેવકો' માટે જ છે, એમ રખે કોઈ માને.

હું આશા રાખું છું કે, 'સેવકો' તથા બીજા વાચકો પણ આ પુસ્તક વાંચશે અને આ માર્ગને વધુ સ્પષ્ટ અને ઉજ્જ્વળ કરશે.

સેવાગ્રામ
૨૯–૩'–૪૫

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

સેવા શા માટે કરવી?

સેવાના રૂઢ પ્રકાર : 'દેશસેવા' કરવી એ આજકાલ સર્વમાન્ય અને મોટે ભાગે રૂઢ કાર્યક્રમ થયેલો છે. દેશસેવા સિવાય પણ સેવાના બીજા અનેક પ્રકારો આજે પ્રચલિત છે: દા. ત. સમાજસેવા, જ્ઞાતિસેવા, હરિજનસેવા, આદિવાસીઓની સેવા, દલિતસેવા, મજૂરસેવા, ગ્રામસેવા, રક્તપિત્તીઓની સેવા, ગોસેવા ઇત્યાદિ. ઉપરાંત, અનેક જાતનાં સ્વયંસેવક મંડળો અને સેવા સમિતિઓ ઠેકઠેકાણે જોવામાં આવે છે. આ બધા નાના મોટા સેવકો પોતપોતાની ઢબે સેવાકાર્યમાં મગ્ન હોય છે. પોતાના નામનાં પાટિયાં લટકાવનારા આ મુખર અથવા સંગઠિત સેવકોથી અનેક ગણા એવા અનામિક કે અજ્ઞાત રહીને સેવા કરનારા મૂક સેવકો ઠેર ઠેર વીખરાયેલા હોય છે. દુનિયામાં જેમ સ્વાર્થવૃત્તિ સર્વવ્યાપી છે તેવી જ રીતે આ સેવાવૃત્તિ પણ સાર્વત્રિક છે એમાં શંકા નથી.

મિશ્ર હેતુ : આમાંની ઘણી સેવા શોખને ખાતર, રમૂજને કે મનવિનોદનને માટે, લોકોની નજર આગળ દમામથી મહાલવા માટે, પ્રસિદ્ધિના લોભથી, જિજ્ઞાસા માટે, કોઈ એક મહાન સંઘ કે સંસ્થાના સભ્ય કે ઘટક હોવામાં લાગતી મોટાઈને ખાતર, બીજાઓના અનુકરણથી અને ક્યારેક તો લોભ, ઈર્ષ્યા, મત્સર વગેરે મનોવિકારોથી પ્રેરાઈને તેમ જ બીજાં અનેક પ્રલોભનોને વશ થઈને કરવામાં આવે છે, એ વાત સાચી. તેમ છતાં ઘણી સેવા કેવળ સહજ પ્રવૃત્તિથી, સ્વાભાવિક વલણને લીધે, રહેવાતું નથી એટલા માટે, સાચી લાગણીથી તેમ જ પોતે સેવા કરી રહ્યા છીએ એવા સાભિમાન ભાન વિનાં થાય છે એ વાત પણ કબૂલ કરવી જોઈએ. અમુક ચોક્કસ વખતે ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવેલા હેતુમાંથી કોઈ એક જ હેતુ કાર્યની પાછળ હોય છે, એવું પણ નથી હોતું. અનેક હેતુઓનું મિશ્રણ જુદા જુદા પ્રમાણમાં થયેલું જોવામાં આવશે. તેમ છતાં 'શુદ્ધ સેવા' કરીને એક વસ્તુ તો જરૂર છે. અસલ ધાતુ ખાણમાં હંમેશાં બીજી વસ્તુઓ સાથે ભળેલી અવસ્થામાં જ આવતી હોય, તેમ જ વહેવારમાં પણ આપણે તેની સાથે બીજી ધાતુઓ કે દ્રવ્યો કોઈ વિશિષ્ટ પ્રમાણમાં મેળવતા હોઈએ તોપણ એ ધાતુનું અમુક એક ચોક્કસ સ્વરૂપ આપણે કલ્પીએ છીએ અને તેના ગુણધર્મો નક્કી કરીએ છીએ. તે જ પ્રમાણે સ્વાભાવિક, શુદ્ધ કે અસલ સેવા વિષે જ આપણે વિચાર કરવાનો છે. તેનું સ્વરૂપ નિશ્ચિત કરવાનું છે, તેનો અર્થ કરવાનો છે, તેમ જ તેની ઉપપત્તિ બેસાડવાની છે.

पश्चात्ताप: "મારે બીજાની સેવા શા માટે કરવી જોઈએ," એવો પ્રશ્ન કાર્યકર્તાઓના મનમાં ઘણી વાર ઊઠ્યા કરે છે. સેવાકાર્ય કરતાં કરતાં સેવકને અનેક વાર નાસીપાસ થવાના પ્રસંગો આવે છે. આવો પ્રસંગ આવે ત્યારે મારે બીજાની સેવા શા માટે કરવી જોઈએ, એવો વિચાર તેના મનમાં આવે છે. પેટને ખાતર કે પગાર માટે બીજાની સેવા શા સારુ કરવી, એવો પ્રશ્ન ઊઠવાનો ઝાઝો સંભવ નથી હોતો; કારણ એ સેવા બીજાની નથી હોતી, પણ પોતાની જાતની જ હોય છે. પણ "ઘરનું ખાઈને નકામી પારકી પંચાત મારે શા સારુ કરવી," એવો વિચાર મારા પોતાના મનમાં ઊઠે તે પહેલાં જ મારાં સગાંવહાલાંઓ તેમ જ હિતચિંતકો તે મારા મનમાં ઘુસાડી દે છે!

ઉપર કહ્યું તેમ શુદ્ધ અથવા સ્વાભાવિક સેવા, એ સેવાના ભાન વગરની, સહજ હોય છે. પણ સેવાના બીજા પ્રકારો એટલે બીજી વસ્તુઓ સેવા સાથે ભળી હોય એવા સેવાના પ્રકારો પણ શરૂઆતમાં એવા ભાન વિનાના હોય છે. કોઈ યુવક સહજસ્ફૂર્તિથી સ્વયંસેવક દળમાં દાખલ થાય છે; પણ આગળ જતાં બીજો કોઈ માણસ તેનો નાયક બને છે અને તેને તેની આજ્ઞાનું પાલન કરવું પડે છે ત્યારે, અથવા સેવકદળના ફોટામાં તેને પ્રમુખ સ્થાન મળતું નથી ત્યારે તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહભંગ થાય છે. અને 'મારે શું કામ આ બધી પંચાતમાં પડવું જોઈએ,' એમ તે પોતાના મનમાં ને મનમાં બબડવા લાગે છે. દેશની ખાતર કેળવણી છોડી દેનારા, જેલયાત્રા કરનારા અથવા નોકરીમાંથી રાજીનામું આપનારા અનેક યુવકોને પાછળથી પસ્તાવો થાય છે અને તેમના મનમાં જાત જાતના વિચાર આવે છે: "દેશભક્તિ એટલે બાવાઈ તો નહીં હોય? અથવા તે એક મહત્ત્વાકાંક્ષાનો જ પ્રકાર હશે. પોતાની મહત્ત્વાકાંક્ષા બર લાવવા માટે તેમ જ પોતાનું મહત્ત્વ વધારવા માટે આગેવાનો અમને ઉશ્કેરી મૂકે છે અને પોતાનું ઉદ્દિષ્ટ કાર્ય પાર પડતાં અમને દગો દે છે," ઇત્યાદિ. જો એ આંદોલનને પરિણામે એ યુવક પોતે જ મોટી પદવીએ પહોંચે, તો તેની નિષ્ઠા દૃઢ પણ થાય છે. પણ આવાં આગંતુક કારણોને લઈને દૃઢ થયેલી નિષ્ઠા દાંભિક હોવાની પણ પૂરતી ધાસ્તી રહે છે.

ઉપરનો પ્રશ્ન બીજી રીતે પણ રજૂ કરી શકાય. "મારે સ્વાર્થ-ત્યાગ શા માટે કરવો જોઈએ? પારકાના સુખને ખાતર મારે શું કામ મરવું? માન-માન્યતા, કીર્તિ મળે એટલા માટે? અથવા મારો ત્યાગ ભવિષ્યમાં થનારા લાભને માટે મૂડી તરીકે કામ આવે એટલા માટે મારે ત્યાગ કરવો?"

ભાનનાં દુષ્પરિણામ: સમાજસેવા તથા તેની સાથે સ્વાર્થત્યાગ કરનારા માણસને વખત જતાં તે ત્યાગ ભારે પડે છે અને તેથી તેનામાં એક જાતનું સ્પષ્ટ કે સૂક્ષ્મ ચીડિયાપણું પેદા થાય છે, એવું આપણા જોવામાં ઘણી વખત આવે છે. કેટલાક લોકો તો તે માટે પસ્તાય છે અને સવિશેષ સ્વાર્થપરાયણ બનીને સેવાકાર્યની કાયમની વિદાય લે છે, એ પણ સમજ્યા. પણ કેટલાક પોતાના અનુભવથી ડાહ્યા બનીને પોતે કરેલી બાવાઈનું સાટું વાળવાના ઇરાદાથી સ્વાર્થસિદ્ધિ માટે પણ સેવાનું ઓઠું ચલાવ્યે રાખે છે.

આવા 'ત્યાગી' સેવકોને સમાજ વતી એમ કહેવાની જરૂર છે કે, "તમારી સેવા અમારે નથી જોઈતી, તેમ જ તમારો ત્યાગ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે જોઈતો નથી. તમારે કષ્ટ ઉઠાવવાની જરૂર નથી અને અમારે પણ તાપત્રયની પીડા ન જોઈએ."

બલ્કે એમ પણ કહી શકાય કે, "સ્વાર્થત્યાગ એ એક અનિષ્ટ વસ્તુ છે. કોઈએ પણ સ્વાર્થત્યાગ કરવો, એ ઇષ્ટ કે વાજબી નથી."

તો શું બધાએ પોતપોતાના જ સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેવું? દુનિયાનાં બધાં અનિષ્ટો તો આ સ્વાર્થ-સાધુપણાને લીધે જ આવી પડે છે.

એટલા માટે સ્વાર્થત્યાગ અથવા સેવા એટલે શું, તે શા માટે કરવી જોઈએ, એનો ખુલાસો થવાની જરૂર છે.

માતાની અપત્યસેવા: સ્વાર્થત્યાગનો અથવા સેવાનો સર્વશ્રેષ્ઠ નમૂનો કે આદર્શ બાળક માટે કષ્ટ વેઠતી માતાનો છે. માતા બાળક માટે રાતદિવસ અવિશ્રાંત મહેનત કરે છે. બાળકો તે માટે તેનો ઉપકાર માનતાં નથી, ઊલટું તેના ઉપર જ ચિડાય છે, તેનું અપમાન કરે છે; પણ માતાને મન તેનું કાંઈ દુ:ખ નથી. તે જ જો તેનાં સાવકાં છોકરાં હોય, તો "આ લોકોનું હું આટલું કરું છું પણ એમનામાં જરાય કૃતજ્ઞતા છે કે? આ લોકો તો ખાય તેનું જ ખોદવાવાળાં છે!" આવા આવા વિચાર અને ઉદ્‌ગાર તે હંમેશ વ્યક્ત કરે છે. ટૂંકમાં, આપણી સાવકી માની સ્થિતિ ઉપર જણાવેલા પસ્તાવામાં પડેલા આપણા દેશભક્તના જેવી જ હોય છે. સગી માને પોતાનાં બાળકો માટે પોતે આટઆટલું કરે છે, એનું ભાન પણ નથી હોતું. ઊલટું, પોતાનાં બાળકો માટે હરકોઈ પ્રકારની મહેનત કરતી વખતે તે પોતાની જાતને ભૂલી જાય છે. દિવસ ઊગ્યો ક્યારે અને આથમ્યો ક્યારે એનું પણ તેને ભાન રહેતું નથી. સેવામાં તેને એટલો આનંદ આવે છે કે એ આનંદમાં જ તે મગ્ન રહે છે. એથી ઊલટું સાવકી મા પોતાનાં સાવકાં બાળકો માટે જરા સરખું કષ્ટ ઉઠાવે, તો તે પણ તેને સારી પેઠે જણાય છે અને તેથી સવાગણું ફળ પોતાને મળવું જોઈએ, એવી તેને અપેક્ષા હોય છે અને — કુદરતના નિયમને અનુસરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ—જ્યારે તે પોણા ભાગ જેટલું જ મળે છે, ત્યારે તેને અંગે અંગે ઝાળ લાગે છે. સગી મા શરૂઆતથી આખર સુધી આનંદ જ આનંદ મેળવવા પામે છે; જ્યારે સાવકીને નસીબે સતત કષ્ટ ભોગવવાનું જ આવે છે.

આ તફાવતનું કારણ બંનેની વૃત્તિઓમાં અથવા દૃષ્ટિઓમાં છે, એ સહેજે સમજાય તેવું છે. માતા જ્યારે બાળકોની સેવા કરે છે, ત્યારે પોતે કોઈ પારકાની સેવા કરે છે, એવી કલ્પના પણ તેનામાં નથી હોતી. તે પોતાની જ સેવા કરતી હોય છે. પોતાની જાતની મળશુદ્ધિ કરવામાં જેમ કોઈને ખટકતું નથી, તે જ પ્રમાણે તેને પણ પોતાનાં બાળકની મળશુદ્ધિ કરતી વખતે કશું લાગતું નથી. એટલું તો શું, બાળક તેના શરીર ઉપર ઝાડે ફરે કે પેશાબ કરે તોપણ તેને કંઈ લાગતું નથી.

ના, ઊલટું તેને આનંદ જ થાય છે! 'धन्यास्तदंगरजसा मलिनीभवन्ति' (બાળકના શરીર પરની ધૂળથી મલિન થનારાં માબાપ ખરેખર ધન્ય છે.)* બાળકો માટે કષ્ટ વેઠવામાં માતાને આનંદ આવે છે. તેને તેમાં ધન્યતા લાગે છે. પોતાની સેવાનું ફળ મળે તે માટે તેને રાહ જોવી પડતી નથી. તે તેને તે જ ક્ષણે—બલ્કે કંઈક અગાઉથી જ—મળી જાય છે. સેવા કરવાની તક એ જ તેની બક્ષિસ, એ જ તેના જીવનનું સાર્થક્ય.

सेवा = आत्मविस्तार : પોતાના દેહની સેવામાં જે ધન્યતા માતાને લાગતી નથી તે પોતાનાં બાળકોની શુશ્રૂષામાં લાગે છે. એટલે બાળકોની સેવા અને પોતાની જાતની સેવા, એ બેમાં માતા ભેદ કરતી નથી, એમ જે ઉપર કહ્યું છે, તે સર્વાંશે સાચું નથી. ભેદ હોય છે, અને તે એ હોય છે કે, બાળકોની સેવા એ પણ સ્વ-સેવા હોય

---

*એમ કહે છે કે, કવિકુલગુરુ કાલિદાસના શાકુંતલ નાટકમાંની આ ઉક્તિ વાંચીને જર્મન કવિ ગેટે હર્ષથી નાચવા લાગ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોપણ તે 'સ્વ' વધારે વિસ્તૃત કે વ્યાપક હોય છે, અને આ સ્વ-વિસ્તાર જ અત્યંત આનંદદાયી હોય છે.

પરણેલી સ્ત્રીને વંધ્યાવસ્થામાં, એટલે બાળક થતાં પહેલાં, મરણ આવવું ન જોઈએ, એમ કહે છે. વિવાહિત સ્ત્રી કુમારિકા કરતાં શ્રેષ્ઠ છે એવી પણ માન્યતા રૂઢ છે. આ માન્યતાઓ એક વિશેષ દૃષ્ટિથી યથાર્થ છે. વિવાહિત સ્થિતિ વિવાહ પહેલાંની સ્થિતિ કરતાં વધારે ઉન્નત અવસ્થા છે. કેવળ પોતા પૂરતો જ વિચાર કરવાને ટેવાયેલા બે જીવો પોતપોતાનું અલ્પ સ્વત્વ એકબીજાને અર્પણ કરે છે; પોતાની જાતને માટે જીવનારાં યુવક અને યુવતી બીજાને માટે જીવવા, બીજાના સુખમાં જ પોતાનું સુખ ખોળવા શીખે છે અને તેમ કરીને બંને પોતપોતાની સમૃદ્ધિ અને સમુન્નતિ સાધે છે. બંનેનું સ્વત્વ વધારે વિસ્તૃત, વધારે વિશાળ, વધારે સમૃદ્ધ અને સમુન્નત બને છે. આ દૃષ્ટિથી કુમારિકા કરતાં પત્ની અને કુમાર કરતાં પતિ શ્રેષ્ઠ ગણાય. અને એ જ દૃષ્ટિથી સંતાનવાળી સ્ત્રી વંધ્યા કરતાં શ્રેષ્ઠ ગણાય — પછી એ અપત્ય જન્મતાંવેંત મરણ પામે તોય કશી હરકત નથી.* ઠેઠ ગઈ કાલ સુધી જે તરુણી આળસુ, મિજાજખોર, ને રમતિયાળ હતી તે માતાની પદવીએ પહોંચતાંવેંત તેનો સ્વભાવ ધરમૂળથી બદલાઈ જાય છે. ગરમી ફારનહીટના ૩૨° પર પહોંચતાં જ પથ્થર જેવા કઠણ બરફનું એક ક્ષણમાં પ્રવાહી પાણી બની જાય છે, તે જ પ્રમાણે આ નવ-માતાનો બધો મિજાજ એક ક્ષણમાં ઓગળી જાય છે અને તે અન્ય જીવ માટે જીવવા તેમ જ મરવા તૈયાર થાય છે. કેવળ સ્ત્રીને નાતે તે ભલે ક્ષુદ્ર હો, પણ માતાને નાતે તે ખરેખર ધન્ય છે, ત્રિભુવનવંદ્ય છે!

---

* "क्षण एकमिळो प्रेमाचा । वर्षाव पडो मरणाचा । मग पुढें"

ઉપરના લખાણમાં સંતાનહીન સ્ત્રીને ઉતારી પાડવાનો બિલકુલ ઇરાદો નથી. સંતાન ન હોવું એ ખામી ગણાય, તો તે શારીરિક ખામી કહેવાય. અને એ ખોડ પત્નીની હોવાને બદલે પતિની પણ હોઈ શકે. વળી, માતા કરતાં સંન્યાસિની સ્ત્રી શ્રેષ્ઠ છે, એમ અમે આગળ કહ્યું છે. (જુઓ પા. ૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપત્યસંગોપન એ સ્વાર્થત્યાગ અને સેવાનો અસલ નમૂનો છે. એ ઉપરથી આપણે સ્વાર્થત્યાગનો અર્થ નક્કી કરી શકીએ છીએ. સ્વાર્થ-ત્યાગમાં ત્યાગ એ કેવળ દેખાવ પૂરતો છે. અથવા તે એક સગવડની ભાષા છે. સ્વાર્થત્યાગ એટલે સ્વાર્થ-સાધન જ હોય છે! માત્ર એ સ્વાર્થ વધારે ઊંચી કોટિનો અને તેમાંનો 'સ્વ' વધારે વિશાળ હોય છે. ટૂંકમાં સ્વાર્થત્યાગ એટલે આત્મવિસ્તાર, વધારે વિસ્તૃત સ્વની શોધ.

એટલે હવે સેવા શા માટે કરવી અને કોની કરવી, સ્વાર્થત્યાગ શા માટે કરવો અને કોને માટે કરવો, એનો ઉકેલ સહેજે મળી જાય છે. નાના સ્વ-એ મોટા સ્વ-ની સેવા કરવી જોઈએ, તેને માટે સ્વાર્થ-ત્યાગ કરવો જોઈએ અને તેમ કરીને પોતાનું શ્રેય પ્રાપ્ત કરવું જોઈએ. અલબત્ત, આમાં કહેલી સેવા કે ત્યાગ એ નામનાં જ છે. સેવા કરવી એટલે મોટા બનવું; અને લઘુતાનો ત્યાગ કર્યા વિના મહાન બની જ ન શકાય. કૉલેજમાં દાખલ થવા માટે શાળાનો ત્યાગ કરવો પડે છે, ગૃહિણી થવા માટે પિયરનો ત્યાગ કરવો પડે છે. સ્વાર્થત્યાગનો અર્થ તે આ જ.

एकतानी भावना ए ज सेवानो पायो : ત્યારે સેવા કરવી તે કોની? જેને વિષે પ્રેમની લાગણી હોય તેની જ સેવા કરવી ઘટે. અને પ્રેમ એટલે એકતાની ભાવના. હું અને મારા પ્રેમનો વિષય બંને એક જ છીએ, અમારાં સુખદુઃખો એક જ છે, એવી માન્યતા પ્રેમની પાછળ હોય છે. માતાને પોતાના સંતાનને વિષે પ્રેમ અથવા આત્મીયતા હોય છે. પોતપોતાના કુટુમ્બીઓ વિષે લગભગ બધાને જ આત્મીયતાની લાગણી હોય છે, માત્ર કુટુમ્બમાં કોની ગણના કરવી એ બાબત જુદા જુદા લોકોની દૃષ્ટિ ભિન્ન હોય છે. દાખલા તરીકે, ઘરડી ડોશીમાને પોતાનાં દીકરાદીકરીઓ, પૌત્રપૌત્રીઓ, ભાણેજભત્રીજા તેમ જ પ્રપૌત્રો અને પ્રપૌત્રીઓ — બધાં જ પોતાનાં છે એમ લાગે છે; અને તેથી તે બધાંને માટે તે દરેક જાતનાં કષ્ટ ઉઠાવે છે છતાં તેમાં પોતાનું કાંઈ નુકસાન થયું છે, અથવા પોતે કોઈ સ્વાર્થત્યાગ કર્યો છે એમ તેને લાગતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊલટું, તેની પુત્રવધૂને પોતાની જેઠાણી કે દેરાણીનાં છોકરાં માટે કોઈ કષ્ટ ઉઠાવવાં પડે તો તેને તે સાલ્યા વિના રહેતાં નથી.

કેટલાક લોકોને પોતાની જ્ઞાતિ વિષે અથવા જમાત વિષે આત્મીયતાની લાગણી હોય છે, અને તેઓ તેથી જ્ઞાતિસેવા કરવા પ્રવૃત્ત થાય છે. વળી કેટલાક દેશસેવાને પોતાનું ધ્યેય બનાવે છે. તો કેટલાક મોટા મનના સદ્‌ગૃહસ્થોમાં વિશ્વકુટુમ્બની ભાવના હોય છે. ગીતાએ તો "सर्वभूतात्मभूतात्मा" અને "सर्वभूतहिते रतः" (ભૂતમાત્રને વિષે આત્મીયતાની લાગણી ધરાવનારો અને સર્વ પ્રાણીઓના કલ્યાણને માટે સતત પ્રયત્ન કરનારો) એવું યોગીનું વર્ણન કર્યું છે. અને આવો યોગી એ જ આદર્શ સેવક છે. જેમ પરમેશ્વરની એટલે કે एकमेवाद्वितीय એવા વિશ્વના સર્જનહાર ગુણાતીત ઈશ્વરની ભક્તિ એ જ સાચી ભક્તિ છે; બીજા તેત્રીસ કરોડ દેવો પૈકી પોતપોતાની રુચિ પ્રમાણે અથવા શિરસ્તા પ્રમાણે કોઈ શંકરને તો કોઈ વિઠોબાને, કોઈ હનુમાનજીને તો કોઈ મહાકાળીને ભજનારા વિવિધ શ્રદ્ધાવાળા ભક્તો હોય તોપણ તે બધાની ભક્તિનું અંતિમ નિધાન કે આધાર આખરે પરમેશ્વર જ હોય છે; તે જ પ્રમાણે પોતાના પ્રિયતમની, પોતાનાં છૈયાંછોકરાંની, સગાંવહાલાંની, ઇષ્ટમિત્રોની, જ્ઞાતિબંધુઓની, સમાજની, ગામની, દેશની કે સમગ્ર માનવજાતિની સેવા કરનારા સેવકનું અંતિમ ઉપાસ્ય દૈવત ભૂતમાત્ર એટલે બધાં જ પ્રાણીઓ અથવા પરમેશ્વર જ હોય છે. એ સ્પષ્ટપણે હોય છે એમ નથી હોતું, પરંતુ એવું હોવું જોઈએ.

જ્ઞાનની આવશ્યકતા : જ્ઞાન–ભક્તિ–કર્મ એ સાધનાની સાંકળ છે. સેવાનો સમાવેશ કર્મમાં થાય છે એ દેખીતું જ છે. મુંબઈની સોશ્યલ સર્વિસ લીગે (સમાજ સેવા સંઘે) સ્વીકારેલો ધ્યાનમંત્ર "નો, લવ્, સર્વ" (જાણો, ચાહો, સેવા કરો) આ સાધનાના માર્ગને અનુરૂપ જ છે. સેવામાર્ગનું અનુશીલન કરવા માટે યોગ્ય માહિતીની, જ્ઞાનની અથવા દૃષ્ટિની આવશ્યકતા હોય છે. તેની સાથે જ ભક્તિ અથવા યોગ્ય પ્રેમ પણ જોઈએ. પ્રેમ એટલે મોહ અથવા ઉમળકો સમજવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, પણ વિવેકયુક્ત, નિષ્પક્ષપાત અને અનાસક્ત નિષ્ઠા એવો તેનો અર્થ કરવાનો છે. આવી જ્ઞાનભક્તિમાંથી સેવા અથવા સત્કર્મ નિષ્પન્ન થાય જ. જ્ઞાન-ભક્તિ-કર્મ, એ ક્રમ વિવેચન અથવા વિચારની સગવડ માટે જ કેવળ રાખ્યો છે. પ્રથમ પૂર્ણ જ્ઞાન, પછી પૂર્ણ ભક્તિ અને તે પછી સત્કર્મ એમ એક પછી એક ક્રમશઃ નિર્માણ થાય છે એમ મુદ્દલ માનવાનું નથી. જ્ઞાન-ભક્તિ-કર્મ એ ત્રણમાંનો દરેક ઘટક પોતપોતાની રીતે સ્વતંત્ર, પણ તેની સાથે જ બીજાઓને પોષક તેમ જ બીજાઓ પાસેથી પોષણ મેળવનારો હોય છે. જ્ઞાન-ભક્તિ વિના પણ સત્કર્મ થઈ શકે છે અને એ સત્કર્મને લીધે ભક્તિ વધારે પ્રગલ્ભ બને છે અને સમ્યગ્ દૃષ્ટિ પણ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે જ્ઞાન વિના પણ ભક્તિ મળી આવે છે, અને તે એક તરફથી સત્ય જ્ઞાનને અને બીજી તરફથી સત્કર્મને પોષક બને છે. તેમ છતાં તેનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે જ્ઞાનની આવશ્યકતા હોય છે, તેમ જ સત્કર્મ વિના તે વાંઝણી રહે છે. ભક્તિ-સેવા રહિત જ્ઞાન, અથવા જાણકારી, હોઈ શકે છે—બલ્કે, આવી જાતની નાદાન જાણકારી જ દુનિયાની અનેક આપત્તિઓનું મૂળ છે—પરન્તુ ભક્તિ-સેવા વિના જ્ઞાનનું સાર્થક્ય સંભવતું નથી અને જ્ઞાનદીપને અભાવે ભક્તિ અને કર્મ અરણ્યમાં અટવાઈને ભૂલાં પડવાની ધાસ્તી હોય છે. આને આત્મોન્નતિની સાંકળ કહેવા કરતાં ત્રિવેણી કહેવી વધારે ઉચિત છે. તેથી સેવક જ્ઞાની હોવો જોઈએ, તેમ જ ભક્ત પણ હોવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

પ્રેમનો વિકાસ

आत्मविस्तारनी उत्कंठा : સર્વાંશે સ્વાર્થી એટલે કે કેવળ પોતાના શારીરિક સુખની પાછળ પડતો હોય એવો માણસ ભાગ્યે જ મળી આવે. માણસ સમાજપ્રિય અને સમાજનિષ્ઠ પ્રાણી છે. તેને એકલવાયું જીવન ગમતું નથી. સોબત કે સાથી વિના તેના જીવનમાં પૂર્ણતા આવતી નથી અને તેથી જ કોઈની પણ સોબત વિના માણસને ચેન પડતું નથી. દુષ્ટમાં દુષ્ટ માણસને પણ પોતાની જાત ઉપરાંત બીજી કોઈ પણ વ્યક્તિ ઉપર પ્રેમ કરવાનું, તેને સુખી કરવા માટે તનતોડ પ્રયત્ન કરવાનું, આવશ્યક લાગે છે. પ્રેમ કરવા માટે કોઈ માણસ ન મળે તો છેવટે એકાદ કૂતરા કે બિલાડી ઉપર પ્રેમ કર્યા વિના, તેની બધી રીતે સેવાચાકરી કર્યા વિના, અથવા લાડ લડાવ્યા વિના તે રહેશે નહિ.

ટૂંકમાં, હરકોઈ માણસ પોતાની સ્વત્વ–ભાવના પોતાના સાડા ત્રણ હાથ દેહને વટાવીને વિસ્તૃત થાય તે માટે પ્રયત્ન કરે છે. આ તેનો સ્વભાવ જ છે. આ બધું તેના સ્વ–રૂપને અનુસરીને જ બનતું હોય છે. માણસનો જીવ અથવા આત્મા એ મૂળે શિવસ્વરૂપ છે, તેને કોઈ દેહમાં પૂરવામાં આવે તોય ત્યાં તે નિરાંતે રહી શકતો નથી; જેલની મર્યાદાઓ ઓળંગીને વિસ્તીર્ણ ક્ષેત્રમાં સ્વૈરસંચાર કરવાની પોતાની સ્વાભાવિક ઉત્કંઠાને તે દબાવી દઈ શકતો નથી. આ ઉત્કંઠાનું જ નામ પ્રેમ છે અને એ પ્રેમનું રૂપ તે સેવા.

प्रगतिना टप्पा : પણ આ પ્રેમની વિવિધ કોટિઓ, પગથિયાં અથવા અવસ્થાઓ હોય છે. મહાન ઇટાલિયન દેશભક્ત જોસેફ મૅઝિની પોતે એક બ્રહ્મચારી જ હતો; છતાં તેણે એક ઠેકાણે બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ માર્મિક રીતે કહ્યું છે કે, "માતાનું પવિત્ર ચુંબન બાળકને પ્રેમનો પહેલો પાઠ આપે છે. પોતાની પ્રિયતમાના પહેલા પવિત્ર ચુંબનને પરિણામે યુવાનના મનમાં જીવન વિશે શ્રદ્ધા જાગ્રત થાય છે." એક રીતે આ સાચું પણ છે; પરન્તુ પ્રેમ એટલે આસક્તિ, પ્રેમ એટલે મોહ, લાગણીનો ઉમળકો અથવા વિકાર નથી. પ્રત્યક્ષ વહેવાર-માં જોવામાં આવતા પ્રેમના નમૂના એ આવા ઉમળકાના સ્વરૂપના હોય છે એ વાત સાચી. માતાના પ્રેમની બરોબરી બીજી કઈ વસ્તુ કરી શકે? તેમ છતાં એ પણ આદર્શ પ્રેમ ન ગણાય; આદર્શ પ્રેમ તરફ પ્રગતિ કરવાનો તે એક જોશીલો પણ અણઘડ પ્રયત્ન છે; અથવા કહો કે પ્રેમની પાઠશાળામાંનો તે પહેલો પાઠ છે. માતૃપ્રેમ, બંધુપ્રેમ, મિત્રપ્રેમ, પતિપત્નીપ્રેમ એ બધા આત્મવિકાસના માર્ગના પ્રાથમિક ટપ્પા છે, પણ એમાંથી એકે અંતિમ ઉદ્દિષ્ટ નથી. આ ટપ્પા આગળ પહોંચ્યા પછી આપણે અંતિમ લક્ષ્ય હાંસલ કરી લીધું એવી ભાવનાથી ત્યાં જ રોકાઈ જઈએ તો આપણી સ્થિતિ "ज्ञानलवदुर्विदग्ध" ના જેવી (અલ્પ જ્ઞાનથી ભાન ભૂલેલા માણસ જેવી) થાય. પ્રેમનો પ્રવાહ સતત આગળ ને આગળ વહેતો રહેવો જોઈએ. કુટુમ્બથી આગળ વધીને સગાંવહાલાંઓ તરફ, ઇષ્ટમિત્રો તરફ, આડોશીપાડોશીઓ તરફ, ગ્રામ-જનો તરફ, જ્ઞાતિબંધુઓ તરફ, દેશબાંધવો તરફ, અખિલ માનવજાતિ તરફ અને આખરે ભૂતમાત્ર તરફ આગળ ને આગળ વહેતો રહેવો જોઈએ. તે જો વચ્ચે જ અટકી જાય તો બંધિયાર પાણીની જેમ કલુષિત અને અનર્થકારી પણ થવાનો સંભવ હોય છે.

પત્ની, માતા ધન્ય છે એમ આપણે ગયા પ્રકરણમાં કહ્યું; અને તે સાવ સાચું છે. પહેલા ધોરણમાં પાસ થઈને બીજા ધોરણમાં જનાર બાળક જરૂર અભિનંદનને પાત્ર છે; એમ. એ. ની ડિગ્રી મેળવનાર જેટલો જ પાત્ર છે. પણ બીજા ધોરણમાં પ્રવેશ કરવો એટલે વિદ્વત્તાની અંતિમ મર્યાદા આવી ગઈ એમ એ બાળક તેમ જ પેલો પદવીધર રખે સમજે. તેઓ પોતપોતાની વિદ્યાની ઉપાસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ ચાલુ રાખે એ જ યોગ્ય છે. એ જ ન્યાયે પોતાનાં બાળ-બચ્ચાંના ભરણપોષણ માટે રાતદિવસ કષ્ટ ઉઠાવનારાં માતપિતા આદરને પાત્ર હોય તોપણ તેઓ નિ:સ્વાર્થપણાની અંતિમ મર્યાદાએ પહોંચ્યાં એમ ન કહેવાય; બલ્કે, તેમની આ કુટુમ્બસેવા તેમના પોતાના જ શ્રેષ્ઠ કર્તવ્યને બાધક પણ થઈ શકે. બલ્કે, આપણો પ્રત્યક્ષ અનુભવ પણ એવો જ છે કે, પોતાનાં બાળકોની નિષ્ઠાપૂર્વક સેવા કરનારાં માતપિતા પારકાનાં બાળકોને ત્રાસ આપવામાં પણ આઘુંપાછું જોતાં નથી. વાંઝણી સ્ત્રી કરતાં માતા શ્રેષ્ઠ હોય તોપણ સંન્યાસિની માતા કરતાં હજાર દરજ્જે શ્રેષ્ઠ છે; કારણ તે જગદંબા એટલે આખા જગતની માતા છે. ઈશુ ખ્રિસ્ત વિશે એમ કહેવામાં આવે છે કે એક વખત તે જ્યારે ધર્મપ્રવચનો કરતો ફરતો હતો ત્યારે તેની માતા તેને મળવા આવી. "તમારાં બા તમને મળવા આવ્યાં છે," એમ કોકે આવીને ઈશુને કહ્યું એટલે તે તરત બોલી ઊઠ્યો, "મારાં બા ! હું બા ફાને કોઈને ઓળખતો નથી !"

પ્રેમનાં પગથિયાં : અપત્યપ્રેમ, બંધુપ્રેમ, મિત્રપ્રેમ એ પ્રેમનાં ચડતાં પગથિયાં છે. પણ પગથિયાં જેમ ઉન્નતિનું, તેમ જ અવનતિનું પણ સાધન થઈ શકે છે. કોઈ પણ એક પગથિયા ઉપર ઊભો રહેલો માણસ ચડતો પણ હોય અથવા ઊતરતો પણ હોય. પ્રેમવિકાસની કોઈ પણ મર્યાદા કે ટપ્પો — કુટુંબ, ગામ, ન્યાત, દેશ વગેરે — પ્રગતિના એક ટપ્પા તરીકે સ્તુતિને પાત્ર ભલે ગણાય; પણ તે જ ઠેકાણે કાયમના ધામા નાખીને રહેવાની છૂટ કોઈને નથી. અને વળી એ મુકામ જો પીછેહઠનો હોય, — દેશ તરફથી જ્ઞાતિ તરફ અથવા જ્ઞાતિ તરફથી કુટુમ્બ તરફ પાછા ફરવાનો હોય — તો તે વિશેષ શોચનીય અને વખોડવા લાયક છે.

આપણે જેને દુષ્ટ અથવા નિર્દયતાનાં કૃત્યો માનીએ છીએ તે પણ મૂળે પ્રેમમાંથી જ ઉદ્ભવે છે. એ પ્રેમ સંકુચિત હોય છે એટલું જ. ધાડપાડુ કે લુટારુ જ્યારે ધાડ પાડે છે અથવા લૂંટ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામારી અથવા ખૂન કરવા પણ પ્રવૃત્ત થાય છે ત્યારે તે પણ મોટે ભાગે પ્રેમને લીધે જ થાય છે: પોતાનાં બાલબચ્ચાંને સુખ મળે અથવા પોતાની પ્રિયતમાની દાગીના માટેની હોંશ પૂરી થાય એવા (અલબત્ત, તેની દૃષ્ટિથી) નિઃસ્વાર્થ હેતુથી જ તે પ્રેરાયલો હોય છે. હિટલર બીજાં રાષ્ટ્રોને ભલે રાક્ષસ જેવો લાગે; પરંતુ તે પણ પોતાના જર્મન રાષ્ટ્રને વૈભવની ટોચે લઈ જવાના 'ઉચ્ચ અને નિરપેક્ષ' હેતુથી જ પ્રેરાઈને પોતાની સુખસગવડો અથવા વ્યક્તિગત સ્વાર્થની જરાસરખી પરવા કર્યા સિવાય, અને પોતાનો જાન હથેળીમાં લઈને અવિરત પ્રયત્ન કરી રહ્યો હતો. જ્ઞાતિનિષ્ઠ આગેવાનો પણ જ્ઞાતિના હિતને માટે પોતાના 'સર્વસ્વની આહુતિ' આપવા માટે સદાય તત્પર હોય છે. આવી રીતે, કુટુંબનિષ્ઠા, જ્ઞાતિનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા એ આત્મીયતાના વિકાસના ટપ્પા છે. કુટુમ્બનિષ્ઠા કરતાં જ્ઞાતિનિષ્ઠા અને જ્ઞાતિનિષ્ઠા કરતાં રાષ્ટ્રનિષ્ઠા ચડિયાતી છે એ સાચું; પણ આવી સંકુચિત નિષ્ઠામાંથી — એ નિષ્ઠાઓ ગમેતેટલી વિસ્તૃત હોય તોપણ — અનર્થ જ પેદા થાય છે.

व्यापक के संकुचित ? : નિષ્ઠા કેટલી વ્યાપક છે એ સવાલ મહત્ત્વનો નથી; પણ એ નિષ્ઠાનું મોઢું કઈ બાજુએ વળેલું છે, તે પ્રસરણશીલ છે કે સંકોચશીલ છે, પૂર્વાભિમુખ છે કે પશ્ચિમાભિમુખ છે, એ સવાલ છે. કારણ એક બાજુથી જે પ્રેમ જેવું ભાસે છે તે બીજી બાજુથી જોતાં વેર પણ હોઈ શકે છે. પ્રેમના સિક્કાની બીજી બાજુએ દ્વેષની પણ છાપ હોય છે. આવો વેરયુક્ત પ્રેમ એ સાચા પ્રેમનું વિકૃત અથવા કલુષિત રૂપ છે. પ્રેમનું અથવા સેવાનું ક્ષેત્ર ગમે તેટલું મર્યાદિત હોય તોપણ વાંધો નથી; પોતપોતાના ગજા પ્રમાણે કોઈ પોતાના કુટુમ્બની, કોઈ સગાંવહાલાંઓની, ઇષ્ટમિત્રોની, જ્ઞાતિની, ગામની, પંચકોશીની, જિલ્લાની, પ્રાન્તની, અથવા રાષ્ટ્રની સેવા કરવાનું કામ ઉપાડે તો તેમાં કશું અજુગતું નથી. આવી બધી સેવા સ્પૃહણીય જ છે; પણ આ નિષ્ઠા શ્રેષ્ઠ નિષ્ઠાને બાધક ન હોવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી જ્ઞાતિનિષ્ઠા જ્ઞાતિ-વ્યાપક હોવી જોઈએ, નહીં કે જ્ઞાતિ-સંકુચિત. પોતાના બાળક પરનો પ્રેમ ભત્રીજા કે ભાઈ વિશેના દ્વેષનું કારણ ન બનવો જોઈએ; ઊલટું જેવાં આપણાં છોકરાં તેવાં જ બીજાનાં, એ ખ્યાલથી બીજાનાં છોકરાંઓ ઉપર એટલી જ લાગણીથી પ્રેમ કરતાં શીખવાનું તે સાધન બનવું જોઈએ. મિત્રપ્રેમ એ પણ મનુષ્યમાત્ર વિશે મનમાં મિત્રબુદ્ધિ દૃઢ થાય તે માટેનો પાઠ આપનારો હોવો જોઈએ. 'नदीमुखेनैव समुद्रमाविशेत्' એ ન્યાયે જિલ્લાની કે પ્રાન્તની સેવાના માર્ગે જ આપણે દેશસેવા તરફ પ્રગતિ કરવી જોઈએ. પરંતુ દેશસેવા એ પણ એક સમુદ્ર જ છે, મહાસાગરનો તે એક અંશ જ ગણાય. આ મહાસાગર તે અખિલ માનવસમાજ. પરંતુ હિન્દી મહાસાગર, પ્રશાંત મહાસાગર, તેમ જ આટલાંટિક મહાસાગર વગેરે પણ વસ્તુતઃ એકબીજા સાથે જોડાયેલી એક જ વિશ્વસાગરની શાખાઓ છે. તે જ પ્રમાણે માનવસમાજ એ પણ ભૂતમાત્રનું એક અંગ જ છે. તેથી આપણાં પ્રેમની તેમ જ સેવાની પરિસમાપ્તિ સર્વભૂતહિતસાધનામાં જ થવી જોઈએ, અને તેની પહેલાંનો દરેક ટપ્પો એ અંતિમ સાધ્યનો અવિરોધી અને તેને પોષક એવો જ હોવો જોઈએ.

आत्मा वाऽरे द्रष्टव्य: અથવા અપત્ય, બંધુ, મિત્ર, દેશબાંધવ એ બધાં એ વિશ્વાત્માની પ્રતિમાઓ છે એમ માનીને જ તેમની ઉપાસના અથવા સેવા કરવી જોઈએ. પર્વતની ટોચે પડેલું પાણી જોકે શરૂઆતમાં ગટર, નાળિયું, વહેળો, નદી ઇત્યાદિમાં જઈને પડતું દેખાય છે, તોપણ તે પાણીનું અંતિમ ધ્યેય જેમ વિશ્વસાગર સુધી પહોંચી જઈને તદ્રૂપ થવાનું જ હોય છે અને એ ધ્યેયની સિદ્ધિ થાય તે માટે જ તે ગટર, નાળિયું, નદી વગેરેનો તેટલા પૂરતો આશ્રય લે છે, તે જ પ્રમાણે કુટુમ્બ, જ્ઞાતિ, રાષ્ટ્ર વગેરેની સેવાનો અંતિમ હેતુ—પછી એ હેતુ સેવકના મનમાં વ્યક્ત હોય કે અવ્યક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય—વિશ્વાત્માની સેવા અને તેની સાથે તદ્રૂપતા સાધવાનો જ હોય છે. આને જ કેટલાક લોકો ઈશ્વરપ્રાપ્તિ અથવા આત્મદર્શન કહે છે. પતિ, પુત્ર, બંધુ, મિત્રો, એ બધાં ઈશ્વરનાં પ્રતિનિધિને નાતે જ પ્રેમ અને સેવાને પાત્ર છે. ઉપનિષદોમાં તો એમ સ્પષ્ટ કહ્યું છે કે, "न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति, आत्मानस्तु कामाय पतिः प्रियो भवति।" (પતિ પરનો પ્રેમ પતિમૂલક નથી હોતો, પણ પરમાત્મમૂલક હોય છે.) પતિની જેમ જ બાપ, ભાઈ ઇત્યાદિ પ્રિયજનોની બાબતમાં બધા પ્રેમનું મૂળ આત્મા અથવા પરમેશ્વર પોતે જ હોય છે એમ કહીને ઉપનિષદ્ આવો બોધ આપે છે કે, "आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यः मंतव्यः निदिध्यासितव्यः"—એ પ્રિયતમ આત્માનું દર્શન કરો, શ્રવણ કરો, મનન કરો, ચિંતન કરો.

સેવાયોગનું રહસ્ય પૂર્ણપણે સમજી લેવા માટે આપણે પણ જીવ, જગત અને ઈશ્વરનું સ્વરૂપ અને પરસ્પર સંબંધ જાણી લેવો જરૂરનો છે.

૩

જીવ, જગત અને ઈશ્વર

देहनी एकता : આપણા શરીરના જુદા જુદા અનેક અવયવો છે. આ અવયવો અને ભાગો બહારથી ભિન્ન અને અલગ દેખાતા હોય તોપણ તે બધા અંદરથી એકત્ર જોડાયેલા, પરસ્પરાવલંબી અને પરસ્પરપોષક હોવાથી એક રીતે એક જ છે એમ કહેવાય. હાથ, પગ, આંખ વગેરે જુદા જુદા અવયવો એક ટોપલામાં ભેગા કરીને મૂકીએ તો તેમનો દેહ નહિ બને, એ તો માત્ર એક ઢગલો થશે. ઢગલામાંની વસ્તુઓ પાસે પાસે હોય તોપણ પરસ્પરસંબદ્ધ નથી હોતી. આપણા શરીરનું તેમ નથી. શરીરના જુદા જુદા ભાગો વચ્ચે અથવા અવયવો વચ્ચે અરસપરસ સંબંધ હોય છે. તેમની એક વિશિષ્ટ રચના હોય છે,

સે—૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ તત્ત્વ (પ્રાણ) આખા શરીરમાં સંચાર કરતું હોય છે. અને તેથી જ દેહ અનેક પેશીઓ, ગ્રંથિઓ, અણુઓ વગેરેનો બનેલો હોય તોપણ તે એક હોય છે.

આ જ ન્યાય બધી સજીવ વસ્તુઓને લાગુ પડે છે. જીવતું ઝાડ એ એક છે. તેને કાપીને તેનાં લાકડાંનો એક મોટો ઢગલો કરીએ તો એ લાકડાં એકત્ર હોવા છતાં એક નથી હોતાં. ભિન્ન વસ્તુઓના અભિન્નત્વનો, અનેકમાં રહેલી એકતાનો, આ એક અજબ નમૂનો છે. આ એક સૌથી મોટો કુદરતનો ચમત્કાર છે.

एकताना उच्चनीच प्रकारो : પરંતુ આ એકતાના જુદી જુદી કોટિના પ્રકારો હોય છે. ધરો જેવી વનસ્પતિ કરતાં આંબાના વૃક્ષમાં વધારે પ્રમાણમાં એકતા છે. ધરોનો એક કકડો તોડીને જમીનમાં રોપીએ તો તે સ્વતંત્રપણે જીવી શકે છે. ધરોમાં મૂળિયાં, થડિયું અને પાંદડાં જેવા જુદા જુદા અવયવો તેમજ તે દરેક અવયવનું નોખું કાર્ય હોય છે. પણ ધરો કરતાં વધારે સાદા અથવા પ્રાથમિક સ્વરૂપની શેવાળ કે લીલ જેવી અથવા બંધિયાર પાણી પર તરતી 'કરી' જેવી વનસ્પતિમાં આ અવયવભેદ એટલો સ્પષ્ટ અથવા તીવ્ર નથી હોતો; અને તેમનો કોઈ પણ એક ભાગ કે અવયવ પોતાના જીવનને માટે બીજા ભાગો પર ઝાઝો આધાર રાખતો નથી. ધરોમાં આ ભેદ હોય છે તેની સાથે જ પરસ્પરાવલંબિત્વ એટલે કે અભેદ વધારે હોય છે. આંબાના ઝાડની બાબતમાં મૂળિયાં, થડ, ડાળો, ડાળખાં, પાંદડાં, ફૂલ, ફળ અને બીજ એ બધામાં રહેલો ભેદ વધારે સ્પષ્ટ થાય છે અને તે બધાં એકબીજા પર વધારે પ્રમાણમાં અવલંબીને રહે છે; એકના વિના બીજાનું ચાલે જ નહિ એવી સ્થિતિ હોય છે. તેમ છતાં આ પરસ્પરાવલંબિત્વ આંબાના ઝાડની બાબતમાં પણ મર્યાદિત જ હોય છે. આંબાના ઝાડની મોટી મોટી ડાળીઓ કાપી નાખીએ તોપણ બાકીનો ભાગ એવો ને એવો જીવતો રહે છે અને વધ્યા કરે છે; તે જ પ્રમાણે આંબાની ડાળોની કલમો કરીને, તેમને કાપીને જુદે જુદે ઠેકાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોપવામાં આવે તો પોતપોતાનું સ્વતંત્ર જીવન તેઓ શરૂ કરી શકે છે. કેટલાક વૃક્ષના કકડા પણ જમીનમાં રોપવાથી તે બધાનાં સ્વતંત્ર વૃક્ષ બને છે. પશુ અથવા માણસના દેહનું આમ બનતું નથી. પશુના દેહનો કોઈ એક અવયવ કાપી નાખવામાં આવે તો બાકી રહેલો ભાગ પોતાને ખૂટતા અવયવો નિર્માણ કરીને પોતાનું સ્વતંત્ર જીવન ટકાવી શકતો નથી. (સત્યયુગની દિવ્ય ઔષધિના પ્રભાવની એક વાત કહેવામાં આવે છે કે, એક બિલાડીની પૂંછડી તૂટી જતાં ઘાને ઠેકાણે એક ઔષધિ લગાડવામાં આવી કે તરત જ ત્યાં નવી પૂંછડી ઊગી નીકળી! અને તૂટી ગયેલી પૂંછડીના મૂળને એ ઔષધિ લગાડતાં ત્યાં એક નવી બિલાડી ઊગી નીકળી! પણ હવે કળિયુગમાં બધે ભ્રષ્ટતા ફેલાયલી હોવાથી ઔષધિઓનો જૂના વખતનો ગુણ પણ લોપ પામ્યો છે!) માણસના અથવા પશુના શરીરમાં દરેક અવયવનું કાર્ય ભિન્ન અને બીજા અવયવો ઉપર સર્વાંશે અવલંબીને રહે છે. તે શરીરના કકડા સ્વતંત્રપણે જીવી શકતા નથી. તેમ છતાં એ શરીરના હાથપગ, આંખ, કાન, કે નાક જેવા એક અથવા વધારે અવયવો નાશ પામે અથવા નકામા થાય તો બાકી રહેલું શરીર તેની સાથે નકામું થતું નથી પણ પોતાનું વ્યંગ જીવન પણ નભાવી શકે છે. નખ, વાળ, વગેરે જેવા ફાલતુ અવયવોની તો તે બિલકુલ પરવા કરતો નથી અને મૂળના દાંત પડી જાય તો નવા દાંત વેચાતા લઈને પણ તે પોતાનું કામ ચલાવે છે. તેમ છતાં મનુષ્યદેહ મોટા પ્રમાણમાં એક એકમ છે. આ એકતાની એક ખૂબી એ છે કે તેનો દરેક અવયવ અથવા ભાગ એક વિશિષ્ટ સ્વરૂપનો જ હોય છે—એક ભાગ જેવી આબેહૂબ બીજી વસ્તુ આખા ત્રિભુવનમાં ક્યાંય મળી શકશે નહિ. કોઈ પણ બે માણસના ચહેરા તદ્દન એકસરખા હોય એવું આપણા જોવામાં આવતું નથી, એમ આપણે કહીએ છીએ — ચહેરો જોતાંવેંત આખા દેહને આપણે ઓળખી શકીએ છીએ. હાથપગ, પેટ અને પીઠ, નાક ને કાન એ બધાંની ચહેરા પરથી આપણને ઓળખાણ પડે છે. એટલું જ નહિ, એકલા ચહેરા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, બે માણસના કોઈ પણ અવયવ કે ભાગ એકસરખા હોતા નથી. આંધળાઓ કેવળ હાથના સ્પર્શથી બીજાઓને ઓળખી શકે છે, મોચી માણસોને એમના પગ પરથી ઓળખી શકે છે. અવાજ પરથી, ચાલવાની ઢબ પરથી, ખોંખારા પરથી, તેમ જ એવાં બીજાં અનેક પરચૂરણ ચિહ્નો પરથી પરિચિત લોકોને માણસની ઓળખાણ પડી શકે છે. ધૂર્ત માણસો ચહેરા પરથી માણસોનો સ્વભાવ, દૃષ્ટિ પરથી વૃત્તિ, અવાજ પરથી શિક્ષણ કે સંસ્કારિતા, ચાલ પરથી શ્રીમંતાઈ કે ગરીબાઈ ઓળખે છે, એ તો હંમેશનો અનુભવ છે.

अखिल सृष्टिनी एकता : માણસનું શરીર જેમ એક છે તેમ અખિલ સૃષ્ટિ પણ એક છે, એમ જ્ઞાનીઓ કહે છે. બલ્કે, મનુષ્યદેહ કરતાં પણ આખી સૃષ્ટિ વધારે પૂરેપૂરી રીતે એક એટલે કે એકજીવ છે. માટીના એક ગણપતિની સૂંઢ કાઢી લઈને બાજી ગણપતિની મૂર્તિને જોડવાનું કામ કારીગર માટે શક્ય છે; પણ એક માણસનું નાક બીજા માણસને ચોંટાડી દેવું તે શસ્ત્રવૈદ્યો માટે પણ (હજી સુધી તો) શક્ય નથી. તે જ પ્રમાણે મનુષ્યદેહ કરતાં અનેક ગણી ઝીણવટથી અને સુવ્યવસ્થિતપણે કુદરતની દરેક વસ્તુ કે ઘટના નિશ્ચિત સમયે, નિશ્ચિત સ્થળે, મૂળભૂત યોજનાને અનુસરીને વિશિષ્ટ રીતે જ બનતી હોય છે. સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ વધારાની, ફાલતુ કે નકામી નથી; કોઈ પણ ખામી નથી; બધું વ્યવસ્થિત, નિયમિત, યથાકાલ, યથાયોગ્ય, તેમ જ યથાસ્થાન રચાયેલું છે. એકના જેવું બીજું નથી, એકની જગ્યા બીજું કોઈ લઈ શકતું નથી; દરેક તણખલાને પણ એક વિશિષ્ટ પ્રકારનું આત્યંતિક મહત્ત્વ છે. દરેક વસ્તુ અપરિહાર્ય છે, તેના વિના દુનિયાનું ગાડું અટકી જ પડે. ઘડિયાળનો એકાદ નાનકડો સ્ક્રૂ પડી જાય તોપણ સેકન્ડના કાંટાની ચપળ ગતિ અટકી પડે છે. કદાચ કોઈ કુશળ ઘડિયાળી સ્ક્રૂને બદલે તારનો કકડો બેસાડીને પણ કામ ચલાવી શકે. પણ આ સૃષ્ટિના ઘડિયાળનો કોઈ સ્ક્રૂ જો પડી જાય, તો તેની જગ્યાએ મૂકવા માટે બીજો તારનો કકડો ક્યાંથી લાવશો? પણ આ ઘડિયાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

११ ग
२२ २०१२०
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાંય ઢીલો સ્ક્રૂ જડશે જ નહિ — કાળના અંત સુધીની ગૅરંટીનું આ ઘડિયાળ છે. ચાવી પણ તેને એક વખત કાયમની આપેલી છે.

અજ્ઞાની માણસથી આ સૃષ્ટિ-વ્યવસ્થા સમજી શકાતી નથી. જ્ઞાનની જેમ જેમ પ્રગતિ થાય છે, તેમ તેમ સૃષ્ટ પદાર્થોના પરસ્પર સંબંધો ધીમે ધીમે સ્પષ્ટ થતા જાય છે. દાખલા તરીકે, વનસ્પતિનાં પાંદડાંના આકાર પરથી તેમના બીજની આકૃતિ કળી શકાય છે; બીજ પરથી વૃક્ષનાં થડ, પાંદડાં, મૂળિયાં વગેરે કેવાં હશે તે કહી શકાય છે. ગુલાબને કાંટા શા માટે? નાળિયેરીના ઝાડને ડાળો કેમ નથી હોતી? કેરી મીઠી અને કચોરો કડવો શાથી? — આ બધાંનાં કારણો તેમ જ આસપાસની પરિસ્થિતિ સાથેનો તેમનો અનિવાર્ય સંબંધ જ્ઞાનની જેમ જેમ પ્રગતિ થાય છે તેમ તેમ વધારે ને વધારે સ્પષ્ટ થતો જાય છે. વનસ્પતિ-શાસ્ત્રી નાળિયેરનું ફળ જોઈને નાળિયેરીના ઝાડનું ચિત્ર દોરી શકશે, અથવા તે જ્યાં થાય છે ત્યાંની જમીનનું અથવા આબોહવાનું વર્ણન કરી શકશે. માણસને આપણે તેના ચહેરા પરથી ઓળખીએ છીએ; પરન્તુ વધારે પરિચય થતાં જેમ તેના કોઈ પણ એક અવયવ પરથી તેને ઓળખી શકાય છે, તે જ પ્રમાણે કોઈ પ્રદેશની ઓળખાણ તેમાંના એકાદ ઝાડ પરથી અથવા પ્રાણી પરથી પણ કરી શકાય. દરેક ઝાડ અથવા પ્રાણી એ તે પ્રદેશનો એક એક ચહેરો જ છે. આખો મુલક એ એક દેહ છે.

પણ એ પૂર્ણ દેહ ના કહેવાય, મોટા દેહનો તે એક અવયવ માત્ર છે. સમગ્ર વિશ્વ એ પૂર્ણ દેહ છે અને એ વિશ્વમાંની દરેક વસ્તુ તે એ દેહનો એક ચહેરો જ છે. આ અખિલ વિશ્વને ગીતામાં તેમ જ ઉપનિષદોમાં પીપળના વૃક્ષની — અશ્વત્થની — ઉપમા આપેલી છે. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થે પડી ગયેલી ભીંત ઉપર ઊગી નીકળેલા ઘાસને ઉદ્દેશીને કહે છે, “હે ઘાસ! તારે વિશે પૂર્ણ જ્ઞાન જો મને થાય તો મને જીવ, જગત અને ઈશ્વરનું પણ સંપૂર્ણ જ્ઞાન આપોઆપ થઈ જશે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વ ચેતન છે : વૃક્ષમાં કે દેહમાં જે એકતા છે તે તેના જીવતા હોવાને લીધે એટલે કે સચેતન હોવાને લીધે છે. એ રીતે મૃતદેહ એક નથી, તેનામાં એકતા નથી. થોડા જ વખતમાં તેની માટી થવાની છે, અથવા માટી, પાણી, હવા વગેરે પંચમહાભૂતોમાં તે વિલીન થવાનો છે. આ પાંચ મહાભૂતોને એકત્ર પકડી રાખીને તેમનો દેહ બનાવનાર તે દેહમાં રહેલો પ્રાણ જ છે. એ પ્રાણ જ હવા, પાણી, માટી ઇત્યાદિમાંથી દેહ નિર્માણ કરે છે. વિશ્વરૂપ અશ્વત્થ અથવા દેહ એ પણ ચેતન જ છે. કારણ એકતા, વ્યવસ્થા, રચના, યોજના વગેરે ચૈતન્ય વિના સંભવતાં નથી. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, તારાઓ, ગ્રહોની ગતિઓ, ઋતુચક્ર, વરસાદ-પાણી અને ફસલ, કુદરતની વિવિધ શક્તિઓ અને તેમના ધર્મો એ બધાંનો જેમ જેમ અભ્યાસ કરીએ તેમ તેમ આ વિશ્વરૂપી દેહની સુયંત્રિતતાનો વધારે ને વધારે અનુભવ થવા માંડે છે. આ વિશ્વદેહમાં રહેલું જે ચૈતન્ય, આ બધા પસારામાં રહેલું જે ઐક્યતત્ત્વ, તેનું જ નામ ઈશ્વર.

અશ્વત્થ વૃક્ષનાં અનંત મૂળિયાંમાંથી તેમ જ પાંદડાંમાંથી, થડ, ડાળો અને ડાંખળાંમાંથી, ફૂલોમાંથી તેમ જ ફળોમાંથી જેવી રીતે એક જ મધ્યવર્તી અને સર્વવ્યાપી ચૈતન્ય સંચાર કરે છે, તે જ પ્રમાણે આ વિશ્વના અનંત પસારામાં પણ એક જ ચૈતન્ય વ્યાપેલું છે; અને તે જ બધાને નભાવી રહ્યું છે. વિશાળ અશ્વત્થ વૃક્ષ પણ જેમ રાઈ જેવડા એક નાનકડા બીજમાં સમાયેલું હોય છે, તે જ પ્રમાણે આ વિશ્વવ્યાપી પરમેશ્વર "अणोरणीयान् महतो महीयान्" અણુ કરતાં પણ વધારે સૂક્ષ્મ અને મહત્ કરતાં પણ વધારે મોટો છે.

આ ઈશ્વરનું વર્ણન કરવા માટે "પૃથ્વી જેવડો કાગળ અને સાગર જેટલી શાહી પણ બસ નહિ થાય." પણ અહીં આપણે ફાઉન્ટન પેનની શાહીથી અત્યારની યુદ્ધકાલીન મોંઘવારીના મોંઘા કાગળ પર બની શકે તેટલા થોડા શબ્દોમાં સેવકના સદાચરણને આધારભૂત એવી શ્રદ્ધાનું સ્પષ્ટીકરણ કરવાનું છે. આ દુનિયા એટલે કાંઈ કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવ્યવસ્થા કે ગોટાળો નથી. તે એક સુસંગઠિત રચના છે; તેનો શાસ્તા કે નિયામક છે; તેનામાં વિકલ્પને સ્થાન નથી; અકસ્માત સંભવતો નથી. સૃષ્ટિનો સર્જનહાર ચિન્મય ઈશ્વર બધે ભરેલો છે; તે જ આપણા બધાનો આધાર છે; તેણે આપણને નિર્માણ કર્યા છે; તે જ આપણને પોષે છે; કાળે કરીને આપણે બધા તેનામાં જ વિલીન થઈશું. આપણે નશ્વર હોઈએ તોપણ તે શાશ્વત છે; આપણે દૂબળાં હોઈએ તોપણ તે સર્વશક્તિમાન છે; આપણે અપૂર્ણ હોઈએ તોપણ તે પૂર્ણ છે; આપણે દુઃખી હોઈએ તોપણ તે આનંદથી ભરેલો છે; આપણે સ્ખલનશીલ હોઈએ તોપણ તે યોગેશ્વર છે. પરંતુ તે આપણાથી જુદો નથી તેથી આપણે જ શાશ્વત, પૂર્ણ આનંદમય, — બધું જ છીએ. ઈશ્વર એ આપણું જ સર્વોચ્ચ અને વ્યાપક સ્વરૂપ છે. એ સ્વરૂપની સાધનાને જ ધર્મ, નીતિ, ઇત્યાદિ નામથી ઓળખાવવામાં આવે છે.

માનવી કુટુંબ : આપણ બધાં માણસો તે પરમેશ્વરનાં બાળકો છીએ, તેથી એકબીજાનાં ભાંડુઓ છીએ — ભાંડુઓ જ શા માટે! આપણે બધાં સર્વાંશે એક જ છીએ. એક જ ગ્રંથની જેમ અનેક નકલો હોય છે અથવા એક જ છાપના જેમ અનેક સિક્કા હોય છે, તે જ પ્રમાણે જુદા જુદા માણસો એ એક જ મનુષ્યત્વની અસંખ્ય નકલો છે. ગ્રંથની જેમ અનેક આવૃત્તિઓ નીકળે છે, તે જ પ્રમાણે માણસોના પણ અનેક વંશો નિર્માણ થયેલા છે. અને આ ગ્રંથોના કાગળમાં ક્યાંક તફાવત જણાતો હોય તોપણ તેની અંદરનું લખાણ બધે એક જ જાતનું છે. માણસ માણસ વચ્ચે અનેક જાતના ફરક હોય છે એ તદ્દન સાચું; પણ એમ તો એક જ ઝાડનાં જુદાં જુદાં પાંદડાંમાં પણ ફરક હોય છે. એક પાંદડા જેવું જ આબેહૂબ બીજું પાંદડું ક્યાંયે નહિ મળે. પરમેશ્વરની સૃષ્ટિની દરેક વસ્તુનું, એક નજીવા તણખલાનું પણ, વિશિષ્ટપણું હોય છે. વહેવારુ કામચલાઉ દૃષ્ટિથી એક માણસને બદલે બીજો માણસ, એક કારકુનને બદલે બીજો કારકુન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મજૂરની અવેજીમાં બીજો મજૂર ચાલે છે ખરો; પણ કારકુન કે મજૂરના કુટુમ્બીઓનું એકને બદલે બીજા માણસથી ચાલી શકશે ખરું? ટૂંકમાં માણસ માણસ વચ્ચે ગમે તેટલું પૃથક્પણું હોય તોપણ વૃક્ષનાં જેમ પાંદડાં હોય છે તે જ પ્રમાણે આપણ બધાં માનવીઓ એક જ માનવવંશ રૂપી વૃક્ષનાં પાંદડાં છીએ.

માનવ કુટુમ્બ એક આલંકારિક શબ્દપ્રયોગ છે એમ માનવાનું કારણ નથી; તે પૂરેપૂરો વસ્તુસ્થિતિનો નિદર્શક જ છે. માણસ સર્વાંશે સમાજનિષ્ઠ અને સમાજાવલંબી પ્રાણી છે. પશુજીવન કરતાં માણસનું જીવન કેટલેય દરજ્જે વધારે સમૃદ્ધ છે, અને આ સમૃદ્ધતાનો આધાર અરસપરસ સહકાર પર છે. મારું ઘર અને મારો આહાર, મારા ઘરમાંનું રાચરચીલું, કપડાંલત્તાં અને દીવાબત્તી, મારાં ચશ્માં, ઘડિયાળ અને ફાઉન્ટનપેન, મારાં પુસ્તકો અને છાપાં, સિનેમા અને નાટક, રસ્તા, પુલ, મોટરો, આગગાડીઓ અને આગબોટો, ટપાલ, તાર, ટેલિફોન અને રેડિયો વગેરે સુખસગવડોથી પરિપૂર્ણ એવા આપણા આજના સમૃદ્ધ જીવનના મૂળમાં સમગ્ર માનવજાતિના યુગોના યુગ સુધી કરેલો સહકારી શ્રમ ભેગો પડેલો છે.

માણસને ખબર પડે કે ન પડે, ઇચ્છા હોય કે ન હોય, તે સમાજની સેવા લેતો જ હોય છે અને કરતો પણ હોય છે; સમાજની ખાતર પોતે દુઃખો ભોગવે છે અને પોતાની ખાતર સમાજને દુઃખો ભોગવાવે છે. જેમણે આજ સુધી વરાળનું એન્જિન, વીજળી, ફોટોગ્રાફ, ધ્વનિમુદ્રણ, વગેરે ક્રાન્તિકારક શોધો કરી તે બધા લોકો સાવ સ્વાર્થી હતા એમ ઘડીભર માની લઈએ તોપણ તેમની શોધોનો લાભ દુનિયાને મળ્યા વિના ચાલત જ નહિ. પોતાના ફાયદાને ખાતર પણ એ શોધોનો લાભ તેઓ બીજાને આપે એ અનિવાર્ય હતું. વળી એટલી મહત્ત્વની શોધો બીજાને કહ્યા વિના તેમનાથી રહેવાયું જ ન હોત, તે વિના તેમને ચેન જ પડત નહિ, એ જુદું. માણસોનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરસપરસ સંકળાયેલું હોવાથી અત્યંત સ્વાર્થી માણસ પણ પોતાનો સ્વાર્થ બીજાના સ્વાર્થ વિના સાધી જ શકતો નથી. હું સહેજે સ્વયંસ્ફૂર્તિથી અથવા પોતાના જ મનવિનોદનને માટે ગાઉં તો મારો કંઠ મધુર હોય તો હું આસપાસના લોકોને પણ આનંદ આપવાનો જ, અને કર્કશ હોય તો તેમને હેરાન પણ કરવાનો જ. વેપાર એ માણસ માણસ વચ્ચેના સહકારનો એક મહત્ત્વનો ભાગ છે. અર્થશાસ્ત્રનો સિદ્ધાંત છે કે વિનિમય એટલે કે કોઈ પણ જાતની ખરીદી અથવા વેચાણ એ બંને પક્ષે લાભકારક હોય છે. આ સિદ્ધાંત સહેજે સમજાય તેવો છે. દેશ કે ઘાટ પરના માણસને માછલી અને કોંકણના માણસને તમાકુ અપૂર્વ અને અમૂલ્ય લાગે છે, તેથી દરેક જણ પોતાની પાસેનો વધારાનો માલ બીજાને આપીને બીજાનો વધારાનો માલ પોતે લે છે. એકનો કચરો બીજાની દોલત બને છે.

સુખદુઃખ સહિયારું : આપણાં અને આપણાં કુટુમ્બનાં માણસોનાં સુખદુઃખો એકત્ર ભળેલાં હોય છે, એ વાત તરત આપણે ગળે ઊતરે છે. પરન્તુ સમાજ એ પણ એક મોટું કુટુમ્બ છે, અને તેનાં સુખ-દુઃખો પણ અરસપરસ સંલગ્ન છે એ વાત પણ થોડોક વિચાર કરતાં આપણને સમજાતાં મુશ્કેલી નહિ પડે. નાનકડા કુટુમ્બમાં એક જણ માંદું પડે તો જેમ બધાં માણસો બેચેન થાય છે, તે જ પ્રમાણે ગામમાં પ્લેગ, મરકી, બળિયા, જેવા ચેપી રોગ ફાટી નીકળે તો મારો જીવ પણ જોખમમાં પડે જ છે. મુલકમાં ક્ષયરોગ ફેલાય તો એ જ ઘાતક રોગ મને અથવા મારાં પ્રિયજનોને ક્યારે વળગશે તેનું કશું કહેવાય નહિ. દરિદ્રતા અને પૌષ્ટિક ખોરાકનો અભાવ એ ક્ષયરોગનું મૂળ કારણ છે, પરન્તુ એક વખત રોગનું બીજ તૈયાર થયા પછી તે પૌષ્ટિક ખોરાક લેનાર પર પણ હુમલો કરી શકે છે. બળિયાનું મૂળ કારણ ગંદવાડ હોય છે; પણ ગંદવાડવાળી વસ્તીમાં બળિયાનો રોગ ફેલાય એટલે આસપાસના સ્વચ્છ રહેણીવાળા લોકોને પણ તે રોગની ધાસ્તી રહે જ છે. સમાજમાં દારિદ્ર્ય હોય તો મને પણ ક્ષય થશે, અને ગંદવાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો મને પણ બળિયા નીકળશે; તેથી મારા પોતાના જ આરોગ્યનું રક્ષણ કરવા માટે સમાજનાં દારિદ્રય, અસ્વચ્છતા, અને અજ્ઞાનનું નિવારણ કરવાનું આવશ્યક છે. ગામમાં વ્યસની લોકો હોય તો તેમની સોબત મારાં છોકરાંને ક્યારે નડશે તે કહી શકાય નહિ. મારા દેશબાંધવો સાવ નમાલા હોય તો પારતંત્ર્યને લીધે સહન કરવી પડતી ગૂંગળામણ અને અપમાન મારે ભાગે પણ આવ્યા વિના નહિ રહે. મારા ભાઈઓમાંથી કોઈ બૂરું કામ કરે તો લોકોમાં જેમ મારી માનહાનિ થાય છે, તે જ પ્રમાણે મારા દેશબાંધવોના દોષોને કારણે પણ આખી દુનિયામાં હું બદનામ થવાનો જ. પારસી લોકો પોતાની જમાતમાંથી કોઈને પણ ભીખ માંગવા દેતા નથી; કારણ, એક પારસીની અપ્રતિષ્ઠા એ બધા જ પારસીઓની. હિંદુસ્તાનની કેટલીક જાતો મુડદાલ માંસ ખાય છે. તે સારું છે કે ખોટું, એ વાત કોરે મૂકીએ તોપણ પરદેશમાં 'હિન્દી લોકો મુડદાલ માંસ ખાય છે' એવું કલંક બધા જ હિન્દીઓને ચોંટે છે. ગામડાંના લોકો નિરક્ષર અને અણઘડ હોય, તો મારી પ્રામાણિક શાહુકારી વિશે પણ તેઓ જાતજાતની શંકાઓ સંઘરવાના. આસપાસના લોકો દુકાળમાં સપડાયા હોય તો મારા ઘર ઉપર પણ ક્યારે દરોડો પડશે તે કહેવાય નહિ.

ઘરનાં માણસો જેમ હરઘડીએ મને સહાયભૂત થાય છે, તે જ પ્રમાણે આડોશીપાડોશીઓ, મિત્રો, અને અનેક વાર તો અપરિચિત લોકો પણ સગાભાઈથી પણ વધારે લાગણીથી પોતાની મદદે દોડી આવે છે એવો અનુભવ કોને નથી? જુદું ઘર કરીને રહેનાર ભાઈ પણ જેમ વિશેષ મુશ્કેલીને પ્રસંગે મારી મદદે દોડી આવે છે, તે જ પ્રમાણે મારા ઘરને આગ લાગી હોય ત્યારે ગામનો એકેએક માણસ તે હોલવવા માટે દોડી આવતો નથી કે? બિહારમાં, બલકે જાપાનમાં પણ, ધરતીકંપ થાય તો આપણા મનમાં દયા ઊપજે છે અને આપણે ત્યાંના સંકટગ્રસ્તોને મદદ મોકલીએ છીએ. મલબારમાં રેલથી ગામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંઓ તણાઈ જાય તો બંગાળમાંથી રામકૃષ્ણ મિશનના માણસો તેમની વહારે દોડી જાય છે. માનવજાત એક મોટું કુટુમ્બ જ છે, એ સંબંધનું ફરી ફરી ભાન કરાવી આપવા માટે તો પરમેશ્વર આવા પ્રસંગો અવારનવાર ઊભા નહિ કરતો હોય?

સહાનુભૂતિ : સહાનુભૂતિ એ એક વિલક્ષણ ચીજ છે. તે મને બીજાના સુખથી સુખી અને દુઃખથી દુઃખી બનાવે છે. મોટેરાંઓને રડતાં જોઈને, તેઓ શા માટે રડે છે તેનું કારણ ન જાણવા છતાં નાનાં બાળકો રડવા માંડે છે. પરન્તુ પ્રૌઢ માણસો પણ આ બાબતમાં મોટા કદનાં બાળક જ છે. ધણિયાણીનું મોઢું ઊતરી ગયેલું હોય તો ઘરધણીને ખાવાનું પણ ભાવતું નથી. હું પણ ચોપાટી પર સહેલ કરવા ગયો હોઉં અને તે વખતે જો બધાં જ માણસો મને ખિન્ન ચહેરાવાળા દેખાય, તો પાછો ઘેર જવાને બદલે ત્યાંને ત્યાં જ દરિયામાં કૂદી પડીને આત્મહત્યા પણ કરું, એવો સંભવ કલ્પી શકાય. તેથી ઊલટું આપઘાત કરવા નીકળી પડેલો માણસ રસ્તામાં એકાદ સુંદર નિષ્પાપ બાળકનું સહજ હાસ્ય જોઈને પાછો ફર્યાના દાખલા પણ બનેલા છે. કોમ, વંશ, વર્ણ, વર્ગ, હોદ્દો વગેરે જાતજાતના કૃત્રિમ ભેદ કલ્પીને આ સહાનુભૂતિનો વ્યાપાર અથવા ક્રિયા આપણે રોકી રાખવાનો અથવા મર્યાદિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. તેમ છતાં ક્યારેક ક્યારેક આવા પડદા અચાનક સરી પડે છે અને બે જીવોનો પ્રત્યક્ષ ભેટો થાય જ છે. શેઠ અને નોકર, કાળો અને ગોરો, ન્યાયાધીશ અને આરોપી — બધાં એક જ માટીનાં પૂતળાં છે, એવી પ્રતીતિ થયા વિના રહેતી નથી.

ઘણા શ્રીમંત લોકો પોતાના બંગલાની આસપાસ ખૂબ ખરચ કરીને ફૂલવાડી તૈયાર કરે છે. એ ઉચ્ચ અભિરુચિનું કે રસિકતાનું જ લક્ષણ છે. તેમ છતાં, તેઓ જો પોતાની આસપાસ પ્રસન્ન અને પ્રફુલ્લ માનવ-મુખકમળોની વાડી વિકસાવે, તો તે તેના કરતાં કેટલીય વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ દીપી ઊઠે ? અને તેમાં તેમની ઉચ્ચતર અભિરુચિ જ દેખાઈ નહિ આવે ?

સાચી સંપત્તિ : પણ સવાલ એ છે કે સાચી શ્રીમંતાઈ કોને કહેવી ? બૅંકમાં હજારો રૂપિયા જેને નામે જમા હોય તે શ્રીમંત ? કે જેના કોઠારમાં સોનાચાંદીનાં ઢગલાબંધ વાસણો હોઈ કોઠારને મજબૂત તાળું દીધેલું હોય અને આગળ સતત પહેરો ભરતો પહેરેગીર ઊભો હોય તે શ્રીમંત ? કે જેની પાસે હાથી, ઘોડા અને દાસદાસી વિપુલ હોય તે શ્રીમંત ? એક ગ્રીક માતા વિશે એમ કહેવામાં આવે છે કે, એને ત્યાં એક દિવસ એક 'શ્રીમંત' બાઈ મહેમાન આવી; તેણે પોતાની પેટીમાંનાં કીમતી ઘરેણાં કાઢીને તેને બતાવ્યાં અને તારાં ઘરેણાં મને બતાવ એમ ઘરવાળીને કહ્યું. એટલે તે સુજ્ઞ માતાએ પોતાનાં સુશીલ અને દેખાવડાં બાળકો તરફ આંગળી ચીંધીને કહ્યું, "એ રહ્યા મારા દાગીના !' મહેમાન બાઈ ખસિયાણી બની કે નહિ એ વાર્તાકારે કહ્યું નથી; નહિ થઈ હોય તો તેની મંદબુદ્ધિ માટે દયા જ ખાવી ઘટે.

સન્મિત્રના કરતાં ચઢિયાતી સંપત્તિ દુનિયામાં બીજી કઈ છે ? કુબેરનો વૈભવ અને દેવેન્દ્રનું ઐશ્વર્ય પણ સન્મિત્રની બરોબરી કરી શકે નહિ. ત્યારે સાચો વહેવારી માણસ કોણ ? માણસોને દૂર હેલીને પૈસા કમાનાર તે, કે —

"सर्व जन मज ! झाले लोकपाळ ।।
सोयरे सकळ ! प्राणसखे ।।"

(હે પ્રાણસખા, બધા જ લોકો મારે મન લોકપાળ અને મારા સગા થઈ ગયા છે.)

— એવી જાતનું ઐશ્વર્ય પ્રાપ્ત કરનારા તુકારામ મહારાજ જેવા લોકો સાચા વ્યવહારદક્ષ ? સેવા એ પણ આવી જાતની શ્રેષ્ઠ સંપત્તિ કમાવાનો વેપાર જ નથી શું ?

जीवनकलह : પરન્તુ દુનિયામાં બધાની જ સુખસગવડ સચવાય, તેમનો નિર્વાહ થાય એ ઘણાને અશક્ય લાગે છે. દુનિયામાં ખોરાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછો અને ખાનારાં ઘણાં, નોકરીઓ ઓછી અને ઉમેદવારો ઘણા, જગ્યા ઓછી ને ઉતારુઓ ઝાઝા એવી સ્થિતિ છે. બધા વહેંચી ખાય તો કોઈનું જ પેટ નહિ ભરાય. તેથી ડાહ્યા માણસે દુનિયાની ફિકર કરતા બેસવાને બદલે પોતાનું કામ શી રીતે પાર પડે તેની જ ચિંતા કરવી ઘટે. પરોપકારની વાતો માણસ ભલે કરે, પણ તે ફક્ત બીજાઓને રમાડવાને કે ફોસલાવવાને ખાતર. ભોળો માણસ આ જીવનકલહમાં ભાગ્યે જ ટકી શકે એમ ઘણાને લાગે છે, અને એક વાર એમ લાગે એટલે પ્રત્યક્ષ અનુભવ પણ એવો જ થવા માંડે છે. આગગાડીમાં ભીડ થશે એ બીકે દરેક મુસાફર સ્ટેશન ઉપર બબ્બે કલાક વહેલો આવીને બધાની પહેલાં ડબ્બામાં ઘૂસીને વધારેમાં વધારે જગા રોકી રાખવાની કોશિશ કરે છે. તેથી કેટલાકને સરખા ઊભા રહેવા પૂરતી પણ જગ્યા મળતી નથી એ સાચું. તેમ છતાં રેલવેના અધિકારીઓ મુસાફરોની સંખ્યાના પ્રમાણમાં વધારેના ડબ્બા જોડશે એવો વિશ્વાસ બધામાં હોય, અથવા તેઓ તેમ કરે તેટલા માટે ફરિયાદ કરીને દાદ મેળવવાનું બધાને સૂઝે, તો કોઈને પણ નકામી મહેનત નહિ કરવી પડે, અને દરેક જણને જોઈએ તેટલી જગ્યા મળી શકે, અને કેટલાક ઊંઘનો ડોળ કરીને પગ ફેલાવીને પડ્યા છે અને કેટલાક ઊભા છે, એવું નહિ બને.

આ દુનિયામાં સ્પર્ધા, કલહ, મિથ્યા ધમપછાડા, વિષમતા અજીર્ણ, ભૂખમરો, બધું છે. પણ આ બધું અનિવાર્ય નથી. આપણે કેવળ અધીરાઈથી, ડરપોકપણાથી, વધારેપડતા લોભથી, શિસ્ત અને સંયમના અભાવને લીધે આ હેરાનગત વહોરી લઈએ છીએ. આ વસુંધરા પોતાનાં બધાં બાળકોને પોષવાને સમર્થ છે. ઈશ્વરની દુનિયામાં પશુ, પક્ષી, કીડી વગેરે જંતુઓ, કોઈ ભૂખ્યું રહેતું નથી. માણસને જ એકલાને ભૂખમરો વેઠવો પડે છે તેનું કારણ તેનો અનહદ લોભ, બેપરવાઈ, વિઘ્નસંતોષીપણું અને સંપત્તિનો દુરુપયોગ કે બગાડ એ જ છે, બીજું કશું નથી. અને તેથી જ જે ખરું જોતાં સ્નેહસંમેલન થવું જોઈએ, તેનું આપણે રણાંગણ કરી મૂકીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પર્ધા એ દુનિયાનો કાયદો છે ખરો, પણ સહકાર એથી વધારે સ્થિર, વ્યાપક, પ્રભાવશાળી અને શ્રેષ્ઠ કાયદો છે. જ્યાં ભેદ હોય ત્યાં સ્પર્ધા પણ સાથે આવે જ. એક ઝાડની જુદી જુદી ડાળોમાં પણ અરસપરસ હરીફાઈ હોય છે; કારણ, બીજી બધી ડાળો કાપી નાખીને એક બે ડાળો જ રહેવા દઈએ તો તે ખૂબ જોરથી વધે છે. ફૂલ અને ફળ તોડી નાખીએ તો કૂંપળ ખૂબ જોરમાં ઊગે છે. એમ હોય તોયે ડાળો ડાળો વચ્ચે સહકાર પણ હોય જ છે. પાંદડાંને જોરે જ ફૂલ અને ફળની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે; અને ફળ પરિપક્વ થાય ત્યારે જ બીજ તૈયાર થઈને ઝાડનો વંશ કાયમ રહે છે, એ વધારે સાચું છે. માણસના બે હાથ વચ્ચે તેમ જ બે આંખ વચ્ચે સતત બહુ જ ગાઢ અને જીવંત સહકાર હોય છે; તેમ છતાં હાથ વચ્ચે અને આંખ વચ્ચે અરસપરસ સ્પર્ધા હોય છે એ પણ કબૂલ કરવું જોઈએ. કારણ, એક હાથ કપાઈ જાય અથવા એક આંખ ફૂટી જાય તો બાકી રહેલા હાથની અથવા આંખની શક્તિ કંઈક વધે છે. ટૂંકમાં હરીફાઈ હોય તોય તે ગૌણ છે. સહકાર એ જ શ્રેષ્ઠ સિદ્ધાંત છે. સ્પર્ધા એ સહકારની અંદર સમાયેલી હોય છે.

अमरत्व : ઝાડનાં પાંદડાં અલ્પાયુષી હોય છે. વસંતઋતુમાં તે જન્મે છે અને પછીના શિયાળામાં ખરી જાય છે. પણ ઝાડ કાયમ રહે છે અને તે ઝાડને આધારે પાંદડાં ફરી જન્મે છે, અમુક વખત ટકે છે, વધે છે અને ખરી પડે છે. બીજી બાજુ, દરેક પાંદડું પણ ઝાડના કદમાં થોડોક પણ વધારો કરે છે અને ઉપરાંત પોતે ખરી પડે તે પહેલાં પોતાના ડીંટાના મૂળમાં ઝાડની ડાળ પર એક આંખ મૂકી જાય છે. આ આંખ એટલે એક ભાવી શાખા જ હોય છે. પછીની વસંતઋતુમાં તે આંખમાંથી ફણગો ફૂટે છે અને ધીમે ધીમે તેનું જ ડાળખું અને આગળ જતાં ડાળ થાય છે. એ ડાળખું કલમ કરીને અલગ રોપવામાં આવે તો તેમાંથી વૃક્ષ પણ થાય છે. પાંદડું થોડાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિના જીવીને મરણ પામે તોપણ તેનું જીવનકાર્ય ખલાસ થતું નથી. તે અખંડ ચાલુ જ રહે છે.

આપણ માણસો તે આવાં પાંદડાં જ છીએ. એ પાંદડાંની અગાઉની પેઢીઓના પરાક્રમને જોરે આપણે વધારે ને વધારે ઊંચી સપાટી પર જન્મ પામીએ છીએ, માનવવંશ રૂપી વૃક્ષ પાસેથી આપણને પોષણ અને શિક્ષણ મળે છે, અને આપણું જીવન સમૃદ્ધ બને છે. દુન્યવી રીત પ્રમાણે આપણું પણ 'પાકેલું પાંદડું' ખરી પડે છે, તેમ છતાં આપણું જીવનકાર્ય નષ્ટ થતું નથી, તેનો કોઈ પણ નાશ કરી શકતું નથી. મૃત્યુમાંથી જ પુનર્જન્મ થાય છે, પાછળની પેઢીઓને રૂપે આપણે અમર જ રહીએ છીએ. તેને માટે ઔરસ અથવા પોતીકી સંતતિની જ આવશ્યકતા છે એમ નથી; પણ આપણું કાર્ય, આપણી આશા આકાંક્ષાઓ, આપણા વિચારો, આપણી સંસ્થાઓ એ બધાં અખંડ પ્રગતિ કર્યાં કરવાનાં જ એવી ખાતરી હોવાથી વાસ્તવિકપણે આપણે અમર જ છીએ. પુત્ર એ પિતાનો અને શિષ્ય એ ગુરુનો પુનર્જન્મ જ છે.

આપણ બધાં માણસો એક જ વંશવૃક્ષનાં પાંદડાં છીએ. આ વંશ પાસેથી, તેમ જ એકબીજા પાસેથી આપણને પોષણ મળે છે અને એ વંશવૃક્ષને આપણા પુરુષાર્થથી ઓછેવત્તે અંશે પણ સમૃદ્ધ કરીને આપણે જઈએ છીએ. બધાં માણસો એકબીજાનાં ભાંડુઓ છે, એક જ દળના સૈનિકો છે; ઈશ્વર આપણાં બધાંનો પોષનારો અને સંરક્ષક છે એવા એવા વિચારોથી માણસમાં એક જાતની નિરાંત, વિનયયુક્ત આત્મવિશ્વાસ, નિર્ભયતા, પ્રયત્નવાદ, સહનશીલતા, સમાધાન તેમ જ પોતાના અમરત્વ વિશે વિશ્વાસ પેદા થાય છે.

दिक्काल : એવી જ રીતે માણસ દિક્કાલના અંતરાયો કે મર્યાદાઓ પણ ઓળંગી જાય છે. સત્કર્મનું ફળ યથાકાળ મળવાનું જ, બીજમાંથી યથાકાળ વૃક્ષ થવાનું જ, એની તેને ખાતરી હોય છે. મદારી પાંચ જ મિનિટમાં બીજનું વૃક્ષ કરી બતાવે છે એમાં કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ અપૂર્વતા છે, અને એ જ ક્રિયા કરતા ઈશ્વરને સો વરસ થાય છે, એમાં ઈશ્વરની કાંઈક ખામી છે એમ તેને લાગતું નથી. આપણે જાગતા હોઈએ ત્યારની એક મિનિટ સ્વપ્નામાં એક મહિના જેવડી પણ ભાસે છે. ભૂખ્યા બાળકને એક મિનિટ પણ પ્રહર જેવડી લાગે છે, અને સહનશીલ માતાને કષ્ટનો એક પ્રહર પણ એક મિનિટ જેવડો લાગે છે. પચાસ વરસની ઘટનાઓ અને ઘડભાંજો નાટકમાં ત્રણ કલાકમાં ખલાસ થાય છે. અને નાટકકારના ભેજામાં તો નાટકની એ આખી વસ્તુ એક અર્ધી ક્ષણમાં ચમકારો મારી જાય છે. કાળ એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી; તે એક ક્રમ છે, તાલ છે. કોઈ ગીત ઝપાટામાં ગાઈએ તો કડીઓ ઝટઝટ આવશે, ધીમે ધીમે ગાઈએ તો ધીમે ધીમે આવશે. પરંતુ ગાયનનો ધીમો અને શાંત તાલ અને દ્રુત તાલ બંને પોતપોતાની રીતે આનંદદાયક જ થાય છે. તેથી સુજ્ઞ માણસ કાલાવધિની લગીરે ચિંતા કરતો નથી.

કાળની જેમ જ દિક્-અંતર, લંબાઈ પહોળાઈ, ઊંચાઈ અને ઊંડાઈ એ બધાની સ્વતંત્ર હસ્તી નથી. જેમ કાળ એટલે ક્રમ તે જ પ્રમાણે અંતર એટલે રચના અથવા ગોઠવણ છે. આખી દુનિયા — આપણાં શરીર, કપડાં, આંખ, માપવાનો વાર, ફૂટપટ્ટી, એ બધાં સહિત — એકાએક કદમાં અડધી થઈ જાય, તો તે ફરક આપણા ખ્યાલમાં પણ નહિ આવે. પારમાર્થિક દૃષ્ટિથી નજીક અને દૂર તેમ જ જલદી અને મોડું, એનું ઝાઝું મહત્ત્વ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

સેવાનાં ક્ષેત્ર અને પ્રકાર

દુનિયાની સેવા : હું એટલે કેવળ મારો સાડાત્રણ હાથ લાંબો દેહ નથી. દેહ કાંઈ મારું સર્વસ્વ નથી. મારું સ્વત્વ મારા દેહની પાર પ્રસરેલું છે. મારાં માબાપ, મારાં ભાંડુઓ, મારાં છૈયાંછોકરાં, સગાં-વહાલાં, ઇષ્ટમિત્રો, જ્ઞાતિબંધુઓ, દેશબાંધવો, સમગ્ર માનવજાત, બલ્કે ભૂતમાત્ર, આખી દુનિયા મારી છે; હું આખું વિશ્વ છું. હું નાનો હોઉં તોય મોટો પણ છું. મર્યાદિત છું તેમ વ્યાપક પણ છું. એટલું જ નહિ, પણ મારું મૂળ સ્વરૂપ વિશાળ હોઈને આ નાનકડું રૂપ મને થોડા વખત પૂરતું જ મળેલું છે, અથવા કહો કે, તે મારા ઉપર લાદેલું છે. મૂળે હું એક ગગનવિહારી પંખી છું છતાં મને પાંજરામાં પૂરવામાં આવ્યો છે. સેવા એટલે મારો નાનામાંથી મોટા, અલ્પમાંથી વિશાળ, મર્યાદિતમાંથી અમર્યાદિત, બિંદુમાંથી સિંધુ, પિંડમાંથી બ્રહ્માંડ થવાનો પ્રયત્ન છે. સેવા એટલે આત્મવિસ્તાર અને આત્મવિસ્તારની અંતિમ મર્યાદા પરમાત્મા છે. સ્વેચ્છાએ કે અનિચ્છાએ, જાણે અથવા અજાણે, માણસના બધા કાર્યક્રમો, બધી પ્રવૃત્તિઓ, વિદ્યાઓ, કળાઓ, હિલચાલો, સુધારણાઓ, સંશોધનો કે શોધો, ઝઘડાઓ, યુદ્ધો, બધાં આ મૂળ સ્વરૂપની પ્રાપ્તિ માટેના જુદી જુદી જાતના પ્રયત્નો જ છે. એ સ્વેચ્છાથી કરવા તેનું જ નામ સેવા.

સેવકનો આત્મવિસ્તારનો પ્રયત્ન ઐચ્છિક હોય છે, પણ તે જ્ઞાનપૂર્ણ એટલે કે જ્ઞાનથી પ્રકાશિત થયેલો હોય છે જ, એમ નથી હોતું. સેવકની આત્મવિસ્તારની ભાવના કુટુમ્બ, ગામ, કોમ, દેશ જેવા કોઈ એકાદ ટપ્પા આગળ જઈને અટકી પડેલી હોય છે. સેવાનું અંતિમ નિધાન જગત અથવા પરમેશ્વર જ છે તેનું ભાન દરેક સેવકને હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ નથી. પરન્તુ આદર્શ સેવા એટલે જગતની અથવા ભૂતમાત્રની સ્વેચ્છાથી, જ્ઞાનપૂર્વક અને આત્મભાવનાથી કરેલી સેવા.

મારા પર જગતના ઉપકાર છે. હું આખા જગતનો ઋણી છું. મારું આજનું જીવન, મને મળેલ કેળવણી અને જ્ઞાન, તેમ જ હું જે જાતજાતની સુખસગવડો ભોગવી રહ્યો છું તે બધી આ દુનિયાની સપાટી પર જ્યારથી માણસની વસાહત થઈ તે વખતથી આજ લગી માણસની તેમ જ જાનવરોની, વનસ્પતિની તેમ જ કાષ્ઠપાષાણની જે હજારો પેઢીઓ થઈ ગઈ તે સર્વના સંચિત કર્મનું ફળ છે. પૂર્વજોએ મહામહેનતે પ્રાપ્ત કરેલી સંપત્તિનો વારસો મને અનાયાસે મળેલો છે. પૂર્વજોના તેમ જ સમકાલીનોના શ્રમનાં મધુર ફળ હું ચાખી રહ્યો છું. આ દેવું ચૂકવવાનો પ્રયત્ન કરવો, આ વારસામાં થોડોઘણો પણ ઉમેરો કરીને પોતાની પછી આવનારા લોકો વાસ્તે વધારે સારી દુનિયા મૂકી જવા માટે પોતાની બધી શક્તિથી પ્રયત્ન કરવો એ મારું પરમ કર્તવ્ય છે. દુનિયામાં હજુ સુધી દૈન્ય, દુઃખ, ગરીબી, અજ્ઞાન, રોગચાળો, વેર, કલહ, મત્સર, વ્યસનો, દુર્ગુણ, અન્યાય વગેરે ખૂબ ભરેલાં છે. આ બધાં દુરિતોનું નિવારણ કરીને વધારે સુખી, વધારે સંતુષ્ટ, સમૃદ્ધ, સમર્થ, નીરોગી, નિર્વ્યસની, સુશીલ, સુજાણ, ન્યાયી, પ્રેમળ, એવો મનુષ્યસમાજ નિર્માણ કરવો — એટલે કે પૃથ્વી પર સ્વર્ગ નિર્માણ કરવું — એ મારું જીવનકર્તવ્ય છે. આ જ મારા જીવનનું સાર્થક અને મારા કલ્યાણનું સાધન છે.

પણ આખી દુનિયાનો સુધારો હું કેવી રીતે કરી શકવાનો? દુનિયા કેટલી વિશાળ, અને મારી શક્તિ કેટલી અલ્પ!

સદ્વર્તન = પ્રાણીમાત્રની સેવા : પરન્તુ આખા જગતની અચૂક સેવા કરવાનો એક રસ્તો મારે માટે ખુલ્લો છે. સારું ચારિત્ર અને સારું આચરણ એ આખા જગતને — અત્યારની તેમ જ ભાવી પેઢીઓને — પહોંચે એવી સેવા છે. જગતની સેવા કરવા માટે અલૌકિક બુદ્ધિમત્તા અથવા અસાધારણ કર્તૃત્વશક્તિ જ જોઈએ એમ નથી. દુનિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરિક તરીકે હું મારું પોતાનું નાનકડું વ્યક્તિગત જીવન જ નિર્દોષ રીતે, કોઈને પણ કનડગત કર્યા સિવાય, ચોરીચુગલી, મત્સર, દગાબાજી કર્યા સિવાય, ભૂમિને ભારરૂપ થયા વિના પસાર કરું, નિર્દોષ સાધનો વડે અને બીજાઓનું શોષણ ન કરતાં કેવળ પોતાનો એકલાનો જીવનનિર્વાહ કરું તો પણ જગ જીત્યો એમ થાય! નીતિનિયમોનું પાલન કરવું એ સેવાની અનિવાર્ય શરત છે; અથવા નીતિશુદ્ધ વ્યક્તિગત જીવન ગાળવું એ મૂંગી પણ અત્યંત મહત્ત્વની, નક્કર અને મૌલિક એવી સમાજસેવા જ છે. સત્ય, અહિંસા, અસ્તેય, સંયમ વગેરે માણસના સામાજિક જીવનના આધારભૂત નિયમો છે. તેમનો ભંગ કરવો એટલે સમાજના મૂળ પર કુહાડો મારવા જેવું છે. હું મારા પડોશીની કોઈ વસ્તુ ચોરું તો એ પાડોશીનો જ ગુનો કરીને હું અટકતો નથી; મારું એ કૃત્ય કાયદાની દૃષ્ટિથી સરકારનો એટલે કે આખા રાષ્ટ્રનો પણ ગુનો ઠરે છે. ખરેખર એ આખી માનવજાતિનો જ ગુનો કહેવાય. વ્યભિચાર એ પણ આખા સમાજનો દ્રોહ છે. જૂઠું બોલવું એ તો માણસ માણસ વચ્ચેના અરસપરસ વહેવારને જ મારક છે.

वाच्यर्था नियताः सर्वे वाङ्मूला वाग्विनिःसृताः।
तां हि यस्स्तेनयेत् वाचम् स सर्वस्तेयकृन्नरः॥

—માણસની વાણીમાં અનેક જાતના અર્થ (શબ્દાર્થ અથવા સંપત્તિ) નિયત એટલે નક્કી કરી રાખેલા છે; વાણીમાંથી જ તે ઉત્પન્ન થાય છે અને પ્રકટ થાય છે. તે વાણી જ જે ચોરે છે તેણે કઈ વસ્તુ ચોરવાની બાકી રાખી?

તેથી સત્ય, અહિંસા વગેરે સનાતન નીતિતત્ત્વોને પગ તળે કચડીને જે માણસ દાનધર્મ અથવા 'ટ્રસ્ટ' કરવાં, મંદિરો અથવા હૉલ બંધાવવાં, ઇત્યાદિ માર્ગે સમાજસેવા કરવા દોડધામ કરે છે, તે ઝાડનાં મૂળિયાં કાપી નાખીને તેની કૂંપળ પર પાણી છાંટીને તે ઝાડને તાજગીવાળું બનાવવાનો વૃથા પ્રયત્ન કરે છે. નીતિશુદ્ધ નિષ્પાપ આચરણ કરવું એ અલ્પ બળવાળા માણસની મર્યાદાની અંદરની પણ આવશ્યક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચિત, મહત્ત્વની અને વિશ્વવ્યાપી સેવા જ છે. ડૂબતા માણસને બચાવવા માટે તાકાત, હિંમત તેમ જ તરવાની કળા સારી પેઠે આવડતી હોવી જોઈએ; પણ કૂવાને કાંઠે ઊભેલા માણસને કૂવામાં ન ધકેલવો એ દૂબળો માણસ પણ સહેજે કરી શકે તેમ છે; બલ્કે ડરપોક અને નિર્બળ માણસ માટે જ તે વધારે સહેલું છે.

હે પ્રભુ! મને દુરાચરણ-દુર્બળ જ રાખ. મને પાપ-ભીરુ જ રહેવા દે.

ખાનગી કર્તવ્યો : સદાચાર એ અમૂર્ત, ગૂઢ અને અપ્રત્યક્ષ સેવા હોય તોય તેનું ક્ષેત્ર અથવા તેની પહોંચ અમર્યાદ છે. ઊલટું, પ્રત્યક્ષ અથવા મૂર્ત સેવાના પ્રકારોનું ક્ષેત્ર ગમે તેટલું વિસ્તારવાળું હોય તોય તેને મર્યાદા અથવા અંત હોવાનો જ. આ સેવાના પણ ખાનગી અને સાર્વજનિક એવા બે પ્રકાર કલ્પી શકાય. હું આખી દુનિયાનો ઋણી છું, એ વાત સાચી હોય તોય પ્રત્યક્ષપણે કોઈ વિશેષ વ્યક્તિઓનું અથવા વ્યક્તિસમુદાયનું મારા ઉપર ખાસ ઋણ હોય છે, અને તે ચૂકવવું એ મારું વિશેષ કર્તવ્ય ઠરે છે. હું ધરતી-માતાનો બાળક છું, એ ખોટું ન હોય તોપણ જે ઔરસ માતાએ મને જન્મ આપ્યો, મને ઉછેરીને મોટો કર્યો તે માતાના અનેક ગણા ઉપકાર મારા ઉપર છે. માતાની જેમ જ પિતા, દાદા, દાદી, કાકા, મામા, ભાઈબહેન, સગાવહાલાં, ઇષ્ટમિત્ર, શિક્ષક ઇત્યાદિ અનેક વ્યક્તિઓના અનેક જાતના ઉપકારોને લીધે જ મારી જીવનયાત્રા સુખેથી ચાલે છે. ઈશ્વર પણ માબાપ, ઇષ્ટમિત્ર, પડોશી અને ક્યારેક અપરિચિત વ્યક્તિઓને રૂપે જ મારું લાલનપોષણ કરે છે; તેથી ઈશ્વરનું ઋણ અદા કરવાનો મારે જે પ્રયત્ન કરવાનો તે પણ ઈશ્વરના તે તે પ્રતિનિધિઓની મારફતે જ કરવો જોઈએ. જે કાંઈ છે તે બધું ઈશ્વર જ છે, એ તાત્ત્વિક દૃષ્ટિથી સાચું હોય તોય પ્રત્યક્ષ વહેવાર તારતમ્યનો વિચાર કરીને જ ચલાવવો પડે છે. તેથી જ, “मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव, अतिथिदेवो भव –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કે માબાપ, ગુરુ, મહેમાન, એ બધાંને દેવ સમાન માન –" એવો ઉપનિષદોમાં ગુરુએ શિષ્યને કરેલો ઉપદેશ યથાયોગ્ય છે. હું સમાજ-સેવક, દેશસેવક વગેરે ગમે તે થાઉં, તોપણ મારાં માબાપ, ભાંડુઓ, પત્ની, છૈયાંછોકરાં, આડોશીપાડોશી, તેમ જ મારા મિત્રો પ્રત્યેના મારા કર્તવ્યની હું જરાય અવગણના ન કરી શકું. દેશભક્તિના નશામાં નજીકના માણસો વિશે બેપરવા રહેવું તેમાં વખાણવા જેવું અથવા તો બડાઈ હાંકવા જેવું કશું નથી. માતા પોતાના બાળકને ધાવના અથવા કામવાળીના હવાલે સોંપીને 'કલબ', 'ભગિનીમંડળ', અથવા બીજી જાહેર પ્રવૃત્તિમાં તલ્લીન થઈ જાય, તેમાં તેની સેવાવૃત્તિ કરતાં લોકો આગળ મહાલવાની હોંશ જ વધારે હોવાનો સંભવ છે.

એટલું માત્ર સાચું કે, કુટુમ્બીજનોની સેવા મોહ- કે મમતા-મૂલક ન હોવી જોઈએ, પણ કર્તવ્ય તરીકે તે કરવી જોઈએ. માતાની સાથે રહેવાનું મને ગમે છે એટલા માટે તેની સેવા કરવા મારે રહેવાનું નથી; પણ તેની શુશ્રૂષા કરવી એ ખાસ મારું જ કર્તવ્ય છે, એ મારો સ્વધર્મ છે, એટલા માટે તે મારે કરવાની છે. કુટુમ્બની સેવા કરવાની તે બાકીના સમાજને બાધક ન થાય એ રીતે જ કરવી જોઈએ. કારણ, માતાએ મારું લાલનપોષણ કર્યું અથવા મારા અનેક ઇષ્ટમિત્રો દરેક રીતે મને સહાયભૂત થયા તેઓ પણ વ્યાપક સમાજની, માતૃભૂમિની, અથવા દુનિયાની મદદથી અથવા અનુકૂળતાને લીધે જ તેમ કરી શક્યાં. ગોવાળે ચોખ્ખું દૂધ ન આપ્યું હોત, વૈદ્યે યોગ્ય દવા ન કરી હોત, ગામમાં બળિયાનો અથવા ઉટાંટિયાનો વાવર ફેલાત, બલ્કે પડોશની સ્ત્રીએ 'નજર'* લગાડી હોત તો માતાનું બાળસંગોપન અશક્ય નહિ તોય મુશ્કેલ તો થાત જ. તે જ પ્રમાણે દેશ પર કોઈ બહારનો શત્રુ ચડી આવે અને તેનું નિવારણ ન થઈ શકે, તો હું પણ મારી ઘરડી માતાની શુશ્રૂષા કેવી રીતે કરી શકવાનો

* લેખકનો 'નજર' પર વિશ્વાસ છે એમ વાચક મહેરબાની કરી રખે માને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ? ઉપરથી પડતા બૉમ્બનું નિવારણ ન થાય તો ખાટલા નીચેનો કચરો વાળી કાઢવાથી શું સધાવાનું હતું ? તેથી દેશરક્ષણ વિશે બેપરવા રહીને હું કુટુમ્બરક્ષણ ન કરી શકું; તેમ કરવાની ઇચ્છા કરવી એ મારે માટે ઉચિત નથી. તેથી ઊલટું, કુટુમ્બનો દ્રોહ કરીને દેશસેવા કરવામાં પણ કશો સાર નથી.

આ 'ખાનગી' કર્તવ્યો જેમ કૌટુંબિક અને ઘરોબાના સ્વરૂપનાં હોય છે, તેવી જ રીતે તે કયારેક તદ્દન અપરિચિત વ્યક્તિઓની બાબતમાં પણ કરવાનાં ઊભાં થાય છે. પ્રવાસ દરમ્યાન પોતાને તદ્દન અપરિચિત એવા સહપ્રવાસીનું કંઈ નુકસાન થાય અથવા અકસ્માત થાય, તો તેને મદદ કરવી એ ખાસ મારું અનિવાર્ય કર્તવ્ય ઠરે છે. તેને માટે સાર્વજનિક અથવા મારે અભાવે બીજાઓ પણ જે કરી શકે એવાં કર્તવ્યોને પડતાં મૂકવાં પડે, તોપણ તેની કશી હરકત નથી. આવાં પ્રસંગવશાત્ આવી પડેલાં કર્તવ્યો એટલે જાણે પરમેશ્વરે ખાસ મને જ સોંપેલી કામગીરી છે. આવાં નિયત કામો ટાળીને, અનિયત અથવા ન કહેલાં કે સોંપેલાં કામો એળેબેળે માથે લેવાની પંચાત અથવા વૃથા પ્રયત્ન કરવાનો કશો અર્થ નથી. ગીતામાં કહ્યું છે કે,

"श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।"

—પોતાનું કર્તવ્ય ગમે તેટલું નજીવું હોય તોપણ તે કરવું જ યોગ્ય છે. બીજાનું કામ હું સારી રીતે કરી શકતો હોઉં તોપણ તે તરફ દોડી જવું યોગ્ય નથી.

તેથી નજીકનાં ખાનગી કર્તવ્યો અને વ્યાપક સાર્વજનિક કર્તવ્યો, તેમ જ પરચૂરણ પણ તરત કરવા જેવાં કર્તવ્યો, અને મહત્ત્વનાં પરન્તુ નિરાંતે અનુકૂળતા પ્રમાણે કરવાનાં કર્તવ્યો, એ બધાંનો તે તે પ્રસંગ તેમ જ પરિસ્થિતિ અનુસાર તારતમ્યપૂર્વક સમન્વય સાધવો એ સેવકને માટે ઉચિત છે.

जाहेर सेवा : અહીં સુધી આપણે સેવકનાં અંગત ઋણાનુબંધો અને સંબંધો તથા તેમાંથી ઉદ્ભવનારાં કર્તવ્યોનો વિચાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વસામાન્ય લોકોની સેવાને સાર્વજનિક કાર્ય અથવા સેવા કહી શકાય. હવે આપણે સાર્વજનિક સેવાના ક્ષેત્રનો વિચાર કરીશું.

સાર્વજનિક સેવા એટલે આખી દુનિયાની સેવા; પરન્તુ અહીં પણ સેવાના ક્ષેત્રની બાબતમાં વ્યવહારની દૃષ્ટિથી કાંઈક મર્યાદા મૂકવી સગવડભર્યું અને આવશ્યક છે. સેવકને પોતાના ગજા પ્રમાણે તેમ જ પોતાના કામના પ્રકારનો ખ્યાલ રાખીને ગામ, પંચકોશી, તાલુકો, જિલ્લો, પ્રાંત, દેશ, વગેરે જેવું કોઈ પણ નાનું કે મોટું ક્ષેત્ર પસંદ કરવું પડે છે. રાજકારભારમાં જેમ તલાટી, મામલતદાર, કલેક્ટર, ગવર્નર, અને વાઈસરૉય જેવા નાના મોટા ક્ષેત્રના અમલદારો હોય છે, તે જ પ્રમાણે સેવક પણ પોતાને માટે ક્ષેત્ર નક્કી કરી લે છે. મામલતદાર જેમ તાલુકાનો જ કારભાર કરતો હોય તોપણ તે કલેક્ટરના અને તેની મારફતે ઉપલા અધિકારીઓના હુકમમાં રહીને જ પોતાનું કામ કરે છે, તે જ પ્રમાણે સેવકને માથે કોઈ 'બડા સાબ' અથવા સરમુખત્યાર ન હોય તોપણ સેવકની પોતાના કાર્યક્ષેત્ર વિશેની નિષ્ઠા તેના કરતાં વધારે વ્યાપક નિષ્ઠાને આધીન રહેવી જોઈએ; તેની ગ્રામસેવા દેશસેવાને પોષક હોવી જોઈએ, તે દેશહિતની સાથે વિસંગત હોય તે ન ચાલે.

स्वदेशी धर्म : આ સ્વદેશી ધર્મ જ છે. આખી દુનિયા મારી છે એ ખરું, પણ પ્રત્યક્ષ સેવા મારે કોની કરવી? એનો જવાબ એ કે, જેઓ મારી નજીકનાં છે તેમની જ સેવા મારે પ્રથમ અથવા વિશેષે કરીને કરવી જોઈએ, અને દૂરના લોકોની તે પછી.

"ચૅરિટિ બિગિન્સ ઍટ હોમ" 'સદ્‌વૃત્તિની શરૂઆત પોતાના ઘરથી થાય છે' એ આનો અર્થ. (શરૂઆત ઘરથી થાય છે એમ કહ્યું છે; પણ તેનો 'અંત' પણ ઘરમાં જ થવાનો નથી હોતો, એ ઘણાં ભૂલી જાય છે.) દીવો પોતાના પ્રકાશનાં કિરણ ચોમેર જ્યાં સુધી પહોંચાડી શકાય ત્યાં સુધી પહોંચાડે છે. નજીકના ભાગમાં ખૂબ પ્રકાશ પડે તેટલા માટે 'અમુક હદની બહાર કિરણોને જવા દઈશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ ' એમ પણ તે કહેતો નથી; તે જ પ્રમાણે દૂર સુધી પોતાનો પ્રકાશ કે પ્રભાવ પહોંચે તેટલા માટે પાસેના પ્રદેશની ઉપેક્ષા પણ કરતો નથી. તેનો પ્રકાશ નજીકના ભાગમાં વધારે પ્રખર, અને જેમ દૂર દૂર જાય તેમ તેમ ઝાંખો પડતો જાય છે. મોટી બત્તીનાં કિરણો દૂર સુધી જશે તો કોડિયાની મજલ ચાર ડગલાં સુધી જ પહોંચશે; પણ કોડિયું નજીકના લોકોને પ્રકાશ આપવા માટે દૂરના લોકો માટે વધારે અંધારું કરતું નથી. દીપરાજ સૂર્યનાં કિરણ ઘણા મોટા અંતર સુધી પ્રકાશ અને ગરમી પૂરી પાડે છે. છતાં તેની શક્તિને પણ મર્યાદા છે જ. સૂર્યના પ્રકાશની દોડ એ સૂર્યમાળા પૂરતી જ છે. સૂર્યમાળાની બહારનો અનંત દિગ્વિસ્તાર તેના ટપ્પાની બહાર રહી જાય છે; તથાપિ ત્યાં પણ તે વધારે મર્યાદિત સ્વરૂપનું કામ કરી શકે છે. દાખલા તરીકે, ધ્રુવનો તારો એ પણ આપણા સૂર્યના જેવો જ એક સૂર્ય છે. પ્રદીર્ઘ અંતરને લીધે તે આપણને પ્રકાશ અથવા ગરમી પહોંચાડી શકતો નથી તોપણ તે આપણને દિશા અને માર્ગ બતાવે છે. તેની આ સેવા પણ કાંઈ ઓછા મહત્ત્વની નથી.

દીવાનો* દાખલો બીજી એક દૃષ્ટિથી પણ ઉચિત છે. દીવો આખા ઘરમાં પ્રકાશ આપે છે. ઘરનાં બધાં માણસોની સેવા કરવાની તેની તૈયારી હોય તોપણ તે કોઈની ઉપર પોતાની સેવા લાદવા માગતો નથી. સૂતેલાઓને તે જબરદસ્તીથી જગાડતો નથી. જેઓ આંખ ઉઘાડે તેમને જ તે પ્રકાશ આપે છે. સૂર્ય આખા જગતને માટે પ્રકાશે છે, પણ તે કોઈના ઘરમાં જબરજસ્તીથી ઘૂસતો નથી. જેમણે પોતાનાં ઘરનાં કમાડ વાસી દીધાં હોય તેમનાં બારણાં આગળ તે ચૂપચાપ રાહ જોતો ઊભો રહે છે. તેઓ બારી ઉઘાડે કે તરત તે અંદર પ્રવેશ કરે છે. તે જ પ્રમાણે સેવકે પણ પોતાની શક્તિ અનુસાર નક્કી કરેલા ક્ષેત્ર પૈકી જેટલા લોકોની તેની સેવા સ્વીકારવાની મરજી હોય તેટલાની જ સમબુદ્ધિથી સેવા કરવાની છે. મારું પ્રવચન બધા

* દીવાનું દૃષ્ટાંત શ્રી વિનોબા ભાવેના એક પ્રવચનમાંથી લીધું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામલોકો માટે હોય તોપણ જેટલા લોકો મંદિરમાં તે સાંભળવા આવે તેમની આગળ જ મારે તે આપવું પડે છે. મારા કેશકર્તનાલય (સલૂન)ની બહારનું 'ભલે પધાર્યા'નું પાટિયું રસ્તે જતાં બધા માણસોને આમંત્રણ આપતું હોય તોપણ આખરે 'અમારા ખાસ આશ્રયદાતાઓ માટે જ' હું તે ચલાવું છું. પ્રેસિડન્ટ રૂસવેલ્ટ આખી દુનિયા માટે રેડિયો ઉપર ભાષણ કરે તોપણ જે લોકો પોતાના રેડિયો તૈયાર રાખીને કાન દઈને તે ધ્યાનપૂર્વક સાંભળવા બેસશે તેમને જ તેના શબ્દો પહોંચવાના.

પ્રાદેશિક ક્ષેત્ર : સેવા આખરે, અથવા પ્રત્યક્ષપણે, આ કે તે કોઈ વિશિષ્ટ વ્યક્તિઓને જ પહોંચે છે; તેમ છતાં તે યોજાયેલી હોય છે કોઈ વિશેષ પ્રદેશ માટે. દાખલા તરીકે, એકાદ છાપું જિલ્લા માટે ચલાવવામાં આવે છે. જિલ્લાના કુલ રહેવાસીઓ પૈકી હજારમાં એક જ જણ તે વાંચે છે અને જિલ્લાની બહાર પણ તેને થોડાક વાચકો મળે છે, છતાં તેને જિલ્લા-પત્ર કહેવામાં આવે છે. પૂનાનું केसरी એ બૃહત્ મહારાષ્ટ્રનું, મુંબઈનું ટાઇમ્સ આખા હિંદુસ્તાનનું અને ગાંધીજીનાં यंग इन्डिया કે हरिजन અથવા લંડનના टाइम्स જેવાં પત્રો આખી દુનિયા માટે છે એમ કહી શકાય. તે જ પ્રમાણે કોઈ સેવકનું નિયોજિત કાર્યક્ષેત્ર કેવળ તેનું ગામ અથવા ગામનો કોઈ વિશિષ્ટ ભાગ હોઈ શકે, અથવા જિલ્લો, પ્રાન્ત, વગેરે હોઈ શકે; જ્યારે કોઈ એકાદ લોકોત્તર મહાપુરુષનું કાર્યક્ષેત્ર આખી દુનિયા પણ હોઈ શકે છે.

દેશસેવા : આ બધાં જ ક્ષેત્રોને દેશ અને બધી જ સેવાને દેશસેવાનું નામ આપવાને હરકત નથી. કારણ 'દેશ' એ તે તે સેવકના ગજા પ્રમાણે ગમે તેટલો નાનો અને ગમે તેટલો મોટો – દુનિયા જેટલો પણ – હોઈ શકે છે. મહત્ત્વનો મુદ્દો એ કે તે કોઈ પણ નિશ્ચિત ભૌગોલિક અથવા પ્રાદેશિક વિભાગ હોવો જોઈએ. દેશ એ કુદરતી અથવા ઈશ્વરનિયુક્ત કાર્યક્ષેત્ર છે, તેથી 'સ્વદેશી' અથવા દેશસેવા એ ધર્મ છે. માબાપ, ભાંડુઓ અથવા બાલબચ્ચાં, એ જેમ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરે આપેલાં છે તે જ પ્રમાણે દેશ પણ મને ઈશ્વરે જ નક્કી કરી આપ્યો છે. તેથી કુટુંબને અંગે જેમ મારે ખાનગી કર્તવ્યો હોય છે, તે જ પ્રમાણે દેશને અંગે પણ મારાં સાર્વજનિક અથવા જાહેર કર્તવ્યો પણ છે.

'દેશ' એટલે દેશમાં રહેતો સમાજ. દેશસેવા એટલે પથ્થર, માટી, હવાપાણી વગેરેની સેવા નથી એ દેખીતું જ છે. જેની સેવા મારે કરવાની છે તે સમાજ અથવા સંઘ દેશવિશિષ્ટ, સળંગ અને નિસર્ગનિર્મિત હોવો જોઈએ, કૃત્રિમ ન હોવો જોઈએ. સહકારી પેઢીઓ, જમીનદાર સભાઓ, તેમ જ ટ્રેડ યુનિયનો એ કૃત્રિમ સંઘો છે. આવા સંઘો બનાવવાની છૂટ બધાંને હોવી જોઈએ અને આવા સંઘોની આવશ્યકતા પણ હોય છે. પણ આવા સંઘોનું કાર્ય સામુદાયિક સ્વાર્થસાધનના સ્વરૂપનું જ હોય છે. એ સ્વાર્થ ન્યાય્ય હોઈ શકે અથવા અન્યાય્ય પણ હોઈ શકે. સ્વાર્થ ન્યાય્ય હોય તો એ સંગઠન અથવા સંસ્થા વાંધાભરેલી ન કહેવાય એટલું જ; પણ એને નિરપેક્ષ સમાજસેવા ન કહી શકાય.

राजकीय देश : 'દેશ'ની મર્યાદાઓ લવચીક (સ્થિતિસ્થાપકતા-વાળી) હોય છે; અને સગવડ પ્રમાણે તે લાંબીટૂંકી થઈ શકે છે, એમ અમે કહ્યું; પણ પૃથ્વીના સામાન્યપણે કેટલાક મોટા ભૌગોલિક વિભાગ પડે છે. નદીઓ, પર્વતો, દરિયો વગેરે જેવા કુદરતી અંતરાયોને કારણે એક પ્રદેશ બીજાથી અલગ પડે છે. આવા વિભાગમાં રહેતા સમાજના અંતર્ગત વહેવાર વિશેષ ગાઢા અને પરસ્પરાવલંબી હોય છે; અને બીજા પ્રદેશમાં રહેતી પ્રજાથી આ સમાજ ભાષા, પહેરવેશ, રીતરિવાજો વગેરેની ભિન્નતાને લીધે તેમ જ અવરજવરની મુશ્કેલીઓને લીધે જુદો પડે છે. ચીન, હિંદુસ્તાન, બ્રહ્મદેશ, અરબસ્તાન એ આવી જ જાતના કુદરતી ભૂવિભાગો અથવા દેશો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસના સામાજિક જીવનમાં રાજ્યસંસ્થાનું અને રાજકારણનું સર્વોપરી મહત્ત્વ હોય છે. ઍરિસ્ટોટલે તો માણસ એટલે રાજકારણી પ્રાણી એવી જ માણસની વ્યાખ્યા કરી છે. માનવનિર્મિત સાર્વજનિક સંસ્થાઓમાં રાજ્યસંસ્થા સૌથી વધારે મહત્ત્વની અને જીવનનો વધારેમાં વધારે ભાગ વ્યાપનારી, તેમ જ જીવનનું વધારેમાં વધારે નિયંત્રણ કરનારી સંસ્થા છે. રાજ્યોના કબજામાં જે મુલક હોય છે તેની મર્યાદાઓ પણ ઘણું કરીને ભૌગોલિક વિભાગોને અનુસરીને જ હોય છે. દેશ એ જ મોટે ભાગે રાજ્ય પણ હોય છે. આવી રીતે એક દેશની અથવા એક રાજ્યની પ્રજાનું સામાજિક જીવન એકબીજા સાથે વિશેષ સંકળાયેલું અને બીજા પ્રદેશોથી ભિન્ન બને છે. એક રાજ્યની પ્રજાના હિતસંબંધો એકત્ર ભળેલા હોય છે અને બીજાથી જુદા અને કયારેક વિરોધી પણ હોય છે. રાજકીય — ભૌગોલિક દેશો એ જ માનવજાતિના કુદરતી અને એકબીજાથી વિભક્ત વિભાગો હોવાથી, સમાજસેવા મુખ્યત્વે કરીને દેશસેવાનું સ્વરૂપ પકડે છે. દેશની પછી ગામ અને કેટલેક દરજ્જે પ્રાંત એ કુદરતી વિભાગો કહેવાય; પરંતુ તાલુકો, જિલ્લો, અને ઇલાકો, એ બધા કેવળ રાજ્યકારભારની સગવડ માટે મરજી મુજબ પાડેલા વિભાગો છે.

આજકાલ અવરજવરનાં સાધનો વધુ ને વધુ સુલભ, વેગવાળાં અને સર્વગામી થઈ રહ્યાં છે તેથી અંતરો ટૂંકાં થતાં જાય છે અને પર્વત કે સમુદ્ર જેવા અંતરાયોનું પણ મહત્ત્વ રહ્યું નથી. આને પરિણામે આખી પૃથ્વીનો એક દેશ, એક સમાજ અને એક રાજ્ય બનવા માટે કાળ અનુકૂળ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

રાષ્ટ્રવાદ અને કોમવાદ

ફાટી ગયેલું દૂધ : દેશસેવા એ આપણને ઈશ્વરે નક્કી કરી આપેલું કર્તવ્ય છે, તે આપણો જન્મસિદ્ધ ધર્મ છે, એમ આપણે માન્યું છે. દેશસેવા પવિત્ર વસ્તુ છે; પણ પવિત્ર વસ્તુમાં જ વિકૃતિ પેદા થવાનું જોખમ વિશેષ હોય છે; અને પવિત્ર વસ્તુની વિકૃતિ વિશેષ અનર્થકારક પણ હોય છે. દૂધ એ એક હલકો પૌષ્ટિક ખોરાક છે; પરંતુ દૂધની બરાબર કાળજી ન લઈએ તો તે અનેક ઘાતક રોગોનું કારણ બને છે. ધર્મને નામે આજ લગી જેટલા અત્યાચારો થયા છે અને થાય છે, તેટલા ગુનાને નામે પણ ભાગ્યે જ થયા હશે. યજ્ઞને નિમિત્તે આજ લગી જેટલાં નિર્દોષ અને ઉપયોગી પ્રાણીઓની હિંસા થઈ છે, તેટલી શિકારને નિમિત્તે જંગલી હિંસ્ર પશુઓની પણ નહીં થઈ હોય. મહાત્મા ગાંધીએ ખાદીની ચળવળ ઉપાડી કે તરત દેશી વિદેશી મિલવાળાઓ ગમે તેવા જાડા અને ખડબચડા કપડા ઉપર ખાદીની છાપ મારીને તે મોંઘે ભાવે વેચીને તેમાંથી નફો કાઢવા આગળ વધ્યા. ધર્મ કોઈ વખાણવા જેવું પગલું ભરે, તો તેનો ગેરલાભ લેવા માટે ષડ્રિપુઓ હંમેશાં ટાંપીને બેઠા જ હોય છે.

દેશાભિમાનને નામે ધિંગાણું : દેશાભિમાન એ વસ્તુતઃ કેટલી ઉદાત્ત ભાવના છે! પણ એ જ આજે માનવજાતિની પ્રગતિના માર્ગમાં મોટામાં મોટો અંતરાય થઈ બેઠી છે. બલ્કે, માણસે આજ લગી જે સંસ્કૃતિ કેળવી ને વિકસાવી, તેનો નાશ કરવા દેશાભિમાન આજે સજ્જ થયેલું દેખાય છે. મારો દેશ ઈશ્વરનો લાડીલો દેશ છે, તે વૈભવની ટોચે ચડે, તે સૌથી આગળ જાય, પછી બીજા દેશોનું ગમે તે થાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ નહીં, પણ બીજાં રાષ્ટ્રો મારા રાષ્ટ્રની ખિદમત કરવા માટે જ સરજાયાં હોવાથી તેમને જીતી લીધા વિના, અથવા તેઓ મારા રાષ્ટ્રનાં દુશ્મન હોવાથી તેમને કચડી નાખ્યા વિના, મારો દેશ ઉન્નતિએ પહોંચી જ ન શકે; કેમ જાણે મારો જ દેશ પરમેશ્વરે સરજ્યો છે અને બાકીના દેશો સેતાને સર્જ્યા છે, એવી ભાવનાથી લાખો શૂરવીર, દિલદાર લડવૈયાઓ — દરેક દેશના મનુષ્યબળ રૂપી દૂધ પરની મલાઈ જેવા — અંતિમ ત્યાગ માટે, પણ તેની સાથે જ ગમે તેવાં હિચકારાં કૃત્યો કરવા માટે તૈયાર થાય છે. હિટલર આપણા જેવા જર્મનેતર લોકોને રાક્ષસ જેવો ભાસે છે, પણ તે નિઃસીમ દેશાભિમાનથી પ્રેરાયેલો છે એ દેખીતું છે. અમારું જર્મનરાષ્ટ્ર આખી માનવજાતિમાં સૌથી ચડિયાતું છે, દુનિયા ઉપર સાહેબી કરવા માટે જ દયાઘન પ્રભુએ એને નિર્માણ કર્યું છે, અને તેની સેવા કરવા માટે બીજાં રાષ્ટ્રો પેદા કર્યાં છે, પણ એ રાષ્ટ્રો સર્જનહારના મૂળ ઉદ્દેશની વિરુદ્ધ જઈને જર્મનીની અદેખાઈ અને દુશ્મનાવટ કરવા લાગ્યાં; તેમણે કરેલા જર્મનીના તાત્કાલિક પરાજયનું સાટું વાળવા માટે અને જર્મન રાષ્ટ્રને પરમેશ્વરની મૂળ યોજના અનુસાર શ્રેષ્ઠ સ્થાન મેળવી આપવા માટે ઈશ્વરે મને મોકલ્યો છે, એવી નિઃસ્વાર્થ અને ઉદાત્ત ભાવનાથી જ હિટલર ઈશ્વરે બક્ષેલી પોતાની અસાધારણ શક્તિથી બિલકુલ આળસ કર્યા વિના કે આરામ લીધા વિના, સુખતી કે શરીરની પરવા કર્યા વિના, જર્મન રાષ્ટ્રની આગેવાની કરી રહ્યો છે. (અમે કબૂલ કરીએ છીએ કે, હિટલર વિષે કશી પ્રત્યક્ષ માહિતી અમને નથી. છાપાંઓમાં આવતી માહિતીને અનુસરીને તેમ જ અમારા પ્રસ્તુત વિવેચનની સગવડ ખાતર અમે હિટલરનું આ ચિત્ર દોર્યું છે.) જે સ્થિતિ હિટલરની તે જ સ્થિતિ પ્રાચીનકાળથી તમામ આક્રમક રાષ્ટ્રોના નેતાઓની હતી અને છે. દુનિયાના મોટા ભાગના અનર્થો, મારામારી, યુદ્ધો, રક્તપાત, જુલમ, દુઃખ, શોક અને મૂંઝવણો આ રાષ્ટ્રાભિમાનને જ આભારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકુચિત રાષ્ટ્રવાદ અથવા "હું મારા દેશની ઉન્નતિ સાધીશ અને તે માટે બીજા દેશોને કચડી નાખીશ." એમ કહેનારો 'રાષ્ટ્ર-પૂજાધર્મ' એ આજે પાશ્ચાત્ય દેશો માટે એક ભારે શાપ થઈ પડ્યો છે અને તેનો ચેપ આપણા પૂર્વ તરફના લોકોને પણ નડ્યા વિના રહ્યો નથી. આપણે પૂર્વ તરફના લોકો બધા સજ્જન અને પશ્ચિમના લોકો બધા દુર્જન, એમ અમારું કહેવું નથી. છેલ્લા કેટલાક સમયથી યુરોપ, અમેરિકા એ જ દુનિયાના રાજકારણનાં કેન્દ્રો થઈ પડ્યાં છે; પૂર્વના દેશોનું પોતાનું સ્વતંત્ર રાજકારણ હતું જ નહીં, એ અર્થમાં અમે ઉપરનું વિધાન કર્યું છે. આજે જાપાન આ રાષ્ટ્રવાદની બાબતમાં કોઈ પણ પાશ્ચાત્ય રાષ્ટ્રથી ઊતરે એવું નથી. આપણુ મરાઠાઓનો જ્યારે ચડતો કાળ હતો ત્યારે આપણે પણ ચારે કોર લૂંટફાટ કરવામાં અને મુલકો જીતવામાં પાછી પાની કરી નહોતી. એવો સંભવ છે કે, પાશ્ચાત્ય ને પૌર્વાત્ય, બેની વચ્ચે કશો ફરક હોય તો તે જિતાયેલા અને વિજેતાઓ, યશસ્વી અને અયશસ્વી, પ્રભાવશાલી અને નિષ્પ્રભ, પ્રબળ અને નિર્બળ એમની વચ્ચે જે સ્વાભાવિક તફાવત હોય છે તે જ છે.

कोमवाद : આ ઉપરાંત બીજો એક દુષ્ટ ગ્રહ — કોમવાદ — હિંદુસ્તાનની કેડે પડ્યો છે. આપણે આખા ગામને અથવા મુલકને પણ પોતાનો કહેવા તૈયાર નથી. એક કહે છે, "હું હિંદુ છું. હિંદુ હિંદુ વચ્ચે કોઈ પણ જાતનો ભેદ માનવા હું કબૂલ નથી; પણ 'હિંદી' જેવો કોઈ વર્ગ છે એમ માનવા હું તૈયાર નથી." તો બીજો એનો જ ભાઈ કહે છે, "હું બ્રાહ્મણ છું. આજે આખી દુનિયા બ્રાહ્મણોની સામે થઈ છે, એવી સ્થિતિમાં બ્રાહ્મણો મજબૂત સંગઠન નહીં કરે તો જીવવાની આશા પણ ન રાખી શકે. હું મારી બધી શક્તિ વાપરીને બ્રાહ્મણેતરોના આક્રમણનો સામનો કરીશ." ત્રીજો કહે છે, "હું ચિત્પાવન છું. પેશવાઈનો અંત આવ્યો ત્યારથી અમારી જે પડતી શરૂ થઈ તે કેટલે નીચે સુધી અમને લઈ જશે એ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાતું નથી. બીજી બધી જ્ઞાતિઓ પોતપોતાનું સંગઠન કરીને પોતાપૂરતી કાળજી લઈ રહી છે, તો અમે જ એકલા બાઘાની જેમ બેસી રહીએ તે કેમ ચાલે?" *

સંકુચિત રાષ્ટ્રવાદ કહે છે: પડખેના પ્રદેશમાં જેઓ રહે છે તેટલા જ મારા, બાકીના દૂરના તે મારા દુશ્મન; જ્યારે કોમવાદ પડોશીઓને પણ પોતાના કહેવા તૈયાર નથી. તે કહે છે: આખા મુલકમાં ઠેકઠેકાણે છૂટક છૂટક વેરાયેલા મારી જ્ઞાતિના લોકો એટલા જ મારા, બાકીના પારકા અથવા શત્રુઓ. મારી નજીકનો પડોશી, મારા ઘરમાં કામ કરનારી કામવાળી, મને રોજ દૂધ આપવા આવતો ગોવાળિયો, અનાજ પૂરું પાડનાર વાણિયો, હજામત કરનાર વાળંદ, મારાં કપડાં ધોનાર ધોબી, મારાં છોકરાંઓને ભણાવનાર શિક્ષક, મારું ઘર બાંધનારા કડિયા અને સુથાર, વાસણ તૈયાર કરી આપનાર કંસારો અને કુંભાર, પગરખાં સીવી આપનાર મોચી, ઘર સામેનો રસ્તો વાળનાર ઝાડુવાળો, અને ઘર પાછળનું પાયખાનું સાફ કરનાર ભંગી, માંદગીમાંથી બચાવનાર ડૉક્ટર,—આ બધાં મને પારકાં અને દૂરનાં; જ્યારે મારાથી હજારો માઈલને અંતરે રામેશ્વર, તંજાવર, નાગપુર, ઇંદોર, કાશી, દિલ્હી વગેરે સ્થળે રહેનારા મારી ન્યાતના લોકો—જેમને મેં કદી કાળા કે ગોરા જોયા નથી અથવા કદી જોવાનો પણ નથી—તે બધાં જાણે મારાં સગાંવહાલાં!

'મારું' અને 'પરાયું' એ આ આખો ભેદ જ કાલ્પનિક કે વિચિત્ર જેવો છે. સાચું જોઈએ તો, દુનિયામાં બધાં જ બધાનાં છે; દરેક માણસ વિશ્વરૂપી કુટુંબનો એક ઘટક છે. પરંતુ એટલાથી માણસને સંતોષ થતો નથી. ભર્યાભાદર્યા ઘરમાં તેને એકલવાયું લાગે છે, ડર લાગે છે. બધાંમાંથી કેટલાકને ખાસ 'મારાં' કહીને પકડી રાખ્યા વિના તેને ચેન પડતું નથી, નિરાંત વળતી નથી. વિશ્વકુટુંબની

---

* લેખકે પોતાની જ જ્ઞાતિનો અને પેટા જ્ઞાતિનો દાખલો આપ્યો છે; એમાં એ જ્ઞાતિઓ વિશેષ જ્ઞાતિનિષ્ઠ છે એમ સૂચવવાનો તેનો ઉદ્દેશ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર માણસ એક જુદું નાનકડું કુટુંબ રચે છે. માબાપ, ભાઈભાંડુઓ, પત્ની, બાળકો એ બધાં 'મારાં', તેઓ મારી ઉપર પ્રેમ કરે અને હું તેમના પર પ્રેમ કરું, તેઓ મને ઉપયોગી થાય અને હું તેમને ઉપયોગી થાઉં, એવો તેમની અને મારી વચ્ચે અલિખિત સંકેત નક્કી થયેલો હોય છે. મારું કુટુંબ, મારું કુળ, તેમ જ નજીકનાં, દૂરનાં અને જેમની સાથે સગપણ સંબંધ થવાનો સંભવ છે એવાં ભાવિ સગાંવહાલાં મળીને મારી ન્યાત બને છે. મારા ન્યાતિબંધુઓ તેટલા મને 'મારા' લાગે છે. પરદેશમાં મને મારી ન્યાતનો કે અટકવાળો અથવા મારા મુલકનો કોઈ મળે તો મને મારો પ્રાણસખા મળ્યો હોય અથવા મારા જીવમાં વધુ ચૈતન્ય દાખલ થયું હોય, એમ લાગે ત્યાં સુધી તો ઠીક; પરન્તુ આવી રીતે પાંચ જણને 'મારાં' કહીને પાસે કરવા જતાં હું બીજાં પચાસને પારકાં કહીને દૂર ધકેલું છું, શેર મેળવવા માટે એક ખાંડી ગુમાવું છું, એ કોઈ પણ રીતે યોગ્ય નથી.

संकुचित वृत्ति : રાષ્ટ્રવાદ અને કોમવાદ એ બધા 'મૂઢગ્રાહો'— પરાણે અંતરમાં સંઘરેલી અનાડી કલ્પનાઓ — છે. પરમેશ્વરે તને માણસ બનાવ્યો, તને અસંખ્ય બંધુઓ આપ્યા. આખી દુનિયામાં ઠેકઠેકાણે ફેલાયેલા બંધુઓનું ઓળખાણ હોવું પણ તારે માટે અશક્ય હોય તોપણ તારા ગામના હંમેશના પરિચયના હજારો બંધુઓ તને લાધ્યા છે. પરમેશ્વરે તને મહાન વારસો આપ્યો, આખો મુલક બક્ષિસ આપ્યો; પણ તેં હતભાગીએ તેને લાત મારી દૂર હેલી દીધો અને એક ખૂણો જ પકડીને તું બેઠો છે અને કહે છે, "આટલી જ મારી જગ્યા; આની બહાર બધું જંગલ છે, અને તેમાં હિંસ્ર પશુઓ રહે છે; હું મારી હદની બહાર પગ મૂકીશ નહીં, અને જો કદાચ મૂકું તો બંદૂક લઈ શિકાર કરવા પૂરતો જ મૂકીશ." તું મહાસાગર છે; પણ "હું સાગર નથી, એક ખાબોચિયું છું," એવું ગાંડપણ તને વળગ્યું છે. નસીબ તારું! તું કહીશ, "હું પણ સાગર થવા તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું; પણ મારી પડખેનાં ખાબોચિયાં પ્રથમ પોતપોતાનું ખાબોચિયા-પણું છોડી દઈને સાગર બનવા તૈયાર હોય તો જ. તે બધાંનો તો પોતપોતાને ખાબોચિયાં તરીકે ઓળખાવવાનો જ આગ્રહ છે. તો પછી મેં જ એવો શો ગુનો કર્યો છે કે મારે ખાબોચિયું મટી સાગર બનવું ?" એ પણ સાચું છે! કોમવાદ, રાષ્ટ્રવાદ વગેરે બધા જ સંકુચિત વાદો ચેપી અને એકબીજાને પોષક છે. ઘાંચીઓ પોતાની ન્યાતનું સંગઠન કરે એટલે માળીઓને પણ પોતાની ન્યાતનું સંગઠન કરવાનું મન થાય છે; અને તેને લીધે ઘાંચીઓએ કરેલા મૂળ સંગઠનનો બચાવ થાય છે. મરાઠા લીગ અને બ્રાહ્મણ સભા, કહ્રાડા સંમેલન અને ચિત્પાવન પરિષદ, હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ, એ બધાં એક બીજાને આધારે જ ચાલે છે. એકને ક્ષયરોગ થાય તો તેનો ચેપ બીજાને લાગે છે. પરંતુ પાછળથી જે માંદો પડે તેની માંદગીની અવસ્થા પહેલી જેટલી આગળ વધેલી નહિ હોય એમ નહીં કહેવાય; એની પ્રગતિ વધારે ઝડપી પણ હોઈ શકે.

મીઠાઈ માટે આત્માહુતિ : ખાસ નવાઈની વાત એ છે કે, લોકો રાષ્ટ્રને ખાતર કે કોમને ખાતર આત્યંતિક ત્યાગ કરવા તૈયાર થઈને પોતાના જાનની પણ પરવા કરતા નથી. ખરું જોતાં, આત્યંતિક ત્યાગ માણસ પરમાર્થપ્રાપ્તિને માટે જ કરે એ ઉચિત છે. તાત્કાલિક લાભ માટે આત્મબલિદાન આપવામાં ડહાપણ નથી, ઉદાત્તતા નથી, પાવિત્ર્ય પણ નથી. એ તો ઈર્ષ્યા, મદ, દર્પ, દ્વેષ, ક્રોધ, ક્ષોભ વગેરેને લીધે ઉદ્ભવનારા મોહનું, આંધળાપણાનું અથવા ભ્રાંતચિત્તતાનું કે તુંડમિજાજનું જ પરિણામ છે; વિચાર, સાત્ત્વિકતા, નમ્રતા, પ્રસન્નતા અથવા પ્રેમળપણાનું એ લક્ષણ નથી. બહુ તો તેને બાધાઈ કહી શકાય. અગાઉ આપણે ત્યાં સતીનો ચાલ હતો. સતી "થનાર" વિધવાઓ કેટલી હતી, અને જેમને સતી "થવાની ફરજ પાડવામાં આવતી" એવી કેટલી હતી, તેનું પ્રમાણ નક્કી કરવાનું હવે શક્ય નથી; છતાં અમારું એવું અનુમાન છે કે, ઇહલોકની કીર્તિ, પરલોકનું ઐશ્વર્ય અને સગાંવહાલાંનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તેજન એ બધાથી ભરમાઈને કે ભોળવાઈને તેમ જ વૈધવ્યનાં દુ:ખોથી ડરીને કેટલીક વિધવાઓ સતી થવાનો 'સંકલ્પ' કરતી હોવી જોઈએ. પ્રત્યક્ષ સળગતી ચિતાનો સામનો કરતી વખતે પોતાના સંકલ્પનો ફેર વિચાર કરવાનું પણ કેટલીકને મન થતું હશે; પરંતુ ધાર્મિક વિધિપૂર્વક કરેલા સંકલ્પને પૂરો કરવો એ અનિવાર્યપણે જરૂરી મનાતું. સંકલ્પભ્રષ્ટ સતીને નસીબે આ લોકમાં નામોશી અને પરલોકમાં રૌરવ નરક જ હોવાનું. તે નરકથી એ સાધ્વીને બચાવવા માટે તેનાં સગાંવહાલાં પણ તેને સળગતી ચિતામાં જ સ્થિર રહેવા માટે 'મદદ' કરતાં હશે. કોઈ પણ રીતે જોતાં એટલું નક્કી દેખાય છે કે, શોકાવેગ, ભોળપણ કે બાઘાઈ, અથવા ક્રૂરતા, એ સિવાય બીજી કોઈ પણ તત્ત્વજ્ઞાનની અથવા અધ્યાત્મની ભૂમિકા સતીની પ્રથાના મૂળમાં નહોતી.*

ખેડૂત 'જમીન માટે જાન' આપવા તૈયાર થાય છે. કનક અને કાન્તા માટે અનેક જાન લેવામાં તેમ જ પ્રસંગ પડ્યે આપવામાં પણ આવે છે. નાનાં બાળકો તો પોતાની ભાવતી મીઠાઈ મળે તે માટે અન્નત્યાગ પણ કરે છે. પોતાના રાષ્ટ્રની અથવા કોમની બીજાં રાષ્ટ્રો કે કોમો સાથેની હરીફાઈમાં સરસાઈ થાય તેટલા માટે હું જાન કુરબાન કરવા તૈયાર થાઉં, એ પણ ઉપરના જેવો જ એક અવિચાર ગણાય.

માણસ આત્યંતિક ત્યાગ કરે તો તે કોઈ તત્ત્વ કે સિદ્ધાંતને માટે કરે એ ઉચિત ગણાય; સત્યની શોધને માટે કે સત્યની સ્થાપનાને માટે કરે; કર્તવ્યપાલન માટે કે શીલના રક્ષણ માટે કરે, અથવા તો અન્યાય કે જુલમના પ્રતિકારને માટે કરે એ યોગ્ય છે. આ બધાં પરમ મૂલ્યો છે; અને એ પરમ મૂલ્યોને માટે પ્રાણની કિંમત આપવી એ લાભનો સોદો છે. તે જ પ્રમાણે બીજાના પ્રાણ બચાવવા માટે

*રાજા રામમોહનરાયની ભાભી સતી થઈ (તેને સતી થવાની ફરજ પાડવામાં આવી) એ પ્રસંગનું તેમણે કરેલું વર્ણન ઉપર મુજબ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર પડે તો પોતાના પ્રાણ આપવા; બલ્કે બીજાનાં દુઃખનું નિવારણ કરવા અથવા તેમના સુખની વૃદ્ધિ કરવા માટે પણ તે જરૂર આપવા. અલબત્ત, એ દુનિયાના સાત્ત્વિક સુખની ચોખ્ખી વૃદ્ધિ હોવી જોઈએ; એકને લૂંટીને બીજાને માતબર કરવાના સ્વરૂપની તે વૃદ્ધિ ન હોવી જોઈએ. માણસનાં શારીરિક દુઃખનિવારણના કામમાં સહાયભૂત થાય એવી શોધો કરવા માટે આજકાલ દેડકાં, બકરાં વગેરે પ્રાણીઓની જીવતાં ચીરફાડ કરવામાં આવે છે; અથવા પ્લેગપ્રતિબંધક રસી તૈયાર કરવાને માટે ઘોડાઓને કુરબાન કરવામાં આવે છે; એને બદલે સંશોધનપ્રિય માણસ આવા પ્રયોગો માટે પોતાનું શરીર આપે તો તે વધારે યોગ્ય થશે.

પરંતુ નાયગરાના ધોધમાંથી તરીને પાર જવા માટે અથવા સરકસના ભારે જોખમ અને સાહસના ખેલ કરી બતાવવા માટે જીવ જોખમમાં નાખવો, એમાં સાહસિકતા હોય તોપણ ડહાપણ નથી. આવી કરામતો બીજો કોઈ કરે તો તેને ધન્યવાદ આપી તેનાં કાલાં વખાણ જોઈએ તો કરવાં; પરંતુ ડાહ્યા માણસે તેનું અનુકરણ કરવું નહીં!

"સ્વરાજને માટે મરવું?": ૧૯૩૦ની એક વાત છે. સત્યાગ્રહની લડતની પૂર્વતૈયારી ચાલુ હતી. એક સભામાં વક્તાએ જોરદાર ભાષણ કરીને યુવકોને દેશની સ્વતંત્રતા ખાતર આત્મબલિદાન આપવા તૈયાર થવા હાકલ કરી. સભાના પ્રમુખ પુખ્ત અને 'વ્યવહારુ' હતા; તેઓ વક્તૃત્વના પૂરમાં તણાઈ જાય તેવા ન હતા. ઉપસંહારના ભાષણમાં તેમણે વક્તાની સ્વૈર વિચારસરણીની સારી પેઠે ઝાટકણી કાઢી. તેમણે કહ્યું, "દેશની સ્વતંત્રતાને માટે મરવામાં કેવળ ગાંડપણ નથી શું? મરી ગયા પછી સ્વતંત્રતાનો ઉપયોગ કોણ લેશે?"

ગાંધીજીનું આશ્વાસન: આથી તદ્દન ઊલટું, ૧૯૨૧ની આખરે અમદાવાદમાં ભરાયેલી રાષ્ટ્રીય મહાસભાના મંચ પરથી બોલતાં મહાત્મા ગાંધીએ બ્રિટિશ સરકારને એવી ચેતવણી ને ખાતરી આપેલી કે, "હિંદુસ્તાન પર કેવળ બાહુબળને કે શસ્ત્રબળને જોરે જુલમી હકૂમત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવવાનો તમારો ઉદ્દેશ હોય, તો હું પણ તમને એમ ખાતરીપૂર્વક કહું છું કે, તમારી સત્તા નાબૂદ થશે; પછી એ પ્રયત્નમાં બધા હિંદી લોકોને જાન કુરબાન કરવા પડે તો પણ બહેતર છે!"

અગાઉ જણાવેલી સભાના આપણા પ્રમુખ સ્વાતંત્ર્યને માટે લોહીનું એક ટીપું આપવા પણ રાજી નથી; જ્યારે સ્વતંત્ર હિંદુસ્તાન નિર્મનુષ્ય થાય તોયે તેની ગાંધીજીને પરવા નથી. બંને દેશભક્ત હોઈ, બંનેને સ્વતંત્રતા જોઈએ, તો પછી સ્વતંત્રતાને માટે બંનેએ આપવા માંડેલી કિંમતમાં આટલો બધો તફાવત શાને?

કારણ એટલું જ કે અનેક વહેવારી લોકોના મનમાં જે વિચારસરણી અસ્પષ્ટ અને અનિર્ણીત સ્વરૂપમાં હોય છે, તેની જ પ્રમુખે સભામાં સ્પષ્ટ રજૂઆત કરી હતી. એ વિચારસરણી અનુસાર "સ્વરાજ્ય એક ઉપભોગની વસ્તુ છે. દેશબાંધવો, જ્ઞાતિબંધુઓ એ મારી સુખસગવડોને માટે મેં જોડેલા સાથીઓ છે. કોમ અને રાષ્ટ્ર એ બંને સ્વસંરક્ષણ અને આક્રમણ માટે સંધિથી બનાવેલા જથ્થાઓ (ઑફેન્સિવ ઍન્ડ ડિફેન્સિવ ઍલાયન્સ) અથવા સહભાગીદારીની કંપનીઓ જ છે. એ કંપનીના ઉત્કર્ષને માટે બીજાઓની સાથે અને તેમના જેટલી જ હું પણ મૂડી રોકીશ; પણ કંપનીના વ્યવહારમાં નફો થાય તેટલા માટે પ્રાણ અર્પણ કરવા એ તો નર્યું ગાંડપણ થાય."

અથવા એમ કહી શકાય કે, "જગત એ એક સમરભૂમિ છે; તેમાં બધાં બધાંની સાથે લડે છે; બધાં બધાંના શત્રુઓ છે. એકો કરવો એટલે એક અલગ જૂથ બનાવવું. પોતાના શત્રુઓમાંથી કેટલાકનો સામનો કરવા માટે બીજા કેટલાક શત્રુઓ સાથે સંધિ કરવી પડે છે. આગગાડીનો ડબ્બો નાનો છે, મુસાફરો ઘણા છે, દરેક મુસાફરની બીજા બધા મુસાફરો સાથે હરીફાઈ હોય છે. તેમ છતાં તેમાંથી જ બે ચાર ઉતારુઓની સાથે હું ભળી જાઉં, તો તેઓ ને હું મળીને એકબીજાના સહકારથી અમારે ચારપાંચ જણ માટે ડબ્બાનો એક આખો ખંડ (કમ્પાર્ટમેન્ટ) રોકી શકીએ. અલબત્ત, એમ કરતી વખતે પણ બારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીકની સગવડભરી અને વધારેમાં વધારે જગ્યા પોતાને મળે એ તરફ મારું ખાસ ધ્યાન હોવાનું જ. એને માટે હું પોતાના મિત્રોને પણ છેતરી જવાની ચાલાકી કરું છું; અથવા તેમાં ફાવવા જેવું નથી એવું ચોક્કસ જણાય તો જ સ્વસ્થપણે બેસી રહું છું. અલીબાબાની વાર્તાના ચોરોના નાયકને પણ આવી જ રીતે ચાલીસ દોસ્તો ભેગા કરવા પડ્યા હતા. આ સનાતન, સર્વવ્યાપી, મહાવિગ્રહમાં આક્રમણ એ જ આત્મરક્ષણનો માર્ગ છે, અને શાંતિ એ તો બે હુમલાની વચ્ચેનો રજાનો ગાળો છે. અહીં કોઈ કોઈનું નથી, હું પોતે મારી મેળે એકલો; મિત્ર, સગાંવહાલાં, બધાં 'કામ પૂરતા મામા જેવાં છે.' રાષ્ટ્રો વચ્ચે અરસપરસ વહેવારમાં આ ન્યાય આજે ચાલુ છે, તે સ્પષ્ટ દેખાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના વહેવારમાં એ મોટે ભાગે ઢંકાયેલો હોય છે એટલું જ. પરન્તુ મૂળમાં વસ્તુ એક જ."

યુક્તતા અને ઉપયુક્તતા: આ વિચારસરણીને આપણે ઉપયુક્તતાવાદને નામે ઓળખીશું. એથી ઊલટું, ઉપરના દાખલામાં જણાવેલી મહાત્મા ગાંધીની વિચારસરણી 'યુક્તતાવાદી' કહેવાય. "હિંદુસ્તાનની સ્વતંત્રતા એ યુક્ત અથવા યોગ્ય વસ્તુ છે; એ ઈશ્વરી યોજના છે. પરતંત્રતા એ અયોગ્ય, ગેરવ્યાજબી વસ્તુ છે. ઈશ્વરી યોજનાનો એ ભંગ છે; અને ઈશ્વરના પ્રતિબિંબના સ્વરૂપની જે માણસાઈ આપણને લાધેલી છે, તેનો એ દ્રોહ છે. સ્વરાજ્ય એ કોઈ ખાવાની મીઠાઈ નથી, પણ તે આત્માની એક ઉન્નત અને સ્પૃહણીય અવસ્થા છે. એ અવસ્થાએ પહોંચવા માટે આ ભવનો એક દેહ તો શું, પણ જન્મે જન્મે અનેક દેહ હોમવા પડે તો તેમાં કશું નુકસાન નથી. એ મહાન ધ્યેયની આગળ આપણા દેહ તદ્દન ક્ષુદ્ર છે. સ્વરાજ્યપ્રાપ્તિને માટે હું જે પ્રાણ અર્પણ કરું છું, તે કાંઈ પેલી સહભાગીદારીની વેપારી કંપની માટે નહીં, પણ પરમેશ્વરને માટે, તેની યોજનાની સિદ્ધિને ખાતર."

આમાં ઉપયુક્તતા પણ સધાય જ છે. જે યુક્ત અથવા યોગ્ય છે, તે ઉપયુક્ત અથવા ઉપયોગી પણ હોવાનું જ; માત્ર એ ઉપયુક્તતા પણ શાશ્વત, વ્યાપક અને સાર્વભૌમ છે. આપણી માપણી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણનામાં એ ન સમાઈ શકે, એ અતીન્દ્રિય છે. જેમ પૃથ્વી પરની નાની મોટી બધી વસ્તુઓનું વજન હોય છે, પણ આખી પૃથ્વીનું વજન એક રીતે કહીએ તો ઘણું છે, અથવા બીજી રીતે બિલકુલ નથી એમ પણ કહી શકાય. પદાર્થના વજનનું મૂળ જ પૃથ્વીનું આકર્ષણ છે, પણ પૃથ્વી પોતાની જાતને જ કેવી રીતે આકર્ષી શકે? અને તેનું વજન પણ કયા ત્રાજવામાં, કયાં કાટલાંથી કરી શકાય? તે જ પ્રમાણે યુક્તતા એ બધાં મૂલ્યોનો આધાર છે; ઉપયુક્તતાની તે જનની છે. તેની પોતાની ઉપયુક્તતા કોણ માપી શકે?

મારો પોતાનો સાડાત્રણ હાથ લાંબો દેહ એ મારી અસ્મિતાનું પ્રસ્થાનબિંદુ (સ્ટાર્ટિંગ પૉઈન્ટ) છે. આ અસ્મિતાનો વિસ્તાર થઈ શકે છે. કુટુંબ, વંશ, દેશ એ તેની પ્રગતિના ટપ્પા છે; પરંતુ તેનું અંતિમ ધ્યેય વિશ્વ અથવા ઈશ્વર જ છે. ત્યાં પહોંચે નહીં ત્યાં સુધી આ અસ્મિતાને વિશ્રાંતિ ન મળી શકે. માનવીજીવનના આ બે અપર અને પર છેડા છે. ઉપયુક્તતાવાદ ગમે ત્યાં ભમતો દેખાય તોપણ તેનું ખેંચાણ પાછળની બાજુ તરફ હોય; તે અપરનિષ્ઠ છે. એથી ઊલટું, યુક્તતાવાદ ગમે ત્યાં ઊભેલો હોય તોપણ તેની નજર અંતિમ ધ્યેય ઉપર ચોંટેલી હોય છે; તે પરનિષ્ઠ છે. આ નિષ્ઠાઓને આપણે સ્વાર્થ અને પરમાર્થનાં નામ પણ આપી શકીએ. ઉપ-યુક્તતાવાદ સ્વાર્થી છે; યુક્તતાવાદ પરમાર્થી છે.

સંઘટનામાંથી વિઘટના: દેશસેવા અને જ્ઞાતિસેવા પરમાર્થપર હોવી જોઈએ. પરંતુ અમે ઉપર જે રાષ્ટ્રવાદનો અને કોમવાદનો ઉલ્લેખ કર્યો છે, તે પરમાર્થપર નહીં પણ સ્વાર્થપર હોય છે; તેથી જ અમારી તેમની સામે તકરાર છે. “બીજાઓ ઠગ છે, તે આપણને છેતરવા માટે ટાંપીને બેઠા છે; તેથી તેમને છેતરવા માટે આપણે પણ સંગઠિત થવું જોઈએ.” એવી ભાવનાથી કરેલી સંઘટનામાંથી વિઘટના જ નીપજી શકે. જે ન્યાય આપણે દુનિયાને લાગુ કરીએ, એ જ ન્યાય પોતાની જાત પર પણ ઊલટચા વિના રહેતો નથી. રાષ્ટ્રવાદમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમવાદ અને કોમવાદમાંથી જ્ઞાતિવાદ અથવા બીજી તરફથી રાષ્ટ્રવાદમાંથી પ્રાંતવાદ અને પ્રાંતવાદમાંથી વિભાગવાદ પેદા થયા વિના રહેતો નથી. બીજ તેવાં ફળ. જે કારણસર હિંદુમુસલમાનોને એકબીજાની સામે સંઘટના કરવી પડે છે, બરાબર એ જ કારણસર બ્રાહ્મણ-બ્રાહ્મણેતર, શિયા-સુન્ની, વગેરેને પણ એકબીજાની સામે સંગઠિત થવું પડે છે. આગળ જતાં ધીમે ધીમે બ્રાહ્મણો-બ્રાહ્મણો વચ્ચે, ઘાંચીઓ-ઘાંચીઓ વચ્ચે, મહારો-મહારો ઢેડા-ઢેડા વચ્ચે પણ આવી જ જાતના ભાગલા અથવા પક્ષ પડતા જાય છે. સમાજના ચૂરેચૂરા થવા એ જ આ સંકોચવાની અને ફૂટફાટની પરમાવધિ છે.

સ્વાર્થને ખાતર જોડેલા દોસ્તોને એ જ સ્વાર્થની પૂર્તિ માટે તોડવા પડે છે. બે ચોર ચોરી કરીને પાછા ફરતાં રસ્તામાં નાસ્તો કરવા માટે ગામની બહાર એક કૂવા પાસે બેઠા. તેમાંનો એક જણ નાસ્તાનો સામાન ખરીદવા ગામમાં ગયો ત્યારે તેને રસ્તામાં એવો વિચાર સૂઝ્યો કે, હું મારા જોડીદારને ઝેર આપીને મારી નાખું; એટલે બધી સંપત્તિ મને એકલાને જ મળશે. એવો વિચાર કરીને અર્ધી મીઠાઈમાં ઝેર ભેળવીને તે કૂવા પાસે આવ્યો. પાણી કાઢવા માટે તે કૂવા પર વાંકો વળ્યો એટલામાં તેના સાથીએ તેને કૂવામાં ધકેલી દીધો! કારણ, "બધો માલ મને એકલાને જ મળે તો સારું." એ બાબતમાં તે પહેલા ચોરની સાથે પૂરેપૂરો સંમત હતો! મીઠાઈ પણ અર્ધા ભાગની જ નહીં પણ બધી જ તેને એકલાને ખાવા મળી ગઈ. અને પરિણામે મૃત્યુનો પણ પૂરો ભાગ તેને મળી ગયો. અને આખરે ચોરીનો માલ પણ બંનેને બરાબર સરખા પ્રમાણમાં મળ્યો!

આત્મીયતાનું કૌતુક: "सर्वः कान्तमात्मीयं पश्यति – છગન મગન તો સોનાના, પારકાં છોકરાં ગારાનાં" એ દુનિયાનો ન્યાય છે. એક રીતે જોતાં એ પરમેશ્વરની કૃપા છે. દરેક માણસને પોતાની ભાષા મધુર લાગે છે, પોતાનું ઘર સુઘડ સુથરું લાગે છે, પોતાનાં છોકરાં બીજાં બધાં છોકરાં કરતાં રૂપાળાં દેખાય છે, પોતાની પત્ની રંભા જેવી લાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; અને તેથી જ તો દરેક જણ પોતપોતાની સ્થિતિમાં સંતોષ અને આનંદથી રહે છે. પણ તળાવમાં જેમ કમળ હોય છે પણ તેની નીચે જ મગર પણ હોય છે; તે જ પ્રમાણે આ સદ્વૃત્તિની સાથે જ 'પારકાં છોકરાં ગારાનાં' એ દુષ્ટ વૃત્તિ પણ રહેલી જ હોય છે. એ જ વસ્તુ ખરાબ છે. બીજાનો દેશ, તેમના રીતરિવાજો, તેમનો ધર્મ, તેમની ભાષા, તેમનું સંગીત, તેમની કળા એ બધાં વિષે મને અણગમો થાય છે; એ એક જાતની નાસ્તિકતા છે. આ વૃત્તિને લીધે બે માણસ પણ સુખેથી સાથે રહી શકે નહીં. "જેવો હું તેવા જ બીજા; મારા હૃદયમાં વાસ કરનાર ઈશ્વર જ બીજાઓનાં હૃદયમાં પણ વસે છે. બીજાઓના દોષ જેમ મને દેખાય છે, તેવી જ રીતે મારા દોષો કે જેમનું મને ભાન નથી તે બીજાઓની આંખમાં પણ ખૂંચતા હશે. જેમ બીજાઓ મારા દોષો નભાવી લે એ મને ગમે છે, એ જ પ્રમાણે બીજાઓને નભાવી લેવા એ મારું પણ કર્તવ્ય છે," એ જાતની વૃત્તિ એક-બીજામાં હોય તો જ બે વ્યક્તિઓ જેમ સાથે રહી શકે, તેવી જ રીતે બે રાષ્ટ્રો પણ રહી શકે. જે સિમેન્ટ વડે બે ઈંટો સાંધી શકાય છે, તે જ સીમેન્ટ વડે નદીઓનાં પાત્રો ઓળંગવા માટે પુલની વિસ્તીર્ણ કમાનો પણ ઊભી કરી શકાય છે.

બે વૃત્તિઓ : જે માણુસ પોતાના દેશ પર નિરપેક્ષ પ્રેમ નથી કરી શકતો, તે માણસનો પોતાના કુટુમ્બ પર પણ નિરપેક્ષ પ્રેમ હોવાનો સંભવ ઘણો ઓછો. દેશને જે પોતાના સુખનું સાધન માને છે, તે પોતાનાં બાળબચ્ચાંને પણ પોતાના સુખનું સાધન માનવાનો; અને તેથી પોતાના સુખને ખાતર તેમનું બલિદાન આપવામાં આઘુંપાછું નહીં જોવાનો. એથી ઊલટું, જે માતા પોતાના બાળક પર નિરપેક્ષ પ્રેમ રાખે છે, તેને એ અપત્યપ્રેમ જ બીજાઓ વિશે પણ વાત્સલ્યવૃત્તિ રાખવાનું શીખવશે. જે સાચો દેશસેવક હોય, તે જ વિશ્વસેવક પણ થશે.

સ્વાર્થ અને પરમાર્થ એ બે વૃત્તિઓ છે. એ સનાતન અને સર્વસ્પર્શી છે. સંકુચિત નિષ્ઠાવાળા દરેક માણસના મનમાં ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવેલી એકાંતિક સ્વાર્થી ભૂમિકા સ્પષ્ટપણે વ્યક્ત થયેલી હોય છે એમ હોતું નથી; પણ એ તેની વૃત્તિની ઉપપત્તિ છે. તેવી જ રીતે નિરપેક્ષ વૃત્તિથી કામ કરનાર સેવકને વિશ્વૈક્યનું અથવા સર્વભૂતાત્મભાવનું સ્પષ્ટ ભાન હોય છે એમ પણ નથી; તેની વૃત્તિનું એ વિશદીકરણ છે. કોઈ પણ વ્યક્તિ કોઈ એક જ વૃત્તિથી સર્વાંશે પ્રેરાયેલી હોય છે એમ નથી હોતું. દરેકમાં આ બંને વૃત્તિઓ એકબીજી ઉપર પ્રભુત્વ મેળવવા માટે સતત ઝઘડ્યાં કરે છે. કેટલાક માણસોમાં એક વૃત્તિનું તો બીજાઓમાં બીજી વૃત્તિનું પ્રાધાન્ય હોય છે. એક જ વ્યક્તિમાં પણ કેટલોક વખત એક વૃત્તિ અને કેટલોક વખત બીજી વૃત્તિ ઓછા-વત્તા પ્રમાણમાં પ્રભાવી બને છે. દરેક માણસના હૃદયના કુરુક્ષેત્ર પર આ સનાતન યુદ્ધ ચાલુ હોય છે. એમાં સત્ પક્ષની સરસાઈ થવા માટે યથાર્થ જ્ઞાનના પ્રકાશની ઘણી મદદ થશે.

ઈશ્વરાર્પણ કર્મ : જ્ઞાતિનિષ્ઠા અથવા રાષ્ટ્રનિષ્ઠા એ બેની સામે અમારે તત્ત્વતઃ કશો વાંધો નથી. સેવાનું ક્ષેત્ર ગમે તેટલું નાનું કે મોટું હોય, સેવકની દૃષ્ટિ વ્યાપક અથવા ઈશ્વરાભિમુખ હોવી જોઈએ; નહીં કે સંકુચિત અથવા ઈશ્વરપરાઙ્મુખ. પોતાના જ દેહના કોડ કરીને તેને પંપાળતા રહેવા કરતાં પોતાનાં બાળબચ્ચાં, સગાંવહાલાં વગેરેના સુખને ખાતર ઘસાવું એ ક્યારેય પણ અભિનંદનને જ પાત્ર છે. માત્ર બીજાં કુટુંબોનો દ્રોહ કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવામાં શ્રેય નથી. પોતાની કુટુંબીય વૃત્તિ ગામ સુધી અથવા પંચક્રોશી સુધી વિસ્તાર પામે તો તે પણ સ્તુત્ય જ છે; પણ તેની સાથે મુલકને લૂંટીને પોતાના ગામને સમૃદ્ધ કરવાની દુષ્ટ બુદ્ધિ ન હોવી જોઈએ. બ્રાહ્મણ-સંગઠન જો બ્રાહ્મણો વચ્ચેની વિષમતા નાબૂદ કરીને અંતર્ગ બંધુભાવ અને સમાનતા સ્થાપવા માટે તેમ જ સમાજની સેવા માટે બ્રાહ્મણોને તૈયાર કરવા માટે હોય, તો બ્રાહ્મણેતરો પણ તેને મદદ કરશે. હિંદુ-સંગઠન પણ વ્યાપક દૃષ્ટિ રાખીને હરકોઈ રીતે કરવાની જરૂર છે જ. સામાજિક સમતા, અસ્પૃશ્યતાનિવારણ, ખરાબ ચાલોનું નિર્મૂલન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મસંસ્કરણ વગેરે જેવાં વિધવિધ કાર્યો કરવાની આવશ્યકતા છે. રાષ્ટ્રસેવા એ એક પવિત્ર વસ્તુ છે, પણ તેમાં પારકાઓનો જરા પણ દ્વેષ ન હોય અને પારકાઓની હાનિ ન થાય એ રીતે તે કરવામાં આવે તો જ.

કુટુંબની, ગામની, કોમની કે રાષ્ટ્રની સેવા આપણે ઈશ્વરાર્પણ-બુદ્ધિથી, પરમેશ્વરની સેવાનો આપણે ભાગે આવેલો એક નાનકડો અંશ સમજીને જ કરવી જોઈએ. જેમ કોઈ રાજનિષ્ઠ સિપાઈ પોતાના ઉપરી હવાલદારનો હુકમ પાળવામાં શહેનશાહની નોકરી જ બજાવતો હોય છે, બળવાખોર હવાલદારનો હુકમ તે માને તો પોતે પણ જેમ બળવાખોર ઠરે, તે જ પ્રમાણે કુટુંબનિષ્ઠા કે રાજનિષ્ઠા વિશ્વદ્રોહી ન હોવી જોઈએ.

तात्त्विक अने व्यावहारिक निष्ठा : નીતિનિયમોનું પાલન કરવું એ વિશ્વનિષ્ઠાની કસોટી છે એ ગયા પ્રકરણમાં કરેલા વિવેચન પરથી સમજાયું જ હશે. પણ એકલી વિશ્વનિષ્ઠા બસ નથી. એ તાત્ત્વિક નિષ્ઠાની સાથે તેની વહેવારમાં અમલ-બજાવણી માટે દેશનિષ્ઠા પણ જરૂરી છે. તાત્ત્વિક એકતા અથવા સમતા અને વ્યાવહારિક એકતા અથવા સમતા એ બે વચ્ચેનો ફરક ધ્યાનમાં લેવો જરૂરી છે. "शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः — કૂતરો તેમ જ ચાંડાલ એ બે વચ્ચે જ્ઞાનીને કશો ભેદ દેખાતો નથી." (–ગીતા.) આવી જાતની વેદાંતી સમતા આપણામાં પૂરેપૂરી છે, પરંતુ એ જ ગીતાપાઠક બ્રાહ્મણ પોતાનાથી ભિન્ન પેટાજ્ઞાતિના બ્રાહ્મણનું આતિથ્ય કરવાનો વારો આવતાં તેનું ભાણું દૂર મૂકશે અને એંઠવાડ કાઢવાનું કે અબોટ કરવાનું, છાણથી જમીન લીંપવાનું, કામ તેની પાસે કરાવશે. હિંદુ મહાસભાના એક મોટા આગેવાને અમને એક વખત કહ્યું હતું કે, "હિંદુ મહાસભાની દૃષ્ટિ બિલકુલ સંકુચિત નથી, હિંદુઓનો અભ્યુદય સાધવો અને તે દ્વારા અખિલ માનવજાતિની સેવા કરવી એ જ અમારો ધ્યાનમંત્ર છે." હિંદુ અને માનવજાતિ એ બેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે હિંદુસ્તાન દેશનો એક ટપ્પો આવે છે એની તેને ખબર જ નહીં! તો પછી "माध्यंदिन शुक्लयजुर्वेदीय देशस्थ ब्राह्मणसंघे" પણ પોતાની જ્ઞાતિની અને તે દ્વારા ભૂતમાત્રની સેવા કરવાનું ધ્યેય નક્કી કર્યું હોય તો તેને પણ સંકુચિત કેમ કહી શકાય?

તેથી અમારે ખાસ એ કહેવાનું છે કે, સેવકની દૃષ્ટિ તત્ત્વતઃ વિશ્વનિષ્ઠ હોવી જોઈએ, તેની સાથે જ તે દેશ, પ્રાંત, વિભાગ વગેરે સ્વાભાવિક નાનાંમોટાં ઘટકોને અનુસરીને જ કાર્યાન્વિત થવી જોઈએ.

જુદાં જુદાં પ્રાણીઓના તેમ જ વનસ્પતિઓના કદની ઓછામાં ઓછી અને વધારેમાં વધારે મર્યાદાઓ નક્કી થયેલી હોય છે. બકરો ગમે તેટલો પુષ્ટ થાય તોય તે હાથીની બરાબરી કરી શકતો નથી, તેમ જ રીંગણું ગમે તેટલું મોટું થાય તોપણ તે કોળાની બરાબરી નથી કરી શકતું. તે તે પ્રાણીની અથવા ફળની કૌવતને કે કદને આવી મર્યાદાઓ હોય છે. તે જ પ્રમાણે વ્યાવહારિક એકતા હું કેટલી સાધી શકું છું તે પણ મારી શક્તિ ઉપર આધાર રાખે છે. ફેર એટલો જ કે તેનો આધાર કુદરત ઉપર નહીં પણ મારી જાત ઉપર છે. મહમદ પેગંબરે પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું તે વખતે અરબસ્તાનમાં અનેક નાની નાની જમાતોની ગરબડ હતી; એ બધી જમાતોને એકજીવ કરીને મહમદે તેમાંથી એક મહાન આરબ જમાત નિર્માણ કરી. ઇંગ્લંડ, સ્કૉટલંડ અને વેલ્સ એ પૂર્વે જુદાં જુદાં રાષ્ટ્રો હતાં; તેમનું જ ધીમે ધીમે એકબીજા સાથે મિલન થઈને "મહાન બ્રિટન" બનેલું છે. એથી ઊલટું, યુરોપમાં એક એક ડગલાને અંતરે જુદાં જુદાં નાનકડાં રાષ્ટ્રો ઊભાં થયાં છે. આપણુ હિન્દી લોકોની વ્યાવહારિક ઐક્યભાવના દેશવ્યાપી થવી જોઈએ એમ જ્યારે અમે કહીએ છીએ ત્યારે અમારો હેતુ પણ એવો જ હોય છે કે, આપણા સંઘશરીરની વૃદ્ધિ એરંડિયાના છોડ જેવડી ન રહેતા વડ જેવડી થાય. માણસનો ઐહિક ઉત્કર્ષ તેની આ સાંઘિક અસ્મિતાની શક્તિ પર જ ઘણે અંશે આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશાળ દૃષ્ટિ અને અલ્પ કૃતિ : સેવકની દૃષ્ટિ વિશાળ હોવી જોઈએ. એ મુદ્દા પર આપણે અહીં સુધી ભાર મૂક્યો. પણ વિશાળ દૃષ્ટિની સાથે જ દરેક સેવકે પોતાના ગજા પ્રમાણે સેવા કરવા માટે કોઈ મર્યાદિત ક્ષેત્ર જ નક્કી કરી લેવું આવશ્યક છે. નહીં તો વિશ્વસેવાનો જપ કરતો કરતો માણસ કેવળ આકાશની સામે — શૂન્યની સામે — જોતો ભટક્યા કરશે. બાઇબલમાં પરમેશ્વરના મોઢામાં નીચેના શબ્દો મૂકવામાં આવ્યા છે: "હું ગરીબનું રૂપ લઈને આશ્રય લેવા માટે તારે બારણે આવ્યો, પણ તેં મને ઘરમાં લીધો નહીં; હું જખમી થઈને સારવાર માટે તારી પાસે આવ્યો પણ તેં મારા જખમ પર પાટો બાંધ્યો નહીં; હું ભૂખ્યો આવ્યો, પણ તેં મને ખાવાનું આપ્યું નહીં; ઉઘાડે ડિલે આવ્યો પણ તેં મને કશું ઓઢવાનું ન આપ્યું, વગેરે" અને બીજે ઠેકાણે, "મારા નાનામાં નાના પ્રાણીની તું જે કાંઈ સેવા કરીશ તે મને જ પહોંચશે." સમર્થ રામદાસ સ્વામીએ પણ કહ્યું છે કે :

> तो नारायण असें विश्वीं । त्याची सेवा करीत जावी ।
> त्या कारणें तोषवावी । कोणी तरी काया ॥

(એ નારાયણ આખા વિશ્વમાં વસે છે. તેની સેવા આપણે કરવી ઘટે; તે માટે કોઈ પણ એકાદ દેહધારીની સેવા કરીને આપણે તેને સંતોષ આપવો ઘટે.) દેશ, સમાજ, ગામ, એ ઉપાસ્ય દૈવતો પણ અમૂર્ત જ છે. દેશની ચાળીસ કરોડ જનતાની સેવા પણ શી રીતે કરવી? નામ ભલે દેવનું, દેશનું કે આખા ગામનું લઈએ તોપણ સેવાનું અંતિમ પાત્ર આ કે તે, કોઈ વ્યક્તિઓ જ હોય છે. ટૉલ્સ્ટૉયે આ મુદ્દો એક વાર્તામાં બહુ માર્મિકપણે રજૂ કર્યો છે. સૌથી મહત્ત્વનો માણસ કોણ? સૌથી મહત્ત્વનું કાર્ય કયું? સૌથી મહત્ત્વનો કાળ કયો? એ પ્રશ્નનો ટૉલ્સ્ટૉય જવાબ આપે છે: આપણી સામે હોય તે માણસ સૌથી મહત્ત્વનો; હાથ પર જે કામ હોય તે સૌથી મહત્ત્વનું; અને ચાલુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણ એ સૌથી મહત્ત્વનો કાળ; પોતાની સેવાવૃત્તિ, કર્તૃત્વશક્તિ અને યોજકતા આ ત્રણ પર ચલાવો.

નહીં તો, 'દેશસેવા કરીશ, મારું કાર્ય કેટલું વિશાળ અને કેટલું ઉદાત્ત છે!' એવી જાતની ભ્રમણામાં પડીને માણસ પોતાના ઘરનાં માણસોની ઉપેક્ષા કરે છે; માબાપ તેમ જ મિત્રો પાસે બધી જાતની સેવા લે છે; પણ એ સેવાનું ઋણ ચૂકવવાનું તેને આવશ્યક લાગતું નથી. દેશભક્તને ઘરની ડોસીના પગ ચાંપવાને ક્યાંથી ફુરસદ મળે! દેશને ખાતર ફાંસીને માંચડે લટકવાની તમન્નાવાળા અમારા એક મિત્ર પોતાના શરીરની અનેક રીતે આળપંપાળ કર્યા કરે છે. તેઓ કહે છે: "દેશને ખાતર જેના અર્પણનો સંકલ્પ થઈ ચૂક્યો છે તે આ દેહ દેશને ખાતર ફાંસીને માંચડે ચઢવાની એ ધન્ય ઘડી આવે ત્યાં સુધી છોને ચેન કરે! તે જ એક ક્ષણ ધન્ય છે, તે જ એક પવિત્ર કર્તવ્ય છે! ત્યાં સુધીનો કાળ બધો અધન્ય જ, તેમાં વળી કર્તવ્યો પણ શાં પાર પાડવાનાં હોય?" આવી રીતે હાથમાંની વસ્તુ જતી કરીને જે નથી મળ્યું તેની પાછળ પડવામાં ભ્રમ છે. સેવકે તે ટાળવો જોઈએ. પરમેશ્વરની આ સૃષ્ટિમાં કોઈ પણ કાળ કોઈ પણ માણસ, કોઈ પણ કાર્ય નજીવું નથી. તેનું સાચા દિલથી, આસ્થાથી, પોતાની બધી શક્તિ વાપરીને પાલન કરવું એમાં જ સફળતાની ચાવી છે. એક અંગ્રેજી સુભાષિત છે કે, "લાઈફ ઈઝ મેડ ઑફ ટ્રાઇફલ્સ, બટ લાઈફ ઈટ્સેલ્ફ ઈઝ નૉટ એ ટ્રાઇફલ" (આપણું જીવન નજીવા પ્રસંગોથી જ ભરેલું છે, પણ જીવન પોતે કાંઈ નજીવું નથી.)

ટૂંકમાં આપણી દૃષ્ટિ વિશાળ અને અંતિમ ધ્યેય પર ચોંટેલી હોવી જોઈએ, પછી કૃતિ ગમે તેવી અલ્પ ભલે હોય. બલ્કે, તે અલ્પ — અલ્પ જ — હોવી જોઈએ. હે પંઢરીના વારકરીઓ,

मार्गी हळू हळू चाला । वाचे विठ्ठल बोला ।।

— રસ્તે ધીમે ધીમે ચાલો. અને ચાલતાં ચાલતાં વિઠ્ઠલના નામનું રટણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

નકલી સેવા

ધર્મને નામે જેમ અનેક અધર્મ્ય પ્રકારો ચાલે છે, તેમ સેવાને નામે પણ જે અનેક અનર્થો ચાલે છે તેમાંના રાષ્ટ્રવાદ અને કોમવાદ એ બેનો વિચાર આપણે અહીં સુધી કર્યો. બીજા પણ આવા જ અનેક પ્રકારો સંભવે છે. આમાંના કેટલાક અનર્થો સેવકની ગેરસમજણને લીધે, અસ્પષ્ટ કલ્પનાઓને લીધે, ભોળપણને લીધે, અનુભવના અભાવને લીધે, અથવા આત્મવંચનાને લીધે બને છે; જ્યારે બીજા કેટલાક દાંભિકપણાને લીધે બને છે. કોઈ પણ પ્રકારના મૂળમાં કેવળ દંભ હોય છે એવું નથી હોતું, પણ બંને વસ્તુએ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. દાંભિકપણું એ પણ અજ્ઞાનનું જ પરિણામ છે, અને અજ્ઞાનના અથવા દૂષિત દૃષ્ટિના મૂળમાં પણ દાંભિકપણું છુપાયેલું હોવાનો સંભવ હોય છે. તેમ છતાં સેવાના વિકૃત પ્રકારોના દંભપ્રધાન અને અજ્ઞાનપ્રધાન એવા બે સ્થૂળ વર્ગો પાડી શકાય. એવા કેટલાક પ્રકારોનું વિવેચન હવે પછી કરવાનું છે. તેનો ઉદ્દેશ સેવામાર્ગીઓને આત્મસંશોધનના કામમાં મદદ થાય અને તેમને તે માર્ગનાં જોખમોની અગાઉથી ચેતવણી મળે એ છે. પ્રથમ સેવાના નકલી પ્રકારોનો વિચાર કરીએ.

(૧) **હોંશ, કૌતુક, જિજ્ઞાસા ઇત્યાદિ :** વિદ્યાર્થીઓ, જુવાનો વગેરે જુદાં જુદાં સ્વયંસેવક દળોમાં દાખલ થાય છે, તેમાં નિરપેક્ષ સેવાની વૃત્તિ કરતાં હોંશ, કૌતુક, જિજ્ઞાસા ઇત્યાદિનો જ ભાગ વધારે હોય છે. મહાસભાની બેઠક, મોટા આગેવાનોના પ્રવાસો, દૂરના પ્રદેશમાં રેલસંકટ, ધરતીકંપ વગેરે વગેરે જેવી આપત્તિઓનું નિવારણ, વગેરે પ્રસંગોએ ઘણા ઉત્સાહી યુવાનો મન મૂકીને મહેનત કરે છે; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ લોકો પોતાના પરિચિતોની સેવા કરવા એટલા ઇંતેજાર નથી હોતા. “अतिपरिचयादवज्ञा” — નિત્ય પરિચયની વસ્તુઓનું અથવા માણસોનું ઝાઝું મહત્ત્વ લાગતું નથી. સ્વયંસેવક થવાથી નવા માણસો, નવો મુલક, અપૂર્વ પ્રસંગો, કંઈક નવાઈની વસ્તુઓ જોવા મળે, બીજાઓ આગળ જેમનું રસિક વર્ણન કરી શકાય એવા અનુભવો મળે, પ્રવાસ કરવાનો મળે; નવી નવી ઓળખાણો અને પરિચય થાય, ગણવેશ (યુનિફૉર્મ) વાપરવાનો મળે, પોતાનો ફોટો લેવાય અને તે છાપામાં પ્રસિદ્ધ થાય, આવી જાતની અસ્પષ્ટ આકાંક્ષાઓ ઉત્સાહી જુવાનોના મનમાં ઘોળાયા કરે છે. પોતાની કર્તૃત્વશક્તિ અજમાવવા માટે એક નવું ક્ષેત્ર મળ્યું, તક મળી તે બદલ પણ એક પ્રકારનો સૂક્ષ્મ અને સાત્ત્વિક સંતોષ થાય છે. તે જ પ્રમાણે એક મોટા કાર્યના, સંઘના કે દળના ઘટક બનવામાં આત્મવિસ્તારની જે એક લાગણી હોય છે તે પણ લલચાવનારી હોય છે. તેમાંય વળી પોતાને નાયકની પદવી કે જવાબદારીનું કામ મળે અથવા પોતાની કામગીરી બદ્દલ વખાણ થાય ત્યારે તો કાર્યકર્તા સવિશેષ પ્રફુલ્લિત થાય છે. આ વૃત્તિઓ અનિષ્ટ અથવા નિંદાપાત્ર છે એમ કહેવાનો ઉદ્દેશ નથી. એ વૃત્તિઓ સ્વાભાવિક હોય તોપણ આ કામગીરીનો મુખ્ય હેતુ સેવા અથવા કર્તવ્યબુદ્ધિનો નથી હોતો એટલું જ અહીં સ્પષ્ટ કરવા માગીએ છીએ. તેથી જ કાર્યની નવીનતા જતી રહે એટલે તે વિષેનાં ઉત્સાહ અને આસ્થા પણ ધીમે ધીમે ઊડી જાય છે. તદ્દન નજીવા કારણને લીધે સ્વયંસેવક નાઉમેદ થઈ જાય છે; તે જ પ્રમાણે મહત્વને પ્રસંગે તમાશો જોવાની ઉત્સુકતાને કારણે તે કર્તવ્યનું ભાન સાવ ભૂલી જાય છે. મહાસભાની બેઠક માટે સ્વયંસેવક દળો ઊભાં કરવામાં આવે છે. તેમની કામગીરી શરૂઆતમાં બરાબર શિસ્તથી ચાલે છે; પણ આગેવાનો આવે, લોકોની ભીડ જામે, પ્રમુખનું સરઘસ નીકળે, અને અધિવેશનનો રંગ જામે એટલે દલનાયકોને સ્વયંસેવકોનો પત્તો મળવો પણ મુશ્કેલ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **महत्त्वाकांक्षा**: અથવા માનમાન્યતા, પ્રસિદ્ધિ, કીર્તિ, વગેરેની ઝંખના એ તો જાહેર પ્રવૃત્તિના મૂળમાં મોટે ભાગે હોવાનાં જ. અંગ્રેજીમાં આ વૃત્તિનું વર્ણન કરતો એક માર્મિક વાક્પ્રયોગ છે. "ગેટ ઑન – ગેટ ઑનર – ગેટ ઑનેસ્ટ –" પહેલાં પેટની પૂજા, પછી માનઅકરામ, અને તે પછી પાપપુણ્યની ચિંતા. વેપારધંધો, વકીલાત, દાક્તરી વગેરેમાં સારી પેઠે જામી જાય અને આર્થિક સ્વાસ્થ્ય મળે એટલે માણસને સામાજિક પ્રતિષ્ઠાની ઇચ્છા થાય છે. કેટલાક (પ્રમાણમાં) નિઃસ્વાર્થી લોકોને પૈસા કરતાં અથવા પૈસો મળે તે પહેલાં પણ માનમાન્યતાનું મહત્ત્વ વધારે લાગે છે. એને માટે તેઓ કોઈ પણ 'સેવાકાર્ય' માથે લે છે. પ્રસિદ્ધિની દૃષ્ટિથી રાજકીય અથવા સરકારમાન્ય કામ જ ઘણું કરીને વિશેષ સગવડવાળું હોય છે. શિષ્ટસંમત તેમ જ જેને માટે કોઈ ખાસ પ્રસંગે ઉદાત્ત વિચાર બોલી બતાવવા કરતાં બીજી કશી પણ અગવડ સહન કરવી પડતી નથી કે ગાંઠના પૈસા ખરચવા પડતા નથી એવી જાતના સામાજિક સુધારાના કાર્યક્રમો પણ ચાલી શકે છે. લોકલબોર્ડો, મ્યુનિસિપાલિટીઓ, ધારાસભાઓ, સરકારે નીમેલી સમિતિઓ એ જ મોટે ભાગે આવા માન-ધન કાર્યકર્તાઓનાં 'સન્માનનીય' કાર્યોનાં ક્ષેત્રો હોય છે. મહાસભામાં અથવા કોમી સંસ્થાઓમાં પણ એવા લોકોની કર્તૃત્વશક્તિને અવકાશ નથી મળતો એમ નથી. કોઈ આશ્રમ, છાત્રાલય, અનાથાલય અથવા રુગ્ણાલય ચલાવવા જેવા કાયમી જવાબદારીના કામ તરફ આવા લોકોને આકર્ષણ નથી હોતું. "कांहीं तरी करणें । जगीं या प्रसिद्धिला येणें" કંઈક પણ કરવું અને દુનિયામાં પ્રસિદ્ધિ મેળવવી એ આ લોકોનું જીવનસૂત્ર હોય છે. તેમનું નામ અને ફોટો હંમેશ છાપાંઓમાં ચમકવા જોઈએ. પ્રવાસો, ભાષણો, પરિષદો, એ તેમના મનગમતા કાર્યક્રમ. જે સંસ્થામાં કે પક્ષમાં આગેવાન થઈને રહી શકાય તે સંસ્થા કે તે પક્ષ તેમને માન્ય; પછી તે પક્ષના મત અથવા તે સંસ્થાના કાર્યક્રમો ગમે તેવા છોને હોય. એક પક્ષ કે સંસ્થાની સાથે તેમને ન ફાવે તો તેઓ બીજે પક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા સંસ્થા કાઢશે. "સ્વર્ગમાં દાસ થઈને રહેવા કરતાં નરકમાં રાજા થઈને રહેવામાં" તેમને વધારે પ્રતિષ્ઠા લાગે છે. પ્રમુખનું કે આગેવાનનું સ્થાન પોતાને ન મળે તો તેઓ તે પક્ષ અથવા સંસ્થા જ છોડી દેશે અને વિરોધી પક્ષ સ્થાપન કરશે.

આમ જનતાના હિતની દૃષ્ટિથી આ મહત્ત્વાકાંક્ષાની વૃત્તિ ઘણી વખત ખૂબ હાનિકારક નીવડે છે. તે સેવાનો ડોળ કરે છે તેથી તો વિશેષ ઘાતક બને છે. આ વૃત્તિને લીધે અનેક પવિત્ર અને લોકહિતકારક સત્પ્રવૃત્તિઓ મારી જાય છે, લોકોની દિશાભૂલ થાય છે અને આગેવાનોની એકબીજા સાથેની સ્પર્ધાને લીધે ખેંચાતાણ થાય છે.

ધારાસભાની કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં, અને હવે તો રાષ્ટ્રીય મહાસભાની ચૂંટણીઓમાં પણ, રસાકસી, સત્યાપલાપ, લાંચરુશ્વત, લાગવગ, સંકુચિત જાતિનિષ્ઠા અને બેહદ ખરચ, આ બધું આ મહત્ત્વાકાંક્ષાની વૃત્તિને લીધે જ થાય છે. જેને ખરેખર સેવા કરવી છે તેને માટે આ બધી વસ્તુઓ સર્વથા ત્યાજ્ય છે.

(૩) **પ્રભુત્વ**: લોકોનો 'સેવક' ઉમેદવારીનો કેટલોક કાળ પસાર કર્યા પછી ધીમે ધીમે લોકોનો 'આગેવાન' બને છે. આગેવાન એ એક રીતે પ્રભુ કે શેઠ જ કહેવાય. તેને કેટલીક વખત 'અનભિષિક્ત રાજા'નો ખિતાબ પણ એનાયત કરવામાં આવે છે. તેથી પ્રભુત્વ અથવા સત્તા ચલાવવાની ઇચ્છા એ પણ બહુ સૂક્ષ્મ સ્વરૂપમાં, પણ અસરકારક રીતે, સેવકના મનમાં વાસ કરતી હોવાનો સંભવ હોય છે. માનમરતબાની ઇચ્છાને કેટલેક અંશે મળતી એવી જ આ લાલસા છે. શિક્ષક વિદ્યાર્થીની 'સેવા' કરે છે; પરંતુ વિદ્યાર્થી તેની આજ્ઞા અથવા સૂચના માન્ય ન કરે તો તે મિજાજ ખોઈ બેસે છે, ઓછામાં ઓછું તેનો મનોભંગ તો થાય જ છે, એ આ સત્તાલોભનું જ પરિણામ છે. કોઈ અપત્યહીન સ્ત્રી અથવા પુરુષ એકાદ અનાથ બાળકને દત્તક લઈને તેને સાચા દિલથી અને વાત્સલ્યથી ઉછેરશે; પણ એ બાળક પિતાને ઠેકાણે પોતાનું નામ રાખે, પોતાની આજ્ઞામાં રહે, એવી તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપેક્ષા હોય જ છે. પ્રેમ (એટલે આસક્તિ) અને મત્સર એ બે પ્રકાશ અને છાયાની જેમ હંમેશાં પરસ્પરસંલગ્ન સ્થિતિમાં જોવામાં આવે છે. મત્સર તો સત્તાલોભમાંથી જ જન્મે છે.

સેવાના મૂળમાં આત્મીયતા હોય છે; જે પોતાનો લાગે છે તેની જ આપણે સેવા કરીએ છીએ, એ આપણે અગાઉ જોયું જ છે. સત્તામાં પણ આત્મીયતા હોય છે. પણ આત્મીયતાના આ બે પ્રકાર પરસ્પર વિરોધી છે. સેવા કહે છે, "હું તારો"; સત્તા કહે છે, "તું મારો". અભેદસ્થિતિ તરફ જોવાનાં આ બે ભિન્ન દૃષ્ટિબિંદુઓ છે. એ પરસ્પર-પૂરક અને આખરે એકત્ર મળનારાં જ છે. હું નિખાલસપણે, નિરપેક્ષ-પણે તારો થાઉં, એટલે તું પણ બેશક મારો થવાનો જ; અને હું તારો થાઉં તે વિના તું મારો થાય એ શક્ય નથી, જેવું આપીએ તેવું લઈએ. "दयाघन भक्तीं आकळिला" — આપણે પ્રભુના દાસ બનીએ એટલે પ્રભુ આપણો દાસ બનવાનો જ. જે ન્યાય દેવને લાગુ પડે છે તે જ દરેક માણસને લાગુ પડે છે. આત્મ-નિવેદન, આત્માર્પણ કરવું એટલું જ સેવકનું કર્તવ્ય છે. પૂજાને અંતે પ્રસાદ મળવાનો જ; પરંતુ પૂજારીનું ધ્યાન પહેલેથી જ પ્રસાદ પર ચોંટી રહે તો પૂજા વિધિસર પાર પડતી નથી અને પ્રસાદ પણ મળતો નથી; મળે છે માત્ર થાક, નિરાશા અને મનોભંગ.

નિરપેક્ષ સેવા સેવ્ય વ્યક્તિ પર કોઈ પણ જાતની જબરદસ્તી કરવા માગતી નથી; પોતાનો મહામૂલો સદુપદેશ પણ પરાણે સંભળા-વવાની કોશિશ કરતી નથી. "तेन त्यक्तेन भुञ्जीथाः" એ ઉપભોગનો સોનેરી નિયમ છે. જેનો ઉપભોગ લેવો હોય તેનો પ્રથમ ત્યાગ કરો, તેને પૂરેપૂરી છૂટ, સ્વતંત્રતા આપો. સાચો પ્રેમ બદલાની અપેક્ષા રાખતો નથી, તેથી તેને કદી નિરાશા સહન કરવી પડતી નથી; તેને સદાય આનંદનો લહાવો જ લેવાનો મળે છે.

પોપટ પર આપણે 'પ્રેમ' કરીએ છીએ, તેની સેવા પણ કરીએ છીએ, પણ તેને માટે તેને પાંજરામાં પૂરી રાખીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે હાલ પોપટના તે આપણે આપણાં સેવ્ય ઇષ્ટમિત્રોના પણ કરીએ છીએ. સેવા પર સત્તાનો કાટ ચડે છે.

(૪) **સ્વાર્થ :** સેવાના માર્ગમાંનો આ સૌથી દુષ્ટ વાટમારુ છે. અનેક જાહેર કાર્યકર્તાઓના ચાવવાના દાંત જુદા અને બતાવવાના દાંત જુદા હોય છે. સ્થાનિક સંસ્થાઓ અથવા ધારાસભાઓ માટેની ચૂંટણીઓનો જંગ ખેલવાની પાછળ તેમ જ તેને માટે ગમે તેટલું ખર્ચ કરવાની પાછળ કેવળ મહત્ત્વાકાંક્ષા અથવા સામા પક્ષ ઉપર વિજય મેળવવાની ઈર્ષા જ હોય છે એમ નથી, તે એક મૂડી રોકવાનો પ્રકાર પણ હોઈ શકે છે. કરેલું ખરચ વ્યાજ સાથે વસૂલ કરવાના પણ પ્રયત્નો થાય છે એમ કહેવાય છે! કેટલાક કાર્યકર્તાઓની પોતાની સંસ્થાની ઉન્નતિ માટે લાગણી, તેમ જ સામાન્યપણે અનુચિત દેખાતી વસ્તુઓ પણ સંસ્થાની ખાતર કરવાની તૈયારી એ પોતાની સંસ્થા માટે નથી હોતી પણ પોતાની સંસ્થા માટે — એટલે કે જે સંસ્થા પર પોતાનો કાબૂ છે અને જે પોતાને વેતન, સુખસગવડ, પ્રતિષ્ઠા અને લાગવગ પૂરાં પાડે છે તે સંસ્થા માટે હોય છે. જે પોતાની સંસ્થાની નિરપેક્ષ સેવા કરવા માગે છે, તે તે સંસ્થાના ઉત્કર્ષને ખાતર ગમે તેવાં સદોષ કૃત્યો કરવા કદી પણ તૈયાર નહીં થાય.

સેવા અને અનાસક્તિ : 'નિષ્કામ', 'નિરપેક્ષ', 'નિઃસ્વાર્થ', 'અનાસક્ત', 'ઈશ્વરાર્પણ', આ બધાં એક જ વસ્તુનાં જુદાં જુદાં નામો છે. નિષ્કામ અથવા અનાસક્ત વૃત્તિથી કર્મ કરવું, એમ ગીતા શીખવે છે. લોકમાન્ય ટિળકે એ ઉપદેશને કર્મયોગ નામ આપીને અને ગાંધીજીએ અનાસક્તિયોગ નામ આપીને તેનું વિવેચન કર્યું છે. નિરપેક્ષ સેવા અને કર્મયોગ અથવા અનાસક્તિયોગ ભિન્ન નથી. કોઈ વિશિષ્ટ કાર્ય મૂળે જ ઇષ્ટ અને આવશ્યક છે એવી કર્તવ્યબુદ્ધિથી—પોતાને તે સુખ, ધન, પ્રતિષ્ઠા, સત્તા કે બીજો કોઈ લાભ કરાવી આપશે એટલા માટે નહીં—કાર્ય કરવા પ્રવૃત્ત થવું એનું જ નામ નિષ્કામ કર્મ અને એનું જ નામ નિરપેક્ષ સેવા. આવી નિરપેક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવામાં "અમુક યોજેલું અથવા ધારેલું કાર્ય પાર પડવું જોઈએ અથવા મારે હાથે જ પાર પડવું જોઈએ" એવો આગ્રહ નહીં હોય, એટલે કે સેવક માથે લીધેલા કાર્યની સિદ્ધિ માટે મૂળે સદોષ અથવા અયોગ્ય એવાં બીજાં કામો કરવા તૈયાર નહીં થાય; સ્તુત્ય સાધ્ય પ્રાપ્ત કરવા માટે નિંદ્ય સાધનો નહીં વાપરે. ગમે તેવા સારા નરસા માર્ગે કાર્ય પાર પાડવાનો અત્યાગ્રહ જ્યાં નજરે પડે છે, ત્યાં મૂળમાં જ — કાર્યકર્તાના હેતુમાં જ — કાંઈક પણ દોષ હોય છે એવી શંકા લેવાને કશી હરકત નથી.

અમેરિકન મહાત્મા એબ્રહૅમ લિંકનનું એક વચન ખૂબ મનનીય છે: "વિજયની જવાબદારી મારા પર નથી, સચ્ચાઈની માત્ર છે; હું સફળ થવાને બંધાયેલો નથી, મને મળેલા પ્રકાશ અનુસાર પગલાં ભરવા માટે હું જરૂર બંધાયેલો છું."

સેવાવૃત્તિ કટાય છે: સેવાના ઓઠા હેઠળ સત્તા, પ્રતિષ્ઠા, સ્વાર્થ, વગેરે વસ્તુઓ જ ઘણીવાર તાગડધિન્ના કરે છે, એ સાચું હોય તો પણ માણસ હંમેશાં જ સત્તાનો કે સ્વાર્થનો હેતુ નજર આગળ સ્પષ્ટ-પણે રાખીને તેની પૂર્તિ માટે સેવાનો કેવળ ડોળ કરે છે એમ કહેવાનો અમારો ઉદ્દેશ નથી. પ્રત્યક્ષ વહેવારમાં માણસ અનેક સંમિશ્ર હેતુઓથી કાર્ય કરવા પ્રેરાય છે. સેવાની પણ ઊંડી ધગશ હોય છે અને તેની સાથે જ સત્તા, નામના, સ્વાર્થ, વગેરેની ઇચ્છા પણ નથી હોતી એમ નથી. માણસને પોતાના મનની ઓળખ જ હોતી નથી. એમ પણ બને છે કે, મૂળમાં કાર્ય સાચી લાગણીથી શરૂ થાય છે. પણ સાચી લાગણીથી સેવા કરનાર વ્યક્તિ તરફ કીર્તિ, સત્તા, સુખસગવડ વગેરે વસ્તુઓ આપમેળે દોડતી આવે છે, અને એક વખત માણસને તેની ટેવ પડે એટલે તેમને વિષે તેના મનમાં આસક્તિ પેદા થાય છે. પછી એ આસક્તિ મૂળ જે કાર્ય વિશેની આસક્તિ અથવા નિષ્ઠા હતી તેની જગ્યા ધીમે ધીમે પડાવી લે છે. મૂળની નિરપેક્ષ વૃત્તિ શિથિલ બને છે અને કાર્યને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિષ્ઠા આપમેળે ચાલીને આવે તેને બદલે પ્રતિષ્ઠાને ખાતર કાર્ય કરવાની વૃત્તિ જન્મે છે. આદ્ય શંકરાચાર્ય અત્યંત વૈરાગ્યશીલ હતા, તેથી તેમના મઠને મોટમોટી દેણગીઓ મળી. હવે આજે એ બધી મિલકતનો વહીવટ ચલાવવા માટે કોઈકને પણ શંકરાચાર્ય 'બનાવવો' પડે છે; અને આ બનાવટી શંકરાચાર્યો એ મિલકતોના રક્ષણને માટે કોરટબાજી કરવામાં જ ઇતિકર્તવ્યતા માને છે.

(૫) **પાદરી વૃત્તિ :** આ પણ નકલી સેવાનો જ એક પ્રકાર છે. ખ્રિસ્તી મિશનરીઓની સ્વધર્મનિષ્ઠા અને ધર્મપ્રસાર માટેની તેમની ધગશ સાચે જ પ્રસંશનીય છે. વિરોધ, ઉપહાસ, એટલું જ નહીં, પણ પ્રાણસંકટ વગેરેની પરવા કર્યા વિના પોતાનું પવિત્ર કર્તવ્ય દૃઢ નિશ્ચયથી ચાલુ રાખવાની તેમની કાર્યપદ્ધતિને લીધે કોઈના પણ મનમાં તેમને વિષે નિરતિશય આદર જ પેદા થાય. ધર્મપ્રસારની સાથે જ કેળવણી, ઇસ્પિતાલો, દલિતોની સેવા જેવાં વિવિધ કાર્યો પણ તેઓ ખૂબ બાહોશીથી ઠેકઠેકાણે કરતા હોય છે. પણ આ સેવાની પાછળ તેમનો વ્યક્તિગત સ્વાર્થ અથવા સત્તા કે પ્રતિષ્ઠા માટેનો લોભ ન હોય તોપણ ધર્મપ્રસાર કરવાનો આધ્યાત્મિક લોભ હોય છે. એને પરિણામે ધર્મપ્રસાર તો નથી જ થતો, પણ સેવાનું કાર્ય પણ વગોવાય છે. ધર્મનો પ્રસાર ઉપકાર કરીને માણસને ઓશિયાળો બનાવીને એને જોરે કરવા મથવું એ ધર્મનું અપમાન કરવા જેવું છે: ધર્મ એ તેની પોતાની પાત્રતાને જોરે કોઈને ગળે ઉતારી શકાય તેમ નથી એમ માનવા જેવું છે. પણ જે પોતે ગળે ઊતરતો નથી, બીજાની શેહ કે પ્રભાવને કારણે જેને સ્વીકારવો પડે છે, તે ધર્મ કઈ જાતનો ? લાગવગથી અથવા શેહ કે પ્રભાવથી ધર્મપ્રસાર શક્ય પણ છે ખરો ?

તેથી જ ધર્મપ્રચારકોના હેતુને વિષે જ શંકા પેદા થાય છે. ધર્મપ્રસારને નામે પક્ષપ્રસાર — પોતાના મંડળમાં કે વાડામાં એક એ નવા માણસને ખેંચી લાવવો — કરવાનો હેતુ તો નહીં હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર અમે ખ્રિસ્તી મિશનરીઓનો દાખલો આપ્યો ખરો, પણ એ જ વાત ઇસ્લામ-પ્રચારકોને તેમ જ હિંદુ 'શુદ્ધિ' – પુરસ્કર્તાઓને પણ એટલી જ લાગુ પડે છે.

(૬) **व्यतिरिक्त हेतु** : આ પાદરી વૃત્તિ ધર્મપ્રસારના કામમાં જ જોવામાં આવે છે એમ નથી. રાજકીય, સામાજિક વગેરે હરકોઈ જાતનાં પ્રચારકાર્યોમાં પણ એ નજરે પડે છે. દાખલા તરીકે, મારી પાર્ટી મજબૂત થાય, અસ્પૃશ્યોની તેને વધારેમાં વધારે મદદ મળે એ હેતુથી અસ્પૃશ્યતાનિવારણ, રેંટિયાપ્રસાર અથવા સંકટનિવારણનું કામ કરવું એમાં અપ્રમાણિકપણું છે. રેંટિયાપ્રસારના ઉદ્દેશથી અસ્પૃશ્યતા-નિવારણનું કામ કરવું અથવા અસ્પૃશ્યતાનિવારણના હેતુથી રેંટિયાનો પ્રસાર કરવો એ પણ એટલું જ અનુચિત છે.. પોતાની છાપ લોકો ઉપર પડે અને એ દ્વારા રચનાત્મક કાર્યક્રમનો પ્રચાર કરવાનું સહેલું થાય એ ઉદ્દેશથી મહાસભામાં કે કાનૂનભંગમાં સામેલ થવું એમાં પણ વંચના જ છે. એને લીધે મોટે ભાગે આ પણ નહીં અને એ પણ નહીં એવી સ્થિતિ થાય છે.

(૭) **ढोंगबाजी** : આ જ પ્રવૃત્તિનું બીજું એક સ્વરૂપ તે પોતા તરફ – અલબત્ત પોતાના કાર્ય તરફ – લોકોને ખેંચવા માટે જોષ જોવા, મંતરજંતર કરવાં, દાઢી જટા રાખવાં, ભગવાં વસ્ત્ર અથવા આજકાલ સ્વચ્છ ધોળી ખાદી વાપરવી, એમાં ઢોંગબાજી જ છે. અમારા એક ભાવનાશીલ મિત્રે ગ્રામસેવક કેવો હોવો જોઈએ તેનું વિવેચન કરતાં પૂરેપૂરી ગંભીરતાથી એવું પ્રતિપાદન કર્યું હતું કે, "એણે જ્યોતિષ શીખી લેવું જોઈએ એટલે એ બધાને ઉપયોગી થઈ શકશે અને તેમનાં મન ઉપર પોતાની સારી છાપ પાડી શકશે!"

પૈસાનો જેવો સ્વાર્થ કે મોહ હોય છે અને તે મેળવવા માટે માણસ જેમ જાતજાતના સ્વાંગ ભજવે છે, તે જ પ્રમાણે સેવાકાર્યને વિષે વધારે પડતી આસક્તિ હોવી એ પણ સ્વાર્થ જ છે. એની સિદ્ધિ માટે પણ માણસ જાતજાતનાં નખરાં કે ઢોંગ કરવા પ્રવૃત્ત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાકાર્યનો આ સ્વાર્થ કર્તવ્યનિષ્ઠાનું સ્વરૂપ ધારણ કરે છે તેથી તે વળી વધારે ભયંકર નીવડે છે. हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । સત્યનો ચહેરો સોનાના વરખથી ઢાંકી દેવામાં આવે એટલે તેનું યથાર્થ જ્ઞાન થવું એ વધારે મુશ્કેલ બને છે.

અમુક સત્કાર્યને માટે પૈસા એકઠા કરવાના સહેલા સાધન તરીકે લૉટરી કાઢવી અથવા ધર્માદા માટે નાટ્યપ્રયોગ કરવાનું ગોઠવીને તેની ટિકિટો લોકોને માથે મારવી, લોકશિક્ષણને માટે ચલાવવામાં આવતાં છાપાંઓને નભાવવાને માટે અશ્લીલ અથવા વાહિયાત જાહેરખબરો લેવી, આવાં બધાં સત્કાર્યોને ખાતર અસત્કાર્યો કરવાના જાતજાતના પ્રકારો આપણને જોવા મળે છે. પણ એ બધાને ઢોંગ કહેવા કરતાં ભૂલ કહેવી એ જ વધારે યોગ્ય છે; કારણ એ અકાર્યો પોતે સેવાકાર્ય હોવાનો ડોળ નથી કરતાં. તેમને નકલી સેવાના પ્રકારો કહેવા કરતાં સેવામાર્ગમાંનાં જોખમો કહેવાં જોઈએ. તેમનો વિચાર સ્વતંત્ર પ્રકરણમાં કરવો એ જ યોગ્ય થશે.

૭

સેવામાર્ગમાં આવતાં નડતરો

(૧) अभिनिवेश अथवा कार्यनुं गांडपण :

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ।। गीता, १८. २२

જે જ્ઞાન યથાર્થ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લીધા વિના અને ખાસ પ્રયોજન વિના 'આ એક કાર્ય એટલે જાણે એમાં બધું આવી ગયું' એમ માનીને કોઈ પણ એક જ કાર્યમાં આસક્ત થઈ જાય છે, એ જ્ઞાન તામસ જ્ઞાન છે.

એક જ કાર્યને પ્રમાણની બહાર મહત્ત્વ આપવાનો દોષ સ્વાર્થને લીધે પણ થઈ શકે છે, પણ એ મંદબુદ્ધિનું જ પરિણામ હોવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે સંભવ છે. કોઈ વિશેષ કાર્ય માથે લઈને તેનું જ રાતદિવસ રટણ કરવામાં તેમ જ કેવળ તેની સિદ્ધિ માટે જ હરકોઈ પ્રયત્ન કરવામાં માણસની શક્તિ કેન્દ્રિત થાય, એટલે એ જ એક કાર્યની તેને લગની લાગે છે, એનું અપાર મહત્ત્વ લાગવા માંડે છે અને બીજાં કાર્યોનું મહત્ત્વ ઓછું થઈ જાય છે. એ કાર્યને જે મદદ કરે અથવા એ ફાળામાં જે પૈસા ભરે એ જ સાચો દાઝવાળો માણસ, બાકીનાં બધાં ઢોંગી, બેપરવા કે સ્વાર્થી, એમ તેને લાગવા માંડે છે. તેની દૃષ્ટિની વ્યાપકતા અને પ્રમાણબદ્ધતા નષ્ટ થાય છે. તેના મનની ઉદારતા અને ખેલદિલી લોપ પામે છે અને તેને ઠેકાણે સંકુચિતપણું આવે છે. એ કાર્યને વિષે તેના મનમાં એક જાતની ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. એ કાર્યમાં કોઈ મુશ્કેલીઓ આવે તો તે અસ્વસ્થ થઈ જાય છે. ગમે તેમ કરીને એ કાર્ય પાર પાડવું જ જોઈએ એમ તેને લાગવા માંડે છે, અને તેને ખાતર તે પોતાનું સર્વસ્વ હોડમાં મૂકે છે; અને પ્રસંગ પડયે અપકૃત્યો કરવા પણ તૈયાર થાય છે.

આ કાર્યાસક્તિ એક રીતે અભિનંદનીય અને વખાણવા જેવી છે એ સાચું. જે જે સંશોધકોએ આજ લગી મહત્ત્વની શોધો કરી તેમણે કોઈ જુગારીની જેમ પોતાનું સર્વસ્વ હોડમાં મૂક્યું તેથી જ તેઓ યશ મેળવી શક્યા એ જ સાચું છે. પણ બીજી રીતે જોતાં આ એક જાતની મનની દુર્બળતા પણ છે. એને પરિણામે અસહિષ્ણુતા, બીજાં આવશ્યક અને ઇષ્ટ કાર્યોને વિષે અનાસ્થા અને ક્યારેક નિરાશા અને કંટાળો પણ ઊપજે છે.

(૨) **નિરાશા :** સેવામાર્ગનું ખાસ કાળજી રાખવા જેવું આ એક જોખમ છે. કેટલાક લાગણીપ્રધાન સેવકો કોઈ વિશિષ્ટ કાર્યને માટે પોતાના પ્રયત્નોની પરાકાષ્ઠા કરે છે. એટલું કરવા છતાં પણ લોકોની નિષ્ક્રિય ઉદાસીનતાને લીધે, સક્રિય વિરોધને લીધે, અથવા કેટલાક લોકોની સ્વાર્થ સાધવાની તક ઝડપી લેવાની વૃત્તિને લીધે કાર્યમાં નિષ્ફળતા મળે એટલે સેવક સદાને માટે નાહિંમત બને છે અને નિરાશાવાદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. વળી બીજો કોઈ માણસ કોઈ નવીન યોજના લઈને નવા ઉત્સાહથી કામ કરવા આગળ વધે તો તેને પણ નાઉમેદ કરવા તરફ તેની વૃત્તિ થાય છે. પોતાની નિષ્ફળતાના દોષનો ટોપલો તે બીજાઓને માથે ઓઢાડવાનો પ્રયત્ન કરે છે. પોતાનો સ્વાર્થત્યાગ એળે ગયો એ વાત સતત તેને ખટકવા લાગે છે અને એ ત્યાગની પૂરેપૂરી ભરપાઈ કરવા માટે તે તે પછી વધારે સ્વાર્થી બનવાનો પણ સંભવ હોય છે. આવી જાતના યોગભ્રષ્ટ સેવકો બહુ જ ઘાતક નીવડે છે. એવાઓની હરોળમાં જઈને બેસવાનો પોતાના ઉપર પ્રસંગ ન આવે તે માટે દરેક નવા સેવકે બહુ જ કાળજી રાખવી જોઈએ. પોતાને પચે એટલો જ સ્વાર્થત્યાગ અને પોતાનાથી થાય એટલું જ કાર્ય તેણે માથે લેવું જોઈએ.

આ બાબતમાં શુદ્ધ દાનત અથવા નિષ્ઠા એ જ મહત્ત્વની વસ્તુ છે. એ હોય તો મુશ્કેલીઓની સાથે જ તેમનો સામનો કરવાની સેવકની શક્તિ પણ વધે છે. કોઈ પણ કાર્યનો યશ કેવળ કર્તાની તે વિષેની ઉત્કટ લાગણી ઉપર અથવા કર્તૃત્વશક્તિ ઉપર જ આધાર નથી રાખતો. એ કાર્યનો યોગ્ય સમય આવેલો હોવો જોઈએ. પરિસ્થિતિની અનુકૂળતા તેમ જ અનેક લોકોના સહકાર વિના કોઈ પણ ચળવળ સફળ થતી નથી. તેથી સમજદાર સેવક નિષ્ફળતાને લીધે નાહિંમત ન થતાં પોતાના પ્રયત્નોને વધારે ને વધારે વ્યાપક અને સૂક્ષ્મ બનાવે છે.

ચીડિયાપણું અથવા વાતવાતમાં મિજાજ ખોવાની વૃત્તિ એ આ જ પ્રકારનું પરંતુ તાત્કાલિક સ્વરૂપનું જોખમ છે. કામગરો માણસ અનેક વખત મિજાજ ખોઈ બેસે છે તેનું કારણ એ કામ તેના ગજા ઉપરાંતનું લાગે છે એ જ હોય છે. પરંતુ મિજાજ જવાનું કારણ પોતાની જ દુર્બળતા છે, તેમાં બીજા લોકોનો વાંક નથી, એટલું ધ્યાનમાં આવતાં એ ભાનને કારણે જ કષ્ટ સહન કરવાની સેવકની શક્તિ વધે છે. પોતાનું ગજું હોય એટલું જ કામ માથે લેવું એ પણ એક બીજો ઉપાય છે. ચિડાઈને અથવા મિજાજ ગુમાવીને ખૂબ કામ કરવા કરતાં હસતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢે ઓછું કામ કરવામાં પોતાનું તેમ જ દુનિયાનું ભલું છે. "હું આટલી બધી મહેનત કરું છું, પણ લોકોને મન તેની કશી કિંમત નથી," એવી વૃત્તિ સેવકને શોભતી નથી. તેને પોતાને વિષે એવો અસંતોષ થવો જોઈએ કે, "મારામાં હજી આળસ, દુર્લક્ષ, બેદરકારી વગેરે દોષો છે; તે નાબૂદ કરીને મારે વધારે કાર્યતત્પર બનવું જોઈએ. મેં હજી માથે લીધેલા કામને માટે જોઈએ તેટલી મહેનત કરી નથી. તેને માટે બીજું શું શું કરી શકાય?" એવી ચિંતા તેને સતત થયા કરે ત્યાં સુધી જ તેની પ્રગતિ ચાલુ રહેવાની. એથી ઊલટું તે જો બીજાના જ દોષ ખોળવા માંડે તો જાણવું કે તેની પુચ્છપ્રગતિ શરૂ થઈ!

(૩) **સાધ્ય અને સાધન**: પોતાના ધ્યેયની સિદ્ધિ માટે ગમે તેવા સારા નરસા ઉપાયો યોજવાનો કાર્યકર્તાને મોહ થાય છે. તે કહે છે: "હું જે કોઈ કૃત્ય કરું છું તે નૈતિક છે કે અનૈતિક, હિતકારક છે કે હાનિકારક છે તેનો આધાર મારા હેતુ પર છે. મારામારીમાં એક જણ બીજાનો હાથ કાપી નાખે તો તે ગુનો થશે; પણ રોગીના પ્રાણ બચાવવા માટે કોઈ શસ્ત્રવૈદ્ય તેનો જખમ થયેલો હાથ કાપી નાખે તો તે સત્કૃત્ય કરે છે. બહારથી સરખાં દેખાતાં કૃત્યોમાં એક તેના કર્તાના હેતુને લીધે અનૈતિક ઠરશે તો બીજું નૈતિક ઠરશે.

"તેથી મારું સાધ્ય અથવા ધ્યેય સારું હોય તો તેની સિદ્ધિને માટે પ્રસંગ પડ્યે પ્રથમ દર્શને ખરાબ લાગતું કૃત્ય કરવાનું આવશ્યક જણાય તો તેમ કરવામાં કશું ખોટું નથી. દાખલા તરીકે, કોઈ માણસે અમુક એક ગુનો કર્યો છે એ વિષે મારી પૂરેપૂરી ખાતરી છે; એ ગુના બદલ તેને સજા થાય એ પણ જરૂરી છે; નહીં તો તે સાવ જ ફાટી જઈને લોકોને વધારે ને વધારે કનડ્યા કરશે. પણ આંખે જોનારા માણસો એ ગુંડાની બીકથી કોર્ટમાં સાચી જુબાની આપવાની હિંમત કરતા નથી. આવી પરિસ્થિતિમાં ખોટા સાક્ષીઓ ઊભા કરીને પણ તેમને મોઢે સાચી હકીકત કોર્ટ આગળ સિદ્ધ કરાવવી એ મારું કર્તવ્ય નથી શું? હું અસત્ય કરાવતો હોઉં તોય તે સત્યની પ્રસ્થાપના માટે જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી, એથી મને વ્યક્તિગત લાભહાનિ કશી થવાની નથી, પણ દુષ્ટોનું નિકંદન થાય અને પરિણામે લોકોને શાંતિ અને સ્વસ્થતા મળે એ જ એક મારો હેતુ છે. વાંકી કૂંભી માટે ખાડો પણ વાંકો ખોદવો જોઈએ, તો જ તે સીધી ઊભી રહે. એક કાંટો કાઢવા માટે બીજા કાંટાનો ઉપયોગ કરવામાં આવે છે અથવા ઝેરની પીડા થઈ હોય તો તેને માટે દવા પણ ઝેરી જ આપવી પડે છે. તે જ પ્રમાણે કેવળ સીધી ચાલથી દુષ્ટોનો બંદોબસ્ત કરી શકાતો નથી. તેને માટે જેવાની સાથે તેવા અથવા शठं प्रति शाठ्यम्નો જ ન્યાય જોઈએ.

"જેમ કોઈ લુચ્ચાને છેતરવાનું જરૂરી હોય છે તે જ પ્રમાણે સાવ અનાડી કે બાળાને પણ — જેને ગમે તેટલું કહેવા છતાં કશું સમજાતું નથી તેને પણ — તેના, સમાજના અથવા બંનેના હિત માટે છેતર્યા સિવાય બીજો ઉપાય હોતો નથી; અથવા વખતે દમદાટી પણ આપવી પડે છે.

"ટૂંકમાં, આપણાં હેતુઓ, ધ્યેયો અથવા સાધ્યો સારાં અને સ્વાર્થરહિત હોવાં જોઈએ. તેમની સિદ્ધિ માટે જરૂર પડે તે બધા ઉપાય કરતાં કાર્યકર્તાએ ગભરાવું ન જોઈએ. જો ગભરાય તો તે તેની તત્ત્વનિષ્ઠા નહીં પણ મનની દુર્બળતા કહેવાય."

ઉપર જણાવેલી અનુભવસિદ્ધ અને માર્મિક વિચારસરણી સમાજમાં સારી પેઠે રૂઢ છે; અને તેનો અમલ હંમેશ થાય છે. અને "ધ વે ટુ હેલ ઇઝ પેવ્ડ વિથ ગુડ ઇન્ટેન્શન્સ્ – નરકનો માર્ગ સારી ઇચ્છાઓથી મઢેલો હોય છે", – એ વચન અનુસાર દુનિયામાંના મોટા ભાગના અનર્થો અને ઉત્પાતો સદ્‌હેતુમૂલક જ હોય છે.

પરંતુ સાધ્ય અને સાધનનો સાંગોપાંગ વિચાર કરતાં એમ જણાશે કે, તેમની વચ્ચે પ્રથમ દર્શને જે ભિન્નતા દેખાય છે તે વસ્તુતઃ નથી હોતી. ધારો કે શરીરમાંથી પરસેવો કાઢવો એ મારું સાધ્ય છે; આ સાધ્ય જુદે જુદે માર્ગે હું પાર પાડી શકું: (૧) વ્યાયામ કરીને; (૨) મહેનતનું કામ કરીને; (૩) દેવતા પાસે તાપવા બેસીને; (૪) વીંછીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દંશ કરાવીને; (૫) ગભરાટથી; (૬) અથવા પરસેવાની દવા લઈને. પરંતુ આમાંનું જે કોઈ સાધન વાપરવામાં આવશે તે મુજબ જુદી જુદી જાતનું સાધ્ય મને પ્રાપ્ત થશે. પહેલાં બે સાધનો આરોગ્યકારક છે, જ્યારે પાછળનાં ત્રણ અનિષ્ટપરિણામકારક છે; અને છઠ્ઠાનું પરિણામ ઇષ્ટ થશે કે અનિષ્ટ, તેનો આધાર મારી તબિયતની તે વખતની વિશિષ્ટ અવસ્થા પર અને દવાના પ્રકાર પર રહેશે.

"શરીરમાંથી પરસેવો નીકળે એટલું એક જ મારું સાધ્ય છે, તે સિવાય મારે બીજું કશું ન જોઈએ," એવી સ્થિતિ કદી પણ હોતી નથી. એ મારું તાત્કાલિક ધ્યેય છે. તે તેની પછીના શ્રેષ્ઠ ધ્યેયના— આ ઠેકાણે આરોગ્યના—સાધન તરીકે જ મારે જોઈએ છે. આરોગ્ય એ પણ પરમ કે અંતિમ સાધ્ય નથી; સુખી અને સમાજોપયોગી જીવનના સાધન તરીકે જ મારે આરોગ્ય પણ જોઈતું હોય છે. શ્રેષ્ઠ જીવન એ સાધ્ય, તેને માટે આરોગ્ય એ સાધન; આરોગ્ય એ તેનાથી ગૌણ બીજા દરજ્જાનું સાધ્ય, પરસેવો કાઢવો એ તેને માટેનું સાધન; પરસેવો કાઢવો એ ત્રીજા નંબરનું સાધ્ય, વ્યાયામ એ તે માટેનું સાધન. વ્યાયામ પણ ચોથા નંબરનું સાધ્ય બનશે, અને મલખમ, ક્રિકેટ, આટાપાટા વગેરે તેનાં સાધનો બનશે. આવી રીતે આ સાધ્ય-સાધન પરંપરા ઉપર અને નીચે ફેલાયેલી હોય છે. 'કેવળ પરસેવો કાઢવા' માટે વ્યાયામના જેટલો જ વીંછી પણ કામ દે; પણ 'આરોગ્યને માટે' પરસેવો લાવવાને માટે વીંછી બાધક જ નીવડે. "સમજોપયોગી જીવનના સાધન તરીકે આરોગ્ય અને તે માટે પરસેવો કાઢવો" એ સાધ્ય હોય તો કસરત કરતાં ઉપયોગી શ્રમ વધારે શ્રેયસ્કર નીવડે. આવી રીતે કોઈ પણ ધ્યેયની પ્રાપ્તિ માટે સાધનની યોજના કરતી વખતે આગળ પાછળનો વિચાર કરવાની જરૂર હોય છે. તાત્કાલિક ધ્યેયની પેલી પાર તેમ જ ડાબી જમણી બાજુએ નજર નાખવી પડે છે. આ વિશિષ્ટ અભીષ્ટ સાધતી વખતે બીજાં પણ કેટલાંક ગૌણ અભીષ્ટો સાધી શકાય તો સાધી લેવાં અને અનિષ્ટો ટાળવાં એવી મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ હોય છે. છોકરાને ગણિત શિખવવા માટે શિક્ષક રાખવો હોય તો કોને રાખવો? તો જે ગણિત શીખવવાની સાથે સાથે જ તેને યોગ્ય રીતભાત પણ શીખવશે અને બીડીતમાકુ જેવાં વ્યસનોની દીક્ષા નહીં આપે એવાને જ રાખવો જોઈએ.

ટૂંકમાં, સાધ્યસાધનની પરંપરા એ નદીના પ્રવાહ જેવી છે. પ્રવાહનો આગળનો ભાગ તે સાધ્ય અને પાછળનો તે સાધન. પાછળનું (ઉગમ તરફનું) જ પાણી આગળ વહેતું હોય છે. તેથી આગળનો પ્રવાહ ડહોળો થાય તો તેનો દોષ જેમ પાછળના ભાગને જઈ પહોંચે છે, તે જ પ્રમાણે ખરાબ સાધનમાંથી સારું સાધ્ય નીપજવું અશક્ય છે.

હવે આપણે ખોટા સાક્ષીઓ પાસે સાચી વસ્તુ સાબિત કરવાના દાખલાનો વિચાર કરીએ. સાચા પુરાવા માટે ખરા સાક્ષીઓને જ તેમની નાગરિક તરીકેની ફરજનું ભાન કરાવીને તેમ જ હિંમત આપીને જુબાની આપવા તૈયાર કરવા એ ઇષ્ટ છે. એમ કરવાથી દુષ્ટોના નિકંદનની સાથે જ નાગરિકતાની ભાવનાનો પણ પ્રસાર થશે. નહીં તો ઉંદરને મારવાને માટે સાપને ઘરમાં લેવા જેવું થાય. કોર્ટમાં ન્યાયાધીશ આગળ સોગન ખાઈને ખોટું બોલવાનું શીખવ્યા પછી એ વિદ્યા હંમેશ સારા કામને માટે જ વપરાશે એમ કોણ કહી શકે?

નેપોલિયન બોનાપાર્ટ એ એક મોટો શૂર અને પુરુષાર્થી પણ નિર્દય અને સત્તાલોભી માણસ થઈ ગયો એવી ઘણા લોકોની માન્યતા છે. પરંતુ ઍબટ નામના તેના ચરિત્રકારનું તો એમ કહેવું છે કે, તે લોકસત્તાનો અનન્ય ભક્ત હતો; અને આખો જન્મારો એ ધ્યેયની સ્થાપના માટે જ તેના બધા પ્રયત્નો ચાલુ હતા. ફ્રાન્સની રાજ્યક્રાન્તિ પછી બધે અંધાધૂંધી ફેલાઈ ત્યારે દેશમાં શાંતિ સ્થપાય અને લોકસત્તાક રાજ્યબંધારણ ઘડી શકાય તે અમલમાં મૂકી શકાય એટલા માટે જ તેણે તોપખાનાનો ઉપયોગ શરૂ કર્યો અને પ્રથમ પૅરિસમાં અને પછી ધીમે ધીમે આખા ફ્રાન્સમાં પોતાની ધાક બેસાડી. પરંતુ યુરોપના સમ્રાટોએ લોકસત્તા સ્થાપવાની તેને તક જ આપી નહીં. તેમની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સતત યુદ્ધો કરવાં પડ્યાં; તેમનો સહકાર મેળવવા માટે તેણે તેમની જેમ પોતાની જાતની પણ બાદશાહ તરીકે ઘોષણા કરી. તેમની મહોબત જોડવા માટે તેણે પોતાની પહેલી પત્ની ગરીબ કુળમાં જન્મેલી હતી એટલા ખાતર, અને તેની ઉપર તેનો અનહદ પ્રેમ હતો છતાં, તેની સાથે તેણે છૂટાછેડા કર્યા અને ઑસ્ટ્રિયાની રાજકુંવરી સાથે લગ્ન કર્યું. આટલું કર્યું છતાં પણ ‘ દુષ્ટોએ ’ તેને નિરાંત મળવા દીધી નહીં. એને જો નિરાંત મળત તો તે લોકસત્તાક બંધારણ તૈયાર કરીને પોતે સત્તાત્યાગ કરવાનો હતો. પણ નિરુપાય થઈને તેને આખર સુધી લડતા જ રહેવું પડ્યું અને જિંદગીના આખરના દિવસો દુશ્મનની કેદમાં વિતાડવા પડ્યા. એમાં તેનો કશો વાંક નથી; તેના બધાં યુદ્ધો યુદ્ધ-સંસ્થાનો સમૂળ ઉચ્છેદ કરવાના એકમાત્ર પવિત્ર હેતુથી કરાયેલાં હતાં !

અને એ ખોટું પણ કેમ કહી શકાય? માણસના મનમાં શું છે તે ઓળખવાનું આપણી પાસે સાધન નથી. એ ગમે તેમ હોય, તો-પણ લોકશાહીને અર્થે આપખુદ સત્તા વાપરવામાં તેણે શરૂઆત જ ખોટી કરી અને તે સાધનોનો સ્વામી રહેવાને બદલે તેમનો ગુલામ બન્યો.

આ પરથી સાધકે બોધ લેવો ઘટે અને સાધનોની પસંદગીની બાબતમાં સાવધાન રહેવું ઘટે. સાધ્ય એ ઘણું કરીને આપણી પાસેથી દૂર અંતરે, તેમ જ અનિશ્ચિત, સંદિગ્ધ અને અમૂર્ત હોય છે. સાધન જ કેવળ નિશ્ચિત, સ્પષ્ટ અને આપણા હાથમાં હોય છે. એને જો આપણે શુદ્ધ રાખીએ તો ભાવી સાધ્ય પણ તેને અનુરૂપ અને યોગ્ય એવું જ નિર્માણ થશે એવો વિશ્વાસ આપણે રાખી શકીએ.

ઘણા લોકો કહે છે કે, “ આપણ બધા હિંદવાસીઓનું ધ્યેય સ્વરાજ્ય છે; પછી તે કૉંગ્રેસવાળા હો, હિન્દુમહાસભાવાળા હો, સમાજ-વાદી હો, સામ્યવાદી હો, ક્રાન્તિકારી હો કે બીજા ગમે તે હો. માર્ગ જુદા જુદા હશે, પણ ધ્યેય એક જ છે. ” પણ આ ભ્રમ છે. દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષની સ્વરાજ્યની કલ્પના જ જુદી જુદી છે, અને તેની કલ્પનાના સ્વરાજ્યને માટે તેણે જે માર્ગ યોજ્યો હોય એ જ તેને માટે એકમાત્ર માર્ગ બની રહે છે. તેથી જ દરેક પક્ષ ખૂબ આગ્રહપૂર્વક કહ્યા કરતો હોય છે કે "एष पंथाः एतद् कर्म; नान्यः पंथा विद्यते अयनाय । આ જ માર્ગ; આ જ કાર્યક્રમ; આના વિના ધ્યેય તરફ જવાનો બીજો રસ્તો નથી." સાધ્યસાધનોના અલગપણાને વિષે આ જે ભ્રમ ઉત્પન્ન થાય છે તેનું કારણ સાધ્ય વિષેની સંકુચિત દૃષ્ટિ, વિશિષ્ટ કાર્યની બાબતમાં પેદા થનારો અભિનિવેશ, અને જલદી પરિણામ લાવવાની અધીરાઈ એ જ હોય છે. તારતમ્ય, દીર્ઘદૃષ્ટિ, યોજકતા, સાવધાનતા અને ધીરજ, એટલાં હોય તો કાર્યકર્તા ગમે તેવાં સાધનો વાપરવાની લાલચમાં નહીં ફસાય.

(૪) **फंड माटे लॉटरी :** કોઈ પણ જાહેર કાર્ય કરવું હોય તો તેને માટે પૈસાની જરૂર મોટે ભાગે હોય જ છે; તેથી ફાળો ઉઘરાવવો એ જાહેર કાર્યકર્તાઓનું એક હંમેશનું અને મુશ્કેલીભર્યું કાર્ય બની જાય છે. આવો ફાળો શી રીતે ઉઘરાવવો એ બાબત પછીથી વિવેચન કરશું; અત્યારે અહીં તે શી રીતે ન ઉઘરાવવો જોઈએ એ બાબત કેટલાક ધોરી નિયમો કહેવાનો વિચાર છે.

નિધિ એકત્ર કરવાના અત્યંત પરિણામકારક માર્ગ તરીકે બંગાળના ક્રાન્તિકારી લોકો ધાડો પાડતા. ધાડો સાથે મારામારી, ખૂન ઇત્યાદિ પણ હોય જ. આ માર્ગ આપણે ત્યાં હજી પણ અને બીજે પણ હસ્તી ધરાવતો જોવામાં આવે છે. આ ધાડો સેવાકાર્યને માટે હોય છે, કે ધાડપાડુપણાને ઢાંકવા માટે સેવાકાર્ય હોય છે એ કહેવું મુશ્કેલ છે. જેઓ સાચે જ સેવાકાર્યને માટે જ ધાડો પાડતા હોય, તો તેમને દલીલથી સમજાવીને પાછા વાળવાની અમારી શક્તિ પણ નથી!

ફંડને માટે લૉટરી કાઢવાનો મોહ વધારે સૌમ્ય પણ એ જ જાતનો છે; એમાં ધાડને બદલે ફોસલામણુ હોય છે એટલું જ. કહેવાય છે કે, ગોવાનું એક પ્રસિદ્ધ ધર્માદા દવાખાનું લૉટરીની ઊપજ ઉપર ચાલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે! આજકાલ તો વૉરફંડને ખાતર લૉટરીઓ કાઢવાની એક ફૅશન જ પડી ગઈ છે.

માંદાની માવજત એ એક ઇષ્ટ વસ્તુ છે. ગરીબગુરબાંને તેનો લાભ મળે એ માટે ધર્માદા દવાખાનાં કાઢવાનું નક્કી થાય તો સરકારે તે ચલાવવાં જોઈએ, અથવા ધનિકોએ વિના પ્રયત્ને લૉટરીમાંથી ખૂબ પૈસો મેળવવાના અન્યાય્ય અને મૂર્ખતાભર્યા લોભથી નહીં પણ કાર્ય વિષેના પ્રેમથી પ્રેરાઈને જ દેણગીઓ આપવી. ગરીબ લોકો પણ લાલચના માર્યા પોતાની નહીં જેવી કમાણીમાંથી લૉટરીની ટિકિટો ખરીદીને ઉડાઉપણું કરે છે, એટલે તેઓ પણ દવાખાના જેવા સત્કાર્યને સીધી મદદ કરે તો તેમાં કશી હરકત નથી. આવી નાની મોટી દેણગીઓ મેળવવા માટે દવાખાનાના ચાલકોને ખૂબ રખડવું પડશે, દવાખાનાની સુવ્યવસ્થા બાબત સમાજને સંતોષ આપવો પડશે અને લોકો પાસેથી પૈસા મળે એટલા પ્રમાણમાં જ પોતાના કાર્યનો વિસ્તાર મર્યાદિત કરવો પડશે એ માત્ર સાચું. લૉટરીને લીધે આ બધી તકલીફમાંથી બચી જવાય છે. દવાખાનાના પાંચ પચાસ માંદા માણસો સાજા થાય છે, પણ એટલા ખાતર અસંખ્ય સાજાતાજા લોકોને પુરુષાર્થહીન બનાવવાથી શો લાભ? મહેનત વિના લૉટરી દ્વારા પૈસા મેળવવાની ઇચ્છા એ હીન વૃત્તિ છે. તેને લીધે સમાજની પુરુષાર્થ-વૃત્તિ નષ્ટ થાય છે અને નામર્દપણું વધે છે. તેથી લૉટરીની મદદથી રુગ્ણાલય ચલાવવું એ ટાઢમાં તાપણા માટે નોટો બાળવા જેવું છે.

(૫) **ફાળા માગવાને બદલે ધંધો:** ઘણા જાહેર કાર્યકર્તાઓ ફાળો ઉઘરાવવા માટે લોકોને બારણે પગરખાં ઘસવાં અને તેમનાં ગમે તેવાં સારાંમાઠાં વેણ સાંભળવાં એથી ત્રાસીને સ્વાવલંબનના એક ઉપાય તરીકે એવો વિચાર કરે છે કે, આપણે જ એકાદ એજન્સી લઈએ અથવા એવો જ કોઈ ઓછી મહેનતથી ખૂબ પૈસા મેળવવાનો ધંધો કરીએ અને તેની ઊપજમાંથી સેવાકાર્ય ચલાવીએ. આમાં લૉટરીની જેમ લોકોને દૈવવાદની દીક્ષા આપવા જેવી આફત ઊભી થતી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તોપણ ઓછી મહેનતે ખૂબ કમાણી કરવાની વૃત્તિ આવી જ જાય છે. કારણ, એમ જો ન હોય તો કાર્યકર્તાની ઘણીખરી શક્તિ એ ધંધામાં જ વપરાઈ જાય અને સેવાકાર્યને માટે શક્તિ જ નહીં રહે. હવે ઓછા શ્રમથી ઘણી કમાણી કરવાના ધંધામાં મોટે ભાગે ઉગ્ર હરીફાઈ હોય છે અને કેટલીક વાર તે લુચ્ચાઈના પણ હોય છે. સમાજસેવક માટે રસાકસીમાં ઊતરવું એ ઇષ્ટ નથી અને લુચ્ચાઈ કરવી એ તો તેથીય વધારે અનુચિત અને નિષિદ્ધ છે.

કોઈ ત્રાહિત વ્યક્તિ કોઈ પ્રામાણિક ધંધો પ્રામાણિકપણે કરીને તેમાંથી થયેલી કમાણી જાહેર સેવાકાર્યને માટે આપે તો તે જરૂર સ્તુત્ય છે. પણ સેવાકાર્યમાં રોકાયેલો સેવક પોતાની બધી અથવા થોડીક શક્તિ એ કાર્યમાંથી કાઢીને ધંધામાં રોકે એ યોગ્ય નથી. તન-મન એ ધન કરતાં શ્રેષ્ઠ છે. સેવક પોતાનાં તન-મન કાર્યને અર્પણ કરે છે; એને બદલે એ તન-મન ધંધાને આપીને તેના બદલામાં ધંધા પાસેથી ધન લે એ કાર્યની દૃષ્ટિથી નુકસાનનો સોદો છે. એ ધંધો જ સેવાકાર્યને પોષક હોય તો એ જ સેવાકાર્ય માનીને તે એ ધંધો જરૂર કરે. દાખલા તરીકે, રાષ્ટ્રીય સાહિત્યનું વેચાણ. એમાં કમાણી થશે પણ એ મૂળે જ એક ઇષ્ટ સેવાકાર્ય હોવાથી સેવક તે કરે તેમાં કશું ખોટું નથી. એમાં થતી કમાણી એ પોતાના ગુજરાનને માટે વાપરે તેમાં પણ કશું ખોટું નથી. એ બધી કમાણીની એને જરૂર ન હોય તો તે તેને પ્રથમ રાષ્ટ્રીય સાહિત્યના પ્રસારના કામમાં અર્પણ કરે. એક સેવાકાર્યમાંથી થયેલી કમાણી કોઈ બીજા સેવાકાર્યમાં વાપરવામાં કશું ઔચિત્ય નથી. જે કાર્યની કમાઈ હોય તે તે જ કાર્યમાં ખરચ કરવાની શક્યતા ન હોય તો જુદી વાત.

સેવકની પાસે પોતાનું ધન તેમ જ એ ધનને જોરે ઇષ્ટ કાર્ય કરાવવાની સત્તા ન હોય એ જ ઇષ્ટ છે. અમુક કાર્યને દેણગી આપવી એ સત્તા ચલાવવાનો જ એક પ્રકાર છે. સેવકને માટે તે હાનિકર્તા છે. સેવક નિરહંકારી અને નિરાગ્રહી હોવો જોઈએ. તેણે પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દેશ સમાજ આગળ રજૂ કરવા, તેને તે સમજાવવા અને સમાજ મંજૂર કરે તેટલી જ રકમનો ઉપયોગ ઇષ્ટ કાર્ય માટે કરવો.

જે ન્યાય સેવકને તે જ ન્યાય સાર્વજનિક સંસ્થાને પણ લાગુ પડે છે. આવી સંસ્થાઓએ પણ પોતાનું ખર્ચ કાઢવા માટે ધંધો ન કરવો જોઈએ. તેમને અનાયાસે અથવા અલ્પાયાસે કમાણી કરવાનાં સાધનો ઉપલબ્ધ હોવા છતાં તે હાથમાંથી જતાં કરવાં એ બેદરકારી છે એમ પણ કેટલાકને લાગવાનો સંભવ છે. દાખલા તરીકે, ખાદીસંઘ અથવા દલિત સેવા સંઘ જેવી એક સંસ્થા છે. ધારો કે તેના સભ્યોમાંથી ઘણા પોતપોતાની જિંદગીનો વીમો ઉતરાવે છે અને તેમની પૉલિસીઓ પર ધંધાધારી વીમા એજંટોને કમિશન વગેરેના રૂપમાં સારી પેઠે કમાણી થાય છે. એના કરતાં સંસ્થાને નામે એકાદ સારી સરખી વીમા કંપનીની એજન્સી લેવામાં આવે અને સંઘના સભાસદો, સંઘની એજન્સી મારફતે જ પોતાનો વીમો ઉતરાવે એવી સભાસદોને વિનંતી કરવામાં આવે, તો તે માન્ય કરવામાં તેમને કશી મુશ્કેલી નહીં લાગે. સંસ્થાને કમિશનના રૂપમાં અનાયાસે પુષ્કળ ધન મળી શકશે, અને સેવકને ફાળા માટે લોકોની આજીજી કરવાના પ્રસંગો એટલા પ્રમાણમાં ઓછા આવશે.

આવી જાતના વિચારો સંસ્થાસંચાલકોના મનમાં આવવાનો સંભવ હોય છે, તેથી આ વિચારસરણી તપાસવી અહીં જરૂરી છે. આવી જાતના સહેલા માર્ગ જ અંતે અત્યંત મુશ્કેલ નીવડે છે; નજીકનો ગણાતો ટૂંકો રસ્તો જ છેવટે ઘણો લાંબો નીવડે છે. ઉપરના દાખલામાં કહેલી 'સારી સરખી' વીમાકંપનીની પસંદગી શી રીતે કરવી? સંસ્થા નાનકડી, બે ચાર પ્રમુખ વ્યક્તિઓના સલાહસૂચનથી ચાલનારી, અને જેણે બહુજનસમાજનું ધ્યાન પોતા તરફ ખેંચ્યું નથી એવી હોય, ત્યાં સુધી જ આ પસંદગી ગમે તેવી થાય તો પણ તેની હોહા નહીં થાય; પરંતુ પોતાની સંસ્થા એવી ને એવી જ નાનકડી અને વામણી રહે એવી ઇચ્છા સંચાલકોને તો ન જ હોઈ શકે; એ સાથેસાથ સાર્વજનિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને એવી જ તેમની દૃષ્ટિ હોવી જોઈએ; અને એ જ વિશાળ દૃષ્ટિથી સંસ્થાનો કારભાર એ નાની હોય ત્યારે પણ ચાલવો જોઈએ. એટલે આપણી સંસ્થાના સભાસદોમાં જ જુદી જુદી વીમા કંપનીઓના સંચાલકો હોય — અને હોવા જોઈએ એવી આપણી દૃષ્ટિ હોય — ત્યારે કોઈ વિશિષ્ટ કંપનીને જ માન્યતા આપવી મુશ્કેલ તો છે જ, પણ તે એક ઝઘડાનું કારણ બની જાય. એના કરતાં બધી જ સારી નરસી કંપનીઓ અને એ કંપનીઓના નાના મોટા બધા એજન્ટો બધા આપણા જ છે, આપણી સંસ્થાના વિદ્યમાન નહીં તોય સંભાવ્ય સભાસદો છે, કંઈ નહીં તો દાતાઓ તો છે, એવી જ દૃષ્ટિ આપણે રાખવી જોઈએ. તેમને થતી કમાણીનો યોગ્ય અંશ એ સંસ્થાની તિજોરીમાં—એ સંસ્થાની તાકાત અને પોતાના કાર્યની આવશ્યકતા લોકોને ગળે ઉતારવાની તેની શક્તિ એ એના પ્રમાણમાં — ચોક્કસ આવી પડવાનો જ એવો વિશ્વાસ સંસ્થાએ રાખવો જોઈએ. કોઈ એક જ વીમા કંપનીમાં રાજ્ય કરવાને બદલે બધી જ વીમા કંપનીઓ ઉપર — એકલી વીમા કંપનીઓ પર જ નહીં પણ દ્રવ્યપ્રાપ્તિના એકેએક ધંધા પર તેમ.જ ધંધાદારી પર — ચક્રવર્તી સામ્રાજ્ય ચલાવીને તેમની પાસેથી ખંડણી વસૂલ કરવાની જ મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ.

(૬) **પ્રત્યક્ષ સેવા અને પરોક્ષ ઘાત :** "અમારા ફલાણા ભાઈ બહુ જ ભલા સદ્‌ગૃહસ્થ! મુંબઈથી આગગાડીમાં નાગપુર જવા નીકળે એટલે પોતાને સ્ટેશન ઉપર વળાવવા માટે સાથે બે ચાર મિત્રોને લઈ જાય છે. તે મિત્રો પણ જાણે સહપ્રવાસી જ હોય એવી રીતે બધા મળીને ગાડીમાં સારી પેઠે જગ્યા રોકી લે છે. બરાબર ગાડી છૂટવાની વખતે વળાવવા આવેલા મિત્રો ઊતરી જાય તોપણ એક વાર પથારી પાથરીને રોકેલી મોકળાશવાળી જગ્યા પર અતિક્રમણ કરવાની હિંમત બીજા પૅસેંજરો ભાગ્યે જ કરે છે. પછી કલ્યાણ સ્ટેશને ગાડીમાં ભીડ થાય છે અને અગાઉના મુસાફરોએ બધા બાંકડા રોકેલા હોવાથી નવા આવનાર લોકોને જગ્યા મળવાનું મુશ્કેલ બને છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંડોપંતની ઓળખાણો પુષ્કળ ! કોઈ પણ ઓળખીતા ભાઈ જગ્યાની મુશ્કેલીમાં જણાય કે બંડોપંત તેને મોટેથી બૂમ પાડીને બોલાવીને પોતાની પથારી ઉપર બેસાડે છે. ઓળખીતો જ હોવો જોઈએ એમ પણ નહીં. કોઈ વસ્તારી માણસ પોતાના બૈરાંછોકરાં સાથે ડબામાં ચડે છે અને બિચારાને પગ મૂકવાય પૂરતી જગા મળતી નથી. બંડોપંતની તેમની ઉપર નજર જાય કે તરત તેઓ પોતાની વધારાની જગ્યા તે મંડળીને આપીને તેમની સગવડ કરી દે છે. પછી ગાડી ચાલવા માંડે એટલે નાસ્તાનો ડબો કાઢીને મહેમાનોને અને ખાસ કરીને બાળકોને ખાવાનું આપીને પછી પોતે નાસ્તો કરે છે. પછીને સ્ટેશને બહારનાં ટોળાં અંદર ઘૂસવા ન પામે એટલા માટે ગાડીના દરવાજાનું કોઈ કિલ્લાના દરવાજાની જેમ રક્ષણ કરવામાં પણ તેઓ કસર રાખતા નથી. ”

“ અમારા અણ્ણાસાહેબ દેશપાંડે પણ એક ઉદાર દિલના પરોપકારી માણસ થઈ ગયા ! તેઓ ડેપ્યુટી કલેકટરના હોદ્દા સુધી જઈ પહોંચ્યા હતા. અમારા ભાગના ઘણા લોકોને તેમણે પોતાના ખાતામાં નોકરી અપાવી અને તેમનાં બાળબચ્ચાંની દુવા લીધી. મૅટ્રિક નાપાસ થયેલા કેટલાક માણસો પણ તેમની ધાર્મિક વૃત્તિને લીધે આજે મામલતદારના હોદ્દા સુધી જઈ પહોંચ્યા છે. ”

ઉપરના જેવાં ગુણગાન આપણને અનેક વાર સાંભળવા મળે છે અને એ સાંભળીને “ આપણે પણ તેમના જેવા જ થઈએ અને તેમના જેવી જ નામના મેળવીએ, ” એવી આકાંક્ષા શ્રોતાઓના મનમાં પેદા થાય છે.

પોતાના મોટા પગારનો, વકીલાતમાં થતી અઢળક કમાણીનો અથવા વેપારમાં થતી નફાખોરીનો બચાવ અથવા તારીફ દાનધરમને નામે કરવાની પ્રવૃત્તિ તો જ્યાં ને ત્યાં જોવામાં આવે છે. પરંતુ દશ જણને લૂંટીને એક ઉપર ઉપકાર કરવો, એમાં બડાઈ હાંકવા જેવું કશું જ નથી. દાનના કરતાં ત્યાગ શ્રેષ્ઠ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम् — કાદવ ચોંટ્યા પછી ધોઈ કાઢવાની માથાકૂટમાં પડવા કરતાં, તે ચોંટે જ નહીં એવી સાવચેતી રાખવી વધારે સારું નથી શું?

અન્યાય્ય કમાણીના પાપનો ડાઘો દાનના સાબુથી બહુ તો ઝાંખો પડશે, પૂરેપૂરો ધોવાઈ જાય એ શક્ય નથી.

ઉપરના દાખલામાં બંડોપંત બીજા ઉતારુઓના ભાગની જગ્યા હિકમત, રુઆબ, ધાક વગેરેને જોરે પચાવી બેઠા; એ જ પ્રમાણે આપણા પરોપકારી ડેપ્યુટી કલેક્ટરે પોતાના માણસોને લાગવગની જગ્યાએ નીમીને બીજા વધારે લાયક ઉમેદવારોનો આશાભંગ કર્યો, એમાંનો અન્યાય આપણી નજરમાં એટલી તીક્ષ્ણતાથી ખૂંચતો નથી. પ્રત્યક્ષ વસ્તુ પર આપણી નજર ઠરે છે, પરોક્ષ તરફ ધ્યાન જતું નથી. ઉપકારો એકલા જ દેખાય છે, પણ એ ઉપકારોની પાછળ છુપાયેલા દસગણા અપકાર ધ્યાનમાં આવતા નથી.

(૭) **राजा अने रंक जेने सरीखां**: સેવા એટલે આત્મવિસ્તાર, પ્રથમ પારકા લાગતા લોકોને વિષે આત્મૌપમ્યનો અનુભવ, એ આપણે જોયું. પરંતુ સેવા એ તો ખાસ કરીને જેમને સેવાની જરૂર હોય તેમની — એટલે કે, દીનદૂબળાં, દલિત, ગરીબ, અભણ અને અનાડી, અનાથ, પતિત, રંક ઇત્યાદિ લોકોની જ કરવી યોગ્ય છે. દીનદૂબળાં લોકો પણ આપણા જેવાં જ માણસો છે. તેમને પણ આત્મા છે, હૃદય છે, આકાંક્ષાઓ છે, તેમના આત્મવિશ્વાસને પૂરતો અવકાશ મળવો જોઈએ, તેમનાં કરમાઈ ગયેલાં જીવનમાં તાજગી જોઈએ, એટલા માટે જ નિઃસ્વાર્થ સમાજસેવકો અનેક રીતે પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ કાર્યના કોઈ વિશિષ્ટ પ્રકાર વિષે જેમ સેવકના મનમાં અભિનિવેશ પેદા થાય છે એમ આપણે જોયું, તે જ પ્રમાણે જેની સેવા કરવાની તેની બાબતમાં પણ સેવકની દૃષ્ટિ સંકુચિત થઈ શકે છે. દીનદલિતોમાં તેમ જ ભંગીઓનાં ઝૂંપડાઓમાં પણ ઈશ્વર વાસ કરે છે એનો સાક્ષાત્કાર કરવા જતાં રાજા રજવાડાઓમાં અને આચાર્યોના મઠોમાં પણ તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ હોય છે એ વસ્તુ ભુલાઈ જાય છે. રાજામાં અથવા બ્રાહ્મણમાં જ ઈશ્વર વસે છે, રંકમાં કે ચાંડાળમાં તે નથી, એ માન્યતામાં જેટલી નાસ્તિકતા છે, તેટલી જ નાસ્તિકતા ઈશ્વર ગરીબોમાં વસે છે પણ શ્રીમંતોમાં નથી વસતો, તે દલિતોમાં છે પણ જાલિમોમાં નથી એ માન્યતામાં પણ છે. આપણે બંને જાતની નાસ્તિકતાથી બચવાનું છે.

"संत दयाळ कसें ? । राजा रंक जया सरिसे ।।" — સાચા સંતો કેવળ ગરીબો પર જ દયા નથી કરતા, રાજાઓ પર પણ દયા કરે છે.

નારદમુનિ આ બાબતમાં એક આદર્શ સેવક હતા. તેઓ ત્રણે લોકમાં સરખી છૂટથી સંચાર કરતા. ઉપલો વર્ગ (સ્વર્ગ), વચલો વર્ગ (પૃથ્વી), અને નીચલો વર્ગ (પાતાળ), એ ત્રણેય સાથે તેઓ છૂટથી ભળતા અને એકબીજાનાં દુઃખોની અથવા ફરિયાદોની દાદ એકબીજા પાસેથી મેળવતા.

(૮) **जबरदस्ती अने छेतरपिंडी :** સેવ્યના ભલાને ખાતર જ તેના પર જબરદસ્તી પણ કરવી પડે છે, ધાક બતાવવો પડે છે અથવા તેને કાંઈક લાલચ બતાવીને કામ કરવું પડે છે એવી કેટલાક સેવકોની માન્યતા હોય છે.

"છોકરાંઓની ખરાબ ટેવો છોડાવવા માટે જેમ તેમને સજા કરવી પડે છે, તે જ પ્રમાણે જનતા એ પણ એક સગીર બાળક જ છે; તેની સાથે બાળકની જેમ જ વર્તવું પડે છે; ક્યારેક પંપાળીને, ક્યારેક ફોસલાવીને, તો ક્યારેક દમદાટી દઈને કામ લેવું પડે છે." એમ તેઓ કહે છે. પરંતુ મૂળે જ બાળકોને સુધારવા માટે પણ શિક્ષા કરવી એ બિનજરૂરી છે એટલું જ નહીં પણ અનિષ્ટ છે; તેને પરિણામે સુધારણા ઊલટી વધારે દુઃસાધ્ય બને છે. એ સિદ્ધાન્ત હવે કેળવણીના ક્ષેત્રમાં સર્વમાન્ય થયો છે. મોટેરાંઓની કલ્પના હોય છે તેના કરતાં નાનાં બાળકો વધારે સમજતાં હોય છે. મોટાંઓની છેતરપિંડી તેઓ અચૂક કળી જાય છે અને તેનું અનુકરણ પણ કરે છે. સેવક સમાજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞ અથવા અન્યાયી ઠરાવે એમાં સેવકની આત્મવંચના અને સમાજનો દ્રોહ છે. સેવકે આવો દ્રોહ કદી ન કરવો જોઈએ. 'પોતાથી સંસ્થામાં કંઈ ગોટાળા થયા હોય તો તે જનતાથી અજ્ઞાત રાખવા જોઈએ, નહીં તો જનતાનો કોઈ વિચિત્ર જ ખ્યાલ બંધાશે અને જનતા પોતાની સંસ્થાની સેવાથી વંચિત થશે અને તેનું જ નુકસાન થશે,' એવી જાતની આત્મપ્રૌઢી અને અવળચંડાઈની ભાવના સેવકમાં કદી ન હોવી જોઈએ. સેવકને જ જનતાને વિષે અવિશ્વાસ લાગતો હોય તો જનતાને પણ સેવક વિષે આત્મીયતા ક્યાંથી લાગે? સાચી વાત તો એ છે કે, જનતા પણ પોતાના સાચા સેવકની સાચેસાચી મુશ્કેલીઓ સમજી લેવા જેટલી સમજદાર અને તેને હાથે અજ્ઞાનને લીધે થયેલી બધી ભૂલોની ક્ષમા કરવા જેટલી ઉદાર હોય છે; તેનાથી કશું પણ છૂપું રાખવામાં સેવકનું હિત નથી.

(૯) **આત્મસંભાવના :** સેવકના મનમાં 'હું બીજા લોકો કરતાં જુદો, મોટો, પવિત્ર, પુણ્યાત્મા છું' એવી જાતની આત્મપવિત્રતાની ભાવના કદી પેદા થવી ન જોઈએ. ભેદભાવ સેવાને મારક જ છે. આવા સેવકનું લોકો દૂરથી સન્માન કરે છે, પરંતુ તેનું અનુકરણ કરવા અથવા તેની સામે સહકાર કરવા તૈયાર નથી હોતાં. સાચા સેવકને લોકો પોતાની મેળે માન આપે છે અને તેની પરોણાગત પણ ભાવપૂર્વક કરે છે. પરંતુ તેથી સેવકે ફુલાઈ જવું ન જોઈએ. પોતાને મળતાં માનમરતબાની ટેવ પડીને તેની અપેક્ષા અથવા આસક્તિ તેના મનમાં પેદા ન થવી જોઈએ. સેવકમાં આત્મસંભાવનાની વૃત્તિ પેદા થાય એટલે તેની ઊલટી પ્રતિક્રિયા લોકો પર થયા વિના રહેતી નથી. અને "લોકો મને મારી લાયકાત પ્રમાણે માન આપતા નથી" એવી જાતનો અસંતોષ એક વાર સેવકના મનમાં પેદા થયો, કે તેની બધી સેવા ઉપર પાણી ફર્યું જ જાણવું.

એથી ઊલટું, સેવકને હંમેશ એમ લાગવું જોઈએ કે, લોકો મારી સાથે આટલી આસ્થાથી વર્તે છે, મારું ખરચ ચલાવે છે, મારી ભૂલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળી જાય છે, લોકોના અન્નથી જ મારો દેહ પોષાયેલો છે, અનેક લોકોના સહકારથી મારે હાથે થોડી ઘણી સેવા થાય છે, તેથી મારે લોકોના આ પ્રેમને, વિશ્વાસને તેમ જ આશ્રયને વધારે ને વધારે લાયક બનવું જોઈએ.

લોકોની જેમ જ સાથીઓની બાબતમાં પણ સેવકે નમ્ર રહેવું જોઈએ. "संघे शक्तिः कलौ युगे" — સંઘની મદદ વિના મહાત્માઓ પણ કશું કાર્ય કરી શકતા નથી, પછી સામાન્ય સેવકની વાત જ શી? અમુક કાર્ય મેં કર્યું, એનો ચાલક હું છું, એવી જાતનું અભિમાન સેવકમાં ન હોવું જોઈએ. કારણ, એને વસ્તુસ્થિતિનો આધાર નથી હોતો. સંઘથી જુદો પડેલો સેવક એ ઝાડથી કપાઈને અલગ થયેલી ડાળ જેવો છે — થોડા જ વખતમાં તે કરમાઈને સુકાઈ જાય છે.

(૧૦) **પ્રસ્તુત-ત્યાગ :** મોટાં કાર્યો કરવાના ઘેનમાં અથવા મોટાઈમાં સેવકે રોજ કરવાનાં સહજ-પ્રાપ્ત પરચૂરણ કર્તવ્યો ભૂલી ન જવાં જોઈએ. આવતી કાલે કરવાના મોટા કામને ખાતર આજનું નજીવું કર્તવ્ય પડતું ન મૂકવું જોઈએ.

શ્રી કિશોરલાલ મશરૂવાળાએ એક વખત કહ્યાનું યાદ છે કે, "જે માણસ નાનપણમાં માતૃ-પિતૃ-સેવક, પછી ગુરુ-સેવક અને મિત્ર-સેવક હશે તે જ મોટપણમાં દેશસેવક થઈ શકશે."

એથી ઊલટું, આપણા ઘણા દેશસેવકો ઘરની ડોશી સાથે તેમ જ કામવાળી સાથે તોછડાઈથી વર્તીને જનતા-માવડીની સેવા કરવા દોડી જાય છે. આ મુદ્દાનું થોડુંક વિવેચન આગળ બીજા અનુસંધાનમાં આવી ગયું જ છે, તેથી અહીં તેનો વિસ્તાર કરવાની જરૂર નથી.

(૧૧) **સેવ્યનાં લાડ :** લોકોને ઉપયોગી થવાની વધારે પડતી લાલસા પણ સેવકમાં ન હોવી જોઈએ. આ લાલસાને કારણે લોકોની હીન અથવા સદોષ વાસનાઓ સંતોષવા માટે તેણે પ્રયત્ન ન કરવો જોઈએ. સેવક એટલે કોઈ ગુલામ નથી કે શેઠ ફરમાવે તે હુકમનો વગર વિચાર્યે તે અમલ કરે. સેવક એ સમાજનો શિક્ષક છે, તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોની વૃત્તિઓનું નિયમન પણ કરવું જોઈએ. દાખલા તરીકે, ગામના રહેવાસીઓ ગામમાં ફેલાયેલા મરકીના વાવરનું નિવારણ કરવા માટે માતાને પાડાનો બલિ આપવાનો કાર્યક્રમ યોજે, તો તે સમારંભની વ્યવસ્થા કરવાનું કામ સેવકનું હરગિજ નથી; ઊલટું, તેમાં બને તેટલાં વિઘ્નો નાખવાં એ પણ તેનું કર્તવ્ય બને. પ્રસ્તુત લેખક બ્રાહ્મણ છે, તે એક દૂરના ગામડામાં રેંટિયાના પ્રસારને અંગે રહેતો હતો ત્યારે પ્રવાસ પરથી આભડછેટ થઈને આવેલા ગામના બ્રાહ્મણેતર લોકો પોતાની શુદ્ધિ માટે તેની પાસે '.ભટજીના હાથનું પાણી' માગવા આવતા. લોકપ્રિયતા મેળવવાના લોભથી તેણે કેટલાક દિવસ પાણી આપ્યું પણ ખરું. પણ થોડા જ વખત પછી પાણી આપવાનું બંધ કરી દીધું. લોકોને એમ થવા લાગ્યું કે, "કેવો દુષ્ટ છે આ બામણો ! મફતનું પાણી આપવા જેટલો પણ ઉપયોગી થતો નથી !"

સેવકે જેમ સેવા દ્વારા પોતાની આત્મોન્નતિ સાધવાની હોય છે, તેવી જ રીતે તેણે સેવ્યોને પણ ઊંચે ચડાવીને શુદ્ધ અને જાગ્રત બનાવીને તેમની સેવા કરવાની હોય છે. સેવ્યોના દુષ્ટ અથવા મૂર્ખતાભર્યા હેતુઓ સાથે સેવકે અસહકાર જ કરવો ઘટે. અલબત્ત, પોતાના અસહકારની પાછળ શી દૃષ્ટિ છે તે તેણે લોકોને સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૧૨) **વસીલાબાજી :** જાહેર કાર્યકર્તાઓને અનેક લાગવગ ધરાવનારા લોકો સાથે તેમ જ અધિકારીઓ સાથે પરિચય થાય છે. તેની નિઃસ્પૃહ વૃત્તિને લીધે તેમના મનમાં તેને વિષે આદર પેદા થાય છે, અથવા તેઓ તેનાથી કંઈક ડરીને રહે છે. તેથી પોતાનાં ઇષ્ટમિત્રોને નોકરી-ચાકરી મળે તે માટે અથવા બીજું કોઈ કાર્ય પાર પાડવા માટે વગ લગાડવી એ સેવક માટે સહેલું હોય છે. પણ સેવકે એવા લોભમાં ફસાઈને પોતાના પુણ્યનો ક્ષય ન કરવો જોઈએ. તે જ પ્રમાણે લોકોના ખાનગી હિતસંબંધોમાં તેણે માથું ન મારવું જોઈએ. ઉમેદવાર જો લાયક હોય તો અધિકારીઓ ન્યાયતઃ જ તેની પસંદગી કરશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પોતાનું વજન વાપરવું બિનજરૂરી છે; અને જરૂરી જ હોય તોય તેમ કરવું અનુચિત છે, એ સેવકે ધ્યાનમાં રાખવું જોઈએ. ઉમેદવારોને સામાન્ય ભલામણપત્રો એ આપે તો તેમાં કશો વાંધો નથી; પણ અમુક વ્યક્તિ માટે ખાસ ભલામણપત્રો તેણે ન આપવાં જોઈએ. સેવકનો બધો કારભાર ઉઘાડો હોવો જોઈએ. તેણે એવું કોઈ પણ કૃત્ય ન કરવું જોઈએ કે જે જાહેરમાં આવે તો તેને શરમાવું પડે.

(૧૩) **દયા ન ખાવી**: સેવ્યોનાં જેમ લાડ ન કરવાં તેવી જ રીતે તેમની ખોટી દયા પણ ન ખાવી જોઈએ. સેવ્યને સ્વાવલંબી બનાવવો, તેને પોતાની સેવાની જરૂર જ ન રહે તેમ કરવું, એ મોટામાં મોટી સેવા છે. બીજાને પોતે પોતાની જાતને મદદ કરતો કરવો એ જ આપણે તેને મોટામાં મોટી મદદ કરી કહેવાય. સેવકને પોતાને સેવાનો આનંદ અથવા મોટાઈ મળે એ લોભથી સેવ્યને દૂબળો, પંગુ અથવા પરાવલંબી ન બનાવવો. જે કામ એ પોતે કરી શકે તેવાં હોય તે તેને માટે સેવકે ન કરવાં જોઈએ. કેટલીક વાર તો એમ કરવા જતાં સેવ્યને પોતાનું અપમાન થયું એમ પણ લાગવાનો સંભવ છે. હરિજન સેવકોએ હરિજનોની વસ્તીમાં સફાઈ કરવા માટે જવું એ આમાંનો જ એક પ્રકાર છે. ઝાડુવાળાઓ પાસે પોતાની વસ્તી દરરોજ સાફ કરાવવી અને વરસમાં એકાદ દિવસ તેમની વસ્તી વાળવા જવું એના કરતાં એટલો એક દિવસ આપણે આપણા પોતાના હાથે પોતાની જ વસ્તી સાફ કરવી અને ઝાડુવાળાઓને તેમના રોજના કામમાંથી એટલો આરામ આપવો તેમ જ પોતાની વસ્તી સાફ કરવા માટે ફુરસદ આપવી એ શું ખોટું? તેમને પોતાની વસ્તીની સફાઈનું મહત્ત્વ ન લાગતું હોય તોપણ સેવકે બને ત્યાં સુધી તેમને પોતાને જ પોતાની વસ્તીની સફાઈ કરવા પ્રેરવા જોઈએ. કોઈ દિવસ સ્વયંસેવકોનું એક ટોળું તમારું જ ઘર અથવા આંગણું સાફ કરવા આવે તો તમને કેવું લાગે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવકે બીજાના દુઃખથી અસ્વસ્થ થવું એનો અર્થ એ કે તેમની સાથે જ પોતે પણ આરામ છોડી દઈને દુઃખનિવારણ માટેની ઉપાયયોજના કરવા મંડી પડવું; પણ તેમની દયા માત્ર તેણે કદી ન ખાવી જોઈએ. દુઃખ અથવા મુશ્કેલી એ માણસની કર્તૃત્વશક્તિ બતાવવા માટે એક આહ્વાન જેવું છે, એમ માનવું જોઈએ; તે કૃતિશૂન્ય શોકનું કારણ કદી ન બનવું જોઈએ. કોઈની દયા ખાવી એ તેનું અપમાન કરવા જેવું છે. સ્વાભિમાની માણસથી ગમે તેવી આપત્તિમાં બીજો પોતાની દયા ખાય એ સહન નહીં થાય. બીજો આપણી દયા ખાય તે સહન કરવું અથવા પોતે જ પોતાની દયા ખાવી એ માનસિક દુર્બળતા છે. આવી દુર્બળતાને સેવકે ન પોષવી જોઈએ. તેથી ગરીબને અથવા આફતમાં સપડાયેલાને મદદ કરવાની હોય ત્યારે તે 'તમે અમે મળીને આ આફતનું નિવારણ કરીએ; આ વખતે હું તમને મદદ કરું છું, તો ફરી કોક વાર મારે પણ તમારી મદદ લેવાની થશે,' એવી ભાવનાથી કરવી જોઈએ. બીજાને ભાર લાગે એવી રીતે 'ઉપકાર' કરવા કરતાં ચૂપચાપ બેસી રહેવું એ વધારે સારું છે. તે જ પ્રમાણે બીજો જેથી કરીને વેવલો, દૂબળો, સદાય પારકાની આશા રાખનારો, આયતું ખાનારો અથવા પરાવલંબી બને છે તે સેવા નહીં પણ એક અપકાર જ છે.

(૧૪) **सेवाने खातर दुष्कृत्यो :** પણ સેવાના માર્ગમાંનું સૌથી મોટું જોખમ અથવા સૌથી વધારે શોચનીય પ્રમાદ એ હોય છે કે, સેવક જે દુષ્કૃત્યો પોતાના સ્વાર્થને ખાતર ન કરે, તે સેવાકાર્યને નિમિત્તે કરવા માટે તૈયાર થાય છે. જે પોતાના લાભ માટે ખોટું બોલવાની હિંમત નથી કરતો, તે પરોપકારને માટે ખોટું બોલતાં ખચકાતો નથી. જે પોતાના પેટને ખાતર ચોરી, લુચ્ચાઈ અથવા વચનભંગ કે દગાબાજી ન કરે, તે દેશભક્તિને નામે એ બધું કરવામાં ગૌરવ માને છે. એનો અર્થ એ થયો કે, આપણા ખાનગી જીવનના આદર્શ અને સમૂહગત જીવનના આદર્શ એ જ મૂળમાં ભિન્ન, બલ્કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસ્પર વિરોધી છે. આપણી એવી કંઈ સમજણ હોય એમ દેખાય છે કે, નીતિઅનીતિનાં બંધનો આપણા ખાનગી જીવનને જ કેવળ લાગુ પડે છે, અને સંસ્થાઓના કારભારમાં અથવા રાજકારણમાં સાંઘિક સ્વાર્થ એ જ નીતિની એક માત્ર કસોટી છે. પરોપકાર એ ખાનગી જીવનનો આદર્શ છે, તો સંસ્થાનો અથવા સંઘોનો આદર્શ જાણે સ્વહિતને ખાતર પારકાનો ઘાત કરવો એ જ છે.

પણ આ એક ભ્રમ છે અને સેવામાર્ગની એક વિટંબણા છે. નીતિનિયમોનો ભંગ કરીને કોઈ પણ માણસ સેવા કરી શકતો નથી. સ્વામીનારાયણ સંપ્રદાયની **शिक्षापत्री** (શ્લોક ૭૩)માં કહ્યું છે કે,

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ।।

—કોઈ કાર્ય પુષ્કળ ફળ મેળવી આપનારું હોય તોપણ તે જો નીતિધર્મથી વિસંગત હોય, તો તે ન આચરવું જોઈએ; કારણ, ધર્મથકી પુષ્કળ કાર્ય જ નહીં પણ સંપૂર્ણ કાર્ય સિદ્ધ થાય છે.'' પુષ્કળ લાભ માટે સંપૂર્ણ લાભ જતો કરવો એ મંદબુદ્ધિનું લક્ષણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

સેવકની સાધનસંપત્તિ

સાધકવૃત્તિ : સેવક એટલે કેવળ ‘કાર્યકર્તા’ નહીં. જેને હાથે ઘણું કાર્ય થાય છે તે મહાન સેવક એમ તો કોઈ જ કહેશે નહીં. તે કાર્ય સત્કાર્ય હોવું જોઈએ, લોકકલ્યાણકારી હોવું જોઈએ; કેવળ કેટલાક લોકોના હિતનું અને બીજાઓના અહિતનું હોય એ પણ ન ચાલે. આવું સત્કર્મ સદ્ભાવનાઓની પ્રેરણા વિના ભાગ્યે જ સંભવે; અને સદ્ભાવના અથવા સદ્વૃત્તિને યથાર્થ જ્ઞાનનો આધાર હોય એ પણ જરૂરી છે. કામનો પસારો અને મહેનત એ સેવકનું મુખ્ય લક્ષણ નથી, પણ સદ્વૃત્તિ અને યોગ્ય દૃષ્ટિ એ વધારે મહત્ત્વનું લક્ષણ છે. અમુક એક દૃશ્ય કાર્ય પાર પાડવું અથવા પરિણામ ઉપજાવવું એમાં જ સેવકની ઇતિકર્તવ્યતા નથી; પણ આત્માની ઉન્નતિ અને તેથી મળતી શાંતિ, સંતોષ, આનંદ એ જ સેવાનું ધ્યેય છે. બીજી રીતે કહીએ તો એમ કહી શકાય કે, સેવક એ મૂળે સાધક છે; પરંતુ વ્યક્તિને સમાજથી જુદું અસ્તિત્વ નથી; વ્યક્તિનાં સુખદુ:ખ, હિતાહિત અને ઉન્નતિ-અવનતિ, એ બધાં સમાજનાં સુખદુ:ખ, હિતાહિત અને ઉન્નતિ-અવનતિની સાથે સંકળાયેલાં છે; તેથી સાધકનું કાર્ય કોઈ ગુફામાં બેસીને કેવળ ઈશ્વરચિંતન કરવાથી પાર પડતું નથી. સમાજમાં રહીને સમાજને પોતાની સાથે લઈ જવાની જરૂર રહે છે. મૂળે સાધક હોય તે આવી રીતે સેવકનું રૂપ ધારણ કરે છે; તેને પોતાનું તેમ જ સમાજનું સાચેસાચું એટલે પારમાર્થિક હિત સાધવાનું હોય છે. પરમાર્થસાધન એ જ તેના જીવનનું મધ્યબિંદુ હોઈને તેના બધા કાર્યક્રમો એ મધ્યબિંદુની આસપાસ ગોઠવાયેલા હોવા જોઈએ. યોગી અરવિંદના આશ્રમમાં રહેતા શ્રી. દિલીપકુમાર રાયનું નીચેનું અવતરણ આ બાબતમાં અત્યંત મનનીય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શ્રી. રામકૃષ્ણ પરમહંસ હંમેશ કહેતા કે, ઈશ્વરી આદેશ અનુસાર કાર્ય કરવા માટે દોડી જતાં પહેલાં સેવકને પ્રથમ ઈશ્વરનો આદેશ (ચપરાસ) મળવો જોઈએ. દાઝ કે લાગણી ગમે તેટલી તીવ્ર હોય, પણ જ્યાં સુધી તેને આકાશસ્થ વૈદ્યરાજ તરફથી સહીસિક્કાવાળી સનદ મળી નથી, ત્યાં સુધી તે દુઃખિતોને સુખ નહીં આપી શકે. પરમેશ્વરનાં સંતાનોની સાચી અને ટકાઉ સેવા કરતાં પહેલાં સેવકે પરમેશ્વરની પ્રાપ્તિ કરેલી હોવી જોઈએ." *

સાધકની સાધના સાચી હોય તો બીજાઓને તેનો લાભ આપોઆપ મળશે; પણ તે સાચી ન હોય તો બધો પરોપકાર વ્યર્થ છે. વિશ્વને ભૂલી જઈને આત્માની શોધ કરીએ તો જ વિશ્વનો આત્મા હાથમાં આવે છે.

કેટલાક દેશભક્તો બધી જાતના નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક અથવા પારમાર્થિક સવાલોની બાબતમાં બેપરવા રહેવામાં અથવા તે વિષે તિરસ્કારની લાગણી રાખવામાં ગૌરવ માને છે; પણ તેમાં તેઓ ભીંત ભૂલે છે. તેઓ પોતાની જાતને જ ઓળખતા નથી હોતા. આપણે ક્યાં જવું છે તે જાણ્યા કર્યા વિના આપણે પૂરજોસથી દોટ મૂકીએ એટલે થયું એમ બિચારાઓને લાગતું હોય છે. પરિણામે તેમને ભાગે સરવાળે માત્ર ત્રાસ અને થાક આવે છે. આ વ્યર્થ થાક અથવા ત્રાસ—અને તેની સાથે જ દુનિયાને પણ થતો ઉપદ્રવ—ટાળવો હોય તો સેવકમાં સાધકવૃત્તિ હોય એ પહેલી જરૂરિયાત છે. સાધકવૃત્તિવાળા સેવક તરફથી પણ ભૂલથી દુનિયાને ઉપદ્રવ નહીં પહોંચે એમ નથી; પણ એ ભૂલ ધ્યાનમાં આવતાં જ તે તેને સુધારી શકે છે. દુનિયાના હિતાહિત વિષે બેપરવા રહેવાની મૂળભૂત ભૂલ તો ઓછામાં ઓછું તે નથી જ કરતો.

[**ખુલાસો**: હવે પછી અમે જે સદ્‌ગુણોનું વર્ણન કરવા માગીએ છીએ, તે બધા આ સાધકવૃત્તિમાંથી નિષ્પન્ન થતા ઉપસિદ્ધાંતો જ છે. પરંતુ એમ કરતા પહેલાં એક ખુલાસો કરવાનું જરૂરી લાગે છે.

---

* कल्चरल हेरिटिज ऑफ इंडिया, ખંડ ૩, પાન ૫૯; રામકૃષ્ણ મિશન દ્વારા પ્રકાશિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જે સેવકનું સ્વરૂપ ચીતરવા માગીએ છીએ. તે આદર્શ સેવકનું છે. બધા જ આદર્શોની સ્થિતિ એવી હોય છે કે તે મોટે ભાગે પ્રત્યક્ષ વહેવારમાં ઊતરેલા ક્યાંય જોવામાં આવતા નથી. ભક્ત, જ્ઞાની, સ્થિતપ્રજ્ઞ વગેરેનાં જે વર્ણનો આપણે વાંચીએ છીએ તે બધાં આદર્શ ભક્ત, આદર્શ જ્ઞાની વગેરેનાં હોય છે. એવો આદર્શ ભક્ત વર્તમાનકાળમાં એકે નહીં મળે, ભૂતકાળમાં પણ કદી નહીં થયો હોય, તેમ જ નજીકના ભવિષ્યમાં તો પેદા થવાનો નથી. તેમ છતાં ભક્તાનું ભક્તત્વ એ આદર્શમાં જ રહેલું છે. તે તેની શરીરની ઊંચાઈમાં કે કાંતિમાં અથવા તેના કળાકૌશલ્ય વગેરેમાં નથી. આવી રીતે આદર્શનું વાસ્તવિક અસ્તિત્વ ન હોય તોપણ આદર્શ એ જ વાસ્તવિક સૃષ્ટિનો નિયંતા છે. આદર્શ સેવક બધા દોષોથી પર છે, જ્યારે વાસ્તવિક સેવકો હરેક પ્રકારના દોષોથી ઓછાવત્તા પ્રમાણમાં ભરેલા હોવાના. આદર્શ સેવક સિદ્ધ છે, જ્યારે વાસ્તવિક સેવકો સાધકો છે. તે પૂર્ણ છે, આ અપૂર્ણ જ હોવાના. વાસ્તવિક સેવકો અનેક છે, જ્યારે આદર્શ સેવક એક જ છે, બલ્કે, એકેય નથી. તેમ છતાં બધા વાસ્તવિક સેવકોનો પ્રયત્ન એ અવાસ્તવિક આદર્શને પહોંચવા માટે જ હોય છે. એ દૃષ્ટિથી આદર્શ સેવક એ જ અસલ અને વાસ્તવિક સેવકો એ તેની નકલો છે.

રંગ અને પીંછીની મદદથી ચિત્રકાર જ્યારે કાગળ કે કાપડ પર ચિત્ર દોરે છે, ત્યારે એ ચિત્ર તેની કલ્પનામાં જે અસલ ચિત્ર હોય છે તેની અપૂર્ણ નકલ જ હોય છે. મૂર્તિકારની કલ્પનાની મૂર્તિ એ તેણે ઘડેલી પથ્થરની મૂર્તિ કરતાં કેટલીય વધારે સુંદર હોય છે. (ગવૈયાના કંઠમાંથી નીકળતા આલાપ એ તે જ આલાપોની રેકર્ડો કરતાં જેમ વધારે 'સાચા' છે, તે જ પ્રમાણે કલ્પનામાં કલ્પેલું ચિત્ર અથવા મૂર્તિ પ્રત્યક્ષ ચિત્ર કે મૂર્તિ કરતાં વધારે સાચી છે; અને એ જ ન્યાયે આદર્શ સેવક વાસ્તવિક સેવકો કરતાં વધારે સાચો છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિતિના 'સાચા' બિંદુને ચોક્કસ સ્થાન હોય છે પણ લંબાઈ કે પહોળાઈ બિલકુલ હોતી નથી; તે જ પ્રમાણે 'સાચી' રેષાને લંબાઈ હોય છે પણ પહોળાઈ બિલકુલ હોતી નથી. 'સાચું' બિંદુ અથવા 'સાચી' રેષા વાસ્તવિક સૃષ્ટિમાં કયાંય જોવા મળતાં નથી, તોપણ ભૂમિતિશાસ્ત્રના બધાં પ્રમેયો આ કાલ્પનિક અને તેથી જ સાચાં બિંદુ અને રેષા પર રચાયેલાં હોય છે. વિદ્યાર્થી ગમે તેટલો હોશિયાર હોય તોપણ તેણે ટપકાવેલું દરેક બિંદુ એ વર્તુળ અને દોરેલી દરેક રેષા એ લંબચોરસ જ હોવાની. પણ એટલા ઉપરથી ભૂમિતિની મૂળ વ્યાખ્યાઓ જ શિથિલ કર્યે ન ચાલે; એમ કરવા જતાં એ શાસ્ત્રની પ્રગતિ જ અટકી પડે.

સેવકનો આદર્શ પણ કોઈ પણ વ્યક્તિમાં પૂરેપૂરો ઊતરેલો આપણને જોવા નહીં મળે. સારામાં સારા સેવકમાં પણ કાંઈક દોષો અથવા ઊણપો હોવાની જ. પરંતુ આપણે આદર્શને પહોંચી શકતા નથી એટલા માટે આદર્શને નીચે ખેંચવો એ યોગ્ય નહીં થાય.

આદર્શ સેવકનું હવે પછીનું વર્ણન વાંચતી વખતે આટલો ખુલાસો ધ્યાનમાં રાખવો જરૂરી છે. સેવક એ સાધક છે એમ અમે ઉપર કહ્યું, પણ વર્ણન તો અમારે સિદ્ધનું જ કરવું પડશે. કોઈ પણ સાધકે સિદ્ધના ગુણો અને પોતાની ઊણપો એ બે વચ્ચેનો તફાવત જોઈને નાહિંમત થવાનું કારણ નથી; તે જ પ્રમાણે પોતાની ઊણપોમાં જ સંતોષ માનવો એ પણ યોગ્ય નથી. આપણામાં બધી જાતની ખામીઓ છે, પણ એ જ ખામીઓ તેમની સાથે ઝઘડીને પોતાનો પુરુષાર્થ બતાવવા માટે સારામાં સારી તક છે. બીજી એક વાત આપણે ધ્યાનમાં લેવી જોઈએ તે એ કે, સેવક એ કોઈ નોખી જાતિ અથવા ધંધો નથી. વસતી-ગણતરીમાં જેમની સેવક તરીકે નોંધ થઈ હોય તેવા સેવકના 'સિક્કાવાળા' સેવકોએ જ હવે પછી જે લક્ષણો અમે કહેવાના છીએ તે પોતાનામાં ઉતારવા જોઈએ એમ નથી. દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ ઓછાવત્તા પ્રમાણમાં જેમ 'ભક્ત', 'જ્ઞાની', અથવા 'ગૃહસ્થ' હોય છે, તે જ પ્રમાણે તે સેવક પણ હોય છે.]

आस्तिकता अथवा श्रद्धा : આસ્તિકતા, ઈશ્વર વિષે અથવા અંતિમ મંગલતા વિષે શ્રદ્ધા, એ સેવકના શરીર પરનું બખ્તર છે. નિરાશા, નિષ્ફળતા કે કટોકટીને પ્રસંગે તે તેનું રક્ષણ કરશે. જીવન એ એક સનાતન યુદ્ધ છે. સુમતિ અને કુમતિ, સત્ય અને અસત્ય, જ્ઞાન અને અજ્ઞાન, પ્રકાશ અને અંધકાર, ચૈતન્ય અને જડતા, જાગૃતિ અને નિદ્રા, એમની વચ્ચે અસંખ્ય મોરચા ઉપર અસંખ્ય અથડામણો કે લડતો ચાલુ હોય છે. તેમાં સત્પક્ષ ઘણી વખત હાર્યો દેખાય; અન્યાય, જુલમ, દંભ, સ્વાર્થ વગેરેની સરસાઈ થાય; સજ્જનોની કનડગત અને દુર્જનોની ચડતી થતી દેખાય; તોપણ તેથી સૈનિકે એટલે કે સેવકે ગભરાવાનું અથવા નાહિંમત થવાનું જરાયે કારણ નથી. सत्यमेव जयते नानृतम्। સત્યનો જ જય થવાનો, અસત્યનો કદી નહીં, એવી તેણે પાકી ખાતરી રાખવી જોઈએ.

વિશ્વ એ કોઈ અંધાધૂંધીવાળું અથવા કેવળ અવ્યવસ્થાવાળું તંત્ર નથી; પણ એક સુવ્યવસ્થિત, સુનિયંત્રિત અને સુસંગઠિત રચના છે. તે કોઈ ગાંડાનો અસંબદ્ધ પ્રલાપ નથી, પણ એક મહાકવિનું મધુર કાવ્ય છે. વિશ્વના નિયંતા, વિધાતા, આત્મા, પ્રાણ જેવું કાંઈક છે; અને એને જ ઘણા લોકો ઈશ્વર કહે છે. તે સત્ય–શિવ–સુંદર, સર્વવ્યાપી, સર્વદર્શી અને સર્વશક્તિમાન છે; ન્યાયી અને કૃપાળુ છે; તે અતિ અલ્પ વસ્તુની પણ ઉપેક્ષા કરતો નથી; દરેકના યથાયોગ્ય પોષણની તે ચિંતા કરે છે. તે જ આપણને જન્મ આપે છે, પોષે છે, અને યથાકાળ દેહમુક્ત પણ કરે છે.

તે અમ પ્રાણીઓનો શિક્ષક છે; વિશ્વ એ તેની પાઠશાળા છે; તે વિદ્યાર્થીઓને અઘરામાં અઘરા અને તેમની બુદ્ધિ કુંઠિત થાય એવા સવાલ પૂછે છે; પણ તેની સાથે જ દરેક વિદ્યાર્થીની સતત પ્રગતિ થાય એની જવાબદારી તેણે માથે લીધી છે. "न मे भक्तः प्रणश्यति —

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો ભક્ત નાશ નહીં પામે," એવો તેનો ઢંઢેરો છે. આવી શ્રદ્ધા જ નિષ્ફળતા ને કસોટીને વખતે સેવકને ધીરજ આપશે. બાહોશ તારાને જેમ સમુદ્રનાં ઊછળતાં મોજામાં તરવાની વિશેષ મજા પડે છે, તેવી જ રીતે ધીરોદાત્ત વૃત્તિના સેવકને ચારે કોર સંકટો ઘેરાયાં હોય એવે વખતે બમણા ઉત્સાહથી પ્રયત્ન કરવાની તમન્ના થાય છે. મહાન ધ્યેયોની પૂર્તિને માટે સંકટોનો સામનો કરવામાં જે આનંદ અને ધન્યતા છે, તે ધ્યેયવિહોણા સુખી જીવનમાં નથી. બર્નાર્ડ શૉએ એક ઠેકાણે કહ્યું છે તેમ, "જીવનનો સાચો આનંદ એ જ છે કે, માણસે પોતે સ્વેચ્છાપૂર્વક જે મહાન ધ્યેય નક્કી કર્યું હોય તેને માટે પોતાનું જીવન અર્પણ કરવું; જરાજીર્ણ થતાં પહેલાં પોતે કરેલા શ્રમથી થાકીપાકીને ઘસાઈ જવું. ઘણાખરા લોકો પોતપોતાના નાનકડા સંસારમાં અને એ સંસારનાં નજીવાં દુઃખોમાં અને ફરિયાદોમાં કે રોદણાં રડવામાં મશગૂલ હોય છે; દુનિયા મારા સુખને માટે કાંઈક કરે, એવી તેમની અપેક્ષા હોય છે; અને દુનિયા તે નથી કરતી એટલા માટે 'તેઓ મનમાં ને મનમાં બળ્યા કરે છે. પણ આવા ક્ષુદ્ર, સ્વાર્થી અને દુઃખી જીવન કરતાં વિશ્વશક્તિના હાથમાંનું હથિયાર બનીને રહેવું એ કેટલું બધું ઇચ્છવાયોગ્ય છે?"

ગંભીરતા : આવી શ્રદ્ધાને પરિણામે સેવકમાં ગંભીરતા આવશે. નરદેહ એ આપણને સોંપાયલી એક મોટી થાપણ છે; તેનું આપણે સાર્થક કરવું જોઈએ. આ જન્મની ક્ષણેક્ષણ ઘણી કીમતી છે. બીજા માણસો, આપણા પડોશીઓ અને સોબતીઓ બધાં ઈશ્વરની મૂર્તિઓ છે. તેમને પોતાને એનું ભાન ભલે હોય કે ન હોય, પણ આપણે તેમનું સત્ય સ્વરૂપ ઓળખી શકીએ છીએ. તેથી સેવક કોઈ પણ માણસ વિષે બેપરવા અથવા બેદરકાર નહીં રહે; કોઈ પણ વસ્તુની ઉપેક્ષા કે અવગણના નહીં કરે.

બધાં માણસો ઈશ્વરનાં સંતાનો છે, બધાનાં અંતરમાં એક જ આત્મા રમે છે. માણસમાત્રમાં — દુષ્ટમાં દુષ્ટ માણસમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— ધર્મબુદ્ધિ વસે છે. દરેક માણસ જ્ઞાન, ભક્તિ અને સત્કર્મને જોરે આત્મપ્રાપ્તિ અથવા ઈશ્વરસાક્ષાત્કાર કરવાની લાયકાત ધરાવે છે. નરદેહ મોક્ષનું સાધન છે; તેનો મહિમા ઘણો મોટો છે; આ નરદેહનું આપણે સાર્થક કરવું જોઈએ; નરદેહધારી દરેક આત્માને વિષે આપણે આદરબુદ્ધિ રાખવી જોઈએ; આવું અખંડ ભાન હોવું તેનું નામ ગંભીરતા.

પ્રસન્નતા : અલબત્ત, આ ગંભીરતા તે કાંઈ માણસને નાસીપાસ કરનારી, તેનું મોઢું દીવેલ પીધા જેવું કરનારી અથવા તેને ઉદાસીન બનાવનારી નહીં હોય. ગંભીરતાની સાથે જ પ્રસન્નતા પણ પૂરેપૂરી હશે. પરમેશ્વરની સૃષ્ટિમાં જે કાંઈ છે તે બધું યથાયોગ્ય જ છે. આ વિશ્વરૂપી ગ્રંથમાં ડગલે ને પગલે જાતજાતના કોયડાઓનો ઉકેલ કરવો પડે છે; પણ દરેક કોયડાનો જવાબ છેવટે મળી જ રહે છે. કોયડાનો ઉકેલ આવે ત્યાં સુધી થોડીક બેચેની રહે છે ખરી; પણ તે વિના કોયડો ઉકેલવાનો આનંદ પણ કેવી રીતે મળે?

દુનિયામાં દુઃખ છે, પણ એ દુઃખ પણ જીવિતસંરક્ષણને માટે જરૂરી છે. આપણો હાથ દેવતાને અડકતાં દાઝે છે અને કળતર થાય છે, એ આપણા ભલા માટે જ છે. હાથ ન દૂખે તો તે બળી જાય ત્યાં સુધી માણસ દેવતા પાસેથી દૂર નહીં હટે. અતિ ભોજનથી પેટમાં ન દુખે તો મરવાની અણી પર ન આવે ત્યાં સુધી માણસો ખાતાં નહીં અટકે. આવી રીતે દુનિયામાં ઉપરઉપરથી જે અનિષ્ટો દેખાય છે, તે પરમેશ્વરે અંતે આપણા હિતને માટે જ યોજેલાં હોય છે. તેની યોજનાઓ આપણા ધ્યાનમાં હંમેશ નથી આવતી એટલું જ.

ઊંડી લાગણીની સાથે જ સેવકમાં થોડીક વિવેકી વૃત્તિ, ખેલદિલી (સ્પોર્ટ્સ્મનશિપ), અને અલિપ્તપણું પણ હોવું જોઈએ; સુખના કે દુઃખના, સન્માનના કે અપમાનના, કર્તવ્યપાલનના કે એશ-આરામના — ટૂંકમાં, સારા નરસા હરકોઈ પ્રસંગમાં માણસે સર્વાંશે મશગૂલ અથવા તલ્લીન ન થતાં કે ડૂબી ન જતાં તે તે વસ્તુઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્યાદાઓનું જ્ઞાન કે ભાન, તેમ જ તે તે પ્રસંગ તરફ અલિપ્ત અથવા તટસ્થ દૃષ્ટિથી જોવાની શક્તિ ટકાવી રાખવી જોઈએ. આ શક્તિ હોય તો માણસ કોઈ પણ પ્રસંગનું 'અતિતરણ' કરી શકે છે; ગમે તેટલું ઊંડું પાણી હોય તોપણ તેનું માથું પાણીની સપાટીની ઉપર જ રહે છે.

નમ્રતા : બધાં માણસો એક જ પરમેશ્વરની મૂર્તિઓ છે; તે બધા આત્માઓ છે; બહારથી નાનામોટા, કાળા ગોરા, સુરૂપ કુરૂપ, તવંગર ગરીબ, વગેરે ગમે તેટલા ભેદો હોય તોપણ મૂળમાં એક જ ચૈતન્ય બધામાં રમી રહ્યું છે, એ ભાનથી સેવકના મનમાં સમબુદ્ધિ પેદા થશે; અને એ સમબુદ્ધિમાંથી જ નમ્રતા જન્મે છે. નમ્રતા એટલે ઓશિયાળાપણું, વેવલાપણું, બાઘાઈ અથવા હીનત્વભાવ જ નહીં, પણ નમ્રતા એટલે માણસમાત્રને વિષે આદરની લાગણી. નમ્રતામાં આત્મવિશ્વાસ, સ્વાભિમાન, અથવા આત્મ-આદર પૂરેપૂરાં હશે. પોતાને વિષે આદર હોવાથી જ બીજાઓને વિષે હશે; અને બીજાઓને વિષે હોવાથી પોતાને વિષે પણ હશે. નમ્ર માણસ હીન–દીનનો તિરસ્કાર નહીં કરે, તેમ જ મોટા લોકોના રુઆબથી અંજાઈ પણ નહીં જાય. હીન–દીન લોકોમાં પણ ચાતુર્ય, દિલદારપણું અને શાલીનતા મોટા પ્રમાણમાં હોય છે; અને રુઆબદાર ચહેરાની નીચે ડરપોકપણું, કૃપણતા, મત્સર ઇત્યાદિ સંતાયેલાં હોય છે. સેવકની ભેદક દૃષ્ટિ ઉપર ઉપરથી દેખાતાં દીનતા અને મિજાજીપણાને ભેદીને અંદર રહેલી સામાન્ય માણસાઈનું દર્શન કરશે. નમ્રતામાં નિર્ભયતા પણ હશે. "दुर्जनम् प्रथमं वन्दे सज्जनम् तदनन्तरम् – દુષ્ટને પ્રથમ વંદન કરવું જોઈએ, સજ્જનને તે પછી નિરાંતે કર્યું હોય તોય ચાલે." એ પદ્ધતિ નમ્રતામાં ન ખપે.

સેવક ગુલામ નથી, ધણી પણ નથી. તે છે મિત્ર. પોતાનાં ચૈરાંછોકરાંનો, નોકરચાકરોનો તેમ જ રાજામહારાજાઓનો પણ તે મિત્ર જ છે. તે શિક્ષક કે પાલક હોય તોપણ પોતાના તાબાના આત્માઓનો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજારી છે; વિકસતાં ફૂલોનો સાચવનાર તેમ જ ઉછેરનાર માળી છે; અપરિચિત મુસાફરોનો ભોમિયો છે. એ મુસાફરો આ વિશિષ્ટ મુલકથી અપરિચિત હોય તો પણ તેમનું એકંદર દુનિયાનું જ્ઞાન ભોમિયાના સ્થાનિક જ્ઞાન કરતાં અનેકગણું શ્રેષ્ઠ દરજ્જાનું હોવાનો સંભવ છે, એનું ભાન આ સેવક ભોમિયાને હશે. સેવક કોઈ વરિષ્ઠ અમલદાર હોય તો પણ અધિકારનો અમલ અથવા નશો તેને નહીં ચડે. મારા હાથ નીચેના માણસોનો હું સેવક છું એ ભાવનાથી જ તે પોતાનો અધિકાર ચલાવશે. અનંત કોટિ બ્રહ્માંડો ચલાવનાર ઈશ્વરની સૃષ્ટિમાં આપણું આ ઐહિક જીવન એક પહોરનું નાટક છે. આ નાટકમાં મને રાજાની ભૂમિકા મળી તેથી મારે મારા હજૂરિયાને ઓછો લેખવાનું કારણ નથી. રાજા ને ખવાસ એ ભેદ તાત્પૂરતા અને ઉપલકિયા છે; અને રાજાનો ભાગ ભજવે તે કુશળ નટ, અને હજૂરિયાનું કામ કરે તે આવડત વિનાનો, એમ પણ નહીં કહી શકાય.

નમ્રતા એટલે મહત્ત્વાકાંક્ષાનો સંપૂર્ણ અભાવ. સેવકને કાર્યની આકાંક્ષા હોવી જોઈએ. "अवघाचि संसार सुखाचा करीन – આખી દુનિયાને સુખી બનાવીશ," "ज्ञानदीप लावूं जगीं – દુનિયામાં જ્ઞાનદીપ પ્રગટાવીશું," "पिटूं भक्तीचा डांगोरा । कळिकाळाशीं दरारा – ભક્તિનું નગારું વગાડીશું અને કલિકાળને પણ બીવડાવીશું," એવી એવી અમર્યાદ આકાંક્ષાઓ સેવક જરૂર સેવે. પરંતુ વ્યક્તિગત પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, નામના, માનઅકરામ, સત્તા, વગેરેની રજમાત્ર લાલસા તેનામાં ન હોવી જોઈએ; નહીં તો સેવાને નામે અનેક જાતના અનર્થ થાય છે. તેથી નમ્રતા અને નિરપેક્ષતા એ સેવાયોગનો પહેલો પાઠ છે.

અક્રોધ: નમ્રતામાંથી અક્રોધ સ્વાભાવિકપણે જ ઉદ્‌ભવે છે. ક્રોધમાં તુમાખી હોય છે, સત્તાની કે ઉપરીપણાની ભાવના હોય છે. સેવક કોઈનો પણ વરિષ્ઠ નથી હોતો, એટલે તે ગુસ્સે પણ થાય કોના ઉપર?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ પ્રમાણે સેવક એ કર્મયોગી છે. અને કર્મયોગ એટલે કાર્યકુશળતા – "योगः कर्मसु कौशलम् ।" ક્રોધ આવવો એ અનાડીપણાનું અથવા દુર્બલતાનું લક્ષણ છે. વિદ્યાર્થી દાખલો ન સમજે એટલે આવડત વિનાનો શિક્ષક એકદમ ગરમ થાય છે. કુશળ શિક્ષક તેને સમજાવવાની જાતજાતની યુક્તિઓ યોજી શકે છે, તેથી તે મિજાજ ગુમાવતો નથી. અનાડીપણાને લીધે ક્રોધ આવે છે અને ક્રોધને લીધે બુદ્ધિ લૂલી પડે છે, દૃષ્ટિ આંધળી બને છે. દુર્બળતાને લીધે ક્રોધ આવે છે અને વળી ક્રોધને લીધે શક્તિનો ક્ષય થાય છે અને દુર્બળતા વધે છે. સાવધાનતા અને શક્તિસંગ્રહ બંનેને ક્રોધ બહુ મારક છે. "એક વાર ક્રોધ આવ્યો કે બારબાર વરસની તપશ્ચર્યા પર પાણી ફરી વળે છે," એમ જે કહેવાય છે તે અક્ષરશઃ સાચું છે. ક્રોધને કારણે પોતાની કાર્યશક્તિ ફોગટ જવા દેવી એ સેવકને પરવડે તેમ નથી.

वात्सल्य :

न त्वहं कामये राज्यम् । न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानाम् । प्राणिनामार्तिनाशनम् ।।

ના હું ઇચ્છું સ્વર્ગ વા ઇહ-ઋદ્ધિ,
ના હું ઇચ્છું જન્મમૃત્યુથી મુક્તિ;
હું તો ઇચ્છું નમ્રભાવે દયાળો,
સૌ પ્રાણીનાં દુઃખનો નાશ થાઓ.

દુનિયામાં જુલમ, ઝઘડા, અણબનાવ સારી પેઠે છે અને એ બધાં દુઃખનું કારણ બને છે એ સાચું છે. તેમ છતાં ઘણુંખરું દુઃખ મૂળે કાલ્પનિક જ હોય છે. દરેક માણસને એમ લાગતું હોય છે કે, હું દુઃખી છું, દુનિયા મને કનડે છે. આ કલ્પના જ ઘણાંખરાં દુઃખોનું મૂળ છે. નિશાળમાં છોકરાઓ જેમ ત્રાસેલા હોય છે તેમ જ શિક્ષકો પણ પોતાની દૃષ્ટિથી ત્રાસેલા હોય છે. વીશીના ઘરાકોની જેવી ફરિયાદો હોય છે તેવી જ તે ચલાવનારાઓની પણ હોય છે. દરેકને પોતાનાં દુઃખો અને બીજાનો જુલમ એટલું જ દેખાય છે. શેઠની ફરિયાદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરોનાં દુઃખો કરતાં તલભાર પણ ઓછી હોતી નથી. સાસુ અને વહુ, જેલર અને કેદી, રેલવેનો ટિકિટ માસ્તર અને પૅસેન્જર, બધાં જ પોતપોતાની રીતે ત્રાસેલાં હોય છે. બધાંની જ વિના અપરાધે કનડગત થતી હોય છે. આમાં એકમાત્ર અપવાદ છે અને તે સેવકનો. એ જ એકલો હંમેશ સંતુષ્ટ, હંમેશ પ્રસન્ન, અને હસમુખો હોય છે. જુલમ અને રંજાડ એને ભાગે આવતા જ નથી.

ત્યારે સાચો દુઃખી કોણ? જે પોતાની જાતને દુઃખી માને છે તે. સેવકને મુશ્કેલીઓ આવશે, પણ દુઃખનો ભેટો નહીં થાય; કારણ દુઃખ એ કલ્પનાની રમત છે. મુશ્કેલીઓને લીધે જે નાસીપાસ થાય છે તેને જ દુઃખની બાધા થાય છે. જે એ મુશ્કેલીઓનો સામનો કરીને શાંત ચિત્તે તે માટે ઉપાયયોજના કરે છે તેની આગળ દુઃખનું કશું ચાલતું નથી. દુઃખ એ નવસર્જનનું એક આવશ્યક પગથિયું છે એમ માનીને જે તેનું હર્ષભેર સ્વાગત કરે છે, તેને માટે દુઃખ જ સુખરૂપ બને છે. ઘણા મોજ ખાતર મુસાફરીએ જાય છે; એ મુસાફરીની ખરી મોજ જાતજાતની અગવડો અને મુશ્કેલીઓ વેઠવામાં જ હોય છે. ઉમદા પ્રવાસી તેથી દુઃખી કે નાહિંમત થતો નથી.

ચીડિયાપણું એ નિર્બળતાનું લક્ષણ છે. દૂબળા અથવા ગજા ઉપરાંત શ્રમ કરનાર માણસો જ સામાન્યપણે ચિડકણા હોય છે. બળવાન માણસ ક્ષમાશીલ હોય છે, 'ક્ષમા'નો અર્થ જ સામર્થ્ય છે. લુચ્ચાઈ, જુલમ, વગેરે જેવા દોષો પણ ડર, મૂંઝવણ, 'મારું શું થશે?' એની ચિંતા, વગેરેમાંથી જ જન્મે છે. આત્મરક્ષણ માટેની આવડત વિનાનાં ફાંફાંનાં જ તે લક્ષણો છે. જેમને જીવનની કલા અવગત થઈ નથી તેઓ જ આવાં ફાંફાં મારે છે. જેને તરતાં આવડતું નથી તે માણસ પાણીમાં પડે છે ત્યારે હાથપગ ખૂબ જોરથી પછાડે છે, અને એટલું કરવા છતાં ડૂબકાં ખાય છે અને પાસેના માણસને વળગીને પોતાની સાથે તેને પણ ડુબાડે છે. પરંતુ જેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરતાં આવડે છે તે શાંત અને સ્વસ્થચિત્ત રહે છે; પોતે સહેલાઈથી તરે છે અને બીજાને પણ આધાર આપી શકે છે.

સંસારના મહાસાગરમાં પણ સેવક આવી રીતે જ અનાયાસે તરે છે અને બીજાઓને ધીરજ અને આધાર આપે છે. માણસ-માત્રને વિષે તેના મનમાં કારુણ્ય અને વાત્સલ્ય રહેલું હોય છે. તેની સાથે બીજો દુર્વર્તન કરે તોપણ તેનું વર્તન અજ્ઞાન, દુર્બળતા, ભીતિ, દુઃખી મનઃસ્થિતિ વગેરેનું પરિણામ છે એ ઓળખીને તે એવા માણસની સાથે સવિશેષ મૃદુતાથી વર્તે છે અને તેના દુઃખનું સાંત્વન કરવાનો વિશેષ પ્રયત્ન કરે છે. સેવક 'સહનશીલ' હશે, એમ કહેવું પણ અસ્થાને છે; કારણ, સહનશીલતા બતાવવા માટે પ્રથમ ક્લેશનું ભાન જોઈએ. સેવકને ક્લેશ જાણવાની ઇન્દ્રિય જ નથી હોતી તેથી તે કોને વિષે સહનશીલતા ધારણ કરે?

भूतांची दया हें भांडवल संतां । आपुल्या ममता नाहीं देहीं ।।
तुका म्हणे सुख पराविया सुखें । अमृत तें मुखें स्त्रवतसे ।।

એવી જ રીતે, "तुका म्हणे आतां । उरलों उपकारापुरता ।।

"પ્રાણીમાત્ર વિષે દયાભાવ રાખવો એ સંતોની મૂડી છે. પોતાના દેહ વિષે તેમનામાં મમત્વ નથી હોતું. પારકાના સુખથી તેમને સુખ થાય છે; તેમના મોઢામાંથી અમૃત સ્રવે છે.

"વળી તુકા કહે છે, હવે તો કેવળ ઉપકાર કરવા માટે જ હું રહ્યો છું."

અપરિગ્રહ: આખો સમાજ એ જ સેવકનું કુટુંબ. બધા જ લોકો એના અને તે બધા લોકોનો. આવી જાતનો અભેદ જ્યાં થયો ત્યાં સેવકની પોતાની, ખાનગી વસ્તુઓ કે માલમિલકત ક્યાંથી હોઈ શકે? અને હોવાની જરૂર પણ શી? સામાન્ય કુટુંબોમાં પણ ઘેરઘેર દરેક બાળકનાં પોતાનાં નોખાં — એટલે જ એક રીતે સ્વતંત્ર માલિકીનાં — કપડાં, પથારી, પુસ્તકો, ઘડિયાળ, ફાઉન્ટન પેન, વાસણ, વગેરે હોય છે; પણ બાની જુદી સ્વતંત્ર ઓરડી, સ્વતંત્ર પથારી, સ્વતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસણો કોઈએ કદી દીઠાં છે કે? સેવક એ સમાજનો નોકર, શિક્ષક, આગેવાન અને પ્રસંગ પડ્યે રાજા પણ છે; તેમ જ તે સમાજની માતા પણ છે. માતા પોતાની વસ્તુઓ તાળાકૂંચીમાં રાખે એમાં બાળકોનો દ્રોહ છે. તે જ પ્રમાણે સેવકની પાસે ખાનગી મિલકત હોવી એ પણ યોગ્ય નથી. તેનો સ્વામી સમાજ તેની હરકોઈ જરૂરિયાત પૂરી પાડવા સમર્થ છે. "नुपेक्षी कदा रामदासाभिमानी." આવો મોટો શેઠ હોય છતાં સેવકે આવતી કાલની ચિંતા શા માટે કરવી? તેને જ્યારે જે વસ્તુ જોઈતી હશે ત્યારે તે મળ્યા જ કરશે; જે મળે તેટલાથી તેનું સમાધાન પણ થશે. પોતાના ઉપભોગની વસ્તુઓ — અન્ન, વસ્ત્ર, બિસ્ત્રો, ઘર, પુસ્તકો, માન-માન્યતા — બધું યોગ્ય સમયે, યોગ્ય પ્રમાણમાં પોતાની પાસે આવી જ પહોંચવાનું, એવી ખાતરી હોવાથી તે સંતુષ્ટ અને નિશ્ચિંત હોય છે.

भोग-मर्यादा : ઉપર કહ્યું તેમાં એટલો જ સુધારો કરવાની જરૂર છે કે, પોતાની પાસે ચાલીને આવતી ભોગ્ય વસ્તુઓ પૂરતી છે એમ સેવક માનશે; પરંતુ તે આવી છે એટલા માટે તે આવશ્યક છે અથવા તેનો ઉપભોગ કરવો યોગ્ય જ છે એમ તે નહીં માને. ઘણી વાર જનતા એટલી ઉદાર હોય છે કે, તે પોતાના સેવકનાં લાડ કરે છે, તેની જરૂરિયાત કરતાં પણ વધારે જાતજાતના અને પુષ્કળ પ્રમાણમાં ભોગો તેની આગળ લાવીને ખડકે છે. પરંતુ યજમાનપત્ની તાણ કરીને જેટલું પીરસે તે બધું ખાવું એ જેમ મહેમાન માટે હિતકર નથી હોતું, તેવી જ રીતે અનાયાસે મળનારા બધા ભોગો પણ ભોગવવા એ સેવક માટે યોગ્ય નથી. અપેક્ષિત સુખસગવડમાં કાંઈક ઓછું જણાય તો તેણે પોતાની અપેક્ષા સુધારીને 'આટલું જ મારું' એમ કરીને સંતોષ માનવો. પણ પોતાને માટેની ભોગ્ય વસ્તુઓની અંતિમ મર્યાદા તેણે નક્કી કરી રાખવી જોઈએ.

કુટુંબ, છાવણી, શાળા, છાત્રાલય, પલટણ ઇત્યાદિ ઉત્કટ બિરાદરી તથા આત્મીયતાના સાંઘિક જીવનમાં પણ માણસની વૃત્તિ પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે સરસમાં સરસ જગ્યા, સરસમાં સરસ કપડાં, વાસણ ઇત્યાદિ પસંદ કરી લેવાની હોય છે. સારામાં સારું હોય તે બધું મને મળે અને રદ્દીસદ્દી કચરો મારા સાથીઓને ભાગે છો જાય — 'यतो रत्नभुजो वयम्' — રત્નો તેટલાં અમારા ઉપભોગ માટે છે — એવી વૃત્તિ સેવકની ન હોય. "રદ્દીસદ્દી કચરો — કોકને તો લેવો જ પડવાનો, અને બધાં માણસો આપણાં જ છે," એમ કહીને સેવક એ કચરો જ પોતાને માટે પસંદ કરી લેશે અને પોતાની યોજકતા વાપરીને તેમાંથી જ સગવડ અને શોભા નિર્માણ કરશે.

આનો અર્થ એવો નથી કે અગવડો, મુશ્કેલીઓ અને ભૂખમરામાં જ સેવક રાચે. સેવકે પોતાની વાજબી જરૂરિયાતોની બાબતમાં બિલકુલ શરમ ન રાખવી. સ્વજનોની સાથે વળી શરમ કેવી?

સાદી રહેણી : સેવકની રહેણી સાદી અને બધાંને મળી શકે એવી જ હોવી જોઈએ. તેમાં સરસાઈનો દેખાવ ન હોવો જોઈએ. આપણે બીજાઓથી જુદા, ઊંચા દરજ્જાના છીએ, એમ સૂચવવા માટે આપણો પહેરવેશ, આપણો સરસામાન, આપણો ખોરાક વગેરે બીજાઓ કરતાં શ્રેષ્ઠ દરજ્જાનાં અથવા જુદી જાતનાં હોવાં જોઈએ એમ માનવું અથવા કહેવું સેવકને જરાય શોભે નહીં. (ઘણા 'પ્રતિષ્ઠિત' લોકો એટલા માટે જ મોંઘી વસ્તુઓ વાપરે છે!) દરજ્જો અથવા પ્રતિષ્ઠા એ વસ્તુ જ સેવકને લાગુ પડતી નથી. "મજૂર મારો બોજો ઊંચકે અને હું માત્ર છત્રી અથવા ચાંદીના હાથાવાળી લાકડી લઈને ચાલું." એમ સેવક કદી પણ નહીં કહે. તે કોઈને પણ પોતાનો નોકર, સાગરિત, મજૂર અથવા પટાવાળો નહીં ગણે.

સેવકે પ્રતિષ્ઠાને માટે, મોટાઈ માટે અથવા પોતાની પાસે સાધનો છે એટલા જ ખાતર બીજાઓ કરતાં ઉપલા દરજ્જાની રહેણી રાખવી ન જોઈએ; તેણે બીજાઓની જેમ જ પોતાનાં ખાનપાન, કપડાંલત્તાં, રહેણી, વર્તન ઇત્યાદિ રાખવાં. પણ આનો અર્થ એવો નથી કે, સેવક પોતાની તબિયતની દૃષ્ટિથી અથવા પોતાની ફરજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજાવવાની દૃષ્ટિથી વિશેષ પ્રકારનો ખોરાક ન લે, કપડાં ન પહેરે, સગવડો ન ભોગવે અથવા બીજાઓ પાસે પોતાની સેવાચાકરી ન કરાવે. તબિયતને ખાતર તે જરૂર દૂધ ઘી લે, ગરમ કપડાં વાપરે, પોતાનાં કપડાં બીજાઓ પાસે ધોવડાવે, રિક્ષામાં, ડોળીમાં અથવા બીજાને ખભે બેસીને પણ જાય; માત્ર આ બધું તેણે મોટાઈના ખ્યાલથી નહીં પણ સહકારની અને કૃતજ્ઞતાની ભાવનાથી જ કરવું જોઈએ; અને પોતે જેની સેવા લે છે તેમની, એવો જ પ્રસંગ આવતાં, જાતે સેવા કરવાની તેની તૈયારી હોવી જોઈએ. તે જ પ્રમાણે પોતાની તબિયતને માટે મોંઘો ખોરાક લેતી વખતે પણ પોતાની સાથેના બીજા અશક્ત અથવા માંદા માણસોની એ જ પ્રકારની જરૂરિયાત હોય તો તે સંતોષાય છે કે નહીં તે જોઈને પછી જ તે મુજબ પોતાની વાજબી જરૂરિયાત પણ તેણે પૂરી કરવી જોઈએ.

સેવકની દૃષ્ટિ પોતાની રહેણી બની શકે તેટલી સાદી અને ઓછા ખરચની અને પોતાની જરૂરિયાતો બની શકે તેટલી ઓછી કરવા તરફ હોવી જોઈએ. સાદાઈ એટલે કંગાલપણું નહીં. સાદાઈ એટલે મોજમજાના અને બિનજરૂરી ભોગોનો ત્યાગ. માણસની તંદુરસ્તી અને કાર્યશક્તિ જેને લઈને વધે એ વસ્તુઓ જીવન માટે આવશ્યક ગણાય. બાકીની વસ્તુઓ બિનજરૂરી અને મોજશોખની; તેમના ઉપભોગથી તંદુરસ્તી અને કાર્યશક્તિ વધવાને બદલે ઊલટી ક્ષીણ થાય છે. જેના ઉપભોગથી કાર્યશક્તિ વધતીય નથી તેમ જ ક્ષીણ પણ થતી નથી એવી કેટલીક 'તટસ્થ' વસ્તુઓ પણ હોઈ શકે છે. એ પણ ત્યાજ્ય જ ગણવી. કારણ, તે નિર્માણ કરવા માટે પોતાને અથવા બીજાને કરવો પડતો શ્રમ નકામો જાય છે, તેથી એટલી કાર્યશક્તિ ક્ષીણ થઈ એમ જ માનવું રહ્યું. બિનજરૂરી 'આવશ્યક્તાઓ' અથવા હાજતો તેમ જ ખર્ચને લીધે સેવકનો સમાજ પરનો બોજો એટલા પ્રમાણમાં વધે છે અને તેનો આત્મવિશ્વાસ તેમ જ ગમે તેવા પ્રસંગનો સામનો કરવાની હિંમત ઓછી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરશ્રમ : સેવકને ગમે ત્યાં મૂકો તે સેવક જ હોવાનો. બધા પ્રસંગોએ, બધા સમયે બની શકે તેટલી બધી રીતે, જે કોઈ કામ આવી પડે તે કરવા તે તત્પર હોવાનો. પોતાની કાર્યક્ષમતા વધારેમાં વધારે હોય, બીજાઓને પોતે વધારેમાં વધારે ઉપયોગી થાય, અને પોતાનો બોજો બીજા પર ઓછામાં ઓછો પડે, એવી સેવકને તાલાવેલી હોવાની. તેથી નિરલસતા એ સેવકનું પ્રમુખ લક્ષણ છે. તે પોતાની જિંદગીની એક ક્ષણ પણ નકામી નહીં જવા દે. (ચેનબાજી અને આવશ્યકતા એ બે વચ્ચેનો ફરક ઉપર બતાવ્યો છે; એવી જ જાતનો તફાવત આળસ અને આરામ એ બેમાં છે. આળસથી શક્તિ ઘટે છે, આરામથી તેમાં પડેલી ખાધ પૂરાય છે. સેવકને માટે આળસ વર્જ્ય હોય તોપણ તેને વિશ્રાન્તિ જોઈએ જ.) 'વખત કેમ પસાર કરવો' એવી ચિંતા કદી ન કરવી પડે એવી રીતે તેના કાર્યક્રમો યોજેલા હોવા જોઈએ. લેખો, ભાષણો, મુલાકાતો, સલાહમસલત એટલા જ માર્ગો દ્વારા ઉપયોગી થવાનો તેનો આગ્રહ ન હોવો જોઈએ. પણ પોતાની બધી જાતની શક્તિઓ તે સમાજના કાર્યમાં વાપરશે. આ શક્તિઓમાં શરીરની કે હાથપગની શક્તિનું મહત્ત્વ ઘણું છે. બુદ્ધિબળનું મહત્ત્વ નથી એમ નહીં, પણ શારીરિક બળ અને તે દ્વારા ઉપયોગી અને ઉત્પાદક શરીરશ્રમ એ સેવાનો રસ્તો હરકોઈને માટે સુલભ છે; સેવક તેની કદી પણ ઉપેક્ષા નહીં કરે. જેટલી તત્પરતાથી અને હોંશથી તે લેખો લખવા, યોજનાઓ કે ઠરાવના મુસદ્દા ઘડવા, યાંત્રિક શોધો કરવી વગેરે બૌદ્ધિક કામો કરશે, તેટલી જ તત્પરતા અને હોંશથી તે હરકોઈ જાતના શરીરશ્રમનાં કામો પણ કરશે. શરીરશ્રમ કરવો એ મોટે ભાગે હલકા દરજ્જાનું લક્ષણ મનાય છે; પણ એ એક અત્યંત ઘાતક લોકભ્રમ છે. આ ભ્રમનું નિરસન કરવું એ પણ એક મહત્ત્વની (બૌદ્ધિક) સમાજસેવા થશે. જાતે કર્તવ્ય-બુદ્ધિથી અને હોંશથી હરકોઈ જાતના શરીરશ્રમનાં કામો કરવાં — કેવળ પોતાના જ અથવા બીજાના સ્વયંસેવક તરીકે નહીં, પણ પેટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર પણ કરવાં—એ તે ભ્રમનિરાસનો અત્યંત પરિણામકારક ઉપાય છે. તેથી સેવક કોઈ પણ જાતના સમાજોપયોગી શ્રમ વિષે અણગમો નહીં રાખે, તેમ જ કંટાળો કે આળસ પણ નહીં કરે. જાતે શ્રમ કરવો તે શ્રમજીવી બહુજનસમાજની સાથે એકતા અનુભવવાનો સારામાં સારો રસ્તો છે. તે જ પ્રમાણે નમ્રતા કેળવવા માટે શરીરશ્રમની ઘણી મદદ થાય છે.

ब्रह्मचर्य : સેવક જ્યાં જાય ત્યાં તેને માબાપ, ભાઈભાંડુઓ, સગાંવહાલાં, છોકરાંછૈયાં ભરપૂર મળવાનાં. "હું આ દુનિયામાં એકલો છું, મારે કોઈ પણ પ્રેમનો સાથી જોઈએ, તે વિના મારું જીવન લૂખું અને ગમગીન થવાનું," એ જાતની ભૂખ લગ્નના મૂળમાં હોય છે. 'सर्वभूतात्मभूतात्मा'—બધાં પ્રાણીઓ જેને મન પોતાના જેવાં જ થયાં એવા નિત્યતૃપ્ત સેવકમાં આવી જાતની અપૂર્ણતા અને ઉત્કંઠા ક્યાંથી સંભવે? તે 'નિરાશ્રય'* પણ હોવાનો.

તે જ પ્રમાણે જેનું સર્વસ્વ કોઈ એક વિશિષ્ટ વ્યક્તિમાં જ પરોવાઈ ગયું છે, તેની પાસે બીજાઓને આપવા માટે પ્રેમ ક્યાંથી બાકી રહે? એકને તેના એક નિબંધમાં કહ્યું છે કે, "જેને તળાવ ભરી દેવું છે, તેની પાસે બાગને પાવા માટે પાણી ક્યાંથી બાકી રહે?"

સેવાવૃત્તિને લીધે વિવાહ અનાવશ્યક બને છે; અને ઊલટું, વિવાહ ન કરવાથી વિશ્વપ્રેમ અને સેવાવૃત્તિ વધારે ઉત્કટ બને છે. માણસના પ્રેમને માટે પાત્રની જરૂર હોય છે. પોતીકાં બાળબચ્ચાંને અભાવે આખો સમાજ સેવકને પોતાનો લાગે છે.

સેવકને જેમ સોબતની આવશ્યકતા નહીં ભાસે, તેમ જ પ્રજોત્પત્તિની પણ નહીં ભાસે. જે પ્રજા હસ્તી ધરાવે છે તેની જ યોગ્ય વ્યવસ્થા કરવા પર તેની બધી શક્તિ કેન્દ્રિત થઈ હોય છે; તેથી વધારે માણસો તેમાં દાખલ કરવાની ભાંજગડ એ શા માટે કરે? અને

---

* ગીતા ૪. ૨૦માં 'नित्यतृप्तो निराश्रयः' એ યોગીનાં લક્ષણો કહ્યાં છે. निराश्रय = જેને બધાનો આશ્રય છે તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજનનની ઇચ્છા વિના ભોગ કરવો એ અનુચિત છે એ દેખીતું જ છે. ઈશ્વરે આપેલી શક્તિનો તે અપવ્યય છે. ભગવદ્‌ગીતાકારે "प्रजनश्चास्मि कंदर्प :"—પ્રજોત્પત્તિ કરનારો કામ એ પરમેશ્વરની જ વિભૂતિ અથવા દેણગી છે, એમ કહીને કામને શરતી માન્યતા આપી છે. પરન્તુ આ વચન "हत्वापि स इमान् लोकान् न हन्ति न निबध्यते"—આ બધા લોકોને મારી નાખીને પણ યોગી એ હત્યાનો કર્તા થતો નથી, અથવા બંધનમાં પડતો નથી—એ વચનના જ નમૂનાનું છે. જે ગુણાતીત છે તે દોષાતીત પણ હશે. એક રીતે જોતાં બધો જ કામ પ્રજન છે; કારણ તે બીજોત્પત્તિ કરે જ છે, ભલે એ બીજમાંથી પ્રજા નિર્માણ થાઓ કે ન થાઓ. આવી રીતે શરીરધર્મ અનુસાર બધો જ કામ પ્રજન હોય તોપણ બુદ્ધિપૂર્વક પ્રજન હોય એવો કામ બહુ જ દુર્લભ બલ્કે અશક્ય છે. ભોગસમયની માણસની અવસ્થા યોજકતાના કરતાં કામુકતાની, આત્મવશતા કરતાં વિકારાવસ્થાની જ હોય છે એમ કહેવામાં વાંધો નથી. આદર્શ સ્થિતિની સાથે તેનો મેળ બેસતો નથી. સેવક તો જિતેન્દ્રિય જ હોવો જોઈએ.

આદર અને કામુકતા એ બેનો મેળ બેસાડવો પણ મુશ્કેલ છે. જે વ્યક્તિને વિષે આપણને અત્યંત માન હોય છે તેને વિષેની કામુકતા લુપ્ત થવી જ જોઈએ. પ્રેમમાં આદરનું પ્રમાણ જેમ જેમ વધે તેમ તેમ કામુકતાનું પ્રમાણ ઘટે એ અનિવાર્ય છે. દાંપત્યપ્રેમનો અનુભવ પણ એવો જ છે. સેવકને વ્યક્તિમાત્રને વિશે શુદ્ધ આદર હોવાનો, તેથી તેનામાં કામુકતા સંભવતી નથી.

અહીં આપણે આદર્શ સેવકનો વિચાર કરવાનો છે. વાસ્તવિક સેવક આદર્શ સેવકથી ઓછાવત્તા પ્રમાણમાં દૂર હોવાનો એ દેખીતું છે, પણ તેથી આદર્શને બાધ આવતો નથી. કામવિકાર સાર્વત્રિક અથવા સર્વસામાન્ય છે, અને "જે સામાન્ય છે તેને વિકૃતિ શા માટે કહેવી? તેને પ્રકૃતિ જ માનવી ઘટે," એમ કેટલાક લોકોનું કહેવું છે. તેમનું આ કહેવું એ "તમાકુનું વ્યસન સાર્વત્રિક છે તેથી તે માનવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની એક જરૂરિયાત છે એમ પુરવાર થાય છે." એમ કહેવા જેવું જ છે. બ્રહ્મચારીના જીવનનો ઉગમ જ કામવાસનામાંથી છે એ સાચું છે; પરન્તુ તે પરથી એ જીવનનું ઉદ્દિષ્ટ અથવા ધ્યેય પણ કામોપભોગ જ હોવું જોઈએ એમ ફલિત થતું નથી. "બધા જ બ્રહ્મચારી થાય તો મનુષ્યજાતિ નષ્ટ થશે અને ઈશ્વરનો સૃષ્ટિક્રમ આપણે બંધ પાડ્યા જેવું થશે," એવી પણ કેટલાકને ધાસ્તી લાગે છે. પરન્તુ સાચે જ બધા બ્રહ્મચારી થઈ જાય અને તેથી મનુષ્યજાતિનો અંત આવે તોય તેથી શું બગડવાનું હતું? ખુદ બ્રહ્મચારીનો પોતાનો નિર્વંશ થવાથી તેનું કેટલું નુકસાન થાય છે? મનુષ્યજાતિ નષ્ટ થવાથી સૃષ્ટિનું નુકસાન થશે કે ફાયદો થશે એ પણ કોણ કહી શકે? અને અત્યારના માણસોનો નિર્વંશ થાય તોપણ તેથી આખી માનવજાતિ નષ્ટ જ થશે એમ પણ કહી શકાય નહીં. ઊલટું, અગાઉની જેમ માંકડાંમાંથી ઝટઝટ માણસ બનવા માટે અનુકૂળતા નહીં થાય એમ પણ કેમ કહી શકાય? માંકડાનાં માણસ થાય એટલે તેમની જગ્યા તેથી નીચેની યોનિઓ લેશે, અને એ જ ક્રમ આગળ વધીને બધી જ યોનિઓની ઉત્ક્રાન્તિનો માર્ગ ખુલ્લો થશે. ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ એ જ ધોરણમાં કાયમ રહી ભીડ કરીને પોતાની સાથે નીચલા ધોરણોની પ્રગતિ પણ કુંઠિત કરે છે. બ્રહ્મચર્યથી માનવજાતિ નષ્ટ નહીં થાય બલ્કે ઉત્તીર્ણ થશે, મુક્ત થશે.

વ્યાવહારિક બ્રહ્મચર્ય: આદર્શ બ્રહ્મચર્યનો વિચાર અવહેવારુ માનીને છોડી દઈએ તોપણ સેવકે કાંઈ નહીં તો, વહેવારુ બ્રહ્મચર્ય એટલે સંયમ તો પાળવો જ જોઈએ. બધાની સાથે, એટલે અલબત્ત સ્ત્રીજાતિ સાથે પણ, તેનું વર્તન ઉદાત્ત, આદરયુક્ત તેમ જ ગાંભીર્યવાળું જ હશે. પોતાની પત્ની સિવાયની બીજી બધી સ્ત્રીઓ તેને માતા કે બહેન જેવી લાગશે. કોઈ પણ માણસને તેને વિષે ભય કે શંકા થશે નહીં. બીજી સ્ત્રીઓ સાથે આવી જાતનો નિર્મળ સંબંધ રાખવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિથી પોતાની પત્ની સાથેનો તેનો સંબંધ પણ પ્રમાણમાં સંયમશીલ હોય એ જરૂરનું છે.

આદર્શ સેવક બ્રહ્મચારી હશે, એમ જ્યારે અમે કહીએ છીએ ત્યારે તે બ્રહ્મચર્ય સ્વયંસ્ફૂર્ત હોવું જોઈએ એ દેખીતું જ છે. વાસનાઓનો હઠપૂર્વક પરાણે નિગ્રહ કરવામાં શોભા નથી, સંતોષ નથી, તેમ જ સેવા પણ નથી. એટલે મહમદ પેગંબરે ગૃહસ્થાશ્રમની જ જે હિમાયત કરી હતી તે તે કાળના અને તે દેશના સમાજને અનુરૂપ હતી એટલા માટે જ કરી હતી.

લગ્નની ઇચ્છા હોવા છતાં કેવળ કાર્યની સગવડ ખાતર, અથવા વૈવાહિક જીવનનું ખરચ પાલવશે નહીં એટલા ખાતર અવિવાહિત રહેવું એ પણ ઇષ્ટ નથી. વિવાહને લીધે કાર્યકર્તાને એક નિકટનો સહકારી મળવાનો અને તેથી તેની કાર્યશક્તિ દ્વિગુણિત થવાનો પણ સંભવ હોય છે. સવાલ લગ્ન કરવું કે ન કરવું એ નથી, પણ ભોગવૃત્તિ કે સંયમવૃત્તિ એ છે. મુશ્કેલી પત્નીની નહીં, પણ પોતાની વૃત્તિની છે. પત્ની સેવકના પગમાંની બેડી થવાને બદલે તેની ટેકો લેવાની લાકડી અથવા તેની જીવનનૌકાનું સુકાન પણ થઈ શકે.

અહીં સુધી આપણે સેવક એ એક પુરુષ જ છે એમ માનીને ચાલ્યા; પણ એનો અર્થ એમ નથી થતો કે સેવા અને બ્રહ્મચર્ય એ કેવળ પુરુષોનો જ ઇજારો છે. એટલે આ બધું વિવેચન આવશ્યક શાબ્દિક ફેરફાર સાથે સેવિકાઓને પણ લાગુ પડે છે. સ્ત્રીઓને બ્રહ્મચર્યનો અધિકાર છે એટલું જ નહીં પણ તેમને માટે બ્રહ્મચર્યનું પાલન વધારે સુલભ છે એવો જ ઘણાખરા સમાજશાસ્ત્રકારોનો અભિપ્રાય જણાય છે. કારણ, તેઓ સ્ત્રીઓની ઉપર પુરુષોના કરતાં વધારે કડક નિર્બંધ મૂકે છે અને તેમની પાસેથી વધારે સંયમની અપેક્ષા રાખે છે.

અસ્વાદ : અસ્વાદવૃત્તિનો બ્રહ્મચર્યની સાથે ઘણો નિકટનો સંબંધ છે. “जितम् सर्वम् जिते रसे”—જીભ જીતી એટલે બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત્યું. તે જ પ્રમાણે આરોગ્ય અને બળ એ બેની સાથે પણ અસ્વાદનો નિકટનો સંબંધ છે. 'शरीरमाद्यम् खलु धर्मसाधनम्' — શરીર ધર્મપાલનનું પહેલું સાધન છે, તેથી સેવકે પોતાનું શરીર નિરોગી અને કાર્યક્ષમ રહે તેની પૂરેપૂરી સાવચેતી રાખવી જોઈએ. તેને માટે શરીરની બીજી રીતે પણ કાળજી લેવી જ જોઈએ; પણ શરીરને યોગ્ય ખોરાક, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય વખતે આપવો એનું ખાસ મહત્ત્વ છે. આવી કર્તવ્યની ભાવનાથી અને શાસ્ત્રીય દૃષ્ટિથી જ સેવક પોતાનાં ખાનપાન વગેરેનો વિચાર કરશે. ગળ્યું લાગે તે સારી પેઠે ઝાપટવું અને ન ભાવતું હોય તે છાંડી દેવું, એવી તેની રીત નહીં હોય; પણ શરીરને જે પથ્ય અને આવશ્યક હોય તે જ યોગ્ય હોય એટલા જ પ્રમાણમાં તે લેશે. અને તેમાં તેને સાત્ત્વિક સ્વાદ પણ ભરપૂર મળશે. અસ્વાદ એટલે સ્વાદનો અભાવ નહીં પણ શુદ્ધ સ્વાદ. સ્વાર્થત્યાગ એ જેમ સ્વાર્થવિકાસ અથવા ઊંચી જાતનો સ્વાર્થ જ હોય છે, તે જ પ્રમાણે અસ્વાદ એટલે ઉચ્ચ, સાત્ત્વિક અને આરોગ્યપ્રદ સ્વાદ છે. જેણે પોતાની રુચિઓ હાથે કરીને બગાડી નાખી નથી, એવા નીરોગી માણસને જે પથ્ય હશે તે જ સ્વાદિષ્ટ લાગશે અને સ્વાદિષ્ટ લાગશે તે પથ્ય પણ હશે. જંગલી પશુઓનું આવું જ હોય છે. એકલા માણસે જ કેવળ પોતાની મૂળની નિરોગી પ્રેરણાઓને બગાડી નાખી છે; તેથી તેની બાબતમાં સ્વાદિષ્ટ અને પથ્ય વચ્ચે ભેદ પેદા થયો છે. માણસની સોબતથી ઢોર, કૂતરાં, બિલાડાં, ઘોડા વગેરે પ્રાણીઓની સ્વાદેન્દ્રિયો પણ રોગી બની છે, અને તેઓ અનેક જાતના રોગના ભોગ બને છે.

દારૂ, અફીણ, ગાંજો, તમાકુ વગેરે જેવા નુકસાનકારક અને સૂગ ઉપજાવે તેવા પદાર્થો માણસને ટેવને લીધે ખોરાકથી પણ વધારે પ્રિય અને આવશ્યક જણાવા લાગે છે; પણ આરોગ્યની કાળજી રાખનારે આ બધી વસ્તુઓ ત્યાજ્ય માનવી જોઈએ એ સ્પષ્ટ જ છે. ચા, મસાલા અને તીવ્ર સ્વાદના બીજા અનેક પદાર્થો પણ ત્યાજ્ય માનવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુક્તાહાર જેટલું જ મિતાહારનું પણ મહત્ત્વ છે, એ ઉપરના વિવેચન પરથી ધ્યાનમાં આવશે. સ્વાદને લોભે શરીરની જરૂરિયાત કરતાં વધારે ખાવું એ એક જાતની ચોરી છે — વિધાતાએ એ અન્ન બીજાઓ માટે નિર્માણ કરેલું હોવા છતાં મેં તે લૂંટી લીધું એમ થાય છે. એ પણ સેવકને શોભતું નથી.

सत्य अने अहिंसा : સેવાનો હેતુ જીવમાત્રની સાથે એકતાનો સાક્ષાત્કાર કરવો એ છે. આ એકતાના ક્ષેત્રને કોઈ પણ જાતની મર્યાદા નથી. જીવમાત્રની સાથે એકતા, એમ અમે કહ્યું; પણ ખરું જોતાં, વિશ્વની સાથે એકતા એ જ તેનો અભિપ્રેત અર્થ છે. સેવકનું દરેક કૃત્ય વિશ્વને માટે હોવું જોઈએ. તેના કરતાં મર્યાદિત વૃત્તિથી કોઈ પણ સમૂહને માટે કામ કરવું — કોમ, વર્ગ, પ્રાંત અથવા દેશને માટે એ જ સર્વસ્વ છે એમ માનીને, તનતોડ મહેનત કરવી — એ આ ઉપાસ્ય દેવતાનો તેટલા પ્રમાણમાં દ્રોહ છે. ક્ષેત્રમર્યાદાની સાથે જ નિરપેક્ષતાને પણ બાધ આવે જ છે. મર્યાદિત સમૂહની સેવા એ કેવળ અરસપરસ સહકારનો એક કરાર જ હોય છે એ આપણે અગાઉ જોયું. એટલે જ આવી સેવા કેટલેક અંશે સ્વાર્થી હોય છે. પોતાનાં અને પારકાં એવો ભેદ કલ્પીને પોતીકાઓનો ગમે તેમ કરીને લાભ સાધવાનો વિચાર એક વાર નક્કી થયો એટલે તેને માટે અસત્ય, હિંસા વગેરે ગમે તેવાં સારાં નરસાં સાધનોનો આશ્રય લેવાનું સ્વાભાવિક બની જાય છે. પરંતુ આદર્શ સેવક એ કોઈ પણ મર્યાદિત સમૂહનો નહીં પણ સમગ્ર વિશ્વનો સેવક છે. આવા સેવકને અનુલક્ષીને જ ગીતાનો ઉપદેશ છે કે,

यज्जुहोषि यदश्नासि यत्करोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ।। (गीता, ९.२७)

જે કરે, ભોગવે વા જે, જે હોમે, દાન જે કરે;
આચરે તપને વા જે, કર અર્પણ તે મ'ને.

મને એટલે પરમેશ્વરને. શુદ્ધ સેવા એટલે ઈશ્વરાર્પણ બુદ્ધિથી, ખાનગી મમતા, મોહ વગેરેથી અલિપ્ત રહીને કરેલું કર્મ. જે સેવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્મમ, નિર્મોહ અને અનાસક્ત બુદ્ધિવાળો છે, તેને કોઈને પણ છેતરવાનું પ્રયોજન જ રહેતું નથી. છેતરવું એટલે પોતાની જાતને જ છેતરવી; ઈશ્વરને છેતરવાનો પ્રયત્ન વૃથા છે એ તે સમજે છે. આવો માણસ હિંસા પણ કોની અને શા માટે કરે?

અસત્ય ભાષણ, અસત્ય આચરણ, લુચ્ચાઈ, છેતરપિંડી એ એકતાના અનુભવના માર્ગમાંનાં મોટામાં મોટાં વિઘ્નો છે. હું કોઈની સાથે ખોટું બોલું, એ જ ક્ષણે એની અને મારી વચ્ચે મોટી ખાઈ પડી જાય છે. મારું પોતાનું જીવન એટલા પ્રમાણમાં સંકુચિત બની જાય છે. કોઈને પણ છેતરવું એટલે તેનો દ્રોહ કરવો. અને તેનો દ્રોહ એટલે આત્મદ્રોહ જ.

બુદ્ધિનું નિખાલસપણું એ પણ સત્યનિષ્ઠાનું જ એક અંગ છે. પોતાની ભૂલો કબૂલ કરવાની અને સુધારવાની સેવકની હંમેશાં તૈયારી હોવી જોઈએ. આપણે જે મત એક વાર જાહેર કર્યો અથવા જેનું આપણે પ્રતિપાદન કર્યું અને તદનુસાર કાર્યની યોજના કરી, તે મત પાછળથી ભૂલભરેલો પુરવાર થાય, તો આપણું આજ સુધીનું કાર્ય નિષ્ફળ અથવા નુકસાનકારક પણ નીવડે અને આપણી નામોશી થઈને પછી કાર્ય કરવું પણ મુશ્કેલ થઈ જાય, એ બીકે કાર્યકર્તા પોતાની વિચારસરણીની અને કાર્યપદ્ધતિની ફેરતપાસણી કરવાની હિંમત પણ કરતો નથી. પરંતુ આ હઠાગ્રહ અનર્થકારક બને છે. તેથી સેવકે નિરાગ્રહી વૃત્તિ રાખવી જોઈએ. તેનો વિકાસ કદી અટકવો ન જોઈએ. પોતે લીધેલા માર્ગને અનુભવની અને વિચારની કસોટી પર સતત તપાસતા રહેવાની જાગરૂકતા, ભૂલો માન્ય કરવાની નિખાલસતા અને તે સુધારવાની દક્ષતા તેનામાં હોવી જોઈએ.

ક્રોધ, દ્વેષ, હિંસા ઇત્યાદિને કારણે જીવ જીવની વચ્ચે આત્મા આત્માની વચ્ચે વિચ્છેદ થાય છે. હિંસા એટલે સામા આત્માનું અપમાન. તેને લીધે આપણો આત્મા પણ અપમાનિત થાય છે. એકતાના અનુભવવાળો અથવા એકતાની ઇચ્છાવાળો સેવક પોતા થકી બીજાને દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલશે નહીં. એટલે જ કોઈની ઉપર જબરદસ્તી, શિરજોરી અથવા દબાણ કરવું, કોઈને પણ ડરાવીને તેની પાસેથી અમુક કાર્ય કરાવવું એ તેને ગમશે જ નહીં.

હિંસાને અસત્યનો આશરો લેવો જ પડે છે. પ્રતિપક્ષીને છેતર્યા કે બનાવ્યા સિવાય, તેને વિશ્વાસમાં લઈને તેની હિંસા કરવા માગનાર માણસ બાધો જ કહેવો જોઈએ. અનાસક્ત સેવકને અસત્ય અને હિંસા જરા પણ ન ખપે, એ મુદ્દાનું વિવેચન ગાંધીજીએ પોતાના अनासक्तियोगની પ્રસ્તાવનામાં બહુ સારી રીતે કર્યું છે. તે જિજ્ઞાસુએ અવશ્ય જોવું ઘટે.

सत्याग्रह आश्रमनां व्रतो : ૧૯૧૫ની શરૂઆતમાં ગાંધીજીએ અમદાવાદની નજીક સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. દેશસેવાની તાલીમ આપવી એ તે આશ્રમનું ધ્યેય હતું. કેટલાક નિયમોનું અને વ્રતોનું અનુશીલન કરવું એ મુખ્ય અભ્યાસક્રમ મનાયો હતો. ૧૯૩૦ની સાલમાં યરોડા જેલમાંથી આશ્રમવાસીઓને ઉદ્દેશીને લખેલા પત્રોમાં ગાંધીજીએ આ વ્રતોનું મનનીય વિવેચન કર્યું છે. આ બધા પત્રો 'मंगळप्रभात' એ નામથી પ્રસિદ્ધ થયા છે. શ્રી વિનોબા ભાવેએ એ બધાં વ્રતોનાં નામ નીચેના બે સરળ અનુષ્ટુપોમાં ગૂંથ્યાં છે:

अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य असंग्रह ।
शरीरश्रम, अस्वाद, सर्वत्र भयवर्जन ॥
सर्वधर्मी समानत्व, स्वदेशी, स्पर्शभावना ।
हीं एकादश सेवावीं नम्रत्वें व्रतनिश्चयें ॥

ઉપરના પહેલા શ્લોકમાંનાં વ્રતો તેમ જ સ્વદેશી વ્રત સાર્વત્રિક અને સનાતન સ્વરૂપનાં છે; ત્યારે સર્વધર્મસમભાવ અને અસ્પૃશ્યતા-નિવારણ એ વિશેષરૂપે હિંદુસ્તાનની વર્તમાન સ્થિતિને અનુલક્ષીને છે. જેને દેશસેવા કરવી છે તેને માટે ઉપરના ગુણ કેળવવાનું આવશ્યક છે. આવી તૈયારી વિના પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા વગેરેના લોભથી, ઈર્ષ્યાથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાઓનું જોઈ ને, અથવા કેવળ નવરા બેસી રહેવાતું નથી એટલા માટે જે દેશકાર્ય કરવા મંડી પડે છે, તેને હાથે દેશની ભારે હાનિ પણ થવાની ધાસ્તી હોય છે. કેવળ સેવાવૃત્તિની કેળવણી આપનારી શાળાઓ, વિશિષ્ટ અવધિનો અભ્યાસક્રમ અને તેમાંથી જે પસાર થાય તેમને પ્રમાણપત્રો અથવા ઉપાધિઓ આપવી – એમાંથી કશાની પણ શક્યતા અથવા આવશ્યકતા નથી. સેવક એ સ્વયંશિક્ષક જ હોવો જોઈએ. તે સત્પ્રવૃત્ત અને જાગ્રત હોય તો પ્રત્યક્ષ સેવાકાર્ય કરતાં કરતાં, ભૂલો કરતાં કરતાં પણ, પોતાની કેળવણી પાર પાડશે. તેમાં તેને વધારે અનુભવી લોકો પાસેથી વખતોવખત માર્ગદર્શન પણ મળી શકશે.

અભય : ઉપર જણાવેલાં સામાન્ય વ્રતો પૈકી અભય અને સ્વદેશી સિવાયનાં બીજાં વ્રતોનું વિવેચન આ પૂર્વે કરવામાં આવેલું જ છે. સેવકને માટે નિર્ભયવૃત્તિનું પણ ઘણું મહત્ત્વ છે. નિર્ભયતા વિના તે સેવામાર્ગ અખત્યાર કરી શકે નહીં. દુનિયામાં અન્યાય અને અજ્ઞાન, જુલમ અને જુલમ આગળ નમી પડવાની હીનવૃત્તિ, ગર્વ અને પોતાને વિશે હીનત્વભાવ ભરપૂર પ્રમાણમાં છે; અને આ બધાંનો ડગલે ને પગલે સેવકે સામનો કરવાનો રહેશે. ઉપહાસ, લોકનિંદા, વિયોગ, રાજભય, ગરીબાઈ વગેરેનો ભય તો તેણે ન જ રાખવો જોઈએ; પણ જેમની પોતે સેવા કરે છે તેમને નાખુશ કરવાનો વખત આવે તોપણ તેણે તેની પરવા ન કરવી જોઈએ. પોતાના મનની પ્રેરણાની જ તેણે સર્વોપરી સત્તા માનવી જોઈએ. અન્યાય અને જુલમના પણ જાતજાતના પ્રકાર અથવા રૂપો હોય છે. રુઆબ, તુમાખી, મોટાઈ, વિવેક, કુલીનતા, વગેરેના રૂપાળા બુરખા નીચે અનેક સૂક્ષ્મ અન્યાયો સંતાયેલા હોય છે. તેનાથી સેવકે અંજાઈ જવું જોઈએ નહીં. જેમને તેની સેવાની ગરજ છે તેમની અથવા અનાથોની સેવા તેણે કરવી; જાલીમોની તુમાખીથી ડરી જઈને કે તેમના વૈભવથી અંજાઈ જઈને તેમની સેવા કરવી નહીં. નહીં તો, ચીંથરેહાલ ભિખારીને આપણે ગમે તેવાં ખરાબ વેણ સંભળાવીને તેની ઝોળીમાં ચપટી ચોખા નાખીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ અને કોઈ સ્વામી કે મહારાજ આવે તો તેના કેવળ ભભકાથી અંજાઈ જઈને તેની પાદ્યપૂજા કરીએ છીએ અને તેને માટે પાણીની જેમ પૈસો વેડફી નાખીએ છીએ, તેના જેવું થાય.

નિર્ભયતા એ બધી નીતિનો પાયો છે. ભીતિ અને નીતિ વચ્ચે હાડવેર છે. ડરથી અથવા ધાકથી પ્રેરાઈને કરેલા સદાચરણની નીતિની દૃષ્ટિથી કોડી જેટલી પણ કિંમત નથી. તેથી કર્તાની અધોગતિ જ થાય છે. પોતાની રાજીખુશીથી અને પ્રેમપૂર્વક કરેલું કાર્ય જ નૈતિક દૃષ્ટિથી કીમતી અને કર્તાની ઉન્નતિ સાધનારું હોય છે. તેથી, સેવક જાતે ભયવશ થવાનું ટાળશે અને ધાકને જોરે બીજાઓ પાસેથી પણ કોઈ કામ લેવાની ઇચ્છા નહીં રાખે. એનું જ નામ અહિંસા.

સ્વદેશી : ઘરના દેવની પૂજા છોડી દઈને પંઢરપુર દોડી જવાની ભૂલ અનેક કાર્યકર્તાઓ હમેશ કરે છે. દેશસેવાના નગારા આગળ પડોશીની મુશ્કેલીની પિપૂડી તેને સંભળાતી નથી. દૂરનાને બાથમાં લેવાનો પ્રયત્ન કરવા જતાં હાથમાંનું સરી પડે છે અને દૂરનું દૂર જ રહે છે. એટલા માટે સેવકની દૃષ્ટિ વિશાળ હોવી જોઈએ, પરન્તુ તેના કાર્યક્રમ નિકટવર્તી જ હોવા જોઈએ.

સ્વદેશી એટલે સ્વાર્થ નહીં પણ સ્વધર્મ કે નિયતિથી પોતાને ભાગે આવેલું કામ અંતઃકરણપૂર્વક કરવું તેમ જ પોતાને ભાગે આવતી સુખ-સગવડોથી સંતોષ માનવો. હું જો કોંકણવાસી હોઉં તો મારે દરાખને બદલે કરમદાં, સફરજનને બદલે કેરી ને ટેટીને બદલે ચીભડાંને જ મારો મેવો માનવો જોઈએ. તેજ પ્રમાણે મારે કોંકણ વિષે, કોંકણ-વાસીઓ વિષે, કોંકણી ભાષા વિષે તેમ જ પોતાની જાતને વિષે શરમ અથવા તિરસ્કાર ન રાખતાં અભિમાન રાખવું જોઈએ. કુટુંબવાળા ગૃહસ્થે હોટેલમાં જઈને ચા પીવી કે ચેવડો ખાવો, હલકી (ગણાતી) કોમના ભણેલા માણસે પોતાની જાત છુપાવવી, પોતાના સાદા અથવા બેડોળ નામથી પણ શરમાવું, કેટલાક કૉલેજના યુવાનોને થાય છે તેમ પોતાના ગામડિયા બાપની શરમ આવવી, પૈસાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસે પોતાના ગરીબ મિત્રો, પડોશીઓ અથવા ભાઈભાંડુઓ સાથેનો સંબંધ તોડવો, સુશિક્ષિત (?) હિન્દી ગૃહસ્થોએ ભાંગીતૂટી અંગ્રેજીમાં અથવા અંગ્રેજીમિશ્રિત માતૃભાષામાં બોલવામાં મોટાઈ માનવી, આ બધા સ્વદેશીવ્રતના ભંગના દાખલા છે.

આ બધું કરવામાં આપણા પોતીકાઓ તેમ જ આપણ પોતાને વિષે તિરસ્કાર, અનાદર, શરમ અથવા અનાસ્થા દેખાઈ આવે છે. આ આત્મદ્રોહ છે. ગર્વ અથવા બડાશની જેમ જ આત્મઅનાદર પણ ત્યાજ્ય છે. એમાં ઈશ્વરનો પણ દ્રોહ છે. એમાં અહંકાર છે. નિરહંકારી માણસ વસ્તુસ્થિતિ જેવી હોય તેવી સ્વીકારવામાં સંકોચ રાખતો નથી, ખચકાતો નથી; કારણ, વસ્તુસ્થિતિ તેણે પોતે થોડી જ ઉપજાવી કાઢી છે? તે પોતે પણ બીજાઓની જેમ એ વસ્તુસ્થિતિનો પ્રેક્ષક જ છે. તે વસ્તુસ્થિતિને સુધારવાનો પ્રયત્ન તે જરૂર કરશે; પણ કોઈ ડૉક્ટર દર્દીની માંદગી મટાડવાનો જેવી રીતે પ્રયત્ન કરે છે તેવી જ રીતે ને તેટલી જ અલિપ્ત વૃત્તિથી તે પણ કરશે.

આપણે તેમ જ આપણા પોતીકાઓ જેવા હોઈએ તેનાથી જુદા અથવા વધારે સારા દેખાવાનો પ્રયત્ન કરવો એમાં એક જાતનો સત્યાપલાપ પણ છે, સત્યને છુપાવવાનો પ્રયત્ન છે. સેવકે વધારે સારા દેખાવાનો નહીં પણ વધારે સારા થવાનો પ્રયત્ન કરવાનો છે.

ઉપસંહાર : સેવકની સાધનસંપત્તિનું અત્યાર સુધી ઘણું વિવેચન થયું; તે ગમે તેટલું કરીએ તોપણ સંપૂર્ણ નહીં થાય. અત્યારસુધી ગણાવેલી સદ્‌વૃત્તિઓ પણ એકબીજાથી કંઈ સ્વતંત્ર નથી પણ મૂળની સેવાવૃત્તિનાં જ જુદાં જુદાં નામો છે. આ સેવાવૃત્તિનાં પ્રમુખ લક્ષણ છે ઈશ્વરશરણતા, કાર્યનો નિદિધ્યાસ કે લગની અને આત્મનિરીક્ષણ. સમર્થ રામદાસ સ્વામીએ કહ્યું છે :

पहिलें हरिकथानिरूपण । दुसरें तें राजकारण ।
तिसरें ते सावधपण । सर्वां ठायीं ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

સેવકની આજીવિકા

"पैसेटक्के सुखी होय एवाओए ज सेवा करवी ?" : સેવા એટલે જાહેર કાર્ય. જાહેર કામમાં પડ્યા પછી સેવકને પોતાના ઘરનાં કામ કરવા માટે ફુરસદ જ મળતી નથી, એટલે એવી સ્થિતિમાં સેવકે પોતાની તેમ જ પોતાના ઉપર આધાર ગખનારાઓની આજીવિકા શી રીતે ચલાવવી? આ સવાલનો કેટલાક લોકો એવો જવાબ આપે આપે છે કે, "કાર્યકર્તાએ પોતાના નિર્વાહની ચિંતા ન કરવી પડે એટલો ધનસંગ્રહ પ્રથમ કરી લેવો, અને પછી જ જાહેર કામમાં પડવું. આમ કરવાથી સેવકને પાછળથી પસ્તાવો કરવાનો વખત નહીં આવે, તેનાં કુટુંબીજનો બેહાલ નહીં થાય અને તેને પોતાને પારકાના મોઢા સામું જોવાનો વારો નહીં આવે. 'आधीं प्रपंच करावा नेटका'— માણસે પ્રથમ પોતાનો ગૃહસંસાર બરાબર વ્યવસ્થિતપણે ચલાવવો — એમ સમર્થ રામદાસ સ્વામીએ પણ કહ્યું છે.

"આવી રીતે ગૃહસંસારની બાબતમાં નચિંત થઈને જાહેર કામમાં પડવાથી કાર્યકર્તાની લોકો પર સારી છાપ પડે છે. તેનું નિઃસ્વાર્થીપણું સાબિત થાય છે, અને તેના સ્વમાનને પણ બાધ આવતો નથી. જાહેર કામ વિનાવેતન કર્યું હોય તો જ શોભે છે; એમ કરવાથી કોઈના ઓશિયાળા થવાનો વખત આવતો નથી.

"એટલા માટે ડાહ્યા માણસે પ્રથમ પોતાનો ધંધો અને ગૃહ-સંસાર વ્યવસ્થિતપણે ગોઠવી કરીને પોતાના જીવનના બાકી રહેલા દિવસોમાં અને નવરાશના વખતમાં જાહેર કામ કરવું." વગેરે.

અગાઉ અમે જેનો ઉલ્લેખ કર્યો છે તે 'ગેટ ઑન – ગેટ ઑનર – ગેટ ઑનેસ્ટ'— પ્રથમ ધન મેળવો, પછી માનમરતબો અને આખરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુણ્ય — એ આપમતલબી નીતિને પૂરેપૂરી રીતે શોભે એવી જ આ સલાહ છે. કેવળ પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા અને માનમરતબો વગેરે મેળવવા પૂરતો જ જો જાહેર કામનો ઉદ્દેશ હોય, તો ઉપરની સલાહ યથાયોગ્ય જ છે. અને તેથી જ સેવાકાર્યને માટે 'ઑનરરી વર્ક' (સન્માન્ય કાર્ય) એ પર્યાય રૂઢ થયો છે.

સેવાને અગ્રસ્થાન : પણ સેવાકાર્ય કરવા પાછળની દૃષ્ટિ માનમરતબો પ્રાપ્ત કરવાની નહીં પણ પારમાર્થિક એટલે સાચેસાચી હોય, તો સેવકે પોતાની કર્તૃત્વશક્તિનો ઉત્તમ કાળ અને પોતાની સર્વશ્રેષ્ઠ શક્તિ અને આવડત સેવાકાર્યને અર્પણ કરવાં જોઈએ. અને તે તેમ કરવા માગે તો પોતાનો ગૃહસંસાર સ્વતંત્રપણે ગોઠવવા જેટલી ફુરસદ જ તેને રહેશે નહીં. હું અને સમાજ એ બેનો અભેદભાવ એ જ સેવાયોગનો પાયો છે. એમાં સમાજનું હિત અને મારો ગૃહસંસાર એવો ભેદ રહી જ શકતો નથી.

ખાનગી ધંધો, ખાનગી કમાણી, અને અંગત માલમિલકત એ બધાંને કારણે જ સમાજ અને સેવક એ બેની વચ્ચે અંતર પડે છે. પ્રથમ આવું અળગાપણું અથવા દ્વૈતભાવ સ્થાપિત કરીને પછી વેતન લીધા સિવાય પરોપકારની ભાવનાથી જાહેર કામ કરવાથી સેવા થતી નથી, પણ ઊલટું અપકાર (કુસેવા) જ થાય છે. પોતાને પક્ષે શ્રેષ્ઠપણું લઈને અને જેની સેવા કરવી છે તેને હલકો પાડીને તેના પર કરેલો ઉપકાર એ પેલા ઉપકૃત માણસને અપમાન જેવો અને ત્રાસદાયક લાગે છે. 'उप - कार' શબ્દનો મૂળ અર્થ 'પાસે કરવો' એવો થાય છે. ઉપકારને લીધે ઉપકર્તા એટલે ઉપકાર કરનાર અને ઉપકૃત એટલે જેના પર ઉપકાર કરવામાં આવે છે, તે બે વચ્ચેનું અંતર ઓછું થઈને તેઓ એક બીજાની પાસે આવવા જોઈએ. ઉપકારને લીધે ઉપકૃત વ્યક્તિ ઓશિયાળી બનીને અથવા ઉપકારના ભારથી અસ્વસ્થ બનીને દૂર નહીં ઠેલાય એવી રીતે તે કરવામાં આવે તો જ તે સાચો ઉપકાર કહેવાય. ઉપાસનાનો અર્થ જેમ (ઈશ્વરની) પાસે જઈને બેસવું એવો થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી જ રીતે ઉપકારનો અર્થ બીજાની નજીકના બનીને, અથવા બીજો નજીકનો થઈ શકે એવી રીતે વર્તવું, એવો થાય છે. એથી ઊલટું અપકાર એટલે જેથી કરીને બીજો દૂર જાય એવું વર્તન.

ટૂંકમાં, સેવક સમાજ પર ખોટા ઉપકાર કરવાની ઇચ્છા રાખતો નથી, તેથી તે અભેદ બુદ્ધિથી પોતાની બધી શક્તિઓ વાપરીને સમાજનું કાર્ય કરશે; અને પોતાના ગુજરાન પૂરતું વેતન સમાજ પોતાને આપશે એવી ખાતરી રાખશે.

સેવકના ત્રણ પ્રકાર : પણ આ થયો સેવકની મનોવૃત્તિનો ચિતાર. તેનો પ્રત્યક્ષ કાર્યક્રમ અને તેના ગુજરાનની પ્રત્યક્ષ વ્યવસ્થા કેવી હોય? પ્રત્યક્ષ કાર્યની દૃષ્ટિથી સેવકના ત્રણ પ્રકાર કલ્પી શકાય:

(૧) બેઠા સેવકો અથવા 'નાગરિકો' તરીકે એક કે બીજો ધંધો કરીને તે દ્વારા સમાજસેવા કરનારા લોકો;

(૨) ખડા સેવકો અથવા સૈનિકો—કોઈ પણ ખાનગી ધંધો ન કરતાં કેવળ જાહેર કાર્યને વરેલા લોકો;

(૩) સ્વયંસેવકો—પોતાનું ગુજરાન ચલાવવા માટે ખાનગી ધંધો કરીને નવરાશના વખતમાં કશું વેતન લીધા સિવાય સાર્વજનિક કાર્ય કરનારાઓ.

બેઠી સેવા : સામાન્યપણે સેવક વિષે આપણી એવી કલ્પના હોય છે કે તે 'સોલ્જર'ની માફક સમાજનો એક ફાલતુ ઘટક છે. 'જાહેર કાર્યકર્તા'નો સર્વસામાન્ય જનતાથી એક જુદો જ વર્ગ આપણે કલ્પીએ છીએ. સર્વસામાન્ય નાગરિક પોતાના જીવનનિર્વાહ માટે એક કે બીજો ધંધો કરતો હોય છે; ત્યારે સેવકે એવા કોઈ પણ પેશામાં કે ધંધામાં ન પડતાં લોકોના આગેવાન કે પોલીસ તરીકે સામાન્ય ધંધાથી જુદાં એવાં—સંગઠન, પ્રચાર, ચળવળ, લોકશિક્ષણ, સંકટનિવારણ કે રાહતનાં કાર્ય જેવાં—કામો કરવાનાં હોય છે. સામાન્ય નાગરિક ગૃહસ્થ હોય, તો સેવક યતિ હોય; નાગરિક સંસારી માણસ હોય, તો સેવક પારમાર્થિક હોય; નાગરિક એક સ્થાને સ્થિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને વિશિષ્ટ ધંધો કરનારો હોય, તો સેવક હંમેશ ફરતો, જેને કોઈ બાંધ્યું કામ ન હોય એવો હોય, એ જાતનો બેની વચ્ચે સ્થૂળ ભેદ આપણે કરીએ છીએ

પરંતુ નાગરિક અને સેવક, ગૃહસ્થ અને યતિ, સંસારી અને પરમાર્થી, બેઠો અને ફરતો, જવાબદારીવાળો અને જવાબદારી વિનાનો —એવી જાતનો આ ભેદ ભ્રામક છે. સેવા એ મુખ્યત્વે કરીને માણસની વૃત્તિનો સવાલ છે. સંસારી માણસે સ્વાર્થી જ રહેવું જોઈએ અથવા સેવકે રખડેલ જ હોવું જોઈએ એવું મુદ્દલે નથી. સંસાર અને પરમાર્થની કે ધંધો અને સેવાની આવી રીતે ફારગતી કરવી એ હાનિકારક છે. ધંધો એ જ સેવાશીલ હોવો જોઈએ; અને સેવા ઉદ્યમશીલ અને જવાબદારી ઓળખનારી હોવી જોઈએ. 'आधीं प्रपंच करावा नेटका । मग साधावें परमार्थविवेका' (પ્રથમ ગૃહસંસાર બરાબર કરી લેવો; અને પછી પરમાર્થનો વિવેક સાધવો.) એ રામદાસની ઉક્તિમાં રહેલું રહસ્ય એ જ છે કે, સંસાર પારમાર્થિક હોવો જોઈએ અને પરમાર્થ સાંસારિક, એટલે કે સંસારી જીવન સાધનારો હોવો જોઈએ

ખેતી, મજૂરી, વેપાર, વકીલાત, વૈદું, ખાનગી કે સરકારી નોકરી એ બધાંનો સેવાવૃત્તિની સાથે વિરોધ તો નથી જ; ઊલટું, આ બધાં કામો કે ધંધા સેવાની વૃત્તિથી જ કરવામાં આવે એ ઇષ્ટ, ઉચિત, તેમ જ આવશ્યક છે. ખાનગી ધંધાનું ધોરણ કે નીતિ નીતિહીન સ્વાર્થવાળાં જ હોય કે હોવાં જોઈએ એમ મુદ્દલે નથી; તે સમાજની સેવાવાળાં જ હોવાં જોઈએ. વેપારીનું કામ ગમે તેમ ઠગબાજી કરીને કોઈ પણ રીતે સંપત્તિ એકઠી કરવાનું નથી; પણ ઘરાકોની વાજબી જરૂરિયાતો પૂરી પાડવાને માટે આવશ્યક હોય તે બધી સ્થાનિક વસ્તુઓનો સંગ્રહ કરવો, જરૂરી હોય તે ચીજો પરદેશમાંથી આયાત કરવી, અને તે બધી ઘરાકોને જરૂર પડે તેમ તેમ વાજબી ભાવ લઈને પૂરી પાડવી, તે જ પ્રમાણે પોતાના મુલકમાં જે વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં થતી હોય તે વસ્તુઓ જ્યાં તેમની વિશેષ આવશ્યકતા હોય એવા પરદેશોમાં રવાના કરવી અને એવી રીતે સમાજના ભરણપોષણની સગવડ કરવી — એ છે. મોચીનું કામ પગરખાનાં તળિયાંની અંદર જૂના ચામડાના કકડા અથવા ભૂકો ભરી દઈને ઘરાકોને છેતરવા એ નથી; પણ નરમ અને ટકાઉ ચામડાના મજબૂત અને ઉપયોગી જોડા બનાવીને લોકોને પૂરા પાડવા અને કાંટા, કાંકરા, તડકાનો ત્રાસ તેમ જ ટાઢથી તેમના પગનું રક્ષણ કરવું એ જ છે. વણકરનું કામ ટાઢનું નિવારણ અને આબરૂનું રક્ષણ થાય તે માટે તે તે ઋતુઓમાં સગવડભર્યું થાય એવું સુંવાળું, ગરમ, જાડું કે ઝીણું, ટકાઉ કાપડ તૈયાર કરીને લોકોને પૂરું પાડવું એ છે. પોલીસનું કામ લોકોને તંગ કરવાનું નથી; પણ મારામારી, રમખાણો, ચોરી કે લૂંટ, જોરાવરનો દૂબળા પર થતો જુલમ, વગેરે અનેક જાતનાં અનિષ્ટોનું નિવારણ કરવાનું છે. આવી રીતે કોઈ પણ ધંધો એ કેવળ ઉપજીવિકાનું કે કમાણી કરવાનું સાધન નથી, પણ તે સમાજસેવાનો જ એક પ્રકાર છે. આ બધા ધંધાઓ શ્રમવિભાગની દૃષ્ટિએ પોતપોતાની શક્તિ મુજબ સમાજની સેવા કરવાના જ અચૂક માર્ગો છે. લોકોની ગેરવ્યાજબી ગરજો સંતોષવાના ધંધા — દાખલા તરીકે, વેશ્યાવ્યવસાય, દારૂનું પીઠું ચલાવવું, જુગાર, વગેરે — અલબત્ત નિષિદ્ધ છે. તે જ પ્રમાણે ચોર, મારા વગેરેને પણ ધંધાદારીઓ કહેવા એ યોગ્ય નથી. આવી જાતના નીતિબાહ્ય ધંધાઓ બાદ કરતાં બાકીના નીતિશુદ્ધ કે વિહિત ધંધાઓ સ્વાર્થ સાધવાની ઇચ્છાથી ન ચલાવતાં શુદ્ધ સમાજસેવાની દૃષ્ટિથી ચલાવવા શક્ય તેમ જ ઇષ્ટ છે. આદર્શ સમાજમાં દરેક કાર્યક્ષમ સ્ત્રી કે પુરુષને આવી જાતનું કોઈ ને કોઈ ઉપયોગી કામ સોંપેલું હશે, અને તે કામ તે સમાજની સેવા કરવાની તક સમજીને સાચા દિલથી કરતો હશે. આવી રીતે સેવાભાવથી ધંધા કરનારા સજ્જનો આજે પણ દરેક ધંધામાં મળી આવે તેમ છે; અને જૂના વખતમાં પણ વણકર, ઢેઢ, માળી, કુંભાર, ખાટકી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે ધંધાદારીઓમાં — ઘરકામ કરનારી કામવાળીઓમાં પણ — અનેક જગવંદ્ય મહાત્માઓ અને સંતો થઈ ગયા એ આપણે જાણીએ છીએ.

સરકારી નોકરોને પણ સિવિલ સર્વંટ અથવા પબ્લિક સર્વંટ એટલે કે સમાજસેવક એવી સંજ્ઞા અપાયેલી છે. અને આદર્શ રાજ્યવ્યવસ્થામાં તે સાવ યથાર્થ પણ છે. આપણ હિંદી લોકોને સૈકાઓથી ચાલતી આવેલી પરતંત્રતાને કારણે સરકાર એ સંસ્થાને વિષે જ પરાયો ભાવ, અવિશ્વાસ અને અનાદર થાય છે એ વાત જુદી; પણ સુયોગ્ય રાજ્યપદ્ધતિ હેઠળ સરકારી નોકરીના જેવો સમાજસેવા કરવાનો બીજો ‘રાજમાર્ગ’ નથી!

निर्दोष आजीविका : સમાજની શ્રમવિભાગની યોજના અનુસાર જે માણસ પોતાને ભાગે પડતું કામ ચિનચૂક અને બીજા કોઈને જરાપણ તકલીફ ન પડે એવી રીતે પાર પાડે તે કૃતકૃત્ય થયો, સમાજને વિષે તે અનૃણી થયો; તેણે એ ઉપરાંત બીજી સમાજસેવા, ઉપકાર, દાન વગેરે કરવાની જરૂર રહેતી નથી.

‘निर्मल कर्में स्वदेहधारण । आदिसूत्र सेवाधर्माचें ।।’ એટલે કે નિર્મળ, નિર્દોષ, નિરુપદ્રવી માર્ગે, બીજાનું શોષણ કર્યા વિના, હું જો મારું ગુજરાન ચલાવું તો પૂરતું છે. પછી કોઈ પણ જાતનું ‘સન્માન્ય’ સેવાકાર્ય કરવાની જવાબદારી મારા પર રહેતી નથી. ઊલટું, સારાનરસા કોઈ પણ ‘સુલભ’ માર્ગે થોડા શ્રમમાં ભરપૂર સંપત્તિ મેળવીને ફુરસદના વખતમાં કશું વેતન લીધા વિના સમાજકાર્ય કરવું એ શરીરે પ્રથમ કાદવ ચોપડીને પછી સાબુ વડે તે ધોઈ કાઢવા જેવું છે, એ આપણે અગાઉ એક વાર જોયું જ છે.

धंधानी पसंदगी : અલ્પ શ્રમથી વિપુલ સંપત્તિ મેળવી આપનારા માર્ગમાં ઇચ્છાપૂર્વક કે અનિચ્છાએ અન્યાય, જુલમ, કનડગત, શોષણ ઇત્યાદિ દોષોમાંથી કોક દોષ તો આવી જ જાય છે. સમાજની આદર્શ સ્થિતિમાં બધી જાતના ઉપયોગી શ્રમના એક વિશિષ્ટ પ્રમાણ માટે વેતનનું પણ એક વિશિષ્ટ પ્રમાણ જ હશે. પરંતુ હાલ આ બાબતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા મોટા પ્રમાણમાં વિષમતા જોવામાં આવે છે. તેથી જે ધંધામાં પરશોષણ ઓછામાં ઓછું હશે એવો ધંધો જ સેવાશીલ ધંધાદારી માણસ પસંદ કરશે. તે ધંધો ચલાવવાની તેની પદ્ધતિ પણ બને તેટલી ઓછી શોષક હશે. દાખલા તરીકે, સ્થાનિક અને રોજબરોજની જરૂરી વસ્તુઓના વેપારમાં નફો ઓછો હોય છે; ત્યારે પરદેશી અને મોજશોખની વસ્તુઓના વેપારમાં તે વધારે હોય છે. વીમા એજન્ટને ઘણા ઓછા શ્રમથી ભરપૂર કમાણી થાય છે, અને સરકારી નોકરને પચીસ ત્રીસ વર્ષ નોકરી કર્યા પછી ઘેર બેઠાં પેન્શન મળે છે; ત્યારે ખેડૂત સાઠ સાઠ વરસ સુધી ખેતરની મશાગત કરે તોય હવે પછી આવનાર ચોમાસામાં હળ જોડીને કાદવ ખૂંદ્યા સિવાય તેને પેટ પૂરતું ખાવાનું મળતું નથી. આવી આર્થિક વિષમતા, રસાકસી અને સ્પર્ધાવાળી પરિસ્થિતિમાં સેવાપરાયણ ધંધાદારી પોતાની શક્તિ અને લાયકાત અનુસાર બને તેટલા પ્રમાણમાં નિર્દોષ ધંધો પસંદ કરશે; એ ધંધો પણ બની શકે તેટલી પ્રામાણિકતાથી તે કરશે અને છતાં જો તેને તેમાંથી વધારે પડતી કમાણી થાય, તો તે પોતાની માલકીની છે એમ ન માનતાં તે પોતાના ઘરાકોની અને પડોશીઓની છે એમ માનીને તેમના હિતાર્થે તેનો વિનિયોગ કરશે. ઊલટું, ગમે તેટલો શ્રમ કરીને પણ અપૂરતી કમાણી થતી હોય તો એ અન્યાયના નિવારણને માટે પણ તે સમદુઃખી લોકોનું સંગઠન કરીને તેમની સાથે રહીને ઝઘડશે.

દુનિયામાં પ્રવર્તતી વિષમતા : દુનિયામાં વિષમતા વિવિધ પ્રકારની છે. નિસર્ગમૂલક એટલે કે કુદરતી વિષમતા છે; માણસ માણસ વચ્ચે જન્મગત, શારીરિક, માનસિક તેમ જ બૌદ્ધિક શક્તિની બાબતમાં ઘણો તફાવત હોય છે; તે જ પ્રમાણે સામાજિક — કુળ, વંશ, વર્ણ ઇત્યાદિમૂલક — વિષમતા પણ છે. તે ઉપરાંત જેને 'સંયોગમૂલક' વિષમતા કહી શકાય એવી વિષમતા પણ ભરપૂર છે; જન્મતઃ સમાન શક્તિના હોય એવા માણસોને જો જુદી જુદી જાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકો મળે, તો તેમના ભાગ્યોદયની કક્ષાઓ પણ ભિન્ન થાય છે. દાખલા તરીકે શહેરમાં રહેનાર માણુસને ગામડામાં રહેનાર માણુસના કરતાં વધારે લાગવગ મળે છે. નાકા પર આવેલા ઘરનો ધણી, જેના ઘર પાસેથી મોટરનો કે આગગાડીનો નવો રસ્તો થાય એવો ગૃહસ્થ, રાજધાની કે પાટનગરનો રહેવાસી, 'સાહેબ'નો પટાવાળો, વિશિષ્ટ સંસ્થાનો કે વિદ્વાનનો વિદ્યાર્થી, મોટા આગેવાનનો નિકટવર્તી અનુયાયી, વગેરેને સ્વાભાવિકપણે જ વધારે મહત્ત્વ પ્રાપ્ત થાય છે. આવી વિવિધ પ્રકારની વિષમતા જો દુનિયામાં ન હોત તો કોઈએ કોઈની સેવા કરવાની આવશ્યકતા, બલ્કે શક્યતા પણ ન હોત. દુનિયામાં વિષમતા છે; ઉચ્ચ અને નીચ, તવંગર અને ગરીબ, ભણેલા અને અભણ, આગળ વધેલા અને પછાત, કાળા અને ગોરા, વગેરે જેવા ભેદો માનવકુટુંબનો ઉચ્છેદ અને તેની એકતાનો વિચ્છેદ કરનારા છે; એટલા માટે જ એ છેદોને સાંધવા માટે સેવાનું સિમેન્ટ પણ વાપરવું પડે છે. સાંધા વિનાની અખંડ કોતરેલી ગુફાઓના જમાનામાં સિમેન્ટની જરૂર ન હતી, તેથી તેની શોધ પણ તે વખતે થઈ ન હતી. માણુસનું વ્યક્તિગત અને સમૂહગત જીવન સાદું, સીધું અને અલ્પશાખ હતું, ત્યાં સુધી સમાજસેવાની ઝાઝી આવશ્યકતા જણાતી ન હતી; પરંતુ એ જીવન જેમ જેમ વધારે વ્યાપક, ગંભીર અને બહુશાખ અને અટપટું થતું જાય છે, તેમ તેમ સામાજિક પ્રશ્નો પણ વધવા માંડે છે અને સમાજસેવાનાં નવાં નવાં ક્ષેત્રો પેદા થાય છે.

સમાજની આદર્શ સ્થિતિમાં દરેક ધંધાદારી એ સમાજનો સેવક હશે અને દરેક વ્યક્તિને વિશિષ્ટ ધંધો મુકરર કરી આપેલો હશે; એટલે બધા જ એકબીજાના તેમ જ સમાજના સેવકો હશે. એટલે કે સેવકોના સ્વતંત્ર વર્ગની જરૂર જ નહીં હોય. પરંતુ એવી પરિસ્થિતિ પ્રવર્તતી નથી એટલા માટે જ તો સેવાની જરૂર ઊભી થાય છે અને ધંધો કરનારા નાગરિકો ઉપરાંત જેમને આપણે 'ખડા સેવક' અને 'સ્વયંસેવક' તરીકે ઓળખાવ્યા એવા સ્વતંત્ર સેવકોની જરૂર પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आदर्श राज्यव्यवस्था : દેશના સંરક્ષણને માટે જેમ ' ખડી ફોજ ' હોય છે, તેમ ખાનગી ધંધો ન કરતાં કેવળ સાર્વજનિક કાર્યને જ વરેલા એવા કેટલાક સેવકોની સમાજને હંમેશ જરૂર રહે જ છે. દૈન્ય, દારિદ્ર, જુલમ, આપત્તિઓ, વગેરેથી ત્રાસેલા સમાજોને આવી જરૂર વિશેષ હોય છે. જેમ જેમ સમાજ આપણે ઉપર કહેલી આદર્શ પરિસ્થિતિની પાસે પાસે જશે, તેમ તેમ આ આવશ્યકતા ઓછી થતી જશે.

આદર્શ રાજ્યવ્યવસ્થામાં લોકસેવાનાં ઘણાંખરાં કામો સરકાર પોતે જ પોતાને હસ્તક લઈને ચલાવશે. પણ આજકાલ શસ્ત્રબળને જોરે – અને એથી ઊલટું, શસ્ત્રબળનો પ્રતિકાર કરવાને માટે પણ – મોટાં મોટાં પ્રચંડ રાજ્યો સ્થાપવાની જરૂરિયાત ઊભી થઈ છે. આવાં અતિવિસ્તૃત રાજ્યોમાં પ્રજાની આંતરિક સુખસગવડો તરફ તેમ જ તેના આત્મવિકાસ તરફ પૂરતું ધ્યાન આપવાનું સરકાર માટે શક્ય હોતું નથી. હાલ સરકાર એ સંસ્થા મુખ્યત્વે કરીને પરદેશીઓનો પ્રતિકાર કરવા માટે, તેમના પર ચડાઈ કરવાને માટે, અથવા પરદેશીઓની ચડાઈ થાય છે તેથી હસ્તી ધરાવે છે. અરસપરસ સહકારથી આત્મ-વિકાસ સાધવાનું જે તેનું શ્રેષ્ઠ કર્તવ્ય છે, તેની ઉપેક્ષા થઈ રહી છે. આ શ્રેષ્ઠ કર્તવ્યને જેમ જેમ પ્રાધાન્ય મળતું જશે, તેમ તેમ દરેક પ્રકારની સમાજસેવાનાં ક્ષેત્રોનો સરકારની કાર્યવાહીમાં સમાવેશ થતો જશે; અને સરકાર પોતે જ એક વ્યાપક, કાર્યક્ષમ અને નિષ્પક્ષપાત એવો મધ્યવર્તી સમાજસેવાસંઘ બનશે. પણ આજે સરકારોની આ બાબતમાં કામ કરવાની શક્તિ બહુ મર્યાદિત હોવાથી ખાનગી સંસ્થાઓને અને વ્યક્તિઓને સમાજસેવાનાં અને સુધારાનાં હરકોઈ જાતનાં કામ પોતપોતાની અભિરુચિ, આકાંક્ષા, શક્તિ અને સાધનો અનુસાર પોતાને માથે લઈને ચલાવવાં પડે છે. સરકારી ખાતાંઓ કરતાં આવા ખાનગી પ્રયત્નોમાં કળકળ, નિષ્ઠા, સહકારની ભાવના, કાર્યક્ષમતા, કરકસર, દીર્ઘસૂત્રીપણાથી મુક્તતા, વગેરે ગુણો વધારે પ્રમાણમાં સધાય છે. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની સાથે જ વ્યાપક અને સર્વસ્પર્શી યોજના, એકસૂત્રતા વગેરે સગવડો ખોઈ બેસીએ છીએ.

खडा सेवको अने आजीविकानो सवाल: બીજું, ધંધાદારી નાગરિકો પોતપોતાના ધંધાઓ સમાજસેવાની દૃષ્ટિથી જ ચલાવે એ ઉચિત હોય તોપણ બધા તેમ નથી કરતા; એ કારણે પણ સમાજ-સેવાના કાર્યને વરેલા અને પોતાની આજીવિકા ચલાવવા માટે કોઈ ધંધો ન કરી શકે એવા 'સેવાવૃત્તિ' એટલે કે સેવા એ જ જેમની વૃત્તિ એટલે નિર્વાહનું સાધન છે એવા ખાસ સેવકોની સમાજને આવશ્યકતા હોય છે. અહીં સુધી આપણે જેમનું ચરિત્ર આલેખ્યું તે આપણા ચરિત્ર-નાયકો ખાસ કરીને આ ખડા સેવકો જ છે.

હવે અમારા આ બિચારા નાયકોની સામે મુખ્ય પ્રશ્ન રહેતો હોય તો પોતાનું પેટ ભરવાનો! આપણા નાયકની રહેણી સાદી હોય, તેની જરૂરિયાતો તદ્દન મર્યાદિત હોય, તે અપરિણીત વાંઢો પણ હોય, તોપણ તેનેય બપોરે પેટની પૂજા કરવાની તો ખરી જ ને? એની વ્યવસ્થા શી?

આ પ્રશ્નનો અગાઉથી જ સર્વસામાન્ય જવાબ આપવો અશક્ય છે – અને તેની જરૂર પણ નથી. કારણ રાફડામાંથી જેમ કીડીઓ એક-દમ ઊભરાય છે અને તેમની લાંબી કતાર શરૂ થાય છે, તેમ એવા સેવકોની એકાએક મોટી પલટન ઊભી થવાની છે અને તેમના સીધા-પાણીનો તેમ જ તેમની રસોઈ માટે હાંલ્લાંનો સવાલ ઊભો થવાનો છે એવું કંઈ નથી. વિશેષ પ્રસંગ અનુસાર વિશેષ સ્થળે અને વિશેષ કાર્યને માટે કોઈ એકલદોકલ અથવા ગણીગાંઠી વ્યક્તિઓ જ સેવાકાર્યને માટે આગળ આવવાનો સંભવ હોય છે. તે બધાની વ્યવસ્થા તે તે વખતની પરિસ્થિતિ અનુસાર થશે એમ માની લઈએ તો તેમાં કશું ખોટું નથી. તેમ છતાં જો કદાચ સેવક પર ભૂખ્યા રહેવાનો અથવા ટાઢમાં ધ્રૂજતા બેસવાનો પ્રસંગ આવી પડે, તો તે તેની પરવા કરશે નહીં. સંસારી લોકો પર અથવા તવંગર માણસો પર પણ આવા પ્રસંગો કોઈ કાળે આવતા નથી એવું થોડું જ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવકની કસોટી: આવા પ્રસંગો સેવકની નિષ્ઠાની કસોટીરૂપ છે. સમાજ પણ ખરાખોટાની પારખ કર્યા વિના પોતાને સેવક કહેવડાવનાર કોઈ પણ અજાણ્યા માણસ આગળ પંચપકવાનોનો રસથાળ ધરે તો તેનું કેમ ચાલે? સમાજમાં મૂળે જ એટલું બધું શ્રદ્ધાળુપણું કે બાઘાપણું છે કે તેને લીધે અનેક ધુતારાઓ સારી પેઠે ફાવી જાય છે. આવા ધુતારાઓની ઠોકરો ખાઈ ખાઈને લોકો ચિકિત્સાખોર બને અને સેવાનાં નાણાં બરાબર પારખીને એમાં કશું ખોટું નથી. આવી પારખ સમાજની જેમ જ સેવકને પણ શ્રેયસ્કર નીવડ્યા વિના રહેતી નથી. જેમ ઉમેદવારી અથવા તપશ્ચર્યા દરેક ખાતામાં કરવી પડે છે, તેવી જ રીતે સેવાના ખાતામાં તે કરવી પડે, તો તેમાં કશી નવાઈ નથી. બલ્કે ન કરવી પડે તો જ નવાઈ કહેવાય; અને પરીક્ષા વિનાના પ્રમાણપત્રથી જ સેવકે ભડકવું જોઈએ.

પારખ ગમે તેટલો લાંબો સમય ચાલે અથવા માન્યતા મળતાં ગમે તેટલો વખત લાગે, તોપણ કાર્યાર્થી સેવક તેની બિલકુલ પરવા નહીં કરે. ભર્તૃહરિ કહે છે તેમ:

क्वचिद् भूमौ शय्या क्वचिदपि च पर्यङ्कशयनम् ।
क्वचित् शाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः ।।
क्वचित् कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो ।
मनस्वी कार्यार्थी न गणयति च दुखं न च सुखम् ।।

—ધાર્યું કામ પાર પાડવા માગતો ટેકીલો માણસ જિંદગીમાં આવતાં સુખોને કે દુઃખોને ગણકારતો નથી. ક્યારેક એ જમીન પર સૂએ તો ક્યારેક પલંગ પર પોઢે; ક્યારેક કેવળ શાકભાજી ખાઈને જીવે તો ક્યારેક કમોદનો ભાત આરોગે; ક્યારેક થીંગડાંની કંથા ઓઢે તો ક્યારેક ચળકતાં કીમતી વસ્ત્રો પરિધાન કરે; સુખ કે દુઃખ કંઈ જ એને રોકી શકતું નથી.

અથવા

भोजनाच्छादने चिन्तां वृथा कुर्वन्ति वैष्णवाः ।
योऽसौ विश्वंभरो देवः किं स भक्तानुपेक्षते ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—આસ્તિક વૃત્તિવાળા લોકોએ અન્નવસ્ત્રની ચિન્તા ન કરવી જોઈએ. અખિલ વિશ્વનું ભરણપોષણ કરનારો ઈશ્વર પોતાના ભક્તોની જ ઉપેક્ષા કદી કરશે ખરો?

नुपेक्षी कदा रामदासाभिमानी। (રામદાસ). ખ્રિસ્તનો પણ આવી જ જાતનો ઉપદેશ છે:

"પેલા કાગડાઓ જુઓને. તેઓ વાવણી, કાપણી, લણણી કે સંગ્રહ કશું જ કરતા નથી; તેમ છતાં પ્રભુ તેમને ખાવાનું અને પીવાનું આપે છે. તેમના કરતાં તમારી કિંમત અનેકગણી વધારે નથી કે?

"પેલાં કમળો કેવી રીતે વધે છે તે જુઓ. તેઓ સૂતર કાંતતાં નથી કે નથી બીજા શ્રમ કરતાં, પણ તેમના જેવો પોશાક બાદશાહોને પણ મળતો નથી.

"તમે દૈવી રાજ્ય અને દૈવી ન્યાય સંપાદન કરો; એટલે બાકીની બધી વસ્તુઓ પોતાની મેળે તમારી પાસે ચાલીને આવશે."

(લ્યૂક, અધ્યાય ૧૨–૨૪)

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ — गीता

અને આખરે તુકારામ કહે છે તેમ—

कांरे नाठवीसी कृपाळु देवासी। पोषितो जगासो एकला तो।
तेणें काय तुझी नाहीं केली चिंता। राहें त्या अनंता आठवूनी॥

— દયાળુ દેવનું તું સ્મરણ કેમ નથી કરતો? તે એકલો જ આખા જગતનું પોષણ કરે છે. તારી કઈ બાબતમાં તેણે કાળજી લીધી નથી? માટે એ અનંતનું સ્મરણ કરીને તું રહે.

सेवकनो जुलम: સેવક પોતાના અન્નવસ્ત્રની બાબતમાં બેફિકર રહે તોપણ તે બીજી એક બાબતમાં ખૂબ કાળજી રાખે એ જરૂરનું છે. તે બાબત આ છે: સેવક પોતાની વ્યક્તિવિશિષ્ટ (સબ્જેક્ટિવ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પનાઓ, પ્રેરણાઓ, અથવા આકાંક્ષાઓને અનુસરીને કોઈ વિશિષ્ટ કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે અને એ કાર્યને જ પોતાનું તન, મન, ધન અર્પણ કરે છે. પોતાની મનગમતી વસ્તુનું એટલું બધું મહત્ત્વ એ આંકે છે કે, એ જ એક વસ્તુની સમાજને અથવા દુનિયાને અત્યંત આવશ્યકતા છે એવું તેને લાગ્યા કરે છે. પણ એ તેનો ભ્રમ હોવાનો અથવા તેના આ વિચારો એકાન્તિક હોવાનો સંભવ હોય છે. સમાજને એ વસ્તુ એટલી બધી મહત્ત્વની ન પણ લાગે; અથવા એથી ઊલટું, અનિષ્ટ કે હાનિકારક પણ લાગે. સેવક પોતાનો શત્રુ છે એમ પણ તેને લાગે. એમાં સમાજની ભૂલ છે કે સેવકની, એ તો કાળ જ નક્કી કરી શકે. કાળનો ચુકાદો જાહેર થાય ત્યાં સુધી સેવક અને સમાજ એની વચ્ચે અણબનાવ જ રહેવાનો. એમાં પોતાનો પક્ષ ખોટો નથી તેની સેવકે કાળજી લેવી જોઈએ. સેવકના મનમાં જે વાત વસી હોય અને જેને માટે તે ખાસ આગ્રહી હોય, એ વાત સમાજને માટે હાનિકારક પણ હોય; અથવા મૂળે ઇષ્ટ હોય તોપણ તે ઝાઝા મહત્ત્વની ન હોય, સમયસરની ન હોય, અથવા થોડા સમય પછી તેની આવશ્યકતા જણાવાની હોય; પણ આજે જ તેનો આગ્રહ રાખવો એ કવેળાનું, અને તેથી જ હાનિકારક હોય. આવી પરિસ્થિતિમાં સમાજ સેવકની ઉપેક્ષા તો શું પણ તેનો વિરોધ કરે તોય સેવકે તે બદલ તકરાર તો ન જ કરવી જોઈએ; પણ આપણે પોતે જ સમાજ ઉપર જુલમ તો કરતા નથીને તેનો પણ પૂરેપૂરો વિચાર કરીને યોગ્ય જણાય તો પોતાનો કાર્યક્રમ તેણે સુધારવો જોઈએ. **यद्यपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं नो करणीयम्*** (સારી વસ્તુ પણ લોકોને માફક ન આવે એવી રીતે ન કરવી જોઈએ.) સેવામાં તેમ જ સુધારામાં પણ જબરદસ્તીનો અંશ હોવાનો પૂરતો સંભવ હોય છે. વિદ્યાર્થીની ઝટ પ્રગતિ થવી જોઈએ એવો આગ્રહ રાખી શિક્ષક જો તેના પર જબરદસ્તી કરે તો તે જેમ અયોગ્ય થાય, તે જ પ્રમાણે સેવક જો પોતાના વિચાર અને કાર્યક્રમ

---

* શંકરાચાર્ય કૃત चर्पटपञ्जरिका स्तोत्रम्।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ પર લાદવાનો દુરાગ્રહ કરે તો એ પણ અયોગ્ય જ થાય. તેનાં પોતાનાં તન, મન, ધન પર સમાજની જ માલિકી છે અને એ વસ્તુઓ સમાજ તરફથી અનામત તરીકે તેની પાસે મૂકવામાં આવી છે; એટલે તેમનો ઉપયોગ તેણે સમાજના હિતને અર્થે જ કરવાનો છે, એટલું જ નહીં પણ સમાજની અનુમતિથી જ કરવાનો છે. આ બાબતમાં જો તે હિતકારક સુલતાનશાહી (બેનિવોલન્ટ ડેસ્પૉટિઝમ) ચલાવે તો પ્રજા પણ તેનો નાશ કરવા માટે ઉદ્યુક્ત થશે, અને કંઈ નહીં તો તેના અમલ સાથે અસહકાર તો કરશે જ.

संस्था द्वारा कार्य : સેવક જો કોઈ પણ સેવાકાર્ય પોતાની વ્યક્તિગત યોજના અનુસાર અને પોતાની એકલાની જ જવાબદારીથી ચલાવે તેના કરતાં કોઈ સંઘ કે સંસ્થા દ્વારા ચલાવે તો તેના વ્યક્તિવિશિષ્ટ વિચારોનું એકાંગીપણું અથવા એકાંતિકપણું ઘણે અંશે દૂર થઈ શકે, એમ કરવાથી તેની યોજનાઓને જનતાની વધારે પ્રમાણમાં માન્યતા મળે, સંસ્થાના ઘટકોનું સહકાર્ય તેને મળે અને સંસ્થા દ્વારા તેના નિર્વાહનો પણ પ્રશ્ન વધારે સહેલાઈથી ઊકલે. નહીં તોય, સેવક એકલો પોતાની મેળે કોઈ પણ કાર્ય પાર પાડી શકતો નથી. કાર્ય પાર પાડવા માટે તેને બીજાઓની મદદ મેળવવી પડે જ છે. પોતાના વિચારો પ્રથમ કેટલાક ખાસ પસંદ કરેલા લોકો આગળ રજૂ કરીને અને તેમનું તે બાબત શું કહેવું છે તે સાંભળી લઈને તે બધાના ન બને તોય તેમાંથી કેટલાક લોકોના સહવિચારથી અને સહકારથી સેવકને કામ કરવું પડે છે. એટલે કે તેને એક તાત્પૂરતો અથવા કામચલાઉ સંઘ ઊભો કરવો પડે છે. એના કરતાં અગાઉથી પ્રસ્થાપિત થયેલા અને એટલું જ કાર્ય નહીં પણ એ જ જાતનાં બીજાં કાર્યો પણ વધારે વ્યાપક પ્રમાણમાં અને યશસ્વીપણે કરનારા સંઘમાં અથવા સંસ્થામાં જોડાઈને તે સંઘ કે સંસ્થા મારફત કાર્ય કરવું, એ અનેક દૃષ્ટિથી સગવડભર્યું અને લાભકારક થઈ શકે છે. આમ કરવાથી સંસ્થાની પ્રતિષ્ઠાનો, સંગઠનનો અને સાધનોનો, અનુભવોનો તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગદર્શનનો સેવકને લાભ મળે છે, અને તેની કાર્યશક્તિ અનેક ગણી વધે છે. 'संघे शक्तिः कलौ युगे' — કલિયુગમાં સામર્થ્ય સંઘમાં કે સંગઠનમાં હોય છે.

સંસ્થાની મર્યાદાઓ: તેમ છતાં દરેક જગ્યાએ અથવા દરેક પ્રસંગે, બધા જ સેવકોને અને બધાં જ કાર્યોને માટે, સંઘનો કે સંસ્થાનો આધાર મળી શકશે જ એવું કંઈ નથી. સંસ્થા એ પણ એક જાતની નાનકડી સરકાર જ કહેવાય. સરકારની માફક સંસ્થામાં પણ તેના કામના પસારાના અને વિસ્તારના પ્રમાણમાં થોડી ઘણી મુશ્કેલી, અમુક એક ચોક્કસ ઢાળ ને પદ્ધતિનું વર્ચસ્વ, દીર્ઘસૂત્રીપણું, કેન્દ્રીકરણ (સેંટ્રલાયઝેશન) વગેરે વસ્તુઓ કે દોષો અનિવાર્ય હોય છે. તેથી, વિશેષ ઉત્કટતાથી કરવાનાં કામો સરકારની માફક જ સ્થિર થયેલી સંસ્થાઓ પણ ઝટ ઝટ કરી શકતી નથી. વળી સરકારનો કારભાર મોટા પ્રમાણમાં ચલાવવો પડતો હોવાથી, સ્થાનિક અને પરચૂરણ અથવા તાત્કાલિક સ્વરૂપનાં કાર્યો તેની કક્ષાની અથવા પહોંચની બહાર રહી જાય છે. એવી જ રીતે મોટી સંસ્થાઓ પણ નાનકડા ક્ષેત્ર સુધી કે કાર્ય સુધી પહોંચી શકતી નથી. આવી પરિસ્થિતિમાં સેવકે એકલાએ જ – પ્રસંગોપાત્ત મળે તે સહકારીઓ અને સહકાર સાથે પોતાનું કામ ચાલુ રાખવું એ ઉચિત છે.

વેતન અને શિસ્ત: સંસ્થા દ્વારા કામ કરતો હોય ત્યારે સેવકે સંસ્થાની આર્થિક સ્થિતિ અનુકૂળ હોય તો પોતાને માટે આવશ્યક હોય તેટલું વેતન લેવું જોઈએ. એમ કરવામાં કંઈ હીણપત છે એમ તેને લાગવું ન જોઈએ; અથવા વેતન લેવાથી આપણે બંધનમાં પડીશું એમ માનીને તેણે વેતનનો અસ્વીકાર ન કરવો જોઈએ. સાચું જોતાં વેતન લેવાથી સેવકનું બંધન વધતું નથી; કારણ વેતન ન લેનાર કાર્યકર્તાએ પણ વેતન લેનાર કાર્યકર્તા જેટલું જ શિસ્તપાલનપૂર્વક કામ કરવું આવશ્યક છે. નિર્વેતન કામ એટલે જવાબદારી વિનાનું કામ, મનમાં આવે તો કરીએ, નહીં તો કંઈ નહીં, એવી જાતની અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વયંસેવકોની માન્યતા અથવા વૃત્તિ જોવામાં આવે છે; પણ તે સર્વાંશે ભૂલભરેલી અને કાર્યને વિઘાતક છે. જાહેર કાર્યમાં પડનારા લોકો મોટે ભાગે સ્વતંત્ર વૃત્તિના અને ટેકીલા જ હોય; કોઈની તાબેદારી કે ગુલામી ન જોઈએ એટલા માટે તો તેમણે સરકારી કે ખાનગી નોકરી જેવા વધારે કમાણીના માર્ગ સ્વેચ્છાએ છોડી દીધેલા હોય છે. સ્વાર્થત્યાગપૂર્વક માથે લીધેલા સેવાકાર્યમાં પણ કોઈની તાબેદારી કરવી પડે એ તેમનાથી સહન થતું નથી. પણ આવા કાર્યકર્તાઓ 'એકલા ચલો'ની કોટિના જ હોવાના; કોઈ પણ જાતનું ચિરસ્થાયી અથવા ઉઠાવદાર કાર્ય તેમનાથી પાર પડી શકે નહીં. કોઈ વિશિષ્ટ પ્રસંગપૂરતો તેમનો પણ ઉપયોગ થાય છે, નથી થતો એમ નથી; પરંતુ કોઈ પણ સ્થાયી, વ્યાપક અને સંઘશક્તિથી જ થઈ શકે એવું કામ કરવું હોય, તો એ કાર્યનાં બંધનો પણ સ્વીકારવાં પડે. ટૂંકમાં, સેવકે પોતાના કામને માટે કશી આનાકાની કર્યા વગર યોગ્ય વેતન લેવામાં સંકોચ કરવો નહીં. સેવકને વેતન મળવું જોઈએ અને તેણે તે લેવું જોઈએ એ યથાયોગ્ય જ છે. વેતન લેવાથી સેવકનું કાર્ય વધારે શિસ્તબદ્ધ થતું હોય અને તેના કાર્યમાં વધારે નિશ્ચિતપણું અને એકાગ્રતા આવતાં હોય, તો તે ઇષ્ટ જ છે. કારણ, સેવકે પોતાના કાર્યની સફળતાની દૃષ્ટિથી પોતાના કાર્યક્રમોની સ્પષ્ટ મર્યાદાઓ આંકી લેવી એ ઇષ્ટ જ છે. નહીં તો તેની શક્તિની માગણી કરનારાં અને તેની ખેંચતાણ કરનારાં જાતજાતનાં કામો રોજ ઉપસ્થિત થયાં જ કરવાનાં; અને દરેકની પાછળ પડવા જતાં એકેય કાર્ય રીતસર પાર પડે નહીં. આ બાબતમાં કોઈ સર્વસામાન્ય નિયમો આપી શકાય નહીં. દરેક કાર્યકર્તાએ અથવા સેવકે પોતાની શક્તિ, પાત્રતા, વલણ, પરિસ્થિતિની કે સાધનોની અનુકૂળતા કે પ્રતિકૂળતા, પોતાના સહકારીઓની સંખ્યા અને શક્તિ અને તે તે કાર્યની ઇષ્ટતા, શકયતા અને આવશ્યકતા કે તાત્કાલિક જરૂરિયાત ઇત્યાદિ વસ્તુઓનો તારતમ્યબુદ્ધિથી વિચાર કરીને પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કે પસારો નક્કી કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેતનની સાથે મત્સર : વેતન લઈને કામ કરવા સેવકો તૈયાર નથી હોતા તેનાં બીજાં પણ કારણો હોઈ શકે છે. વેતન લેવાથી આપણા નિઃસ્વાર્થીપણામાં બાધ આવશે, અને આપણો સ્વાર્થત્યાગ લોકોને સ્પષ્ટપણે દેખાશે નહિ એટલે તેમની પર આપણી છાપ નહીં પડે અને આપણા કાર્યને તેમનો ટેકો નહીં મળે, એવી મુશ્કેલી કેટલાક સેવકોને લાગ્યા કરે છે. કેટલેક અંશે એ સાચી પણ હોય છે. દરિદ્રી, બુભુક્ષિત, પુરુષાર્થહીન અને પરતંત્ર એવી જનતામાં નોકરીઓ માટે ખૂબ લાલચુપણું અને અરસપરસ સ્પર્ધા હોય છે. સેવકને પણ 'નોકરી' મળે તો તે બદલ લોકોને તેની અદેખાઈ આવે છે અને તેને વિષેનો આદર અને સદ્‌ભાવ તેમ જ તેના કાર્યને પોતાનાથી થઈ શકે તેટલી મદદ કરવાની વૃત્તિ લોપ પામે છે; એટલું જ નહીં પણ વખતે તિરસ્કાર અને વિરોધની ભાવના પણ તેમના મનમાં ઊઠે છે. જનતાની આ કૃપણ વૃત્તિની અસર કાચાપોચા દિલના સેવક પર થાય એ સ્વાભાવિક છે. લોકોનાં અપમાનજનક અને તુમાખીભર્યાં વેણ સાંભળીને અનેક જુવાન અને ઉદ્યોન્મુખ સેવકો નાસીપાસ થઈને સેવાકાર્યમાંથી કાયમને માટે નિવૃત્ત થાય છે.

પરંતુ સમાજ એ સેવકનો શેઠ છે; તે બહુરૂપી અને બહુમુખી શેઠ છે; નોકરને કડવાં વેણ કહેવાનો શેઠને અધિકાર છે; એમ માનીને સેવકે પોતાનું મન અવિચલિત રાખવું જોઈએ. તેણે કેવળ પોતાનું મન તપાસવું જોઈએ. આપણે કેવળ પેટિયું કાઢવા માટે સેવાનો સ્વાંગ તો નથી સજ્યો? આપણું કાર્ય તત્પરતાથી કરીએ છીએ કે નહીં? આ જગ્યાને અને કાર્યને આપણાથી વધારે લાયક અને એ કામ કરવા તત્પર એવા બીજા માણસને બાજુએ હડસેલીને આપણે આ જગ્યા પચાવી તો નથી પડ્યા? આપણી વાજબી જરૂરિયાતો કરતાં, કંઈ નહીં તો આપણા બજારભાવ કરતાં, વધારે વેતન તો આપણે નથી લેતા? આ અને આના જેવા બીજા પ્રશ્નો સેવકે પોતાની જાતને પૂછીને તેનો વિચાર કરવો જોઈએ; અને પોતાનામાં સુસ્તી, મિથ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર વગેરે દોષો નથી એની ખાતરી થાય તો જનતાની નિંદા કે સ્તુતિની બાબતમાં બેપરવા જ નહીં પણ નચિંત રહેવું જોઈએ. પોતાની નિષ્ઠા સાચી હોય તો જનતા આજે નહીં તો કાલે તે માન્ય કરશે, એ વિષે તેણે ખાતરી રાખવી જોઈએ. નિઃસ્વાર્થી કાર્યનો વિશેષ અનુભવ મળેલો ન હોવાથી અને એથી ઊલટું ઢોંગ ને સ્વાર્થનો જ વારંવાર અનુભવ થયેલો હોવાથી લોકોનો સ્વભાવ જ શંકાખોર બને છે. પણ સેવકની સચ્ચાઈ એક વાર જનતાની કસોટીએ ઊતરે એટલે પછી જનતા તરફથી તેને હંમેશ ઉત્તેજન, સદ્ભાવના, ઉદારતા, વાત્સલ્ય, આદર ઇત્યાદિ મળતાં જ રહે છે. તેથી સેવક જ ઊલટો ઓશિયાળો બને છે, તેને શરમ આવે છે અને લોકોના અકારણ વાત્સલ્યને લાયક બનવાની તાલાવેલી તેનામાં જાગે છે. જેમ જેમ તેની સેવાવૃત્તિ, કળકળ, તત્પરતા, નમ્રતા, કૃતજ્ઞતા અને આત્મસમર્પણ કરવાની ઉત્કંઠા વધે છે, તેમ તેમ જનતા પણ સેવકને વધારે ને વધારે અધીન થતી જાય છે, અને આખરે 'જનતા મારી, હું જનતાનો' અને બીજે પક્ષે 'અમારો સેવક, અમે સેવકના' એવી જાતનો અભેદનો સંબંધ દૃઢ થાય છે. જનતાએ પોષેલો, જનતાએ જ જતન કરેલો મારો દેહ તેની જ સેવામાં ઘસી છૂટવા, અર્પણ કરવા સેવક જેમ જેમ ઉત્સુક થાય છે, તેમ તેમ જનતા–માતા પણ સેવકને જરા સરખું દુઃખ કે દર્દ થાય તો આકુળવ્યાકુળ બને છે. આવી રીતે પ્રવેશ-પરીક્ષાની ચકાસણી કરીને સેવકનું નામ પોતાના હાજરીપત્રકમાં એક વાર નોંધ્યા પછી જનતા પોતે જ સેવકની પછીની પ્રગતિની બાબતમાં કાળજી રાખતી થાય છે.

अहंकार : પોતાના કામ બદલ વેતન લેવાની બાબતમાં સેવકને સંકોચ થવામાં અહંકારનો અંશ પણ હોવાનો સંભવ હોય છે. એક સ્વયંસેવક તરીકે હું પિરસણિયો, હમાલ કે ભંગીનું પણ કામ કરીશ — મોટી મોટી પરિષદો અને સંમેલનોને પ્રસંગે અનેક ઉત્સાહી કાર્યકર્તાઓ આવાં કામો ભારે ચડસાચડસીથી કરે છે,— એ કામગીરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલ મને ભાડુંભથ્થું, ગણવેશ, ખાનપાન અને નવું નવું જોવાની તક ઇત્યાદિને રૂપે વેતન મળે તો તે મને ખપે છે, એટલું જ નહીં પણ તે મને જોઈતું જ હોય છે, તે વિના સ્વયંસેવકદળમાં કામ કરવાનું મારું ગજું નથી; તેમ છતાં કોઈ મહેમાન જો મેં તેનાં પોટલાં ઉપાડ્યા બદલ મારા હાથમાં બે આના મૂકતા જાય, તો મારો એ હાથ એ પૈસા આપનારના ગાલ પર જઈને ધબ દઈને પડ્યા વિના નહીં રહે! સ્વયંસેવક તરીકે ભંગીકામ કરવામાં અભિમાન લેનારને પગારી ભંગી તરીકે કામ કરવામાં ભારે હીણપત લાગશે. કારણ ભંગીકામ એ એક પવિત્ર કામ છે એમ તે પોકારી પોકારીને કહેતો હોય તો તે માત્ર દેખાવ પૂરતું જ હોય છે. એ જ કાર્યકર્તા જ્યારે કોઈ ધંધો કરવા જશે ત્યારે 'પેલું પવિત્ર ભંગીકામ' કરવા કરતાં અપવિત્ર વકીલાતનો ધંધો જ કરવાનું પસંદ કરશે!

સમાજોપયોગી અને જીવનને માટે જરૂરી હોય એવા કામને માટે, એટલે કે નિરુપદ્રવી, નિર્દોષ, એટલું જ નહીં પણ પવિત્ર કામને માટે પણ, વેતન લેવામાં સેવકને હીણપત લાગે છે. એના મૂળમાં થોડા ઘણા પ્રમાણમાંય તેનો અહંકાર હોય છે એમાં તલભાર પણ શંકા નથી. તથાપિ આ સવાલની બીજી એક બાજુ પણ ધ્યાનમાં લેવા જેવી છે.

વેતનનો નિષેધ : કેટલાંક અત્યંત આવશ્યક અને મૂળે નિર્દોષ એવાં કામો પણ વેતન લઈને કરવાં એને સમાજે નિંદાસ્પદ માન્યું છે, એમાં સમાજનો દીર્ઘ અનુભવ અને દૂરદર્શીપણું જ રહેલું છે. દાખલા તરીકે, મરી ગયેલા માણસના પ્રેતનું દફન કે દહન વિનાવિલંબે કરવું ઇષ્ટ અને જરૂરી છે; એટલે એ કામમાં મદદ કરવી એ પણ અભિનંદનને પાત્ર ગણાય. તો પછી આવા સ્તુત્ય કામને માટે યોગ્ય બદલો લઈએ તો તેમાં ખોટું શું? તેમ છતાં આવી જાતના પવિત્ર કામને માટે વેતન કે વળતર લેવાનો સમાજે તીવ્ર નિષેધ કરેલો છે. એને માટે એવું જ કોઈ મહત્ત્વનું કારણ હોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેત ઉપાડવું એ કામ મૂળે નિર્દોષ હોય તો પણ તેને માટે વેતન લેવાનો રિવાજ કે ટેવ પડે એ અત્યંત અનિષ્ટ છે. રિવાજને કારણે વેતન આપવાની ને લેવાની અપેક્ષા પેદા થાય! એને પરિણામે ગરીબને ત્યાંની અંત્યક્રિયા, તે જ્યારે પોતે જ દુઃખી અને પીડિત હોય તે વખતે, બહુ જ મુશ્કેલીભરી થઈ જાય, અથવા મડદાં ઉપાડી જવાં એ કેટલાક લોકોનો ધંધો જ થઈ બેસે. ગામમાં મરણનું પ્રમાણ વધે ત્યારે આ લોકોનો ધંધો ધીકતો ચાલે, અને એ પ્રમાણ ઓછું થાય એટલે એમના પર બેકારી ને ભૂખમરો વેઠવાનો વારો આવે. તેથી આ ધંધાદારીઓ ગામમાં રોગનો વાવર ફેલાય એટલા માટે દેવતાને પ્રાર્થના કરી બાધા વગેરે પણ રાખતા થઈ જાય! તો પછી આ મડદાં ઉપાડવાના ધંધાને પ્રતિષ્ઠિત શી રીતે કહી શકાય? એટલે જ કોઈ પણ વેતન કે વળતર ન લેવાનું બંધન પાળીને એ કામ કરવામાં આવે તો જ તે સન્માનનીય બને.

કર્મની ગતિ વિલક્ષણ છે. મીઠા પાણીના પ્રવાહોનું પર્યવસાન ખારા સમુદ્રમાં થાય છે. જે કામો પ્રસંગોપાત્ત કરવામાં આવે તો પવિત્ર કાર્યો ગણાય, તે પણ મોટા પ્રમાણમાં અથવા વારંવાર કરવામાં આવે તો તેમાં દોષ પેદા થાય છે. પરોપકારી કૃત્યોને અપવિત્ર ધંધાનું સ્વરૂપ ન આવે એટલા માટે જ આપત્પ્રસંગે કરવાના સેવાકાર્યને માટે કોઈ વેતન કે બદલો ન લેવાનો કડક નિયમ સમાજની સહજ-બુદ્ધિએ નક્કી કર્યો છે. દાખલા તરીકે, જૂના વખતના વૈદો રોગીઓ પાસેથી દવા માટે પૈસા કે કોઈ પણ જાતનો બદલો લેતા નહીં. રોગીને દવાનું નામ પણ કહેતા નહીં. એટલે આજકાલની ફાર્મસીઓ (રોગપ્રસારક સંસ્થાઓ?)ની જેમ દવાઓની જાહેરાતો પર તેઓ ખરચ શાનું જ કરે? મરાઠીમાં ઔષધોપચાર માટે 'ઔષધપાણી' કહે છે; જ્યારે ઉર્દૂમાં* 'દવાદારૂ' કહે છે. દારૂ એ એક અકસીર ઇલાજ કે દવા છે.

* ગુજરાતીમાં પણ

पुस्तकालय
गुरुकुल काँगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા કરીકે જ પ્રથમ તેની શોધ થઈ હશે. પણ આજે એ દારૂને માટે જ દવા શોધવાનું કામ મુશ્કેલ બન્યું છે! ઇસ્લામમાં કરજ તરીકે આપેલી રકમ પર વ્યાજ લેવાની મનાઈ કરવામાં આવેલી છે. જેને ગરજ હોય તેને કરજ આપવું, મુદ્દલ રકમ પાછી મેળવવાની અપેક્ષા રાખવી, પણ વ્યાજની અપેક્ષા ન રાખવી; દેવાદાર રાજીખુશીથી વ્યાજ આપવા માંડે તોપણ ન લેવું. પણ આજે એનાથી ઊલટું, ગરજવાળાને મદદ કરવાને બદલે જેને ગરજ નથી એવા લોકોને જબરદસ્તીથી કરજ આપીને તેને આખો ને આખો હોઇયાં કરવાની ચાલબાજી સફળપણે ચાલતી આપણે કંઈ ઓછી જોઈએ છીએ?

રાંધેલો ખોરાક વેચવો નહીં, ગોરસ વેચવો નહીં, એવી એવી જાતના તે તે પરિસ્થિતિને અનુરૂપ અનેક નિષેધો આજે પણ સમાજમાં પ્રચલિત દેખાય છે.

નિષેધોનો સારાસારવિવેક : આવી રીતે, કેટલાંક વિશેષ પ્રકારનાં કામો બદલા વિના કરવાં જોઈએ એ યોજના યોગ્ય હોય તોપણ, જે કામો બીજાઓ આપણે માટે મહોબ્બતને ખાતર જ નહીં પણ પૈસા લઈને કરે તોય આપણને ખપે છે અથવા આપણે ઇચ્છીએ છીએ, એવાં કામો આપણે પણ બીજાઓ માટે પૈસા લઈને કરીએ તો તેમાં કશી હીણપત છે એમ માનવું અયોગ્ય છે. એનો સીધો અર્થ એવો થાય કે, "હું ઉચ્ચ કોટિનો માણસ છું. જે કામો મારા જીવન માટે જરૂરી છે, પણ જે કરવાનું મારા મોભાને કે પ્રતિષ્ઠાને શોભતું નથી, એવાં કામ મારે સારુ કરવાને માટે બીજા હલકા દરજ્જાના માણસોને દયાશીલ પરમેશ્વરે નિર્માણ કર્યા છે." પાખંડ આનાથી જુદું કેવું હોઈ શકે?

સેવકે આવી જાતના અહંકારથી અને પાખંડથી મુક્ત રહેવું જોઈએ અને કોઈ પણ ઉપયોગી અથવા નીતિશુદ્ધ કામ કરવા માટે વેતન લેવામાં હીણપત ન માનતાં એવાં કામ વેતન લઈને કરવાં એને લોકશિક્ષણનો એક અચૂક ઉપાય ગણવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ પ્રમાણે જે કામો આપણે બીજાઓ માટે વેતન લઈને **ન** કરવાં જોઈએ તે કામો આપણે વેતન આપીને બીજાઓ પાસેથી કરવાનો આગ્રહ પણ ન રાખવો જોઈએ. તેમ કરવું એ બીજાને ગુલામ ગણવા બરાબર છે. સમાજના જે વિશિષ્ટ વર્ગનો હું ઘટક છું તે વર્ગ જો આવાં કામ બીજાઓ પાસે કરાવતો હોય, તો એ અન્યાય અથવા ખાસ કરીને અપમાન ધોઈ કાઢવા માટે હું જ એ કામો મારા વર્ગના લોકો માટે કરું એ ઉચિત છે; અને તેમ કરતી વખતે તેમની પાસેથી વેતન લેવામાં પણ કશી હરકત નથી. દાખલા તરીકે, ભંગી-ઓને પોતાનું કામ જે ઘૃણાસ્પદ અને ગંદવાડવાળી રીતે કરવું પડે છે, એ રીતે તે કરવું એ માણસાઈને ન શોભે તેવું, એટલે જ નિષેધ કરવા યોગ્ય છે. ભંગીઓ એ કામ કરવાને માટે તૈયાર થાય છે એ જેટલું અનુચિત છે, તેટલું જ આપણે તેમની પાસેથી તે કરાવીએ છીએ એ પણ અનુચિત છે. તેઓ તે કરવાને તૈયાર હોય તોય આપણે તે તેમને ન કરવા દેવું જોઈએ. એ કામ કરવાની પદ્ધતિમાંથી ગંદાપણું કાઢી નાખવું શક્ય અને જરૂરનું છે. તેમાંનું ગંદાપણું જો જતું રહે, તો તેનું નિંદ્યપણું પણ દૂર થશે. એવો સુધારો થાય તેટલા માટે, અને તે થાય ત્યાં સુધી, આપણે જ તે કામ કરવું જોઈએ અને તે માટે સ્વકીયો પાસેથી વેતન પણ લેવું, એમાં અનુચિત કશું નથી.

વેતનની મર્યાદાઓ : સેવકને આશ્રય આપનારી સંસ્થા આર્થિક દૃષ્ટિથી સધ્ધર હોય તો સેવકે તેની પાસેથી વેતન લેવું જોઈએ, એટલી વાત અત્યાર સુધીના વિવેચન પરથી સ્પષ્ટ થઈ. આ વેતન કેટલું હોય એ સવાલ બાકી રહે છે. એ બાબતમાં નીચે આપેલા કેટલાક સામાન્ય નિયમો જ કેવળ **સૂ**ચવી શકાય તેમ છે :—

૧. સેવકની જરૂરિયાતો સાદી અને ઓછી ખર્ચાળ હોવી જોઈએ; પરંતુ જે કરકસર કરવા જતાં કાર્યશક્તિ પર માઠી અસર થાય, તે કરકસર ખોટી કરકસર સમજવી. તે જ પ્રમાણે કાર્યશક્તિ ટકાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વધારવાની દૃષ્ટિથી આવશ્યક અથવા ઇષ્ટ જણાય એવી સુખસગવડો પણ પોતાની આસપાસના લોકોને સહભાગી બનાવીને જ ભોગવવાનું સેવકને શોભશે.

૨. પોતાનાં કુટુંબીજનોની, એટલે પોતા પર આધાર રાખનારાંઓની, રહેણીનું ધોરણ પણ પોતાના વ્યવસાયને શોભે એવું જ રાખવાનો તેનો પ્રયત્ન અને આગ્રહ હોવા જોઈએ. કુટુંબીઓને તેણે લાડ ન લડાવવાં જોઈએ; તેની સાથે જ ઘરમાં અપ્રસન્નતાનું વાતાવરણ ન જામે અને ગૃહક્લેશ પેદા ન થાય તે માટે પણ તેણે કાળજી રાખવી જોઈએ. તેની પોતાની સેવાવૃત્તિ અને સાદી રહેણી સાચી અને ઉદાર હોય અને ત્યાગની બાબતમાં 'પહેલાં જાતે કર્યું અને પછી બીજાને કહ્યું' એવી નીતિ તે રાખે, તો તેના આચરણની તેનાં કુટુંબીજનો પર પણ સારી અસર ઊપજ્યા વિના નહીં રહે.

સેવકે પોતાનાં કુટુંબીજનોને પણ સ્વાવલંબી એટલે ઉદ્યમી બનાવવાની દૃષ્ટિ રાખવી જોઈએ. સ્વાવલંબન એટલે એકલવાયાપણું કે બીજાથી અલગ રહેવાપણું નથી; પોતાને ભાગે આવતી જવાબદારી માથે લેનારું પરસ્પરાવલંબન એ જ સાચું સ્વાવલંબન છે. કુટુંબનાં બધાં માણસોએ સ્વાવલંબી થવા માટે સ્વતંત્ર ધંધા અને સ્વતંત્ર કમાણી કરવાની અથવા સ્વતંત્ર હિસાબ રાખવાની જરૂર નથી. ખેડૂત, વણકર, કુંભાર વગેરેની સ્ત્રીઓ, વિધવાઓ, તેમ જ આઠદસ વરસનાં છોકરાં પણ પોતપોતાની રીતે સ્વાવલંબી – આર્થિક સ્વાતંત્ર્યવાળાં જ હોય છે.

૩. સેવકે પોતાનાં કુટુંબીજનોની એટલે કે આશ્રિતોની સંખ્યા નાહક વધારવાની ભાંજગડમાં પડવું નહીં; સહજપ્રાપ્ત એટલે કે ઔરસ સંબંધને લીધે તેમ જ સમાજની રૂઢ પ્રણાલિકાને અનુસરીને જેટલા આશ્રિતો મળ્યા હોય એટલાથી જ સંતોષ માનવો. મિત્રો, આપત્તિમાં સપડાયેલા લોકો, 'માનેલા' ભાઈઓ કે બહેનો અને દત્તક છોકરાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેનો નાહક બોજો વધારવો નહીં; કારણ આખા સમાજને જ તેણે પોતાના મિત્ર, ભાંડુઓ કે છોકરાં તરીકે ગણવાનો છે.

૪. જિંદગીનો વીમો ઉતરાવવો એ દ્રવ્યસંગ્રહનો તેમ જ વારસો કે દેણગી આપવાનો એક પ્રકાર છે. સેવકની જિંદગીનો વીમો તેણે પોતે કે તેને માટે તેની સંસ્થાએ ઉતરાવવાની જરૂર નથી. વીમાની માફક જ સેવકને 'પેન્શન'ની પણ જરૂર નથી. ઘડપણમાં કરી શકાય એવાં કામો કંઈ ઓછાં નથી. તેમાંથી જે પોતાને અનુકૂળ આવે તે ઘરડા સેવકે કરવાં. તદ્દન કામ ન કરી શકે એવા સેવકનું ભરણપોષણ સંસ્થાએ, તેના સગાંવહાલાંઓએ અથવા સરકારે કરવું જોઈએ.

સેવકને માટે પ્રૉવિડંટ ફંડની જોગવાઈ અમુક મર્યાદા સુધી કરવી ઇષ્ટ છે, અથવા કહો કે અયોગ્ય ન ગણાય. પ્રૉવિડંટ ફંડ લગ્ન, ઘર બાંધવું, વગેરે જેવાં વિશેષ ખર્ચનાં કામો માટે અથવા માંદગી જેવા આકસ્મિકપણે આવી પડનારા ખર્ચ માટે ઉપયોગી થાય છે.

૫. સેવકે પોતાની ગરજ પૂરતું જ વેતન લેવું; આમાંથી એ ફલિત થાય છે કે પોતાના વેતનમાંથી તેણે બીજાં કાર્યો પર — દા. ત. ચરખા સંઘ પાસેથી મળતા વેતનમાંથી હરિજનસેવાના કાર્ય પર અથવા તેથી ઊલટું — ખર્ચ કરવાનો અવ્યાપારેષુ વ્યાપાર ન કરવો. 'गिव अन्टु सीझर वॉट इझ सीझर्स' એ ન્યાયે જેનું તેને જ આપી દેવું એ ઉચિત છે. તેથી તેની પાસે જો કંઈ સંચય થાય તો તે તેણે પોતાને પોષનારી સંસ્થાને જ પાછો આપી દેવો.

૬. સેવકે વેતન ઉપરાંત બીજી કશી અથવા નિયમબાહ્ય પ્રાપ્તિની કે સુખસગવડોની અપેક્ષા ન રાખવી. કોઈ પણ કારણે કશી બીજી પ્રાપ્તિ થાય તો તે તેણે સંસ્થાને આપી દેવી જોઈએ.

૭. તેની સાથે જ વેતનની મર્યાદા નક્કી કરતી વખતે સેવકે બહુ જ કસીને કે વધારે પડતી ચીકણાશથી તે નક્કી ન કરવી જોઈએ; પણ પોતાની ઓછામાં ઓછી ગરજ કરતાં થોડો વધારે પગાર જ તેણે લેવો. જેમ લખવાના કાગળમાં થોડો હાંસિયો, ઘરની આસપાસ થોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલ્લી જગ્યા, દિનચર્યાના સમયપત્રકમાં નવરાશનો થોડો વખત, મિત ભોજન પછી પણ 'મુખશુદ્ધિ', એ બધાં આવશ્યક હોય છે; તેમ સેવકના વેતનમાં પણ થોડા ઘણા વધારાના ખર્ચ માટે અવકાશ હોવો જોઈએ. સેવકને પણ કોઈ અનપેક્ષિત ખર્ચ કરવા પડે છે; તેણે ન કલ્પેલી જવાબદારીઓ તેને આવીને વળગે છે. કોઈ ચીજ ખોવાઈ જવી, ખોટા કે બનાવટી સિક્કા ગળે વળગવા, માંદગી, મહેમાન વગેરે જેવી અનેક બાબતો હોય છે. એ બધાને માટે અગાઉથી જોગવાઈ કરી રાખવામાં જ ડહાપણ છે. પણ એ ઉપરાંત, તૃપ્તિ કે સંતોષ એ પણ સેવકના પોતાના તેમ જ તેની આસપાસના લોકોના સુખની અને કાર્યક્ષમતાની દૃષ્ટિથી ઘણી મહત્ત્વની વસ્તુ છે.

भिक्षासंप्रदाय : અહીં સુધી સેવકના વેતનનો વિચાર થયો. પણ જ્યાં સંસ્થાનો આધાર ન હોય, સંસ્થાની શક્તિ ન હોય અથવા સંસ્થાની એવી નીતિ ન હોય, ત્યાં સેવકના નિર્વાહનું શું ? આ સવાલનો સામાન્ય જવાબ અમે આપી દીધો જ છે. હવે આને અંગે એક પરંપરાગત અને પ્રતિષ્ઠાવાળા સંપ્રદાયનો અહીં વિચાર કરવાનો છે. એ સંપ્રદાય તે ભિક્ષાનો સંપ્રદાય. સમર્થ રામદાસ કહે છે :

ब्राह्मणास मुख्य दीक्षा । मागितली पाहिजे भिक्षा ।
ओम् भवति या पक्षा । रक्षिलें पाहिजे ।।

(બ્રાહ્મણની મુખ્ય દીક્ષા ભિક્ષા માગવાની છે. ओऽम् भवति भिक्षां देहि બાઈ, મને ભિક્ષા આપો એ પ્રથા ચાલુ રાખવી જોઈએ.)

ભિક્ષા એક ઉદાત્ત અને પવિત્ર સંપ્રદાય છે. બધા ધર્મોએ તેને માન્યતા આપેલી છે, અને તેની ભલામણ કરેલી છે. સાધુ, ફકીર, ભિક્ષુ, બ્રહ્મચારી, સંન્યાસી, શંકરાચાર્ય, રામદાસી, ગોસાંઈ વગેરે કેટલાય પંથોને ભિક્ષાહાર કરવાની શાસ્ત્રોમાં આજ્ઞા કરેલી છે. ખરેખર, ભિક્ષાન્ન પવિત્ર છે અને તેનું સેવન કરનારા ધન્ય છે; કારણ ભિક્ષામાં સમાજશરણતા, નિર્ભયતા, નમ્રતા, અસ્પર્ધા, અપરિગ્રહ, નિઃસ્પૃહતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમતા, સુલભતા, સમાધાન, સ્વતંત્રતા, વગેરે અનેક વિલોભનીય વસ્તુઓ છે. તેમનો આપણે વિચાર કરીએ.

(૧) સમાજશરણતા : જનતાની સાથે તદ્રૂપ થવાનો ભિક્ષા જેવો બીજો માર્ગ નથી. જનતા આપણી માતા છે; તે જે કંઈ આપે તે જ ખાઈને રહીશું; એ કલ્પના ઘણી સુંદર અને આકર્ષક છે.

(૨) સમતા : ભિક્ષામાં સમતા રહેલી છે; કારણ દરેક જણ પાસેથી મુઠ્ઠી કે ખોબો અનાજ જ લેવાનું છે. રાજા અને રંકને ભિક્ષા માગનારો એક જ સપાટીએ લાવી મૂકે છે. રાજા લાખ રૂપિયા આપવા તૈયાર થાય તોયે તે સ્વીકારશે નહીં, પણ મુઠ્ઠી અનાજ માત્ર લેશે. ગરીબને ત્યાંથી મુઠ્ઠી અનાજ પણ એટલી જ કૃતજ્ઞતાથી લેશે.

(૩) નિઃસ્પૃહતા : ફંડ કે ફાળો ભેગો કરનારા કાર્યકર્તાઓને ઘણી વાર મોટાઓની મરજી સાચવીને કામો કરવાં પડે છે. અનેક મધ્યસ્થોની દરમિયાનગીરીથી પૈસાદારોને બારણે જોડા ઘસીને, તેઓ કહે તે શરતો સ્વીકારીને, સંસ્થાને તેમનું નામ આપીને, સંસ્થામાં તેમનું ચિત્ર મૂકીને, તેમની સખાવતની તખતી મૂકીને, અનેક રીતે તેમની ખુશામત કરીને ફાળો ભેગો કરવો પડે છે. તેમનાં હિતોને બાધ આવે એવું કશું કરી શકાતું નથી. પણ ભિક્ષામાં કોઈના પણ ઓશિયાળા રહેવાની જરૂર નથી હોતી; કોઈની દરમિયાનગીરી ન જોઈએ કે કોઈના ભલામણપત્રો ન જોઈએ.

(૪) સ્વતંત્રતા : સંસ્થાના નિધિમાંથી વેતન લેવાનું હોય છે ત્યારે સેવકને કોઈ વજનદાર આગેવાનના આધાર પર રહેવાની ટેવ પડે છે. એ આગેવાન ગુજરી જાય એટલે કાર્યકર્તાઓ અનાથ બને છે. પણ ભિક્ષાહારીને કોઈના આધારની જરૂર પડતી નથી. તે હંમેશ સ્વયંપૂર્ણ હોય છે.

(૫) ગ્રામપ્રદક્ષિણા : ભિક્ષાને કારણે ગ્રામપ્રદક્ષિણા (આખા ગામમાં ફરવાનું) થાય છે અને લોકોની સાથે પરિચય થઈ, અવલોકન, ખબર અંતર પૂછવાનું, વગેરે અનાયાસે બને છે. આ લાભ પણ સેવકની

સે–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિથી મહત્ત્વનો છે. સમર્થ રામદાસ કહે છે, भिक्षामिषे लहानथोरें। परिक्षूनि सोडावीं ॥ – ભિક્ષાને નિમિત્તે નાનાંમોટાં બધાંની ચકાસણી કરી લેવી.

(૬) अस्पर्धा : પણ ભિક્ષાની મુખ્ય ખૂબી તે અસ્પર્ધા છે. ભિક્ષા માગનારો કોઈની સાથે સ્પર્ધા કરવાની ઇચ્છા રાખતો નથી. તે પોતાની સ્વતંત્ર મિલકત જરાય ભેગી કરતો નથી. બીજા લોકો જે કંઈ પોતાની મિલકત તરીકે પોતાના કબજામાં રાખે છે તેમાંથી, તેમની મરજીમાં આવે તો, દરેક જણ એક એક મુઠ્ઠી અને બધાં મળી ભિક્ષા માગનારના પેટપૂરતું આપે એવી તે યાચના કરે છે; જબરદસ્તી કરતો નથી. આવી રીતે દાતાએ સ્વેચ્છાથી, ખુશીથી, કોઈ પણ જાતની શેહ ન પડવા દેતાં આપેલું ભિક્ષાન્ન એ મહેનત મજૂરી કરીને 'કમાયેલા' અન્ન કરતાં વધુ પવિત્ર છે; કારણ 'કમાવું' એટલે પણ કંઈક અંશે હરણ કરવું જ છે.

ચાતુર્વર્ણ્ય વ્યવસ્થામાં બ્રાહ્મણનો આદર્શ નિઃસ્વાર્થ સમાજસેવાનો હતો. તેથી જ સ્મૃતિકારોએ તેને માટે ભિક્ષા અને ઉંછ – ખેડૂત ખેતરમાંથી પાક લઈ જાય પછી ખેતરમાં જે દાણા વગેરે પડેલું હોય તે વીણી લઈને તે પર ગુજરાન ચલાવવું – એ બે ગુજરાન ચલાવવાનાં સાધન કહેલાં છે. બન્નેમાં કોઈના પણ હિતસંબંધમાં આડે ન આવવું એ લક્ષણ સમાન છે.

ભિક્ષામાં આ બધા ગુણો હોય તોપણ તેમાં કેટલાક દોષો અને મુશ્કેલીઓ પણ છે :

(૧) ભિક્ષાદાનમાં વિવેક બહુ ઓછો હોય છે. "બારણે આવ્યો જ છે તો આપો એક મુઠ્ઠી અનાજ અને રસ્તે પાડો," એટલી જ દૃષ્ટિ ભિક્ષા આપનારની હોય છે. તેથી ભિક્ષા આપવામાં આસ્થા રહેતી નથી, અને અપાત્રે દાન જ બહુ મોટા પ્રમાણમાં થાય છે. ભિક્ષાદાનમાં સંગઠન નિર્માણ થાય અને ગામના આગેવાન અને જાણીતા લોકો જેને પરવાનો આપે તે જ ભિક્ષા માગી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગામલોકો તેને જ ભિક્ષા આપે એમ નક્કી કરવામાં આવે તો અપાત્રે ભિક્ષાદાન થવાનું જોખમ ટળે ખરું; પણ એમ થતાં ભિક્ષામાં રહેલી સ્વાધીનતા અને સ્વતંત્રતા લોપ પામે અને પરવાના આપવામાં પક્ષપાત અને લાગવગ ચાલુ થવાનું જોખમ ઊભું થાય.

(૨) ઘોડા જ ભાડાની બધી કમાણી ખાઈ જાય છે. મુઠ્ઠીભર અનાજ ભેગું કરવામાં જ સેવકની ઘણી શક્તિ વપરાઈ જાય છે, અને તે ઉપરાંત ભિક્ષામાં મળેલ વસ્તુઓ રાંધવા પાછળ પણ સમય અને શક્તિ આપવી પડે છે. રાંધેલા ખોરાકની ભિક્ષા લેવા જતાં તે માટે યોગ્ય સમય સાચવવો પડે છે અને ખોરાકમાં ખાદ્ય અને અખાદ્ય વસ્તુઓ અંગેના નિયમ પાળવાનું મુશ્કેલ બને છે.

(૩) ભિક્ષાથી બધી જરૂરિયાતો સંતોષાતી નથી: ભિક્ષા માગનારની બધી જ શારીરિક જરૂરિયાતો ભિક્ષા વડે સંતોષાવી લગભગ અશક્ય હોય છે. સમતોલ આહાર માટે જોઈતી વિવિધ ખાદ્ય વસ્તુઓ જોઈએ તેટલા પ્રમાણમાં એની ઝોળીમાં પડે એ શક્ય નથી હોતું. અને એ ઉપરાંત કપડાં, લેખનસામગ્રી, દીવાબત્તી અને રહેઠાણ એ બધાંની જોગવાઈ ભિક્ષા વડે શી રીતે થઈ શકે?

वार प्रमाणे जुदे जुदे घेर जमवानी जोगवाई : અઠવાડિયાના સાત વાર પ્રમાણે જુદા જુદા ગૃહસ્થોને ત્યાં જમવા જવું, એ ભિક્ષાનો જ એક વિશેષ પ્રકાર છે. અને ઉપર જણાવેલા ગુણદોષ ઓછાવત્તા તેમાંય હોય છે. સેવક એમાંથી ગમે તે પ્રકાર સ્વીકારવાનું નક્કી કરે, તો તેના દોષોની બાબતમાં તેણે જાગ્રત રહેવું જોઈએ.

फुरसदनो धंधो : ખડા સેવકનો પણ બધો જ વખત અથવા બધી જ શક્તિ જાહેરકામમાં વપરાય છે એવું નથી હોતું. તેથી નવરાશના સમયનો સદુપયોગ તે કોઈ પણ ઉત્પાદક કામ કરીને કરે એ ઇષ્ટ છે. આ ઉદ્યોગમાંથી જે કમાણી થાય તેટલા પ્રમાણમાં સેવકનો સમાજ પરનો ભાર હળવો થશે. અલબત્ત આ ઉદ્યોગ સ્વાધીન અને વિશેષ પસારા વગરનો, ગમે ત્યારે કરી શકાય ને ગમે ત્યારે

સંકેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાય એવો જ હોવો જોઈએ. સૂતર કાંતવું, રૂ પીંજવું, બટન બનાવવાં, કપડાં સીવવાં, ઇત્યાદિ કામો સેવક પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે કરી શકે. નેતરકામ, મુદ્રણ, ઘડિયાળનું સમારકામ, નાડીઓ અને ફાનસ માટેની દિવેટો વણવી, દોરી વણવી, જાળ વણવી, વગેરે જેવા બીજા પણ કેટલાક ઉદ્યોગો સૂચવી શકાય. સેવક વિદ્વાન હોય તો પ્રગતિશીલ સાહિત્ય પણ નિર્માણ કરી શકે. જાહેર સેવાના કાર્યનો પોતા પર પહેલો હક માની તેમાંથી બાકી રહેતા વખતમાં સેવક નિર્દોષ ઉદ્યોગ દ્વારા થોડી પણ કમાણી કરે એ ઉચિત જ છે.

આવા એક કે વધારે હુન્નરમાં સેવક આવડત કેળવી રાખે એ ઘણું જ ઇષ્ટ છે. તેમને આધારે વખત આવ્યે સ્વાવલંબી થવાનો આત્મવિશ્વાસ તેનામાં જોઈએ. કારણ તેની સેવાની સમાજને મુદ્દલ આવશ્યકતા ન હોય એવી સ્થિતિ થોડા સમય માટે અથવા સેવક જો અનેકવિધ આવડતવાળો ન હોય તો કાયમની પણ પેદા થાય એવો સંભવ રહે છે. એવે વખતે સેવક આવા હુન્નરોનો આશ્રય લઈ શકશે, તેની અસહાય સ્થિતિ નહીં બને, અથવા "रिकामा न्हावी भिंतीला तुंबड्या लावी"– નવરો બેઠો નખોદ વાળે – એ ન્યાયે ગમે તેવાં સારાં નરસાં કામ ઊભાં કરવાનો મોહ તેને નહીં થાય. હું ગમે ત્યારે સ્વાવલંબી થઈ શકું, એ જાતનો આત્મવિશ્વાસ હોય એ સેવકને માટે હમેશ લાભદાયક હોય છે.

સેવક અને દેવું : સેવકે પોતાની આર્થિક મર્યાદા ખ્યાલમાં રાખી કદી પણ દેવું કરવું નહીં. દેવાને કારણે માણસ બંધાઈ જાય છે, અને દેવું ચૂકવવા માટે તેને સેવાકાર્ય છોડી દેવું પડે છે. સેવક જાહેર કામમાં જેમ જેમ રૂઢ થાય છે, તેમ તેમ ખાનગી ધંધો કરીને પૈસા કમાવાની તેની શક્તિ ઘટતી જાય છે, અને તેથી સેવાકાર્ય છોડી દઈને પણ દેવું ચૂકવવાનું તેને માટે મુશ્કેલ બને છે. તેથી સેવકે વખતસર ચેતીને કોઈ પણ કારણસર દેવું ન કરવાની સાવધાની રાખવી. બીજાને માટે જામીન રહેવું એ પણ એક રીતે વાયદાચિઠ્ઠી લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાં જેવું જ છે. જાત-મુચરકો આપવો – જાતને માટે જ જામીન રહેવું – એ પણ સેવકને માટે શક્ય નથી હોતું; કારણ વચન પાળવાનો તે પોતાનાથી બધો પ્રયત્ન કરશે, વચનભંગ કરવાની તેને લગીરે ઇચ્છા નહીં હોય, પણ નિરુપાય થઈને તેનાથી વચનભંગ થાય તો દેવતા સળગાવી તેમાં બળી મરીશ એમ કહેવું એ દ્રવ્યદંડ આપીશ એમ કહેવા કરતાં સેવકને વધારે શોભશે. અહીં સુધી આપણે સેવાશીલ ધંધાદારીઓનો – ખડા સેવકોનો – વિચાર કર્યો.

સ્વયંસેવક : સ્વયંસેવક એ સંસારી અથવા બેઠો સેવક અને ખડો સેવક એ બે વચ્ચેનું એક જાતનું સમાધાન છે. બીજાં બધાં સમાધાનોની જેમ સ્વયંસેવકમાં પણ બન્ને પક્ષના જેમ ગુણ કેળવી શકાય છે, તેમ બન્ને તરફના દોષ આવવાનો પણ સંભવ હોય છે. આ પદ્ધતિનો મુખ્ય ગુણ એ કે, સ્વયંસેવકો ખાનગી ધંધો કરીને પોતાની સવડ પ્રમાણે જાહેર કામ કરનારા હોવાથી તેમના ગુજરાનનો સવાલ ઊભો થતો નથી, અને ગુજરાનના સવાલમાંથી જે અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે તે અનાયાસે ટળી જાય છે. પોતાનું નિઃસ્પૃહપણું અને સારાસારવિવેક બુદ્ધિ સાબૂત રાખવી એ સ્વયંસેવકને માટે પગારદાર સેવક કરતાં સહેલું હોય છે.

બીજી બાજુએ, ખાનગી ધંધો અને જાહેર કામ બન્ને સાચવવાં ઘણી વાર મુશ્કેલ હોય છે; અને એકને ભોગે બીજું કરવું પડે છે. બે શેઠની નોકરી કરવા જતાં કોઈ પણ એકની અવગણના થવાનો સંભવ હોય છે અને જે શેઠ પાસેથી પ્રાપ્તિ થાય છે તેના તરફ જ સ્વયંસેવક પરિણામે ખેંચાવાનો અને સેવાકાર્યની ઉપેક્ષા થવાનો જ વધારે સંભવ હોય છે. તેવી જ રીતે થોડી મહેનત વડે અથવા થોડા સમયમાં સારી પેઠે કમાણી કરી લઈને પોતાની શક્તિનો અને સમયનો મોટો ભાગ સેવાકાર્યને જ આપી શકે એવા ભાગ્યશાળી માણસો ઓછા જ હોવાના.

બીજું એક જોખમ એ છે કે, આ પ્રકારમાં ગૃહસંસાર અને સેવાકાર્ય એ બે એકબીજાથી ભિન્ન જ નહીં પણ વિરોધી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા જુદા નીતિનિયમોથી નિયંત્રિત થયેલા એવા બે નોખા જીવન-વિભાગ બનવાનો સંભવ હોય છે. ખરું જોતાં, ગૃહસંસાર પણ સેવાની ભાવનાથી જ ચલાવવો જોઈએ; એ જો એવી રીતે ચલાવવામાં આવે તો ખાસ સેવા જેવી કોઈ નોખી વસ્તુ કરવાની આવશ્યકતા કે જવાબદારી રહેતી જ નથી, એ આપણે શરૂઆતમાં જોયું છે. પણ કાર્યકર્તાના સમયપત્રકમાં ગૃહસંસાર અને સેવાકાર્ય એ બે સ્વતંત્ર વિષયો દાખલ થાય એટલે સેવાને વખત મળે એ ઉદાત્ત હેતુથી જ સ્વયંસેવક એવી ઇચ્છા સેવતો થવાનો કે, ગૃહસંસારનો ખાડો બને તેટલી ઓછી મહેનતથી પુરાય તો સારું; અને એમ થતાં તે ખાડો પૂરવા માટે સારા નરસા માર્ગોનું અવલંબન કરવાનો પણ એને મોહ થવાનો. તે એમ માનતો થવાનો કે, સેવાકાર્યના નીતિનિયમો અને ધંધાના નીતિનિયમો જુદા જ હોય, તેમ જ ખાનગી જીવનના જુદા અને જાહેર જીવનના જુદા. તે ઉપરાંત, ધંધામાં કરેલાં પાપો સેવા-કાર્યના પુણ્યથી ધોવાઈ જશે એવા માની લીધેલા આશ્વાસનને લીધે સ્વયંસેવક પોતાના ખાનગી ધંધામાં કે જીવનમાં નીતિબંધનો પાળવા વિષે બેપરવા થવાનો સંભવ હોય છે.

આ બધાં જોખમો ટાળીને, એટલે કે કમાણીનો ધંધો પણ નિર્દોષપણે ચલાવીને, બાકી રહેતા સમયમાં થઈ શકે તેટલું જ થોડું-ઘણું સેવાકાર્ય કરવાની પદ્ધતિ વધારે સલામત અને સ્તુત્ય છે. જાહેર કાર્યને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હોય એવા સેવકોની જરૂર તો છે જ; પણ તેમની સંખ્યા મર્યાદિત રહેવાની અને મર્યાદિત રહે એ જ ઇષ્ટ છે. પણ તેમની સાથે પોતાને મળતા નવરાશના સમયમાં કોઈ પણ બદલો કે વેતન વિના સહકાર કરનારા ઘણા સ્વયંસેવકો હોય, એ શક્ય તેમ જ યોગ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

વિવિધ પ્રશ્નો

૧. **સંઘનિષ્ઠા** — સેવકને પોતાનું ઇષ્ટકાર્ય સાધવા માટે અનેક લોકોની મદદની તથા સહકારની જરૂર હોય છે. તેને સહકારીઓ અથવા જોડીદારો શોધવા ને જોડવા પડે છે. કાર્ય એ જ સેવકનો સંસાર અને સહકારીઓ એ જ એના બિરાદરો. સંઘ એ સેવકનો આધાર છે. અને કોઈ પણ સંઘટના મજબૂત અને કાર્યક્ષમ બને તે માટે તેના ઘટક સેવકોમાં સંઘ-ભાવના, સંઘ-નિષ્ઠા અને સંઘ-શરણુતા હોવી જોઈએ.

સેવકને પોતાના સહકારીઓ વિષે આત્મીયતા લાગવી જોઈએ; તેમની સાથેના સંબંધમાં ઉપરીપણાની, અધિકારની, અથવા અભિમાનની લાગણી ન હોવી જોઈએ. હું ઉપરી અને બીજા મારી નીચેના, હું માર્ગદર્શક અને તેઓ મારા અનુયાયીઓ, હું તેમનો તેમ જ તેમના કાર્યનો આધાર છું, એવી જાતનો અહંકાર સેવકમાં હોય એ ન ચાલે. ગમે તેટલો મોટો કાર્યકર્તા હોય તોય તે સંઘના આધારને અભાવે નિર્બલ અને પંગુ છે. તે સંઘનો મુખ્ય કાર્યકર્તા હોય, સંઘરૂપી વૃક્ષનું થડ હોય તોપણ શાખા અને પલ્લવ વિના થડનું કશું મહત્ત્વ નથી.

તે સંઘનો આગેવાન, પ્રમુખ, વ્યવસ્થાપક કે ગમે તેવો અધિકારી હોય તોપણ અધિકાર એટલે સત્તા કે પ્રભુતા નથી. 'અધિકાર'નો મૂળ અર્થ જ 'ફરજ' છે, એ તેણે યાદ રાખવું જોઈએ. આગેવાન એટલે સેવકોનોયે સેવક. આગેવાને સેવકોની શંકાઓ, ગેરસમજણો, ભૂલો, મુશ્કેલીઓ વગેરેનો આસ્થાપૂર્વક અને નમ્રતાપૂર્વક વિચાર કરવો જોઈએ. માતા જેમ પોતાનાં બાળકોની કાળજી રાખે તેવી જ રીતે મોટા સેવકે નાના સેવકોની કાળજી લેવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગેવાન એ મધ્યવર્તી કાર્યકર્તા છે. તેને બધી બાજુનો વિચાર કરવો પડે છે. તેની નીચેના દરજ્જાના કાર્યકર્તાઓ પોતપોતાને ભાગે આવેલા કાર્ય પૂરતું કે ક્ષેત્ર પૂરતું જોઈ લે તો બસ છે. આગેવાનનું એટલાથી ન ચાલે. તેને બધી બાજુઓ પર, આગળ પાછળ, અને ચારેકોર નજર રાખવી પડે છે. તેથી તે વ્યાપક દૃષ્ટિથી જે કાર્યનીતિ નક્કી કરે ને તે નીતિને અનુસરીને પોતાના નીચેના કાર્યકર્તાઓને હુકમ આપે, તેનું પેલા લોકો વિના વિલંબે પાલન કરે એ આવશ્યક છે. એ હુકમ નીતિથી વિરુદ્ધ છે એમ જો તેમને લાગે તો વાત જુદી. કોઈ મિસ્ત્રી જ્યારે કેટલાક સુથારોને સાથે લઈને એકાદ વસ્તુ બનાવે છે, ત્યારે તે (મિસ્ત્રી) કહે તે માપના અને આકારના જુદાજુદા ભાગો દરેક સુથારને બનાવવા પડે છે; આ માપ કે આકાર આવો જ શું કામ જોઈએ, આમ કેમ નહીં, એ બાબત ચર્ચા કે દલીલ કરવા બેસે તે ચાલતું નથી. એવો જ સંબંધ કેટલેક અંશે સંઘે કરવાનાં કામમાં નાયક અને સંઘના બીજા સદસ્યો વચ્ચે હોય છે. વિગતની બાબતમાં દર વખતે મદદનીશોને સમજાવતા બેસવું એ તે જ વખતે શક્ય હોતું નથી અને જરૂરનું પણ નથી હોતું. સવડ પ્રમાણે મદદનીશોને પણ કામની સંપૂર્ણ યોજના અને તેને માટે યોજેલા વિગતવાર, કાર્યક્રમની સયુક્તિકતા બન્ને સમજાવવામાં આવે એ ઇષ્ટ જ છે. એ જ પ્રમાણે કોઈ પણ કારણે નાના તેમ જ મોટા કાર્યકર્તાઓ વચ્ચેની બંધુભાવનાને આંચ ન આવવી જોઈએ.

સંઘના કાર્યકર્તાઓમાં આજ્ઞાધારકતાનો ગુણ હોય એ બહુ મહત્ત્વનું છે. આજ્ઞાધારકતાનો અર્થ એ કે, પોતે માથે લીધેલી કે પોતાને સોંપવામાં આવેલી કામગીરી વગરચૂકચે, દૃઢતાથી અને નિશ્ચિતપણે પાર પાડવાની અને તેટલી બાબતમાં આગેવાનને નચિંત બનાવવાની તૈયારી અને આવડત. કોઈ પણ મહાન અને વિશાળ કાર્ય ઊભું કરીને પાર પાડવું હોય તો તે માટે એ કાર્યની ઇમારતનો દરેક થાંભલો મજબૂત અને દૃઢ હોવો જોઈએ. દરેક કાર્યકર્તા આવો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક થાંભલો જ છે. એક થાંભલો હાલવા માંડે કે ખસી પડે તો આખું મકાન હાલ્યા વિના, કાર્યની પ્રગતિ કુંઠિત થયા વિના, રહે નહીં. ઘડિયાળનો નાનો સરખો સ્ક્રૂ પણ જો પોતાની જગ્યાએથી ખસી જાય તો તે બંધ પડે છે. એટલા માટે પોતાને ભાગે ગમે તેવું નજીવું કામ આવ્યું છે એમ લાગે તોય સેવકે આખું કામ પાર પડે તે માટે એ નજીવું કામ પણ બહુ જ અગત્યનું છે એ ઓળખીને પોતાની કામગીરી બરાબર, વગરચૂકચે પાર પાડવા માટે તનતોડ મહેનત કરવી જોઈએ.

સેવકોમાં એકબીજા વિષે વિશ્વાસ, આદર અને લાગણી હોવાં જોઈએ; એકબીજાના સદ્‌હેતુ વિષે અને કળકળ વિષે ખાતરી હોવી જોઈએ. તે માટે સંઘમાંથી કોને કાઢી મૂકવો તે પણ સંઘનાં બધાં ઘટકોની સંમતિથી નક્કી થાય એ ઇષ્ટ છે. ભેગા મળીને કામ કરતાં હોય ત્યારે એકબીજા વિષે અવિશ્વાસ, અપ્રીતિ, અનાદર અથવા સ્પર્ધાની ભાવના રાખવી એ પરદેશી સરકારની નોકરીમાં શોભતું કે ચાલતું હોય તોપણ સેવાકાર્ય કરનારા સહકારીઓમાં જરાય ન ચાલે. સેવકોમાં અરસપરસ બંધુભાવ અને આત્મીયતા હોવાં જોઈએ; એક-બીજાની મુશ્કેલીને વખતે – પોતાના કામની બાબતમાં જ નહીં પણ અંગત અથવા કૌટુંબિક મુશ્કેલીઓમાં પણ – તેમણે એકબીજાને મદદ કરવી જોઈએ.

સંઘના આશરાને લીધે દરેક સેવકની કાર્યશક્તિ, ઉત્સાહ, જોમ, આત્મવિશ્વાસ, અને નચિંતપણું કે નિર્ધાસ્તપણું વધે છે, તેની સાથે જ તેમનું જવાબદારીનું ભાન પણ વધવું જોઈએ. સંઘના કાર્યની સફળતાનો આધાર મારી દક્ષતા ઉપર છે, સંઘની આબરૂ પણ મારા હાથમાં છે, મારા વર્તન પરથી લોકો આખા સંઘની પારખ કરશે, મારી ભૂલોનું પરિણામ આખા સંઘને અને કાર્યને ભોગવવું પડશે, એવી ભાવના સેવકના પોતાના મનમાં હંમેશ જાગ્રત રહેવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભાવના જ સેવકને અનેક જોખમોમાંથી બચાવશે અને તેની અખંડ પ્રગતિને મદદરૂપ થશે.

સંસ્થાનિષ્ઠા : ઉપરના વિવેચનમાં સંઘ એટલે અનેક પણ મર્યાદિત વ્યક્તિઓનો સમૂહ એવો સંઘનો અર્થ કલ્પેલો છે. સંઘની ઘટના અને નિયમ મુકરર થાય અને તેમાં સામેલ થઈ શકે એવી વ્યક્તિઓની સંખ્યા અમર્યાદિત અથવા અનિશ્ચિત થાય એટલે તે સંઘ મટી 'સંસ્થા' બની જાય છે. સેવક કોઈ સંસ્થા તરફથી કામ કરતો હોય ત્યારે તેને સંસ્થાનાં ઉદ્દેશ અને કાર્યપદ્ધતિ માન્ય હોવાં જ જોઈએ. કેવળ ગુજરાન ચલાવવા માગતો નોકર સંસ્થાના ઉદ્દેશોની અને કાર્યનીતિ કે ધારાધોરણની ચિકિત્સા કર્યા વિના કેવળ કિંકર – કહ્યું કામ કરનાર – તરીકે કામ કરી શકે તોય સેવકે તો સંસ્થામાં જોડાતા પહેલાં તેની પારખ અને પસંદગી કરવી જોઈએ અને તે કર્યા પછી તેણે સંસ્થા સાથે છેતરપિંડી ન કરવી જોઈએ. સંસ્થાના નિયમોનું તેમ જ તેની આજ્ઞાઓનું અક્ષરે અક્ષર જ નહીં પણ તેમાં રહેલા હેતુઓનું પણ પાલન કરવું જોઈએ. જેઓ પોતાની જ નહિ પણ બીજાઓની પણ અંગત માલમિલકતને બહુ જ ચીવટથી સાચવે છે, એવા ઘણા કાર્યકર્તાઓમાં પણ સંસ્થાની કે સાર્વજનિક માલમિલકત, તેનાં નફા નુકસાન, હિત-સંબંધ વગેરેની બાબતમાં નિષ્કાળજીપણું, બેપરવા, બેજવાબદારી જોવામાં આવે છે તે અનુચિત અને નિંદ્ય છે. ખાનગી મિલકત કરતાં પણ સાર્વજનિક મિલકતને સેવકે વધારે ચીવટથી સાચવવી જોઈએ.

સેવકે સાચવવી જોઈએ એનો અર્થ બધાએ જ સાચવવી જોઈએ; કારણ બધાએ જ સેવાવૃત્તિ ધારણ કરવાની છે. અમારા આખા વિવેચનમાં સેવકને ઉદ્દેશીને જે વિધિનિષેધ કહેવામાં આવ્યા છે તે જેઓ પોતાને સમાજના સેવક ગણતા હોય તેમને માટે જ કેવળ બંધનકર્તા છે, અને જેઓ પોતાને સેવક ન કહેવડાવતા હોય તેમને માટે નથી, તેમને ફાવે તેમ વર્તન કરવાની છૂટ છે, એવો આનો અર્થ હરગિજ નથી. સેવકનો ધંધો એ કંઈ સુથાર કે લુહારના ધંધા જેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈકલ્પિક ધંધો નથી. સેવા એક વૃત્તિ છે અને એ બધાને માટે છે. માણસમાત્ર સેવક છે, અને સેવકની ફરજો માણસમાત્ર માટે છે. જેમ 'ભક્તે કોઈનો મત્સર ન કરવો' એ વાક્યનો બધાએ જ મત્સરનો ત્યાગ કરવો અને ભક્તિભાવ કેળવવો એવો થાય છે, તેવી જ રીતે આ પણ સમજવાનું છે.

मतभेद : કોઈ પણ સંસ્થાના કાર્યકર્તાઓમાં સ્વભાવભેદ, દૃષ્ટિભેદ અને મતભેદ થોડાઘણા પ્રમાણમાં હોય એ અપરિહાર્ય છે. સિદ્ધાંતની બાબતમાં જ્યાં એક મત હોય, ત્યાં વિગતની બાબતમાં મેળ સાધવાની વૃત્તિ સહકારીઓમાં ન હોય તો કોઈ પણ સંસ્થા કે કાર્ય ટકી કે ચાલી ન શકે. બીજાની વિચારસરણી આસ્થાપૂર્વક સમજી લેવા માટે માણુસમાં નિરહંકારિતા, નિરાગ્રહતા અને નિખાલસપણું હોવાની જરૂર છે. તે જ પ્રમાણે પોતાના વિચારો બીજાઓને ગળે ઉતારવા માટે પણ યોજકતા અને સહનશીલતાની જરૂર હોય છે. આટલું કર્યાં છતાં જે મતભેદો બાકી રહે તે નભાવી લેવાને માટે સહિષ્ણુતા, ઉદારતા તેમ જ બહુમતીને માન આપવાની ખેલદિલી સેવકમાં હોવી જોઈએ.

आगेवान पर विश्वास : જેમ રાજાને વિષે શ્રદ્ધા કે નિષ્ઠા હોવી એ રાજનિષ્ઠાનો જ ભાગ છે, તેવી રીતે સંઘના કે સંસ્થાના આગેવાન કે વડા પર વિશ્વાસ હોવો એ સંસ્થાનિષ્ઠાનો જ ભાગ છે. મોટી મોટી સામ્રાજ્ય-સરકારો પણ વ્યક્તિપ્રધાન હોય છે; તો પછી સંઘ અથવા સંસ્થા અમુક અંશે વ્યક્તિપ્રધાન હોય તો તેમાં નવાઈ પામવાનું કે દુઃખ કરવાનું કારણ નથી. આગેવાનની બુદ્ધિમત્તા, કળકળ, અને કર્તૃત્વશક્તિ અને અનુયાયીઓની તેની સૂચનાઓ ને ઇશારા ઝીલવાની તત્પરતા એ બે પર જ કોઈ પણ સંસ્થાની સફળતાનો મોટે ભાગે આધાર હોય છે. અનુયાયીઓએ આગેવાનની વરણી કાળજીપૂર્વક કરવી; સંસ્થાનો કાર્યક્રમ અને કાર્યપદ્ધતિ બની શકે ત્યાં સુધી બધા સભાસદોના વિચારથી તથા સંમતિથી આંકવાં. છતાં આ બધું કર્યા પછી પણ આગેવાન પાસે શેષાધિકાર રહેવાના જ, અને રહેવા પણ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિગતની બાબતમાં તેમ જ અનપેક્ષિત સંજોગોમાં અને તાકીદને પ્રસંગે આગેવાનના નિર્ણય અનુયાયીઓએ જરાય આનાકાની વિના સ્વીકારવા જોઈએ.

સંઘના કાર્યની સફળતાનો મોટો આધાર આગેવાનના આત્મવિશ્વાસ અને હિંમત પર હોય છે. અને આગેવાનની હિંમત તેના અનુયાયીઓની નિષ્ઠા અને દૃઢતા પર આધાર રાખે છે. એક પણ સેવકનું કામચોરપણું, આજ્ઞાભંગ, અને બંડખોરપણું આગેવાનની હિંમત તોડવા તેમ જ આખા કાર્યને ધક્કો પહોંચાડવા બસ થાય છે.

तत्त्वनिष्ठा : સાથે જ એ યાદ રાખવું જોઈએ કે, સંઘ, સંસ્થા, કે નેતા વિષેની નિષ્ઠા એ તત્ત્વનિષ્ઠાની સાથે અવિરોધી હોવી જોઈએ. તત્ત્વ અથવા સિદ્ધાન્ત અને ધ્યેયનો હક સૌથી શ્રેષ્ઠ છે અને સંઘ, સંસ્થા, નેતા, એ બધાં એ સિદ્ધાન્તનો અમલ કરવાનાં સાધનો છે. તેથી આગેવાનનો આદેશ અથવા સંસ્થાની શિસ્ત એ મૂળ ધ્યેયનાં કે નીતિનિયમોનાં વિરોધી હોય તો એ નેતાનો કે સંસ્થાનો ત્યાગ કરવો એ પણ સેવકનું કર્તવ્ય બની જાય છે. એવી રીતે ત્યાગ કરવાને બદલે ઉપરઉપરથી નિષ્ઠા બતાવીને છાનોમાનો દ્રોહ કરવાની રીત આજે પ્રચલિત છે, પણ તે ગર્હણીય છે.

બુદ્ધધર્મીઓનું એક સૂત્ર જાણીતું છે : "धर्मं शरणं गच्छामि; बुद्धं शरणं गच्छामि; संघं शरणं गच्छामि।" – હું ધર્મનું (સિદ્ધાન્તનું) શરણ લઉં છું; બુદ્ધનું (નેતાનું) શરણ લઉં છું, સંઘનું શરણ લઉં છું. – આ જ નિયમ સેવકને પણ લાગુ પડે છે.

चूंटणीओ अने होद्दा : સેવકે અધિકારનાં કે લાગવગનાં સ્થાનોનો સ્વીકાર કરવો કે નહીં ? અથવા તે મેળવવા માટે પ્રયત્ન કરવો કે નહીં ?

અધિકારના સ્થાન પરથી લોકસેવા કરવાને વિશેષ તકો મળે છે એ દેખીતું છે. દાખલા તરીકે, રાજાના હાથમાં લોકોનું ભલુંબૂરું કરવાની કેટલી બધી સત્તા હોય છે ? સેવકને જ જો એ પદ મળે તો તે લોકોની કેટલી બધી સેવા કરી શકે ? તો સેવકે રાજગાદીનો સ્વીકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો? ગાદી પર આવવાનો પ્રયત્ન કરવો? એવી જ રીતે એ ઉદ્દેશથી તેણે પ્રધાન, વાઈસરૉય, ગવર્નર, કલેક્ટર ઇત્યાદિ થવા માટે સંમતિ આપવી? એ થવાનો પ્રયત્ન કરવો?

ધારાસભાના સભ્ય, સુધરાઈના સભ્ય કે પ્રમુખ, લોકલ બોર્ડના સભ્ય કે પ્રમુખ, ગ્રામપંચાયતના સભ્ય કે સરપંચ, વગેરે ચૂંટણીથી પુરાતી જગ્યાઓ માટે સેવકે પોતાની ઉમેદવારી નોંધાવવી?

સહકારી બેંકો કે પેઢીઓ, મહાસભા-સમિતિઓ, હિંદુસભા, મુસ્લિમલીગ, ચરખાસંઘ ઇત્યાદિ જેવી બિનસરકારી સંસ્થાની ચૂંટણીઓમાં અધિકારના પદ માટે તેણે ઊભા રહેવું?

સરકાર-નિયુક્ત જગ્યાઓ તેણે સ્વીકારવી? લોકલ બોર્ડ, મ્યુનિસિપાલિટીઓ, અથવા જુદી જુદી સરકારી સમિતિઓ પર સરકાર તરફથી જે નિમણુકો કરવામાં આવે છે, એવી નિમણુકની જગ્યા તેણે સ્વીકારવી?

પણ અહીં નિમણુકો અને ચૂંટણીઓની સંપૂર્ણ યાદી આપવાનો ઉદ્દેશ નથી. આટલી વિસ્તારવાળી યાદી આપવાનો હેતુ પણ એ જ છે કે, નિમણુકો અને ચૂંટણીઓમાં તત્ત્વતઃ કશો તફાવત નથી; તે જ પ્રમાણે સરકારી, અર્ધસરકારી, બિનસરકારી કે સરકાર-વિરોધી જગ્યાઓમાં જે તફાવત છે તે કેવળ પ્રકારભેદ જ છે, તેમાં તાત્ત્વિક ભેદ કરેલ નથી એ બતાવવા ખાતર જ. ચરખાસંઘ એ જેમ એક સેવાસંસ્થા છે તેવી જ રીતે સરકાર પણ જનતાની સેવા માટે જ છે. સેવાસંસ્થા જો ચલાવવી જ હોય તો કોકે તો તેના અધિકારી બનવું જ જોઈએ; અને સેવાવૃત્તિવાળા લોકો જ એ અધિકારી બને એ વિશેષ ઇચ્છવા જોગ છે. ચરખાસંઘમાં ચૂંટાઈને આવવામાં જો દોષ ન હોય તો સરકારી જગ્યા પર પણ ચૂંટાવામાં કશો દોષ ન હોઈ શકે. તે જ પ્રમાણે નિમણુક અને ચૂંટણી એ બેમાં પણ તત્ત્વતઃ તફાવત નથી. નિમણુક થોડા માણસોએ કરવાની હોય છે અને ચૂંટણી કરનારા લોકો મોટી સંખ્યામાં હોય છે, એટલો જ ફરક. નિમણુકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ચૂંટણીની જગ્યાનો સ્વીકાર કરવો અને તે જગ્યા માટે ઉમેદવારી કરવી એમાં પણ અગાઉ સંમતિ આપવી અને પાછળથી આપવી એથી વિશેષ ફરક હોવો જ જોઈએ એવું કશું નથી. ચૂંટણી માટે ઊભા રહેવું એનો અર્થ 'મતદારો બહુમતીથી આજ્ઞા કરે તો કામ કરવા હું તૈયાર છું.' એમ અગાઉથી આશ્વાસન કે ખાતરી આપવી એટલો જ છે.

તેથી સેવકે નિમણૂકનો સ્વીકાર કરવામાં અથવા ચૂંટણીમાં ઊભા રહેવામાં તત્ત્વતઃ કશો વાંધો નથી. વિચાર કરવાનો સવાલ એટલો જ કે, જે સંસ્થામાં જગ્યા લેવાની તે સંસ્થાની નીતિ અને કાર્યપદ્ધતિ શુદ્ધ છે કે નહીં?

બીજી પણ એક મુશ્કેલીનો વિચાર કરવા જેવો છે. સરકારી તેમ જ અર્ધસરકારી સંસ્થાઓનો કારભાર કાયદાને જોરે, એટલે કે જબરદસ્તીને જોરે એટલે જ હિંસાની મદદથી ચાલે છે. સેવકે આવા જબરદસ્તીના કારભારમાં સામેલ થવું? તે જ પ્રમાણે ચૂંટણીઓમાં સ્પર્ધા અને ચડસાચડસી મોટે ભાગે આવે જ છે. સેવકે આવી સ્પર્ધામાં પડવું?

આપણે પહેલાં એક વાર જોયું કે, આદર્શ રાજસંસ્થામાં સરકારી નોકરીના જેવો લોકસેવાનો બીજો રાજમાર્ગ જ નથી. પરંતુ એ શરતી વાક્યમાં કહેલી શરત, એટલે આદર્શ સ્થિતિ, કદી પણ જોવા નહીં મળે. દરેક રાજમાં જુલમ, અન્યાય, જબરદસ્તી, હિંસા, સંગઠિત ગુંડાશાહી એ બધાં ઓછાવત્તા પ્રમાણમાં હોવાનાં જ. પણ તેટલા ઉપરથી સેવક રાજસંસ્થાનો સદંતર બહિષ્કાર કરવાનું નક્કી કરે તે પણ ન ચાલે. માણસ એ સામાજિક પ્રાણી હોવાથી અને રાજકારણ એ સામાજિક જીવનનું પ્રમુખ અંગ હોવાથી રાજકારણનો સંપૂર્ણ સંન્યાસ કરવો કોઈને માટે પણ શક્ય નથી. રાજ્યસંસ્થામાંથી રાજીનામું આપીને છૂટા થવાનો વિકલ્પ કોઈને પણ હોતો નથી. તે જ પ્રમાણે સરકાર સાથે પૂરેપૂરો અસહકાર કરવો પણ શક્ય નથી. પરદેશી રાજ્ય હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તે પણ જનતાના સહકાર વિના અને રાજીખુશીની કે નાખુશીની સંમતિ વિના ચાલતું નથી, અને સ્વરાજ્યમાં પણ એકહથ્થુ આપખુદ કારભાર કે સરમુખત્યારી બિલકુલ નથી હોતી એમ નથી. તે જ પ્રમાણે લોકમતને અનુસરીને ચાલતા રાજ્યકારભારમાં પણ રાજદંડનો પ્રયોગ ઓછાવત્તા પ્રમાણમાં કરવો જ પડે છે. રાજ્યકારભારમાં થતી હિંસા એ પ્રજાના મનમાં અને અરસપરસના વહેવારમાં રહેલી હિંસાનું જ પ્રતિબિંબ હોય છે. ગમે તેવા નજીવા કારણસર અંદર અંદર મારામારી કરનારા લોકોની સરકારનું પિનલ કોડ (દંડશાસ્ત્ર) પ્રમાણમાં ઉગ્ર હોય એ અપરિહાર્ય બલ્કે ઇષ્ટ પણ છે. સરકાર લોકમતથી બહુ આગળ દોટ મારી શકતી નથી.

તેમ છતાં સરકાર-સરકાર વચ્ચે તરતમભાવની દૃષ્ટિથી વિવેક કરીને તે મુજબ સેવકે પોતાની નીતિ નક્કી કરવી. પરદેશી અથવા એકતંત્રી સરકાર લોકશાહી કરતાં વધારે જુલમી હોય છે; તે જ પ્રમાણે સ્વરાજ્યનાં ખાતાંમાંથી કેટલાંક ખાતાં બીજાં ખાતાં કરતાં વધારે હિંસામય હોય છે. પોલીસ, મૅજિસ્ટ્રસી વગેરે ખાતાંનો આધાર દંડો હોય છે; ત્યારે કેળવણી, આરોગ્ય ઇત્યાદિ ખાતાં પ્રમાણમાં અહિંસક હોય છે. કેટલાંક ખાતાં સત્તાપ્રધાન હોય છે, તો કેટલાંક સેવાપ્રધાન હોય છે. તેથી રાજ્યપદ્ધતિ વિશેષ જુલમી હોય તો સેવક તેનાથી બને તેટલો દૂર રહેશે અને સરકારની નોકરી ન સ્વીકારતાં બહુ તો સરકારનાં સેવાનાં કાર્યો બાબત દૂરથી સલાહ સૂચન આપવાનું કામ કરેશે. લોકમતાનુવર્તી સરકારમાં પણ તે લશ્કર, પોલીસ, ન્યાય ઇત્યાદિ ખાતાંમાં નોકરી કરવા કરતાં સેવાપ્રધાન ખાતાં જ તે વધારે પસંદ કરશે; પણ રાજ્યપદ્ધતિ પ્રચલિત સંજોગોમાં હોઈ શકે તેટલી સારામાં સારી હોય તો તેની હકૂમત નીચે ગમે તે ઊંચા કે નીચા અધિકારનું પદ લેવામાં પણ તેણે સંકોચ ન રાખવો જોઈએ. કારણ, જે અધિકાર બીજાઓ ચલાવે તે આપણને ચાલે છે, એટલું જ નહીં પણ બીજાઓએ તે ચલાવવો જોઈએ એમ આપણે ઇચ્છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છીએ, એ અધિકાર આપણે લેવામાં ને ચલાવવામાં જો પોતાની અપાત્રતાની મુશ્કેલી જણાતી હોય તો તેમાં કશું ખોટું નથી; પણ એ અધિકાર દોષમય છે એટલા માટે ટાળવો કે રાખવો શોભે નહીં.

પછી સવાલ એ ઊભો થાય છે કે, સેવકે ચૂંટણીઓની રસાકસીમાં પડવું? રાજ્યકારભારમાં જુલમ અને હિંસા અનિવાર્ય છે; પણ ચૂંટણીઓમાં હરીફાઈ હોવી જ જોઈએ એવું કંઈ નથી. પ્રચલિત ચૂંટણીઓમાં સ્પર્ધા, રસાકસી, ઝઘડા, વામમાર્ગ, ગેરરીતિઓ ઇત્યાદિ આપણે જોઈએ છીએ ખરા; પણ જેને કેવળ સેવાના ઉદ્દેશથી ચૂંટણીમાં ઊભા રહેવું છે, તે આ બધી અનિષ્ટ વસ્તુઓ જરૂર દૂર રાખી શકે. વકીલાતનો ધંધો સત્યપાલનપૂર્વક કરવો શકય નથી, અથવા વેપારમાં ખોટું બોલવું જ પડે છે, એ પ્રચલિત ભ્રામક માન્યતાઓની જેમ જ તત્ત્વનિષ્ઠાથી અને નમ્રતાપૂર્વક ચૂંટણીમાં ઉમેદવારી કરી શકાય જ નહીં એ પણ એક ભ્રમ જ છે. ચૂંટણીમાં ઊભા રહેવાનો એટલો જ અર્થ હોવો જોઈએ કે, મતદારોથી આપણને ચૂંટવાની ઇચ્છા હોય તો આપણે કામ કરવા તૈયાર છીએ. આમાં સેવાવૃત્તિ સાથે વિસંગત કશું નથી; બલ્કે લોકો કહે તે કામ પોતાની શક્તિ અનુસાર કરવાની સેવકની તૈયારી હોવી જ જોઈએ.

સેવાર્થી ઉમેદવાર ચૂંટણીમાં હારજીતની લડાઈની ભાવનાથી નહીં ઊતરે; કે પોતે ચૂંટાઈને આવે તે માટે લાગવગ, શેહ, લાંચરુશ્વત, જાતિ કે કોમનિષ્ઠા, આત્મપ્રૌઢી, પરનિંદા ઇત્યાદિ હીન સાધનોનો ઉપયોગ નહીં કરે.

હાલ થતી ચૂંટણીઓમાંથી ઘણીખરીમાં અનામત રકમ ભરવાનો નિયમ હોય છે, કે જે રકમ ચૂંટણીમાં બહુ ઓછા મત મળે તો જપ્ત થાય છે. એ જ પ્રમાણે ચૂંટણી માટે અમુક ખર્ચ કરવાની ઉમેદવારને છૂટ હોય છે. આનો એ અર્થ થયો કે, જનતાની સેવા કરવા બદલ જનતાએ ઉમેદવારને વેતન આપવાનું તો ક્યાંય રહ્યું, ઊલટું, ઉમેદવારે ગાંઠના પૈસા ખર્ચ કરવા જોઈએ; આવી રીતે જે પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના ખિસ્સામાંથી ખર્ચી ન શકતો હોય તે સેવા કરવા લાયક નથી; નિર્ધનને સેવાનો અધિકાર નથી. કૉંગ્રેસ જેવી સેવાશીલ સંસ્થાઓમાં પણ ઉપરની કક્ષાની સમિતિઓમાં ચૂંટાઈ આવનારા સભ્યોને વધારે ને વધારે લવાજમ કે ફાળો આપવો પડે છે.

આ બધા પ્રકારો સેવક પાસે દંડ વસૂલ કરવા જેવા અથવા સેવા પર વેરો નાખવા જેવા વિપરીત દેખાય છે. તેમ છતાં તેનું પણ સમર્થન કરી શકાય એમ માનીએ. એક તો ચૂંટણીનો કારભાર વ્યવસ્થિત ચાલે એ દૃષ્ટિથી તે આવશ્યક હોય છે. બીજું, સેવક અપરિગ્રહી અને નિર્ધન હોય તો તેની ઉમેદવારીની હિમાયત કરનારાઓએ એ ખર્ચ તેને માટે કરવો જોઈએ. એટલે કે જાહેર ચૂંટણીઓ થાય તે પહેલાં ઉમેદવાર કોણ થાય તે ખાનગી પૂર્વ-ચૂંટણીથી નક્કી કરવામાં આવે; અને એ પૂર્વ-ચૂંટણીમાં જે ચૂંટાય તે જ જાહેર ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભો રહે, અને પૂર્વ-ચૂંટણીમાં તેને જેઓ ચૂંટે તેઓ જ તેની જાહેર ચૂંટણીનું ખર્ચ કરે.

એટલે ચૂંટણીઓમાં ઉમેદવારી કરવામાં સેવાવૃત્તિથી વિસંગત એવું કશું નથી; ઊલટું એ એક કર્તવ્ય છે એમ નક્કી થયું. છતાં આ પ્રશ્નની બીજી બાજુ પણ છે. સેવકની બુદ્ધિની દૃષ્ટિથી આ વિચાર થયો. પણ જે સમાજની સેવક સેવા કરવા ઇચ્છે છે તેની મનઃસ્થિતિનો પણ વિચાર કરવો જોઈએ. ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવામાં બીજા કોઈની સાથે સ્પર્ધા કરવાનો સેવકનો ઉદ્દેશ ભલે ન હોય, પણ બીજા ઉમેદવારોના મનમાં તેને વિષે સ્પર્ધાની ભાવના રહેવાનો સંભવ ખરો જ. સેવકે જેમ સ્પર્ધાનો 'કર્તા' ન થવું જોઈએ, તેવી જ રીતે તે સ્પર્ધાનું 'કર્મ' થાય એ પણ ઘણી વખત ઇષ્ટ નથી હોતું. તેનો પ્રતિસ્પર્ધી દુર્જન જ હોય, સેવાના હેતુથી નહીં પણ મોટાઈ માટે, અધિકાર-લાલસાથી અથવા એથી પણ હીન એવા સ્વાર્થી કાવા-દાવાથી જ તે ચૂંટણીમાં ઊભો રહ્યો હોય, તો તેની ઈર્ષાની સેવકે પરવા કરવાની જરૂર નથી; બલકે એવાને અધિકારના પદથી દૂર રાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે પણ તેણે (સેવકે) ચૂંટણીમાં ઉમેદવારી કરવી જોઈએ. પણ વસ્તુસ્થિતિ હમેશ આટલી સરળ અને સહેલી નથી હોતી. પ્રતિસ્પર્ધી કેવળ દુર્જન નથી હોતો તેમ જ સેવાવૃત્તિની મૂર્તિ પણ નથી હોતો; 'સેવા પણ થાય, અને માનમરતબો પણ વધે,' એ જાતની મિશ્ર ભાવનાઓ તેના મનમાં હોઈ શકે. તેને કામ કરવાની તક મળે તો તેની સ્વાભાવિક પ્રગતિ અને વિકાસ થવાનો અને કાર્ય વિષેની નિષ્ઠા વધવાનો તેમ જ મહત્ત્વાકાંક્ષાની વૃત્તિ મોળી પડવાનો પણ સંભવ હોય છે. આવા ઉમેદવારનો ઉત્સાહભંગ કરવામાં સેવકને કશો લાભ નથી. સેવકનો પ્રયત્ન તો મળે તેટલા નવા સહકારીઓ એક એક કરીને મેળવવાનો હોય છે. તો પછી ચૂંટણીમાં ઊભા રહીને કામ કરવાની ઉત્સુકતા બતાવનારા સહકારીને પાછો કાઢવાનું તેને શી રીતે શોભે? ઊલટું, નવા ઉમેદવાર સહકારીઓને અધિકારનાં સ્થાનો પર સ્થાપિત કરવાથી તેમનો સહકાર વધુ પાકો થાય છે; તેમના પર કામની જવાબદારી સોંપવા જેવું થાય છે. આ દૃષ્ટિથી સેવકે અધિકારની કે ચૂંટણીની જગ્યાઓ પોતે ન રોકતાં એ ઠેકાણે બીજાઓને મૂકવા એ જ યોગ્ય છે.

નવી ચૂંટણીઓમાં તેમ જ નિમણૂકોમાં સ્પર્ધાનું નિયમન કરવાને માટે તેમ જ સ્પર્ધાને કારણે થતા અત્યાચારોનો કે અતિરેકોનો ન્યાય કરવા માટે સ્પર્ધાથી પૂર્ણપણે મુક્ત એવા કેટલાક અનામત માણસોની જરૂર પડે જ છે. દાખલા તરીકે, ધારાસભાની ચૂંટણીઓમાં કોણ ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે જેઓ પોતે ઉમેદવારી કરવા ઇચ્છતા ન હોય એવા લોકોનું જ પાર્લમેન્ટરી બોર્ડ નીમવું પડે છે. કોંગ્રેસ કમિટીઓની ચૂંટણીઓમાંથી ઊભા થતા ઝઘડાઓ તપાસીને તેમનો ન્યાય કરવા માટે એવા જ માણસોનું પંચ નીમવું પડે છે કે જેઓ કોંગ્રેસની કોઈ પણ ચૂંટણીમાં ઊભા રહેવાના ન હોય. આવી પરિસ્થિતિમાં કોંગ્રેસના અધિકારી બનવા કરતાં કોંગ્રેસની ચૂંટણીઓના પંચ બનવું એ પણ કોંગ્રેસની સેવા જ છે. મ્યુનિસિપાલિટીનો કોંટ્રેક્ટ લેવો અથવા તેની નોકરી કરવી એ પણ સેવાભાવથી ન થઈ શકે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; પણ તેમાં સ્વાર્થ હોવાનો સંભવ હોય છે. તેથી મ્યુનિસિપાલિટીનો સભ્ય પોતે મ્યુનિસિપાલિટીનો કૉંટ્રૅક્ટ ન લઈ શકે, તેમ જ તે પોતે જ નહિ પણ તેના નજીકના સગામાંથી પણ કોઈ મ્યુનિસિપાલિટીની નોકરી ન કરી શકે, એવા નિર્બંધો મૂકવા પડે છે.

તેથી સેવક ચૂંટણીઓમાં ઉમેદવારી કરે કે નહીં એ બાબત કોઈ સર્વસામાન્ય નિયમ આપી શકાય નહીં. સેવકે આખી પરિસ્થિતિ સ્પર્ધાનું અસ્તિત્વ અને તીવ્રતા, ઊભા થવા માગતા બીજા ઉમેદવારોનું વલણ અને તેમની લાયકાત વગેરે વસ્તુઓ ધ્યાનમાં લઈને તે તે પ્રસંગે નિર્ણય કરવો જોઈએ.

ક્ષત્રિય અને બ્રાહ્મણ: પ્રજાસત્તાક રાષ્ટ્રમાં બહુમતીવાળો પક્ષ સત્તાધીશ બને છે. તેથી દરેક રાજકીય પક્ષ રાષ્ટ્રમાંના વધારે ને વધારે લોકોનો મત પોતા તરફ ખેંચવા માટે સતત પ્રયત્ન કરતો હોય છે. એક ચૂંટણી પૂરી થતાંની સાથે જ બીજીની તૈયારી શરૂ થાય છે. બધી હિલચાલો અને પ્રવૃત્તિઓ, સમારંભો, અભિનંદન અને વિરોધ-સભાઓ, ફરિયાદોનું સંગઠન ને જાહેરાત, અન્યાયો સામે ફરિયાદો, વિશિષ્ટ વર્ગો વિષે સહાનુભૂતિ અને દયા, સાહિત્ય, વૃત્તપત્રો, રંગભૂમિ, ચિત્રપટ, રેડિયો — આ બધાં મત મેળવવાની દૃષ્ટિથી ચલાવવામાં અને સજાવવામાં આવે છે. આ 'કૅનવાસિંગ' ખુલ્લેખુલ્લું ન થતું હોય તોપણ જુદા જુદા પક્ષો એક બીજાનાં મર્મ અચૂક પામી જાય છે. એટલું જ નહીં, પણ જ્યાં કૅનવાસિંગનો હેતુ ન હોય ત્યાં તેનું આરોપણ કરવામાં આવે છે. અને તેથી આખું જાહેર જીવન શંકાકુલ અને સ્પર્ધાકુલ બની જાય છે. રાજકારણી સ્પર્ધાનો ચેપ બધાં જ કાર્યોને નડે છે, અને બિનરાજકીય અને સર્વસંમત એવા સેવાકાર્યમાં પણ જુદા જુદા પક્ષો વચ્ચે હાર્દિક સહકાર અશક્ય બને છે. બધા જ નાગરિકો એક કે બીજા પક્ષની અસર કે અમલ નીચે સપડાય છે, અને જાણે અજાણે, સ્વેચ્છાથી કે અનિચ્છા હોવા છતાં આ પક્ષ-યુદ્ધના સૈનિક બને છે. આવા સંજોગોમાં થોડાક સેવકો પણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષાપક્ષીથી પૂરેપૂરા અલિપ્ત રહે એ ઇષ્ટ છે. ખાસ કરીને જેમને બિનરાજકીય સ્વરૂપનાં સેવાકાર્યો કરવાં હોય તેઓ કોઈ પણ રાજકીય પક્ષના સભ્ય ન થાય તો સારું. રાજકીય પક્ષના પુરસ્કર્તાઓને જો આપણે ક્ષત્રિય માનીએ, તો રાજકીયસત્તા વિષે નિઃસ્પૃહ રહે એવા બ્રાહ્મણોની પણ સમાજને જરૂર છે, એમ કહી શકાય.

સેવક અને વિદ્યાર્જન : સેવાકાર્ય કરતી વખતે ઘણી વાર સેવકને વધારે વિદ્યાર્જન કરવાની જરૂર ભાસે છે. કામ કરતાં કરતાં તેની જિજ્ઞાસા અને બૌદ્ધિક ભૂખ વધે છે. વધુ અનુભવની, જ્ઞાનની, સંશોધનની, નિરીક્ષણની, પ્રવાસની, વાચનની (એટલે બીજાના અનુભવ અને વિચાર જાણી લેવાની), આવશ્યકતા તેને લાગે છે. નવી કળા, નવા વિષય શીખીને હરહુન્નરી બનીને પોતાની કાર્યક્ષમતા વધારવાની તેમ જ વધારે વ્યાપક બનાવવાની તેને ઇચ્છા થાય છે.

આવી જાતની ઇચ્છા થવી એ સેવકની પ્રગતિશીલતાનું લક્ષણ છે અને આવકારપાત્ર છે. અને એ પૂરી થાય એ ઇષ્ટ છે તેથી જ સેવાકાર્ય કરનારી સંસ્થાઓ પોતાના કાર્યકર્તાઓને જરૂરી કેળવણી આપીને વધારે ને વધારે કાર્યક્ષમ બનાવવાની વ્યવસ્થા કરે છે. અલબત્ત, આવી જાતની કેળવણી કે તાલીમ તે તે સંસ્થાના ગજા પ્રમાણે અને સગવડ પ્રમાણે એટલે તેના ચાલુ કાર્યમાં અંતરાય કે મુશ્કેલી ન આવે એવી રીતે જ મેળવવાની હોય છે. તે માટે સેવકને થોડા વખત માટે સેવાકાર્ય છોડવાની જરૂર પડે તોય સંસ્થા સેવકનું ખર્ચ ચલાવે છે.

જ્યાં સેવકને સંસ્થાનો આધાર ન હોય ત્યાં સેવકના શિક્ષણની વ્યવસ્થા સમાજે — એટલે કે તે તે વખતે પ્રભુ જેને પ્રેરણા આપે એ કાર્યપ્રેમી મિત્રોએ — કરવાની હોય. સંસ્થા કે સમાજ જે વ્યવસ્થા કરે તેથી સેવકે સંતોષ માનવો જોઈએ.

अल्प शक्ति तरी अल्प उपकार । थोर तरी थोर करणेची ।।

— સેનાપતિ બાપટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પોતાની શક્તિ ઓછી હોય તો ઓછો ઉપકાર કરવો; વધુ હોય તો વધુ કરવો.)

પણ વસ્તુસ્થિતિ અહીં પણ હંમેશ આટલી સરળ કે સીધી હોતી નથી. વિદ્યાર્જનની ઇચ્છા કેવળ કાર્યચિંતનમાંથી જ ઉદ્ભવે છે એમ નથી. વિદ્યા જેમ સેવકનાં જ્ઞાન અને કાર્યક્ષમતા વધારવાનું સાધન હોય છે, તેવી જ રીતે તે તેની પ્રતિષ્ઠા અને દરજ્જો વધારવાનું પણ સાધન હોય છે; અને એ ખાતર પણ વધારે શિક્ષણની તેને જરૂર ભાસવા માંડે છે. તે માટે કોઈ કૉલેજમાં જાય છે, તો કોઈ પરદેશ જઈને ત્યાંથી એકાદ પદવી કે ડિગ્રી લઈ આવે છે.

"આપણી છાપ લોકો પર જેવી પડવી જોઈએ તેવી પડતી નથી; લોકોને મન આપણી જોઈએ તેટલી કિંમત નથી; સ્વાર્થત્યાગ, વિદ્વત્તા, વગેરે ગુણોની પ્રતિષ્ઠાને અભાવે આપણો પ્રભાવ પડતો નથી; આપણા જ સહકારીઓમાંના જે વધુ ભણેલા છે તેમની સાથે લોકો વધારે આદરથી વર્તે છે. તેમ જ તેઓ વધારે સફળતાથી કાર્ય કરી શકે છે," વગેરે વિચારોથી સેવક વિદ્યાર્જન કરવા માટે ઉત્સુક બને છે.

સેવાકાર્ય માટે કેવળ કળકળ અને તનતોડ મહેનત કરવાની જ જરૂર હોય છે એમ નથી; તેમાં પણ આગેવાન બનવા માટે બુદ્ધિમત્તા, બહુશ્રુતપણું, લેખન, વક્તૃત્વ, મોટા લોકો સાથે પરિચય, દ્રવ્યની અનુકૂળતા, વગેરે વસ્તુઓની જરૂર હોય છે. સૈનિક કરતાં સેનાપતિ અને સામાન્ય સ્વયંસેવક કરતાં આગેવાન વધુ સેવા કરે છે એવી સામાન્ય રૂઢ માન્યતા છે. તેથી પોતાને હાથે ઊંચા પદ પરથી વધારે સેવા થાય તો સારું એ હેતુથી પણ સેવક વધુ શિક્ષણ તરફ ખેંચાય છે. ઉચ્ચ શિક્ષણ સમાજના ઉપલા થરના લોકો સાથે પરિચય કેળવવાનું પણ સાધન બને છે.

પણ આગેવાની માટે વિદ્વત્તા અને લાગવગની જેટલી આવશ્યકતા કલ્પી શકાય તેનાથી શીલ અને નિષ્ઠાની જ વધારે જરૂર હોય છે. બીજું, બધા સેવકો આગેવાન બની શકતા નથી; એક આગેવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને તો હજારોએ તેના અનુયાયી બનીને રહેવું જોઈએ. ચિત્રગુપ્તના ચોપડામાં સેવાકાર્યની લંબાઈ પહોળાઈનું મહત્ત્વ નથી, પણ સેવાનું નાણું ખરું છે કે બનાવટી છે એનું મહત્ત્વ હોય છે. તેથી સેવકે જે કામ પોતાને ભાગે અનાયાસે આવે તેથી જ સંતોષ માનીને તે જ કામ ઉત્તમ રીતે પાર પાડવા મથવું. કોઈ મોટા કાર્યકર્તાની ગૃહવ્યવસ્થા આસ્થાપૂર્વક રાખનારી અભણ પત્ની કે કામવાળી તેને જાહેર કામ તરફ પોતાનું બધું ધ્યાન આપવાની જોગવાઈ કરી આપે છે, તે પણ તેની દેશસેવા જ છે.

અથવા સેવાકાર્યનો કંટાળો આવવાથી તે છોડવા માટે કંઈક નિમિત્ત જોઈએ એટલા માટે પણ કેટલાક જુવાનો વધુ શિક્ષણ તરફ વળે છે. શરૂઆતમાં એવા અસ્પષ્ટ વિચાર હોય છે કે વધુ શિક્ષણ પામીને વધુ લાયક બનીશું અને પાછા સેવાકાર્યમાં આવીશું; પણ આગળ જતાં તે વિચારો અશિક્ષિત વિચારો હતા એમ જ નક્કી થાય છે. સુશિક્ષિત માણસનું તર્કશાસ્ત્ર તેને કહે છે કે, "ત્યાગ એ કંઈ સેવા નથી; ગરીબીમાં જ સેવા થઈ શકે છે અને સારી સ્થિતિમાં રહેવામાં સમાજનો દ્રોહ છે, એવું થોડું જ છે?" ઇત્યાદિ.

પ્રથમ સેવાકાર્યમાં હોય અને પછી શિક્ષણ તરફ વળે, એવા સેવકોની આ વાત થઈ. શિક્ષણ લઈ રહેલ વિદ્યાર્થીની ભણી રહ્યા પછી સેવામય જીવન જીવવાની ઇચ્છા હોય તો તેણે ક્યાં સુધી શિક્ષણ લેવું? આનો જવાબ આગળ કઈ જાતનું સેવાકાર્ય કરવાનો તે ઇરાદો રાખે છે અને તે કાર્ય માટે જરૂરી શિક્ષણ લેવા માટે તેની પાસે જોઈતી સાંપત્તિક સગવડ કે સાધનોની અનુકૂળતા કેટલા પ્રમાણમાં છે તેના પર આધાર રાખે છે. સામાન્યપણે એટલું જરૂર કહી શકાય કે, સેવકને – ખાસ કરીને સ્વતંત્રપણે કામ કરનારને – પોતાના વિષયનું પૂરેપૂરું જ્ઞાન, સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિ, તેમ જ લેખન અને વક્તૃત્વ (એટલે પોતાના વિચાર રજૂ કરવાની શક્તિ) અને નામું લખવું – આટલું, કાર્યના સ્વરૂપ અનુસાર, ઓછાવત્તા પ્રમાણમાં જરૂરી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્જનની બાબતમાં એક સૂચના આપવાનું જરૂરી લાગે છે કે, સેવાકાર્ય કરવાની ઇચ્છા રાખનારે દેવું કરીને ભણવું નહીં. દેવાને કારણે સેવક બંધાઈ જાય છે અને સેવાકાર્યથી દૂર ઠેલાય છે, અને દેવું ચૂકવવાનું તેને માટે અશક્ય પણ બની જાય છે.

आध्यात्मिक झंखना : સેવકને જેમ બૌદ્ધિક શિક્ષણ માટે ઉત્સુકતા થવાની શક્યતા છે, તેવી જ રીતે સેવક મનનશીલ હોય તો તેનામાં સેવાકાર્ય કરતાં કરતાં આધ્યાત્મિક ઝંખના પેદા થવાનો પણ સંભવ હોય છે, અને એને ખાતર આધ્યાત્મિક વાચન, ચિંતન, સત્સંગ, અથવા એકાંત વગેરે મેળવવા માટે સેવાકાર્યમાંથી રજા લેવાની અને વખતે કર્મમાર્ગને સદાને માટે છોડી દેવાની પણ ઇચ્છા થવાનો સંભવ હોય છે.

અથવા પોતાના દોષોનું ભાન થઈને પોતે સેવાકાર્યને માટે લાયક નથી એમ પણ તેને લાગવા માંડે. દોષ બે જાતના હોઈ શકે છે: માનસિક અને શારીરિક અથવા દુર્વિચાર અને દુરાચાર. ક્રોધ, અહંકાર, મત્સર, કામવાસના વગેરે દુર્વિચારો પ્રયત્નશીલ સેવકના મનમાં અવારનવાર ઊઠવાનો સંભવ હોય છે. પણ તેટલાથી સેવકની નાલાયકી પુરવાર નથી થતી. દુર્વિચારો એ દુરાચારનાં બીજ છે; અને તે સેવાકાર્યને બાધક છે એમાં શંકા નથી. પણ તેમની સાથે ઝઘડવા માટે સેવાકાર્ય છોડી દેવાની જરૂર નથી. બલકે સેવાકાર્યમાં એકાગ્ર થવું એ જ તેનો સામનો કરવાનો ઉપાય છે. તેથી સેવાકાર્ય છોડ્યા વિના પ્રયત્નપૂર્વક દુર્વિચારો પર વિજય મેળવવાનો સેવકે પ્રયત્ન કરવો. સેવાનો માર્ગ સિદ્ધપુરુષ માટે – પૂર્ણતાને પામેલાને માટે – નથી; પણ સાધકને માટે – અપૂર્ણ અને દોષમય માણસને માટે – જ છે; તેથી મનન ચિંતનની દૃષ્ટિથી પણ કર્મસંન્યાસ બિનજરૂરી છે એ પણ ધ્યાનમાં આવશે. સેવક થોડો વખત નિયમિતપણે આત્મચિંતનમાં ગાળે એ ઇષ્ટ જ છે. વિશેષ ઉત્કંઠા કે તમન્ના થાય તો કેટલોક સમય એકાંતમાં ગાળવો પણ અયોગ્ય નહીં ગણાય. પણ કાયમનો કાર્યસંન્યાસ યુક્ત નથી. સત્કર્મ વિના જ્ઞાન અને ભક્તિ વ્યર્થ છે એ આપણે પહેલા પ્રકરણમાં જ જોયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુરાચરણની વાત એથી જુદી છે. પૈસાનો ગોટાળો, વ્યભિચાર વગેરે જેવા દોષો પોતાને હાથે થયા હોય તો તે દબાવી રાખીને સેવાકાર્ય ચાલુ રાખવામાં મિથ્યાચાર છે; તેથી સેવાને બટ્ટો લાગે છે. તેમ છતાં આવા દોષ એક વાર થયા હોય તોય સેવકે નાસીપાસ થવાનું કારણ નથી. ક્યારેક તો એક વાર ભૂલ થઈ હોય તો તે માણસને વધારે સાવધ બનાવે છે અને મોહની સામે ટકવામાં તેને વિશેષ દૃઢ બનાવે છે. "एक ठेंचा खाई तो बावन ज्ञाहाणा होई, बावन ठेंचा खाई तो गद्धा होई." – એક ઠેસ લાગે તો માણસ અનેકગણો ડાહ્યો બને છે; અને અનેકવાર ઠેસ લાગ્યા જ કરે તો તે ગધેડો બને છે. સેવકે પોતાને હાથે થયેલા દોષ પોતાના આગેવાન આગળ નિખાલસપણે રજૂ કરવા; અને તેની સલાહથી કાર્યનાં અનેક અંગોમાંથી સૌથી ઓછી જવાબદારીવાળું અને ઓછા જોખમવાળું જે કામ હોય તે સ્વીકારવું; અથવા જાહેર કામમાંથી છૂટા થઈને ખાનગી ધંધો સેવાભાવથી કરવો. જેને હાથે એક વાર કે અનેક વાર પણ ભૂલ થઈ હોય તે સેવાકાર્ય માટે સદાને માટે નાલાયક બન્યો એવું બિલકુલ ન સમજવું. લોકો પણ તેમ માનતા નથી. તેઓ પોતાના સેવકની ભૂલો કે પ્રમાદો માફ કરવા હંમેશ તૈયાર હોય છે. જરૂર છે કેવળ સચ્ચાઈની. ભૂલો કરવા કરતાં ભૂલો છુપાવવી એ વધારે નુકસાનકારક છે. જે પોતાના દોષ જાહેર કરે છે તેના દોષો લોકો ઢાંકે છે; જે પોતાના દોષો ઢાંકવાનો પ્રયત્ન કરે છે તેના દોષો લોકો ઉઘાડા પાડે છે.

ઊંડાણ કે વિસ્તાર : મર્યાદિત ક્ષેત્રમાં ઊંડાણવાળું અથવા તીવ્ર કે નક્કર કામ કરવું કે વિસ્તૃત ક્ષેત્રમાં છીછરું અથવા વીખરાયેલું કામ કરવું, એવો સવાલ ક્યારેક કાર્યકર્તાઓ સામે ઊભો થાય છે. પણ અમારો એવો અભિપ્રાય છે કે, કાર્યનું ઊંડાણ અને વિસ્તાર એ બંને એકબીજા પર આધાર રાખનારાં અને એકબીજાને પોષક જ હોય છે. ઘણાખરા સુધારાનો આધાર વિચારક્રાન્તિ પર હોય છે – રૂઢિઓ, માન્યતાઓ, વિચારનું વહેણ, શ્રેષ્ઠ-કનિષ્ઠ ભાવ, તેમ જ એકંદરે મૂલ્યોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી પદ્ધતિ બદલવાની જરૂર હોય છે. આવી જાતની વિચારક્રાન્તિ કેવળ નાનકડા ક્ષેત્રમાં જ પ્રયત્ન કરવાથી કરી શકાતી નથી. જેમ કોઈ મોટા તળાવને કાંઠે રહેનાર માણસ 'હું મારા ઘર સામેનું તળાવ સાફ રાખીશ' એમ કહે તો તેનું તે કહેવું વ્યર્થ છે, તેવી જ રીતે દારૂબંધી, સ્ત્રીકેળવણી, રેંટિયા-પ્રસાર, ખેતીસુધારો, શિક્ષણસુધારો, વગેરેમાંનું કોઈ પણ કાર્ય લઈએ તોય મોટા ક્ષેત્રમાં તેનો વૈચારિક પ્રચાર કર્યા વિના નાના ક્ષેત્રમાં તેનો પૂરતા પ્રમાણમાં અમલ કરાવવો અશક્ય હોય છે. માણસમાત્રમાં પોતાની જાતની સુધારણા કરવાની કે કલ્યાણ સાધવાની બાબતમાં પણ એક જાતનું આળસ, સુસ્તી કે ઢીલ હોય છે. કદાચ માણસ સમાજપ્રિય હોવાથી પણ બીજા જોડીદારો વિના એકલો આગળ પગલું ભરવા રાજી નહીં થતો હોય. કારણ ગમે તે હો, એટલું ખરું કે, કોઈ અમુક સુધારો બુદ્ધિને માન્ય થાય તોપણ બીજા લોકો જો તે સ્વીકારતા નથી, તો સેવક કે સુધારક "અમારા જ એકલાની પાછળ શું કામ પડે છે, અમે શું ગુનો કર્યો છે?" એવી જાતની ત્રાસની લાગણી લોકો વ્યક્ત કરે છે. બધા સૂઈ રહ્યા હોય ત્યારે હું જ એકલો ઊઠું એ મને ગમતું નથી. પ્રભાતિયાં જેમ બાળકૃષ્ણને "સારી દુનિયા ઊઠી છે, તું જ એકલો કેટલો વખત સૂઈ રહીશ?" એમ આજીજીપૂર્વક કહીને તેને ઉઠાડવાનો પ્રયત્ન કરે છે, તેવી જ રીતે સેવક પણ જો લોકોને, "બીજા લોકો પણ તમારી સાથે છે," એવું આશ્વાસન આપી શકે તો તેનું કામ સરળ થાય.

જે કામમાં વિચારક્રાંતિ કરવાની જરૂર નથી હોતી, કાર્યની ઇષ્ટતાની બાબતમાં એકવાક્યતા હોય છે, અને માત્ર કાર્ય વિષે લાગણી ધરાવનારા કાર્યકર્તાઓ મળવાનો જ સવાલ હોય છે, એવા સંજોગોમાં માત્ર મર્યાદિત ક્ષેત્રમાં તીવ્ર અને ઊંડું કામ કરવું જ યોગ્ય હોય છે. દાખલા તરીકે, કોઈ રોગચાળો ફાટી નીકળ્યો હોય, અને તેના નિવારણનો ઉપાય કરનારા અને માંદાની માવજત કરનારા સેવકોની જરૂર હોય, એવે ઠેકાણે તમે કરી શકો તેટલી સેવા લેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો તૈયાર જ હોય છે. આ કામ એવું છે કે અહીં અર્ધુંપર્ધું કામ કર્યે તેનો ઝાઝો ઉપયોગ થતો નથી; રોગનું નિવારણ સંપૂર્ણપણે કરવામાં આવે તો જ તેનો ઉપયોગ હોય છે. ધરતીકંપ, રેલસંકટ, ઇત્યાદિ આપત્તિઓને પ્રસંગે પણ સળંગ કે અખંડ કામ સુલભ અને આવશ્યક પણ હોય છે. પણ એને બદલે ફરજિયાત મફત કેળવણીનો સવાલ લઈએ તો કેળવણીનું પ્રમાણ અને અભિરુચિ બધે સારી પેઠે વધેલાં ન હોય તો અમુક મર્યાદિત ક્ષેત્રમાં ફરજિયાત કેળવણીની યોજના સફળ નહીં થાય.

આવી રીતે વિસ્તૃત ક્ષેત્રમાં કરેલો પ્રચાર મર્યાદિત ક્ષેત્રના કામ માટે આધારભૂત થાય છે; જ્યારે એથી ઊલટું, કોઈ પણ ચોક્કસ સ્થળે નક્કર કામ પ્રત્યક્ષ કરી બતાવ્યા વિના વિસ્તૃત પ્રચારમાં પણ જોર આવતું નથી. વિસ્તૃત પ્રચાર અને ઊંડું કે નક્કર કામ, કામની દૃષ્ટિ અને તદ્નુસાર તેની સૃષ્ટિ, એ બંને એકબીજાને પોષક છે. ઝાડ વધે છે ત્યારે તેને તેનાં મૂળિયાં તેમ જ ટોચ પરની કૂંપળો બન્નેમાંથી પોષણ મળે છે. સેવકોએ પરિસ્થિતિ અને પોતપોતાની શક્તિ અને ગમાઅણગમાનો વિચાર કરી તે અનુસાર કોઈ એક અથવા બંને દિશાએથી કામ કરવું.

फंड के फाळो: ઘણુંખરાં જાહેર કામો માટે, એટલે કે સમાજના હિત માટે, અને સમાજની વતી કરવાનાં કામો માટે, પૈસાની જરૂર પડે છે; સેવકોના નિર્વાહને માટે પૈસાની જરૂર પડે છે; તેમ જ પ્રત્યક્ષ સેવાકાર્ય માટે પણ પડે છે. આ પૈસો ફાળા કે ફંડને રૂપે લોકો પાસેથી ભેગો કરવો પડે છે. સાર્વજનિક કામની જવાબદારી ઉઠાવનારા સેવકોના કાર્યક્રમમાં ફાળો ઉઘરાવવાના કામનું એક આવશ્યક અને મહત્ત્વનું સ્થાન હોય છે.

જેમાં મતપ્રચારની જરૂર નથી હોતી એવાં સંકટનિવારણ જેવાં કામો મોટા મોટા ધનિકો પાસેથી મળેલી સખાવતો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેણગીઓમાંથી અથવા સરકારી ગ્રાંટમાંથી ચલાવવાને હરકત નથી; જોકે આવાં કામોને માટે પણ મોટા લોકોનો પૂરતો આશ્રય મળતો નથી તેથી ગરીબગુરબાં પાસેથી નજીવી રકમો મેળવીને ફાળો ઉઘરાવવાની જરૂર પડે છે. સૂક્ષ્મ સંશોધન, ઉચ્ચ વિદ્યાભ્યાસ વગેરે જેવાં કામો સરકાર અથવા થોડાક ધનિકોની મદદથી જ ચલાવવાનાં હોય છે. પરંતુ પ્રાથમિક કે પ્રૌઢ શિક્ષણ, રેંટિયાપ્રસાર જેવાં બહુજનસમાજના હિતનાં કામો, તેમ જ હરિજનસેવા, દલિતસેવા, દારૂબંધી વગેરે જેવાં મતપ્રચારનાં કામો તે જ પ્રમાણે કિસાનો ને મજૂરોની સંઘટના, હિંદુ સંગઠન અને મુસ્લિમ સંગઠન (આને જો ઇષ્ટ અથવા અમુક મર્યાદામાં ઇષ્ટ માનીએ તો) વગેરે જેવાં સંગઠનનાં કામો અથવા મોટા પુરુષોના માનમાં અથવા સ્મારક તરીકે કરવાનાં કામો અથવા સર્વસ્પર્શી રાષ્ટ્રીય કાર્યો તથા હિલચાલો માટે જોઈતું દ્રવ્ય સાર્વજનિક ફાળાને રૂપે એકઠું કરવાનું કામ આવશ્યક જ નહીં, ઇષ્ટ પણ છે. આવી રીતે ફાળો કે નિધિ એકઠો કરવો એ સેવાકાર્યનો જ એક આવશ્યક અને મહત્ત્વનો કાર્યક્રમ બને છે. તેથી તેની યોગ્ય પદ્ધતિ વિષે અહીં થોડો વિચાર કરીએ.

राजीखुशीनां दान ज लेवां : ફાળો સેવકના નિર્વાહને માટે હોય કે કાર્યને અંગેના ખર્ચ માટે હોય, દાતાઓએ તે કાર્યપ્રેમને કારણે અથવા પોતાની રાજીખુશીથી આપેલો હોવો જોઈએ; દાતાઓને તે જુલમ ન લાગવો જોઈએ. સેવકની દૃષ્ટિ દ્રવ્યની સાથે જ આશીર્વાદ અને લોકમતનો ટેકો મેળવવાની હોવી જોઈએ. ફાળાનો આંકડો લોકમતની અનુકૂળતાનો નિદર્શક હોવો જોઈએ. ફાળો ઉઘરાવતી વખતે સેવકને લાગવગ, ખુશામત, ફોસલામણી, ધાક કે દમદાટી, ગપગોળા, રૂસણું, વગેરે અનિષ્ટ પ્રકારોનો જરાય ઉપયોગ ન કરવો. પૈસાની સાથે માણસોનાં મન જીતવાની પણ દૃષ્ટિ રાખવી; પૈસા તો ભેગા કર્યા પણ દાતાઓનાં મન દુભાયાં કે વિરક્ત બન્યાં, એમ થાય તો સોનાનાં ઈંડાં માટે એ ઈંડાં મૂકનાર મરઘીને જ મારી નાંખવા જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય. કાર્યની ઇષ્ટતા, દાન આપવાનું કર્તવ્ય, કાર્યકર્તાઓની સચ્ચાઈ ને પ્રામાણિકપણું, તેમ જ કાર્યકુશળતા, ચાલુ કાર્યની સફળતા અને તેને લોકો તરફથી મળતો ટેકો, આ બધી વસ્તુઓ યથાર્થપણે સેવકે દાતાની આગળ રજૂ કરવી. કાર્યની ઇષ્ટતાની સાથે જ ઉઘરાવેલો ફાળો જેમના હાથમાં સોંપવામાં આવતો હોય તેમની સચ્ચાઈ, કળકળ, અને કાર્યકુશળતાનું પણ મહત્ત્વ હોય છે. તે જ પ્રમાણે આપણા દાનનો સદુપયોગ થવાનો હોય, કાર્ય સફળ થવા જેવું હોય, તેમ જ આપણા એકલા પર જ કેવળ ફંડનો બોજો ન પડતાં આપણા અડોશીપડોશીઓ તથા વ્યવસાયબંધુઓ અને સમાનશીલ લોકો પણ એ ફાળામાં પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ આપતા હોય, તો દાતાને મદદ કરવામાં વિશેષ ઉત્સાહ થાય છે. બીજાઓની સાથે તેમ જ બીજાઓની સરખામણીમાં યોગ્ય પ્રમાણમાં પોતાના પર ફાળાનો બોજો પડે એવી દાતાની અપેક્ષા હોય તો તે સ્તુત્ય ન ગણાય તોય ખોટી કે વખોડવા જેવી પણ નથી. એટલા માટે બીજાઓએ ફાળામાં આપેલ મદદના સાચા આંકડા દાતાને બતાવવા, દેણગીઓને પ્રસિદ્ધિ આપવી, અને વિશિષ્ટ ક્ષેત્રમાંના અથવા વર્ગમાંના કેટલાક લોકો પાસેથી ફાળો ઉઘરાવીને બીજાઓને જાણીજોઈને અથવા આળસને લીધે જ નહીં પણ વખતને અભાવે બાકાત રાખ્યા, એમ પણ ન થવા દેવું જોઈએ.

દાતા નાખુશીથી અથવા લાચારીથી આપી રહ્યો છે એમ દેખાય તો, અથવા ખોટા વાયદા કરી આપવાનું ટાળવા માગે છે એમ જણાય તો, તેને ધીમે રહીને ફાળો આપવામાંથી મુક્તિ આપવી. પરંતુ અમુક કાર્યનું જોઈએ તેટલું મહત્ત્વ ન લાગવાથી, બીજું ખર્ચ કરેલું હોવાથી, સેવકે કલ્પી હોય એટલી દાતાની શક્તિ ન હોવાથી, અથવા બીજા કોઈ કારણે, અથવા કદાચ સેવકની કાર્યક્ષમતા બાબત પૂરતો વિશ્વાસ ન હોવાને લીધે, દાતા સેવકની અપેક્ષા કરતાં ઓછું દાન આપતો હોય, તો સેવકે નારાજ થવાનું કારણ નથી. તે જ પ્રમાણે નાનામાં નાની દેણગીનો પણ અસ્વીકાર કરવાનો સેવકને હક નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યને વિષે પોતાની નાપસંદગી વ્યક્ત કરીને 'કેવળ તમે આવ્યા છો એટલે' દાતા દેણગી આપતો હોય તો સેવકે એ દેણગીનો નમ્રતાથી, પણ સ્પષ્ટતાથી અસ્વીકાર કરવો જોઈએ. પરંતુ ફાળાની વ્યવસ્થા કરનારાઓની અથવા ફંડ ઉઘરાવવા આવેલા સેવકની પોતાની સચ્ચાઈ કે પ્રામાણિકપણા વિષે દાતા ઝીણવટથી તપાસ કરે, અથવા શંકા વ્યક્ત કરે, તો સેવકે તેથી પોતાનું અપમાન ન માનતાં શંકા બતાવનારની શંકા દૂર કરવાનો પ્રયત્ન કરવો; અને ખુદ પોતાની તેમ જ સંસ્થાની સચ્ચાઈ પુરવાર કરી આપવાની એ એક અમૂલ્ય તક છે એમ માનવું. બીજા કામની ઉતાવળને કારણે દાતા જો સેવકને ફરી આવવાનું કહે, તો સેવકે એ એક અનિવાર્ય મુશ્કેલી છે એમ માનીને ચાલવું.

સંસ્થાના સેવકોની શક્તિનો અલ્પ અંશ જ નિધિસંગ્રહના કામમાં વપરાય અને મોટો ભાગ પ્રત્યક્ષ સેવાના કાર્ય માટે બાકી રહે, એ બહુ જરૂરતું છે. ધન ભેગું કરવાના કામમાં જ સેવકને પોતાનાં તનમન હદ બહાર વાપરવાં પડતાં હોય, તો પોતાના કાર્યની યોજનામાં અથવા પદ્ધતિમાં ક્યાંક ભૂલ થાય છે એમ જાણીને સેવકે એ ભૂલ સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. કાર્ય મૂળમાં જ અયોગ્ય હોય, અથવા યોગ્ય હોય તોય લોકોને આવશ્યક ન લાગતું હોય, ચાલુ સમય એ કાર્યને અનુકૂળ ન હોય, અથવા કાર્યકર્તામાં કોઈ દોષ હોય – સેવકે આ બધી બાબતો તપાસવી, આત્મસંશોધન કરવું અને યોગ્ય લાગે તો નિધિ-સંગ્રહ પર ઓછો ભાર દઈને અનાયાસે મળી શકે તેટલી દ્રવ્યસહાય વડે જ પોતાનાં તનમનનો ઉપયોગ ઇષ્ટ કાર્ય માટે વધારે એકાગ્રતાથી કરવો.

આડકતરી પદ્ધતિઓ: નિધિસંગ્રહને નિમિત્તે તેમ જ નિધિ-સંગ્રહની સાથે સાથે મતપ્રચાર અને લોકસંગ્રહ કરવાની સેવકે દૃષ્ટિ રાખવી જોઈએ. એ દૃષ્ટિથી તેને કાર્ય માટે જોઈતા પૈસા તે તે કાર્યના તેમ જ તેના કાર્યકર્તાઓના નામે જ માગવા, એ નિધિ ભેગો કરવાની યોગ્ય રીત છે. નિધિ ભેગો કરવાની આડકતરી પદ્ધતિઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવકે આશરો ન લેવો. નિધિ ભેગો કરવાને માટે લૉટરી કાઢવાની પદ્ધતિનો નિષેધ અગાઉ કરવામાં આવ્યો જ છે. નિધિ માટે ધર્માદા નાટકના પ્રયોગો ગોઠવીને તે માટે ટિકિટો વેચીને નિધિ ભેગો કરવો એ રીત પણ લૉટરી જેટલી નિંદ્ય ન હોય તોય સેવાકાર્યને ન છાજે એવી જ ગણાય. આમાં નાટ્યકળા કે રંગભૂમિને ઉતારી પાડવાનો અમારો હેતુ નથી, પણ મુખ્ય કામને આગળ વધારવા માટે ભળતી જ વસ્તુઓનો પુરસ્કાર કરવામાં જે વાંકો રસ્તો લેવાય છે, તેની સામે અમારો આક્ષેપ છે. વળી, આમ કરવામાં કાર્યનું મહત્ત્વ નાટક જેટલું નથી, એવી કાર્યકર્તાઓ પોતે કબૂલાત આપતા હોય એમ થાય છે; કારણ, એ કાર્યને નાટકની દરમિયાનગીરી ને લાગવગની જરૂર પડે છે; આને પરિણામે કાર્યની હાનિ થાય છે અને લોકોને પણ ભળતો જ માર્ગ બતાવ્યા જેવું થાય છે. વધારામાં નાટક મંડળીને મોટેભાગે 'ખર્ચ જેટલી' કહીને કેટલીક રકમ નાટકની ઊપજમાંથી આપવી પડે છે અને તેનું સન્માન કરવું પડે છે અને આખરે આટલી બધી મહેનત કરીને તથા અવ્યાપારેષુ વ્યાપાર કરીને નિધિમાં પણ જૂજ રકમનો જ ઉમેરો થાય છે.

અમુક ચોક્કસ કાર્ય માટે વિશિષ્ટ કાર્યકર્તાઓને જોઈ તો નિધિ તે કાર્યને અને તે જ કાર્યકર્તાઓને નામે ન માગતાં બહારના કોઈ મોટા આગેવાનના સન્માન કે સ્મારકને નામે ઉઘરાવવો અને તેટલા માટે એ આગેવાનનાં પણ ખાસ ગુણગાન કરવાં એમાં પણ અમુક અંશે અપ્રામાણિકપણું રહેલું છે. એ આગેવાનનો સત્કાર કે સ્મારક કરવાનું સ્વતંત્રપણે નક્કી થયું હોય, તો એ આગેવાનને જે પ્રકારના જાહેર કાર્યમાં ખરેખર રસ હોય કે જે તેને ઇષ્ટ લાગતું હોય એવા કાર્યને રૂપે એ સન્માન કે સ્મારક થાય, એવો પ્રયત્ન કરવામાં કશું ખોટું નથી.

ગમે તેની પાસેથી દાન લેવું : સેવકે ગમે તેવા માર્ગે ફાળો ઉઘરાવવો નહીં; પણ દાતા પૈસા આપવા આવે તો તેણે કઈ રીતે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત કર્યો છે તેની ચિકિત્સા કરવાની પણ સેવકને માટે ખાસ જરૂર નથી. સંશયાસ્પદ માર્ગે મેળવેલું ધન પણ દાતા પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્તની લાગણીથી સત્કાર્ય માટે આપવા માગતો હોય, તો તે ધન પવિત્ર જ છે; તેથી સેવકે કોઈ પણ દાતાએ સ્વેચ્છાથી આપેલી દેણગી લેવાની ના ન પાડવી; તેમ છતાં આમાં પણ કેટલાક અપવાદ જરૂર કરવા પડે. ચોરીનો માલ છે એમ જાણવા છતાં તે ખરીદવો એ જેમ ગુનો છે, તેવી જ રીતે તે દાનમાં લેવો એ પણ ગુનો જ છે. એવી જ રીતે દાન આપવામાં દાતાની પશ્ચાત્તાપની કે પ્રાયશ્ચિત્તની અથવા કાર્ય વિષેની પ્રેમની લાગણી હોવાને બદલે પોતાના દુષ્કૃત્યો પર ઢાંકપિછોડો કરવાનો અને તે અવ્યાહતપણે ચાલુ રાખવાનો જ ઇરાદો દેખાતો હોય, તો સેવકે દાતાને સમજાવવાનો પ્રયત્ન કરવો. કોઈ પણ વિશિષ્ટ દાનનો કારણ કહ્યા વિના અસ્વીકાર કરવાનો સંસ્થાના સંચાલકોને અધિકાર હોવો જોઈએ.

फंडने मर्यादा जोईअे : સંસ્થાએ પોતાની કાર્યશક્તિને અનુસરીને પોતાના પ્રતિગ્રહને એટલે કે દાનસ્વીકારને મર્યાદા મૂકવી જોઈએ. કાર્યની ભૂખ કરતાં કે પચનશક્તિ કરતાં વધારે દાન સ્વીકારવામાં ભલું નથી. સેવાકાર્યમાં પણ અકરાંતિયાપણું બાધક જ હોય છે. સેવકમાં આત્મપાવિત્ર્યનું અભિમાન ન હોવું જોઈએ; તેમ છતાં તન અને મન ધન કરતાં શ્રેષ્ઠ છે અને ધન એ એના કહ્યામાં રહે, એ બે ધનના તાબામાં ન જાય, એટલી આત્મવિશ્વાસની ભાવના તેણે અવશ્ય રાખવી જોઈએ; અને પ્રતિગ્રહની બાબતમાં લાંગૂલચાલન વગેરે જેવી શ્વાનવૃત્તિ ન રાખતાં ધીરોદાત્ત એવી કેસરીવૃત્તિ જ ધારણ કરવી.

स्थायी निधि : જોઈએ તે કરતાં વધારે નિધિસંગ્રહ જેમ નુકસાનકર્તા છે, તેવી જ રીતે સ્થાયી નિધિ પણ કાર્યને મારક જ છે. સંસ્થાને કાયમી ફંડ હોય અને તેના વ્યાજમાંથી સંસ્થાની પ્રવૃત્તિ ચાલે અથવા સંસ્થાને લોકાશ્રય મળવાનો બંધ થાય તો એવે વખતે એ કાયમી ફંડનો ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકાય, એ માન્યતા ભૂલભરેલી છે. કાયમી ફંડને લીધે સેવકમાં સુસ્તી અને બેપરવાઈ આવે છે અને મોટે ભાગે સંસ્થાનો કબજો મેળવવા માટે ઝઘડા પણ પેદા થાય છે. જ્યાં સુધી કાર્યનું મહત્ત્વ અને આવશ્યકતા લાગતી હોય અને કાર્યકર્તાઓ વિશ્વાસને પાત્ર હોય, ત્યાં સુધી લોકો સંસ્થાને જરૂરી નાણાંની મદદ આપ્યા કરશે; અને જે સંસ્થાએ લોકોનો વિશ્વાસ ગુમાવ્યો હોય, તેને જીવવાનો જ અધિકાર ન હોઈ શકે. સ્થાયી ફંડને લીધે સેવકની સગવડ થવાને બદલે નામધારી સેવકો એ તરફ ખેંચાય છે, અને અનેક રીતે મિથ્યાચાર વધવા માંડે છે. ગર્ભશ્રીમંતાઈ સંસારી માણસની પણ અવનતિનું કારણ બને છે, તો પછી સેવકની તો વાત જ શી કરવી?

૧૧

સેવકો જોઈએ છે

અહીં સુધી સેવાકાર્યનું અને સેવકની શ્રદ્ધા, દૃષ્ટિ, વૃત્તિ, ઇત્યાદિનું તાત્ત્વિક વિવેચન કર્યું. સેવા એક પવિત્ર વસ્તુ છે; પણ પવિત્ર વસ્તુઓ જ કલુષિત અને તેથી વળી વિશેષ હાનિકારક બનવાનો સંભવ હોય છે. તેથી સેવામાર્ગના યાત્રીઓને તેમની આગળની યાત્રા બાબત કેટલીક સામાન્ય સૂચનાઓ આપવાના ઉદ્દેશથી આ વિવેચન કર્યું છે.

આપણે હાથે કંઈક પણ દેશસેવા લોકસેવા થાય એવી સ્વાભાવિક અને નિખાલસ ઇચ્છા ધરાવનારા અનેક જુવાનો સર્વત્ર હોય છે. પણ તેમને યોગ્ય માર્ગદર્શન મળતું નથી અને તેથી "यथासांग तें कर्म कांहीं घडेना, घडे कर्म ते पुण्य गाठीं पडेना" (કોઈ પણ કામ સાંગોપાંગ પાર પડતું નથી; અને તેથી જે કર્મ થાય છે તેનું ફળ કે પુણ્ય મળતું નથી,) જેવી સ્થિતિ થાય છે. આગળ ચાલનારાઓનો અનુભવ પાછળથી આવનારાઓને મળે એ જ માનવજાતિની ઉત્તરોત્તર પ્રગતિનું સાધન છે. ઉપર કરેલું વિવેચન સંપૂર્ણ તો નથી જ. કોઈ પણ ખામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ભૂલ વિનાનું હશે એમ પણ નથી. એ વિશેષ ઊંડું, સૂક્ષ્મ કે મૂલગ્રાહી તો ન જ કહેવાય; તેમ છતાં આ પુસ્તકના લેખકે છેલ્લાં ૨૦–૨૫ વરસના ગાળામાં ક્યારેક મુરબ્બી જાણકારોનું સલાહસૂચન લઈને તો અનેક વાર ભૂલો કરતાં કરતાં ને ઠેસો ખાતાં ખાતાં કરેલા માર્ગાક્રમણ દરમ્યાન તેને અનુભવો થયા અને વિચારો સૂઝ્યા તે બધા પોતાની બુદ્ધિ ને કલમની શક્તિ અનુસાર સહકારીઓની તથા પાછળથી આવતા વટેમાર્ગુઓની જાણ તથા પરીક્ષણ માટે રજૂ કરવાનું પોતાનું કર્તવ્ય માનીને આ પ્રયત્ન કર્યો છે. સહધર્મીઓ એમાંનો સાર ગ્રહણ કરે, નકામી વસ્તુઓ ફેંકી દે, અને દોષ હોય તો સુધારી લે એવી વિનંતી છે.

देशसेवानो कार्यक्रम : હવે "આપણે હાથે લોકોની થોડી ઘણી પણ સેવા થાય, લોકોનાં અનેક પ્રકારનાં ઋણનો થોડો ઘણો હિસ્સો પણ ફીટે, દુનિયાનો દુ:ખનો ભાર આપણા વર્તનને લીધે વધે નહીં અને બની શકે તેટલો હળવો થાય, પિતરોના એટલે કે પહેલાંની પેઢીઓના પુણ્યને પરિણામે આપણને આ દુનિયામાં દરેક પ્રકારની સુખસગવડ, જ્ઞાન અને સૌંદર્ય વગેરે વસ્તુઓ લાધી છે, તેવી જ રીતે આપણી પછી આવનારી પેઢીઓ માટે વધારે સુખી; સુજાણ અને સુંદર દુનિયા આપણે મૂકી જઈએ" એવી ઉત્કંઠા ધરાવનારા —અને આવી ઉત્કંઠાથી સાવ મુક્ત હોય એવો કોણ છે?—માણસ આગળ સેવાનાં કેટકેટલાં અને કેવાં વિશાળ ક્ષેત્રો પડેલાં છે તેનું ટૂંકમાં દિગ્દર્શન કરવાનો વિચાર છે.

દુનિયાની સેવા વ્યવહારની દૃષ્ટિથી અને સ્થૂળપણે વિચાર કરતાં દેશસેવાનું જ રૂપ ધારણ કરે છે, એ આગળ બતાવવામાં આવ્યું જ છે. દેશથી પર એવો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ આંકવાની શક્તિ લેખકની પોતાની પાસે નથી.

मातृभूमि : હિંદુસ્તાન આપણો દેશ છે. એક તરફથી ગગનભેદી ગિરિમાળાઓથી અને બીજી બાજુથી વિશાળ મહાસાગરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંટાયેલો, ગંગા, યમુના, સિંધુ, નર્મદા, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી એ સાત નદીઓના પ્રવાહોથી સુસ્નાત, વિસ્તીર્ણ, પ્રાચીન, સમૃદ્ધ, આપણુ ચાલીસ કરોડ સ્ત્રીપુરુષોનો આ દેશ રામ અને કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર, બસવ અને નાનક, તુલસીદાસ અને કબીર, અશોક અને અકબર, શિવાજી અને પ્રતાપ, ચાંદબીબી અને અહલ્યાબાઈની ભૂમિ છે. વેદ-ઉપનિષદો જેવા તત્ત્વજ્ઞાનના સર્વોત્તમ ગ્રંથો સૌથી પહેલાં અહીં જ નિર્માણ થયા. તાજમહાલ જેવી અજોડ કળાકૃતિ આ જ ભૂમિમાં પેદા થઈ. દુનિયાના ઘણાખરા ધર્મોને જન્મ અને બધાને આશ્રય આ જ ધર્મભૂમિએ આપ્યો છે. આ ભૂમિનો કણેકણ વીરોના લોહીથી અને મહાત્માઓના પાદસ્પર્શથી પુનિત થયેલો છે. આવી આ આપણી ધન્ય ભૂમિ છે અને આપણે તેનાં સંતાન છીએ.

આ ભૂમિનું આપણા ઉપર અપાર ઋણ છે, એની માટીમાંથી આપણા દેહ બન્યા છે, તેના અન્નથી પોષાય છે અને આખરે એના જ ઉદરમાં જવાના.. સુખસગવડો, વિદ્યાકળા, સોબતસંગત એ જ આપણને પૂરાં પાડે છે. તેથી તેની, એટલે જ આપણા દેશબાંધવોની, –હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, શીખ, જૈન વગેરે કરાંચીથી ગૌહાટી અને પેશાવરથી રામેશ્વર સુધી વસતા ચાલીસ કરોડ ભાંડુઓની –સેવા કરવી એ જ આપણો અધિકાર અને એમાં જ આપણું જીવનસાફલ્ય છે.

સેવા અનેક રીતે કરવાની જરૂર છે. સાચા સેવકોની જ જરૂર છે. હિન્દી પ્રજા આજે દરેક જાતનાં દુઃખોથી પીડાયેલી છે.

પરદાસ્ય : પહેલો સવાલ છે પરદાસ્યનો — આપણી ગુલામીનો. મુઠ્ઠીભર અંગ્રેજો સાત સમંદરની પેલી પારથી અહીં આવીને આપણા ચાલીસ કરોડ લોકોને હાંકી રહ્યા છે. હિન્દુસ્તાનનું રાજ્યબંધારણ કેવું હોય તે વિલાયતની પાર્લમેન્ટ નક્કી કરે. બધી સત્તા, બધા અધિકાર — અખત્યાર પારકાના હાથમાં. તેઓ હુકમ કરે અને આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂપચાપ તેનો અમલ કરવાનો. આપણે કોની સાથે મિત્રતા રાખવી, કોની સાથે યુદ્ધ કરવું, આપણા મિત્ર કોણ અને શત્રુ કોણ, કોની સાથે આપણે વેપાર કરીએ, દેવું કોની પાસે માગીએ, ભાષા કઈ બોલીએ, કપડાં કેવાં પહેરીએ, કેળવણી કઈ જાતની લઈએ—બધું તેઓ નક્કી કરી આપે! આપણને શું લાગે છે, શું ગમે છે કે શું નથી ગમતું, શું માન્ય છે, શું માફક આવે છે, એની કશી કિંમત નથી. વેપાર, ઉદ્યોગ, આર્થિક વહેવાર, બધું પારકાના હાથમાં.

આપણા પોતાના દેશમાં આપણી આવી સ્થિતિ, તો પછી પરમુલકમાં આપણો કોણ ભાવ પૂછવાનું હતું? પેટને માટે પરદેશ સેવીએ તો ત્યાંય ડગલે ને પગલે અપમાન અને તિરસ્કાર સહન કરવાનું ભાગે આવે છે.

રાજ્યસંસ્થા એ માણસના સંઘજીવનની પ્રમુખ સંસ્થા ગણાય. એ જ દૂષિત થવાથી આપણું આખુ સાંઘિક જીવન જ દૂષિત થયેલું છે. 'राजा कालस्य कारणम्'—ડંડાની સત્તા અપ્રતિહત ચાલે છે, પ્રેમની સત્તા માનવા કોઈ તૈયાર નથી. બીકણ વૃત્તિ વધી, સ્વાભિમાન લુપ્ત થયું. આપણી સાથે તોછડાઈથી વર્તે એને વિષે આપણા મનમાં ધાક અને આદરની લાગણી પેદા થશે;—સ્વાભિમાનશૂન્ય માણસમાં ધાક ને ભીતિ વિનાનો આદર હોઈ શકે છે કે કેમ એ વિષે શંકા જ છે.—અને જે આપણી સાથે તોછડાઈથી નહીં વર્તે તે આપણને તુચ્છ લાગશે. પરદાસ્ય એટલે સ્વકીય જનોની અવગણના અને પારકા આગળ શરણાગતિ, આપસમાં અણબનાવ અને પારકાની આજ્ઞાનું પાલન. પરદાસ્ય એટલે સ્વાર્થને માટે બંધુદ્રોહ. દાસ્ય એટલે પુરુષાર્થહીનતા, પરાવલંબન, પારકાને અનુકૂળ થવાની વૃત્તિ, એદીપણું, માનસિક દારિદ્ર્ય અને નિરાશાવાદ. દાસ્ય એટલે મિથ્યાચાર; સામે હોય ત્યારે સાષ્ટાંગ પ્રણામ અને પીઠ પાછળ નિંદા. ઊગતાને પૂજવાનું ને આથમતાનો કશો ભાવ નહીં. દાસ્ય એટલે ચારિત્ર્ય ને શીલનો લોપ; ભીતિનું સામ્રાજ્ય અને પ્રેમ અને નીતિની પાયમાલી. પરદાસ્ય એટલે માણસાઈનું રાજીનામું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી ઊલટું, સ્વરાજ્ય એટલે સ્વાવલંબન, પોતાના માણસો પર અવલંબન, બંધુપ્રેમ, સંઘનિષ્ઠા, સ્વાભિમાન અને આત્મવિશ્વાસ — એટલે જ ઈશ્વર પર વિશ્વાસ.

પારતંત્ર્યને કારણે દેશનું શોષણ થયું, વેપાર, ઉદ્યોગધંધા નાશ પામ્યા અને દેશ કંગાળ બન્યો એ તો ખરું જ; પણ એથીય વિશેષ દુ:ખની વાત તો એ કે, આપણામાંની નાગરિકતાની ભાવના, આપણે પણ રાજ્યસંસ્થાના એક ઘટક છીએ, સરકાર આપણા સહકારથી જ ચાલે છે, સરકારનાં કૃત્યો માટે તેમ જ આપણી આસપાસ ચાલનારા સારાનરસા બનાવો માટે આપણે અમુક અંશે પણ જવાબદાર છીએ એનું ભાન, તે જ પ્રમાણે અનિષ્ટ વસ્તુઓનું નિવારણ કરવું આપણા હાથમાં છે એવી હિંમત ને આત્મવિશ્વાસ આપણામાંથી નાશ પામ્યાં. આપણી નજર સામે કોઈ ગુંડો ગામના ગરીબ લોકોની પજવણી કરતો હોય તોપણ આપણે તો એમ જ કહીએ છીએ કે, એને માટે ઇલાજ કરવાનું કામ પોલીસ અને મૅજિસ્ટ્રેટનું છે; સાચી સાક્ષી આપવાની જવાબદારી પણ આપણે સ્વીકારવા તૈયાર નથી હોતા.

ખરું જોતાં સરકારી નોકર એ જનતાનો નોકર છે, પરંતુ પારકી સત્તા નીચે તે પોતાને પ્રજાનો ભક્ષક અને પીડક સમજે છે અને પ્રજા પણ તેને તેવો જ સમજે છે. સરકારને લૂંટવી, તેને ડુબાડવી, છેતરવી, ચાલાકીથી તેની આંખમાં ધૂળ નાખવી, એમાં લોકોને કશું અજુગતું લાગતું નથી; ઊલટું, એમ કરવામાં મોટાઈ લાગે છે. 'સરકારી ખજાનામાં પૈસા ભરવા' એના જેવો નિંદ્ય બીજો એકે ગુનો નથી! સરકારી નોકરીની જે દશા હોય છે તે જ પરંપરાથી લોકલ બોર્ડ, મ્યુનિસિપાલિટી વગેરેના કામની તેમ જ ખાનગી નોકરીની પણ થઈ છે. જેનો રોટલો ખાઈએ તેની (તેની હાજરીમાં) જય બોલાવવી — "ज्याची खावीळी पोळी त्याची वाजवावी (फक्त त्याच्या समोर) टाळी" — અને તેની પીઠ પાછળ તેને ખાડામાં નાખવાની પેરવી કર્યા કરવી, એ આજે શિષ્ટાચાર થઈ પડ્યો છે. આખા રાષ્ટ્રનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર્ય જ બગડયું છે. લૉર્ડ વિલિંગ્ડન મુંબઈના ગવર્નર હતા તે વખતે તેમણે ગાંધીજીને કહેલું કે હિંદી લોકોમાં ના કહેવાની હિંમત નથી. પરાધીન વૃત્તિનું જ આ પરિણામ છે.

આ જ પરાનુકૂલ વૃત્તિ આપણી કેળવણી, આપણી ભાષા, રીતરિવાજ, પહેરવેશ, અંદર અંદરના અણબનાવ વગેરે બધામાં દેખાઈ આવે છે. પારતંત્ર્યને કારણે આપણું આર્થિક નુકસાન તો થયું જ છે, પણ આપણી દાનત બગડી એ વધારે ગંભીર સ્વરૂપનું નુકસાન થયું છે. અંગ્રેજો દુષ્ટ છે અથવા બીજાઓના કરતાં વધુ લોભી છે, એટલા માટે આપણે તેમનું રાજ અહીં ન જોઈએ એવું નથી; પણ આપણે જ નાદાન ન રહીએ અને અંગ્રેજોના તેમ જ દુનિયાના બગડવાનું કારણ ન થઈએ એટલા માટે જ, આપણા, તેમના, તેમ જ દુનિયાના કલ્યાણને માટે, આપણે સ્વરાજ મેળવવું જોઈએ.

આ સ્વરાજ્ય કોઈની આપખુદ સત્તાવાળું નહીં પણ લોકશાહીવાળું હશે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોઈ શકે. કેવળ અંગ્રેજોનો કાબૂ દૂર થવાથી લોકશાહી સ્થાપન નહીં થાય. લોકશાહી એટલે બધાને સરખો અધિકાર; કોઈ પણ વ્યક્તિની, વર્ગની કે પ્રાંતની બીજા પર જોહુકમી ન હોય, બીજા તેવા આપણે અને આપણે તેવા બીજા, એમ એકેએક નાગરિકને લાગવું જોઈએ.

આ ધ્યેય સત્ય અને ન્યાયનીતિની સાથે પૂરેપૂરું સંગત છે; અને તેથી જ તે સત્ય અને અહિંસાના માર્ગે — અને એ માર્ગે જ — પ્રાપ્ત કરવું શક્ય છે. રાજકારણમાં પણ દૃષ્ટિ પારમાર્થિક જ હોવી જોઈએ, એ અત્યાર સુધીના વિવેચન પરથી ધ્યાનમાં આવશે. દેશભક્તિ એટલે ગમે તેમ સામાજિક સ્વાર્થ સાધવાની વાત નથી. રાજકારણમાં સાચું, ખોટું, નીતિ, અનીતિ ઇત્યાદિનો વિધિ-નિષેધ પાળવાની જરૂર નથી એમ કહેવું, એ સાર્વજનિક જીવનમાંથી નીતિને દેશવટો આપવા બરાબર છે. અને એમ થતાં ગૃહજીવનમાંથી પણ નીતિને જાકારો મળતાં વાર નહીં લાગે. પરંતુ પાણીની નીચાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફની ખેંચ એક વાર રોકી શકાય, પણ માનવ બુદ્ધિની પરમાર્થ તરફની ખેંચ કદી પણ રોકી શકાય તેમ નથી.

આપણને જે સ્વરાજ્ય જોઈએ છે તે કેવળ બ્રિટિશ પાર્લમેન્ટના કોઈ કાયદાથી કે હિંદ અને ઇંગ્લૅન્ડ વચ્ચેની સંધિથી કે કરારથી સિદ્ધ થવાનું નથી. એ સ્વરાજ વિલાયતમાંથી વિમાનમાં અહીં લઈ આવવાનું નથી, પણ અહીંની ભૂમિમાંથી જ એ ઊગવું જોઈશે. તે માટે આપણે હિંદુસ્તાનનાં જ ગામડાંઓમાં લાંબા વખત સુધી અને અનેક રીતે પ્રયત્ન કરવો જોઈએ. કાયદા અથવા કરારનામું એ સ્વરાજ્ય-મંદિરનું પ્રવેશદ્વાર છે એમ કહેવામાં માત્ર કશો વાંધો નથી.

આ પ્રવેશદ્વાર સુધી પહોંચવા માટે પણ આપણે ભગીરથ પ્રયત્ન કરવા પડશે. સ્વરાજની જેમને તમન્ના છે, સ્વરાજ્યપ્રાપ્તિની જેમણે પ્રતિજ્ઞા લીધી છે, સ્વરાજનો જેઓ દિનરાત જાપ જપે છે, એવા સ્વરાજના લાખ્ખો જોગીઓની જરૂર છે. ગમે ત્યારે હિલચાલના પૂરમાં તણાઈને એક વાર ડૂબકી મારી લઈને પછી દેશને કાયમને માટે ભૂલી જનારા વીરોથી આ કામ પાર પડવાનું નથી.

શિક્ષણ અને સંગઠન : આમ-જનતાને રાજકીય કેળવણી આપવી જોઈએ; રાજકીય જીવનની આંટીઘૂંટીઓ તેમને ઉકેલી બતાવવી જોઈએ. આજ સુધી થયેલા પ્રયત્નોની, દેશના અનેક નાના મોટા રાજકીય પક્ષોની, તેમ જ તેમના કાર્યક્રમોની માહિતી તેમને આપવી જોઈએ. પરદેશી સત્તાના આધારસ્તંભ આપણે પોતે જ છીએ તેનું તેમ જ સ્વરાજની ઇષ્ટતાનું અને આવશ્યકતાનું, સ્વરાજ સંપાદન કરવાની ફરજનું, તે પ્રાપ્ત કરવાના ઉપાયોનું, સત્ય અહિંસાના શ્રેષ્ઠત્વનું, કાર્યપદ્ધતિનું અને સામર્થ્યનું તેમને ભાન કરાવવું જોઈએ. લોકશાહીનો અર્થ લોકશાહીના સહચારી ભાવો, હાલનું રાજ્યબંધારણ અને રાજ્ય-કારભારની પદ્ધતિ, મતદારોની ફરજો, રાજકીય, સામાજિક, તથા આર્થિક સમતાની ઇષ્ટતા તેમ જ તેને અમલમાં મૂકવાના કાર્યક્રમો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકબીજા વચ્ચેના અણબનાવ દૂર કરીને સંપથી ચાલવાની આવશ્યકતા વગેરે વસ્તુઓ લોકોને સમજાવવી જોઈએ.

કેળવણી સાથે સંગઠન પણ કરવું જોઈએ. સ્વરાજ્યપ્રાપ્તિ માટે સત્ય-અહિંસા સાથે સંગત એવા બધા ઉપાયો અજમાવીને સતત પ્રયત્ન કરનારી વર્ગ–જાતિ–નિરપેક્ષ આખા હિંદુસ્તાનની એવી એક મહાન સંસ્થા જોઈએ. એ સંસ્થા એ જ આપણી સરકાર એમ માનીને તેને વિષે રાજનિષ્ઠાની તથા આજ્ઞાપાલનની ભાવના નાગરિકોમાં નિર્માણ કરવી જોઈએ. જોરાવર અને જુલમી એવા પરદેશી, બનાવટી, રાજાએ કપટનીતિ અને શસ્ત્રાસ્ત્રને જોરે અસલ રાજાની ગાદી પચાવી પાડીને તેને રઝળતો કરી મૂક્યો હોય તોય તેની રાજનિષ્ઠ પ્રજા પોતાના એ અભિષિક્ત રાજાને બેવફા નહીં થાય. પરદેશી જોરાવર ગુંડા આગળ માથું નમાવવું એ નામોશીભર્યું તો છે જ; પરંતુ એ ઘૃણા ઉપજાવે એવો રાજદ્રોહ અને દેશદ્રોહ પણ છે. તે જ પ્રમાણે લોકસંમત એવી જે સ્વરાજ્ય-સંસ્થા આપણે સ્થાપન કરવાનો સંકલ્પ કર્યો છે, "તે આપણી ભાવી રાજ્યસંસ્થા એ જ આપણો અભિષિક્ત રાજા છે. આપણી નિષ્ઠા એ રાજાને અર્પણ કરેલી છે. એ રાજાને વનવાસમાંથી પાછો આણીને સિંહાસન પર બેસાડવા માટે પ્રજાને સંગઠિત કરનારી આપણી જે સ્વરાજ્યાકાંક્ષી સંસ્થા એ આપણા રાજાનો સેનાપતિ છે. આપણા સૈનિકોએ એ સેનાપતિની શિસ્તમાં રહીને તેના હુકમ તત્પરતાથી પાળવા જોઈએ. . ." આ ભાવનાને રાષ્ટ્રવ્યાપી કરવા માટે આપણે સંખ્યાબંધ કાર્યકર્તાઓની જરૂર છે.

राष्ट्रनुं घडतर : પણ કેવળ પરદેશીઓને હાંકી કાઢવાથી આપણું કામ પૂરું નહીં થાય. આપણે આપણા રાજાને વનમાંથી પાછો લાવવાનો નથી, પણ જનમાંથી — જનતામાંથી — ઊભો કરવાનો છે. "રાષ્ટ્રીય સરકાર" સ્થાપન કરવા માટે પ્રથમ "હિન્દી રાષ્ટ્ર" તૈયાર થવું જોઈએ. "સ્વતંત્ર હિંદુસ્તાન" નિર્માણ કરવા પહેલાં પ્રથમ "હિંદુસ્તાન" નિર્માણ કરવો જોઈએ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણું રાષ્ટ્રીય જીવન બહુ શિથિલ અને છિન્નભિન્ન થયું છે. હિંદુ મુસલમાનો વચ્ચે અણબનાવ એ તો લકવાનો જ એક હુમલો છે; પણ હિંદુ-હિંદુ વચ્ચે અને મુસલમાન-મુસલમાન વચ્ચે કાંઈ ઓછા ઝઘડા છે? બ્રાહ્મણ–બ્રાહ્મણેતર, સ્પૃશ્ય–અસ્પૃશ્ય, શિયા–સુન્ની, એટલાં જ શું, પણ મરાઠી–ગુજરાતી, આંધ્ર–તામિલ, બંગાળી–બિહારી એમ જાતજાતના આડાઅવળા કાપને લીધે રાષ્ટ્રના ભાગલા થવા બેઠા છે. આ બધા ભાગલા સાંધીને એકજીવ, એકતાન, એકદિલ, એવો હિંદુસ્તાન આપણે નિર્માણ કરવો જોઈએ. હું બ્રાહ્મણ, હું મરાઠો, હું મહાર, હું લિંગાયત, હું કાનડી, હું કચ્છી, વગેરે અભિમાન છોડી દઈને "હું હિન્દી, આખો હિંદુસ્તાન મારો, મારા ચાળીસ કરોડ ભાંડુઓ છે," એવું ઉદાત્ત અભિમાન આપણા મનમાં ઠસવું જોઈએ. એકબીજા વિષેનો અવિશ્વાસ કાઢી નાખવો જોઈએ અને પ્રેમ સાધવો જોઈએ. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, શીખ, જૈન — બધાએ એકબીજાની ભાષા, લિપિ, સાહિત્ય, કળા, રીતરિવાજ વગેરેનો ગુણગ્રાહક દૃષ્ટિથી અભ્યાસ કરવો જોઈએ. મનના સાંકડાપણા સાથે જ અજ્ઞાન અને અપરિચય પણ એકબીજા વિષે અવિશ્વાસનું કારણ બને છે. એક બીજાનો ગુણગ્રાહી પરિચય થાય તો તેથી એકબીજાની સંસ્કૃતિ તથા રીતરિવાજમાં રહેલાં સારાં તત્ત્વોની આપલે થશે અને સર્વ-ગુણ-સંપન્ન એવી સામુદાયિક સંસ્કૃતિ નિર્માણ થશે.

એકબીજાના ધર્મોના અભ્યાસથી સર્વધર્મ-સમભાવ દૃઢ થશે. "આપણો પોતાનો તે જ ધર્મ, બાકી બધા અધર્મ" આ ગાંડી અને અહિતકારક માન્યતા દૂર થશે; અને બીજા ધર્મો એ આપણા ધર્મની જ નવી કે જૂની આવૃત્તિઓ છે; એક જ વક્તાનાં એક જ વિષય પરનાં જુદે જુદે પ્રસંગે આપેલાં ભાષણોમાં જેમ પ્રતિપાદન કે રજૂઆતની ભિન્નતા હોય છે, પણ વિરોધ નથી હોતો; ઊલટું, એ ભિન્ન વ્યાખ્યાનો એકબીજાનાં પૂરક હોય છે, તેવી જ રીતે ભિન્ન ધર્મો તે તે પરિસ્થિતિને અનુસરીને ભિન્ન રજૂઆત કરતા હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમના પ્રતિપાદનનાં તત્ત્વો એક જ હોય છે એ ધ્યાનમાં આવશે અને અન્ય ધર્મોના પડોશને લીધે વિષાદ ન થતાં ઊલટું તેમની સોબતથી આનંદ થવા માંડશે.

આને માટે એકબીજાનાં ધર્મ, સાહિત્ય, કળા, વગેરેનો સદ્‌ભાવપૂર્વક અભ્યાસ કરીને પોતાને થતો લાભ બીજાઓને પણ વહેંચી આપનારા સાહિત્યસેવકો અને કલોપાસકોની જરૂર છે.

आपणी सार्वजनिक संस्थाओ : શાળાઓ, છાત્રાલયો, વાચનાલયો, ધર્મશાળાઓ, અનાથાલયો, ભોજનાલયો, કલબો, રમતગમતનાં મેદાનો, વગેરે બધાં સ્થાનો બધા જ નાગરિકોને — રાષ્ટ્રીયોને માટે ખુલ્લાં હોવાં જોઈએ. આપણું સાર્વજનિક જીવન એકરાષ્ટ્રીય હોવું જોઈએ. એકબીજાને સહાય કરવાની વૃત્તિ દૃઢ થવી જોઈએ. એમ કરવામાં આપણે બીજાને મદદ નથી કરતા પણ પોતાની જાતને જ મદદ કરીએ છીએ, એ વસ્તુ ધ્યાનમાં આવવી જોઈએ. ટૂંકમાં, આપણી અસ્મિતા રાષ્ટ્ર-વિસ્તૃત કે રાષ્ટ્ર-વ્યાપક થવી જોઈએ.

सामाजिक समता : આપણે દેશનો સર્વાંગી વિકાસ સાધવો છે. રાષ્ટ્રનું કોઈ પણ અંગ ઉપેક્ષિત, કુંઠિત કે અણુવિકસેલું ન રહેવું જોઈએ. આને માટે પહેલી આવશ્યક વસ્તુ તે સામાજિક સમતા છે. જન્મથી કોઈ પણ વ્યક્તિ ઉચ્ચ કે નીચ નથી એ સિદ્ધાંત સર્વમાન્ય થવો જોઈએ; અને દરેકને ઊંચું માથું રાખીને ફરવાનો અને પોતપોતાની કર્તૃત્વશક્તિનો પૂરતો ઉપયોગ કરવાનો બીજાઓ જેટલો જ હક હોવો જોઈએ. ‘હું જન્મે જ શ્રેષ્ઠ છું,’ એવી બડાશ કોઈ ન હાંકે, તેવી જ રીતે ‘હું નીચ જ છું,’ એવી આત્મદ્રોહી કલ્પના પણ કોઈના મનમાં દાખલ ન થવી જોઈએ. જાતજાતની અસ્પૃશ્યતા તેમ જ ન્યાતન્યાત વચ્ચેની વિવિધ પ્રકારની ઉચ્ચનીચપણાની ભાવના પૂરેપૂરી નાબૂદ થવી જોઈએ.

પરધર્મના લોકોની બાબતમાં પણ આત્મ-પાવિત્ર્યની ભાવનાને કારણે ઓછાવત્તા પ્રમાણમાં અસ્પૃશ્યતા રાખવામાં આવે છે. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સમૂળગો નાશ થવો જોઈએ. જન્મમૂલક વિષમતા એ પાખંડ છે, એમાં માણસાઈનું અપમાન છે, ઉચ્ચનીચ બન્નેના વિકાસમાં મોટો અંતરાય છે, સામાજિક તેમ જ રાજકીય સંગઠનના માર્ગમાં મોટું વિઘ્ન છે. જે મુલકમાં પ્રવાસ કરતી વખતે આપણને કયાંય આદરાતિથ્ય, અથવા રહેવા પૂરતો આશરો મળતો નથી તે દેશ વિષે—

आनंद कंद ऐसा । हा हिंद देश माझा ।।

અથવા

अयि मातृभूमि तेरे । चरणोंमें सिर नमाऊं ।
मन और देह तुझ पर बलिदानमें चढाऊं ।।

—આવી જાતના ભાવો હરિજનોનાં કે મુસલમાનોનાં અંતરમાં કેવી રીતે ઊઠી શકશે?

આ સામાજિક સમતાની સ્થાપના માટે પણ સ્વરાજ્ય-સ્થાપના જેટલા જ પ્રયત્ન કરવા પડશે. અસ્પૃશ્યતા અને વિષમતાના અનેક પ્રકાર છે. ભેટબંધી, રોટીબંધી, શાળાબંધી, મંદિરબંધી, હોટેલબંધી, હજામ-ધોબી-બંધી, ધંધાની બંધી, પહેરવેશની બંધી, પકવાનની બંધી, વગેરે અનેક જાતની બંધીઓ છે. એ દરેકનો યુક્તિપ્રયુક્તિથી સામનો કરવો પડશે. પરદેશી સત્તા સાથે ઝઘડવા કરતાં સમાજની સાથે ઝઘડવા માટે વધારે હિંમત, ધીરજ, સહનશક્તિ અને યોજકતાની જરૂર પડે છે.

आर्थिक समानता : આર્થિક સમાનતા પણ એટલી જ મહત્ત્વની છે. શારીરિક મહેનતનાં કામ કરનારાઓને, અને તેમાંય ગલીચ કામો કરનારાઓને ભાગે સામાજિક હીનતાની સાથે જ દીનતા અને દારિદ્ર પણ આવે છે. આ સ્થિતિ અન્યાય્ય અને સામુદાયિક હિતની દૃષ્ટિથી હાનિકર્તા પણ છે. ખેડૂત, મજૂર, કુંભાર, ઢેડ, ભંગી વગેરેના જેવા સમાજને ઉપયોગી અને આવશ્યક કામ કરનારા ઘટકોનું બુદ્ધિજીવી અને વગર મહેનતે બેઠા બેઠા ખાનારા વર્ગ તરફથી મોટા પ્રમાણમાં શોષણ થાય છે, એ વાત સ્વીકાર્યા વિના છૂટકો નથી. જમીનદાર અને કારખાનાદાર વર્ગ મજૂરો પાસે પૂરતી મજૂરી આપ્યા વિના કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરાવે છે; વેપારીઓ છૂટક માલ ખરીદનાર ગ્રાહક પાસેથી વધુ નફો લે છે અને શાહુકારો પણ ગરીબો પાસેથી આકરું વ્યાજ લે છે. પેઢીઓ ને પેઢીઓ આર્થિક મુશ્કેલીમાં પસાર થવાથી આ શ્રમજીવી (કે શ્રમભૂખ્યા ?) વર્ગો દૈવવાદી, અલ્પસંતોષી અને આકાંક્ષાહીન બન્યા છે. તેમને તેમના શ્રમનો બદલો વધારે પ્રમાણમાં મળે, તે જ પ્રમાણે સાંથ, નફો અને વ્યાજ સુસહ્ય બને એટલાં ઘટાડવા માટે હિલચાલ, સંગઠન, અને કાર્યક્રમ ઘડાવાં જોઈએ. દેશની કુલ સંપત્તિ કેવળ તેની સમાન વહેંચણી થવાથી પણ અનાયાસે વૃદ્ધિ પામશે. કારણ, સંપત્તિ એટલે કેવળ રૂપિયા, આના, પાઈ જ નથી, અથવા ઉપભોગની વસ્તુઓ સુધ્ધાં નથી; પણ એ વસ્તુઓના ઉપભોગથી થનારી પ્રાણશક્તિની વૃદ્ધિ અથવા માનસિક સંતોષ એ સંપત્તિ છે. દસ લાડવા એક માણસને આપીએ અને દસ માણસને એક એક કરીને આપીએ તો બીજી રીતે અપાયેલા દસ લાડવાનું મૂલ્ય પહેલી રીતે અપાયેલા દસ લાડવાના મૂલ્ય કરતાં કેટલાય ગણું વધારે થશે. એ જ રીતે રાષ્ટ્રની કુલ સંપત્તિ એટલીને એટલી જ રહે તોપણ તેની સમાન વહેંચણી કરવાથી રાષ્ટ્રની પ્રાણશક્તિ અને સુખશાંતિમાં આપણે વધારો કરી શકીશું. આવો આ ફોગટનો અનાયાસે મળતો અને અચૂક ઉપાય છે.

અને રાષ્ટ્રદેહની કરોડને ઠેકાણે રહેલા આ શ્રમિક વર્ગોનો સામાજિક દરજ્જો અને આર્થિક સ્થિતિ જો સુધરે તો તે સ્વાભિમાની, સમજણા, પ્રૌઢ અને શક્તિશાળી બનશે અને આખા રાષ્ટ્રની આબરૂ વધારવામાં સહાયભૂત થશે. તેને એવી રીતે સમર્થ બનાવવા માટે સાચી દાઝવાળા સૈનિકોની જરૂર છે.

ઉત્પાદનની વૃદ્ધિ : સમાન વહેંચણીની સાથે જ રાષ્ટ્રની ઉત્પાદન-શક્તિ વધારવા તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. દારિદ્ર એ આજે હિંદુસ્તાન સામેનો અત્યંત તાકીદનો પ્રશ્ન છે. ગમે તેવું રસકસ વિનાનું અન્ન હોજરીની કોથળી પૂરી ભરાય ત્યાં સુધી પેટમાં ઠાંસવું એને કંઈ પેટભર ભોજન ન કહેવાય; પણ જે આહારમાં ભાત, રોટલો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાળ, તેલ, શાકભાજી, ફળ, દૂધ-ઘી અથવા માંસમચ્છી યથાપ્રમાણ હોય અને જેના સેવનથી માણસ સશક્ત, નીરોગી અને દીર્ઘાયુ થાય એવો "સમતોલ આહાર" (બૅલન્સ્ડ ડાયેટ) એ પેટભર ભોજન કહેવાય. આવું ભોજન હિંદુસ્તાનના કરોડો લોકોને ભાગે ક્યારેક જ આવતું હશે. બદલવા માટે બીજું વસ્ત્ર ન હોવાને કારણે રાત્રિના અંધારામાં નગ્ન અથવા નગ્નપ્રાય સ્થિતિમાં સ્નાન કરીને પાછું પહેલાંનું જ ધોયા વિનાનું વસ્ત્ર પહેરનારી સ્ત્રીઓ, અને હૂંફાળું ઓઢવાનું નથી એટલા માટે શિયાળામાં તાપણીની હૂંફ મેળવી સૂનારા લોકો દેશમાં કેટલાય છે. સાત્ત્વિક આહારને અભાવે આપણાં લોકોની આયુર્મર્યાદા બહુ ઘટી ગઈ છે, બાળમૃત્યુનું પ્રમાણ બહુ વધ્યું છે, રોગચાળાનો ફેલાવો થઈ રહ્યો છે અને ક્ષયરોગનો પ્રસાર તો બેહદ થયો છે. આ બધી આપત્તિઓના નિવારણ માટે કેવળ આર્થિક સમતા પર આધાર રાખ્યે નહીં ચાલે. રાષ્ટ્રની ઉત્પાદનશક્તિ બની શકે તેટલી વધારવી જોઈએ. સાથે જ આળસ અને સુસ્તી, અલ્પ-સંતોષીપણું, બેકારી અને નિરુદ્યોગીપણું, આ બધાંનું નિર્મૂલન થવું જોઈએ. એ જ પ્રમાણે હાલ વપરાતાં ઓજારોમાં અને ઉદ્યોગોની પદ્ધતિમાં સુધારા કરવા જોઈએ. દેશમાં કોઈ પણ કામ વિનાનો ન રહે તેમ જ ભૂખે ન મરે એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.

ખેતીના ધંધામાં સુધારો થવો જોઈએ. બિયારણની યોગ્ય પસંદગી, ગામઠી સેન્દ્રિય ખાતરોનો સંગ્રહ અને સદુપયોગ, ઓજારોમાં સુધારો, જમીનનું ધોવાણ રોકવું, ગાયબળદની માવજત, પાકના શત્રુઓનો સંઘ-શક્તિથી નાશ કરવો, વગેરે ઉપાયો વડે પેદાશ વધારવી જોઈએ. ખેડૂતની સગવડ પ્રમાણે થઈ શકે એવા જોડધંધા પણ શરૂ કરવા જોઈએ, અને નાશ પામવા બેઠેલા ધંધા ટકાવી રાખવા જોઈએ. ગામઠી ઉદ્યોગધંધા અને ઓજારોમાં સાદા અને સર્વસુલભ એવા સુધારા બને તેટલા કરવા જોઈએ. અખિલ ભારત ચરખા સંઘે રેંટિયાના સુલભ અને પૂરક ધંધાનું પુનર્જીવન કરીને હજારો ગામડાંનાં સ્ત્રીપુરુષોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની આવકમાં થોડોઘણો વધારો કરવાનું સાધન મેળવી આપ્યું છે. ગ્રામોદ્યોગ સંઘે પણ હાથકાગળ, સાબુ, તેલઘાણી, ઘંટી, ઇત્યાદિ ઉદ્યોગોમાં નાનામોટા કેટલાય સુધારા કરીને એ ઉદ્યોગોને સંગઠિત કર્યા છે. આ સંસ્થા તરફથી અનેક બુદ્ધિમાન અને કુશળ કાર્યકર્તાઓએ પોતાની સંશોધક બુદ્ધિથી સૂક્ષ્મ પ્રયોગો અને તપ કરીને તેમનો લાભ જનતાને મળી શકે એવી જોગવાઈ કરી છે. પરંતુ આ જ દિશામાં બીજા અનેક પ્રયોગો થવાની જરૂર છે. હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંની ઉદ્યમશીલતા અને કુશળતા વધારવાને માટે લાખો કળકળવાળા કાર્યકર્તાઓની જરૂર છે.

उद्धारनुं कार्य: સામાજિક અને આર્થિક અન્યાય નીચે કચડાયેલા વર્ગોને કેવળ હવે પછી ન્યાય આપવાથી આપણું કર્તવ્ય પૂરું નહીં થાય. આજ સુધી થયેલી ઉપેક્ષાને લીધે તેમનું જે નુકસાન થયું છે તે ભરી કાઢવા માટે, એટલે કે તેમની વિશેષ પ્રગતિ ઝપાટાથી થાય અને તેઓ બીજા વર્ગોની હરોળમાં આવે તે માટે, સરકારે અને ઉપલા વર્ગોએ ખાસ પ્રયત્નો કરવા જોઈએ. હરિજનો, પછાત વર્ગો અને આદિવાસીઓ તરફ સરકારનું તેમ જ સમાજસેવકોનું ધ્યાન ગયું છે એ આનંદની વાત છે. પરંતુ તેમના ઉદ્ધારનું કાર્ય કરવા માટે નિષ્ઠાવાળા સેવકોની બહુ મોટા પ્રમાણમાં જરૂર છે. પ્રૌઢશિક્ષણ, બાળ-શિક્ષણ, ઉદ્યોગશિક્ષણ, બાપદાદાથી ચાલતા આવેલા ધંધાની સુધારણા અને તેને માટે વધુ મહેનતાણું મળે એવી વ્યવસ્થા, સામાજિક અને ધાર્મિક અનિષ્ટ રૂઢિઓનું નિવારણ, ચોખ્ખી અને વ્યવસ્થિત રહેણી, વ્યસનમાંથી મુક્તિ વગેરે સુધારા કરવા માટે તેમનામાં જઈને રહેનારા અને નિરપેક્ષ સેવા દ્વારા તેમનો વિશ્વાસ સંપાદન કરનારા સેવકો જોઈએ છે.

स्त्रीओनो आत्मविकास: સ્ત્રીઓ એ પણ સમાજનું ઉપેક્ષા પામેલું અને અપમાનિત અંગ છે. સ્ત્રીઓનો સામાજિક દરજ્જો હલકો ગણવામાં આવ્યો છે. તેમને સ્વતંત્રતા નથી, તેમ જ પુરુષોના જેવા સમાન હકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. તેઓ જાણે પુરુષની દાસીઓ અથવા માલિકીની વસ્તુઓ હોય એવી રીતનો વર્તાવ તેમની સાથે અનાદિ કાળથી રાખવામાં આવેલો છે. આજ સુધીના બધા ધર્મસંસ્થાપકોએ અને સુધારકોએ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સુધારવાનો પ્રયત્ન કરેલો છે, અને એ જ દિશામાં કામ કરવાને હજી ઘણું મોટું ક્ષેત્ર પડેલું છે. સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરુષોના કરતાં કોઈ પણ રીતે ઊતરતો કે હલકો ન હોવો જોઈએ. અત્યારની વિષમતા તથા ઉપેક્ષાને લીધે સ્ત્રીઓ પર આવતી અનેક જાતની આપત્તિઓનું નિવારણ થવું જોઈએ; અને સ્ત્રીઓના આત્મવિશ્વાસને પૂરતો અવકાશ મળીને તેમના કર્તૃત્વનો રાષ્ટ્રને પૂરો લાભ મળે તેમ કરવું જોઈએ. આ કામને માટે સ્ત્રી-સેવિકાઓ જ જેટલી આગળ આવે તેટલું ઇષ્ટ છે. પરંતુ પૂરતી સંખ્યામાં સેવિકાઓ નથી મળતી ત્યાં સુધી નિષ્કલંક ચારિત્ર્યવાળા પુરુષ સેવકોનું જ તે કર્તવ્ય છે.

साक्षरताप्रसार : અજ્ઞાન, વહેમ, મૂર્ખતાભરી રૂઢિઓ, વગેરે દૂર કરવાને માટે સુશિક્ષિત, કર્તૃત્વશાળી અને ખાસ કરીને કળકળવાળા કાર્યકર્તાઓએ ગામડાંઓમાં રહીને ત્યાંના લોકોનાં સુખદુઃખ સાથે એકરૂપ થઈને તેમની સાથે ઉન્નતિને પંથે ચાલવાની આકાંક્ષા રાખવી જોઈએ.

साक्षरता : લખતાં વાંચતાં આવડવું એ બધી જાતના સુધારાનો પાયો છે. આપણે જે દુનિયામાં રહીએ છીએ તેનું જ્ઞાન મેળવવાનું અને અજ્ઞાન અને અણઘડતા દૂર કરવાનું સુલભ સાધન સાક્ષરતા છે. અત્યારના વિસ્તૃત અને જટિલ માનવી જીવનમાં તો જેને લખતાં વાંચતાં આવડતું નથી એ બહેરો ને મૂંગો જ ગણાય; જેવી રીતે મુંબઈમાં રહેનાર માણસને ટેલિફોન ન વાપરતાં આવડતો હોય તો તે બહેરો મૂંગો જ કહેવાય. માણસ વિદ્યા વડે શ્રેષ્ઠ બને છે, અને સાક્ષરતા એ વિદ્યાર્જનનો મૂળ આધાર કે પાયો છે. એટલા માટે જનતાનું સુજાણપણું, બહુશ્રુતપણું, કૌશલ્ય અને કર્તૃત્વશક્તિ વધારવાને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષરતાપ્રસારની ઘણી જરૂર છે. આ પ્રસાર બાળકો અને પ્રૌઢો તેમ જ પુરુષો અને સ્ત્રીઓ બધામાં જ કરવો જોઈએ. દરેક ગામડામાં છોકરાછોકરીઓની નિશાળ અને પ્રૌઢ સાક્ષરતા-વર્ગ હોવાં જોઈએ અને દેશની એકેએક વ્યક્તિને સાક્ષર બનાવવી જોઈએ. આ બહુ ખરચનું કામ છે. એ ખરચ દેશને પોસાય તેટલો ઓછો કરવાને માટે બની શકે તેટલી કરકસરવાળી યોજનાઓ ઘડવી જોઈએ, અને કેવળ પગાર માટે જ નહીં પણ સમાજસેવાની ભાવનાથી ભણાવવાનું કાર્ય કરવા માટે તૈયાર થાય એવા શિક્ષકો મળવા જોઈએ. શિક્ષણને પરિણામે ખેડૂતોનાં બાળકો જાતમહેનતની નફરત કરતાં ન શીખે અને પોતાનાં આનુવંશિક ધંધાઓ માટે નાલાયક ન બનતાં વધારે કુશળ બને એવું જ શિક્ષણનું ધ્યેય, શિક્ષકનું વર્તન અને શાળાનું આખું વાતાવરણ રહેવું જોઈએ. શાળાનાં સત્રો તેમ જ દૈનિક સમયપત્રક એ ઉદ્યોગ ધંધો કરનારા ગરીબ લોકોનાં બાળકો માટે સગવડવાળાં હોય એવી રીતે ગોઠવવાં જોઈએ; અને ગામડાનું જીવન જેથી કરીને સમૃદ્ધ બને એવી જ જાતના પાઠ અને અભ્યાસક્રમ હોવા જોઈએ. આ બધા સુધારા દાખલ કરી શકાય તે માટે ચિંતન, પ્રયોગ, અને યોજના ઘડવાની મોટા પ્રમાણમાં જરૂર છે. પણ આટલું કર્યા પછી પણ સાક્ષરતાનો સાર્વત્રિક પ્રસાર કેવળ જબરદસ્તીથી નહિ કરી શકાય. તે માટે નિરક્ષર વર્ગમાં જ શિક્ષણ માટે ઉત્સુકતા પેદા થવી જોઈએ. રાજકીય, સામાજિક અને આર્થિક સમતા અને તેને લીધે દરેક હૈયામાં ઊછળતું માણસાઈના ભાનનું મોજું, જાગ્રત સ્વાભિમાન, પોતાનો દરજ્જો વધારવાની અથવા પોતાના ઉચ્ચ દરજ્જા માટે લાયક બનવાની ઉત્કંઠા અને નવીન ઉચ્ચ જીવનનું આકર્ષણ આ બધામાંથી જ સાક્ષરતા માટે ઉત્સુકતા અને નિરક્ષરતા વિષે શરમ પેદા થશે.

તેવી જ રીતે સાક્ષરતા અથવા નિશાળનું શિક્ષણ એ શિક્ષણની કેવળ શરૂઆત છે. શાળાના શિક્ષણ ઉપરાંત ગામડાંના લોકો સમજી શકે એવી સહેલી શૈલીથી વિવિધ વિષયોનું વિવેચન કરનારાં પુસ્તકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પુસ્તિકાઓ છાપીને એ સસ્તી કિંમતે લોકોને મળી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ.

માંદાની માવજત : ચેપી રોગોનો – ખાસ કરીને રક્તપિત્ત અને ક્ષય જેવા પ્રાણઘાતક જ નહીં પણ સર્વસ્વ-ઘાતક રોગોનો – હિંદુસ્તાનમાં બેહદ ફેલાવો થયો છે. આવા રોગોનો બંદોબસ્ત તે તે રોગથી પીડાતા માણસોએ અથવા તેમના કુટુંબીજનોએ જ કેવળ કરવાનો નથી, પણ બીજાઓએ પોતાની સલામતી માટે પણ કરવો જોઈએ. આ રોગના દરદીઓને જુદા પાડીને ત્યાં તેમની કાળજીપૂર્વક સારવાર કરવી જોઈએ. યોગ્ય રીતે જતન કે સારવાર ન થવાથી જ આ રોગો ઉગ્ર સ્વરૂપ પકડે છે અને ફેલાય છે. રક્તપીતિયાંઓની અને ક્ષય-રોગીઓની શુશ્રૂષા કરવી એ જેટલું ભૂતદયાનું અને ધીરજ તથા સહન-શીલતાનું કામ છે તેટલું જ સમાજની દૃષ્ટિથી આત્મસંરક્ષણનું છે. હિન્દુસ્તાનમાં આજ સુધી આ કામ પરદેશી ખ્રિસ્તી મિશનરીઓ જ કરતા આવ્યા છે, તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા; પરંતુ આ કામ બહુ જ મોટા પ્રમાણ પર થવાની જરૂર છે. અને તેને માટે દેશમાંથી જ સેવકો અને સેવિકાઓ આગળ આવવાં જોઈએ.

ગાંડાઓ : ગાંડપણ એ પણ ઘણી વાર દારિદ્રય અને અલ્પપોષણનું જ પરિણામ હોય છે. ગાંડાનો ઉપચાર કરવા માટે જેલોની પદ્ધતિથી કેવળ 'પાગલખાનાં' ચલાવ્યે નહીં ચાલે. પ્રેમથી, સહાનુભૂતિપૂર્વક અને મૃદુતાથી શુશ્રૂષા કરવાથી ગાંડાં વધારે પ્રમાણમાં અને વધારે જલદી સારાં થઈ શકે. ઈશુ ખ્રિસ્ત ગાંડાઓના શરીર પર હાથ ફેરવીને તેમને સાજા કરતો એવી જાતની કથાઓ પ્રચલિત છે, એ ઈશ્વરી અવતારના ચમત્કારો હતા એમ માનવાનું કારણ નથી; પ્રેમ અને વાત્સલ્યના એ ચમત્કારો હતા. અમેરિકામાં ગાંડાંની શુશ્રૂષા કરવા માટે પાગલખાનાંને બદલે 'કુટુંબો' હોય છે અને તેમની ઉપયોગિતા અનુ-ભવથી સિદ્ધ થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિતપરાવર્તન: આ પ્રશ્ન પણ ઘણો મહત્ત્વનો છે. જેમને આપણે ગુનેગાર કહીએ છીએ અને જેલોમાં પૂરી દઈએ છીએ તથા જેમની પાસે સખત મજૂરી કરાવીએ છીએ તેઓ જન્મથી ગુનેગાર નથી હોતા. ગુનો કરવા તરફ જન્મત: કોઈનું વલણ નથી હોતું એમ ન કહી શકાય, પણ એ બહુ જ વિરલ હોય છે. પણ પરિસ્થિતિનું દબાણ, સોબત, સંસ્કારો, દુનિયામાં દેખાતી કઠોરતા, સમાજે તેમના પર કરેલા સૂક્ષ્મ આઘાત, ભૂખમરો, કંટાળો ને ચીડ તેમ જ એવાં બીજાં કારણોને લઈને તેઓ ગુનો કરવા પ્રવૃત્ત થાય છે. તેમને સમાજના ગુનેગાર કહેવાને બદલે સમાજને જ તેમનો ગુનેગાર ગણવો કેટલેક અંશે યોગ્ય ગણાશે. આવા ગુનેગારોમાં પણ ઘણા કોમળ મનના, દિલદાર વૃત્તિવાળા, અને અસાધારણ બુદ્ધિવાળા લોકો હોય છે; પણ સમાજ પોતાની જ અણઆવડતને કારણે તેમની સેવાથી વંચિત થાય છે; એટલું જ નહીં પણ તેમને પોતાના શત્રુ બનાવે છે. આવા લોકોની સાથે વિશેષ પ્રેમથી, આદરથી, વિશ્વાસથી અને કોમળતાથી વર્તવું જોઈએ. નાની ઉમરના ગુનેગારોની બાબતમાં આ દૃષ્ટિ હવે સરકાર પણ કબૂલ રાખે છે. મોટી ઉમરના ગુનેગારોની બાબતમાં પણ એવી સુધારણા થવાની જરૂર છે. જેલોને ઇસ્પિતાલો અથવા ગુરુકુલોનું સ્વરૂપ આપવું જોઈએ. જેલોમાંથી બહાર પડનારા કેદીઓ પોતાની પછીની જિંદગી પ્રામાણિકપણે કામ કરીને ગુજારી શકે તે માટે તેમને મદદ કરવાની જરૂર છે.

પરંતુ સરકારની શક્તિને મર્યાદાઓ હોય છે. સરકારના હેતુઓ ગમે તેટલા સારા હોય તોય આવાં નાજુક કામ કેવળ પગારાથી લોકોને હાથે પાર પાડી શકાતાં નથી. તે માટે બિનસરકારી પરોપકારી સેવક-સંસ્થાઓની જરૂર હોય છે.

એક યુરોપિયન મિશનરી બહેનની વાત છે. ૧૯૧૯માં એ ગાંધીજીના સાબરમતીના સત્યાગ્રહાશ્રમમાં થોડા દિવસ રહેવા આવેલી. એ જ વખતે મદ્રાસ તરફનો એક હિન્દુ યુવક પણ આશ્રમમાં રહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલો. એક દિવસ કોઈને ખબર પડવા ન દેતાં તે આશ્રમમાંથી ભાગી ગયો. એ મિશનરી કુમારિકાનું સોનાનું ઘડિયાળ પણ તે જ વખતે ગુમ થયાનું તેને જણાઈ આવ્યું. એટલે એ જુવાનિયો જ એ ચોરીને ભાગી ગયો હશે એવી શંકાને પૂરતું સ્થાન હતું. તરત જ તે બહેન એ જુવાનની શોધ કરવા મદ્રાસ તરફ રવાના થઈ. ચોરને પકડવા માટે શું? ના, ના, તે છોકરાને મળીને 'ઘડિયાળ મેં તને ભેટ આપ્યું છે એમ માન,' એમ તેને કહેવા માટે! "પોતાની શ્રીમંતાઈના વટને કારણે, અથવા ઘડિયાળ ખુલ્લું રાખીને જવાની ગફલતને કારણે, એ છોકરાને તે ઘડિયાળ ચોરવાનું મન થયું. તેથી તેનું વધુ પતન પોતાને કારણે ન થાય" એટલા માટે જ! પછી પરિણામ શું આવ્યું તેની મને ખબર નથી; પરંતુ આવી જાતનું અકૃત્રિમ વાત્સલ્ય શું ન કરી શકે?

'પતિત સ્ત્રીઓ'નો સવાલ તો જેને હૈયું છે એવા કોઈ પણ માણસના હૃદયને અસ્વસ્થ કરી મૂકે તેવો છે. સ્ત્રીઓ બધી જ પાપથી પર છે એમ કહેવાનો અમારો હેતુ નથી. તેઓ પણ માણસ જ છે અને માણસમાત્ર સ્ખલનને પાત્ર છે. પરંતુ સમાજની જ બેપરવાઈ, જુલમ, અને ગૂંગળાવનારું વાતાવરણ ઇત્યાદિને લીધે કોઈ સ્ત્રી અવળે માર્ગે પગલું ભરે, તો તેના જ અગ્રેસર ભાગીદારને તદ્દન છૂટો મૂકી એને જ એકલીને આખા જન્મારાની પતિત ગણવી એ નિર્દયતા ને અન્યાયની પરાકાષ્ઠા છે. આવી કેટલીયે 'પતિતાઓ'ના, વિધવાના અને કેવળ 'જન્મ લીધો' એટલા જ ગુના સારુ દેહાંતશાસન ભોગવનારા અર્ભકોના શાપ આપણા સમાજને માથે હશે કોણ જાણે!

व्यसन-निवृत्ति : દારૂ, અફીણ, ગાંજો વગેરે જેવાં વ્યસનો એ સમાજને લાગુ પડેલો એક મોટો રોગ છે; તેનું જો નિરાકરણ થાય તો માણસજાત ઘણી સુખી થશે. દારિદ્રય, ગુના, રોગચાળા, ઇત્યાદિના નિવારણ માટે વ્યસન-નિવૃત્તિ એ એક ખૂબ અક્સીર ઇલાજ છે. સરકારના સહકાર વિના સંપૂર્ણ વ્યસનબંધી શક્ય નથી; પણ સરકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે પણ એકલી એ કામ નહીં કરી શકે. કાયદાથી દારૂબંધી કરવા જેટલી સત્તા આપણા હાથમાં આવે ત્યાં સુધી, અને આવ્યા પછી પણ, કાયદાની સાથે ઉપદેશ, પહેરો (પિકેટિંગ), મનોરંજનના સાત્ત્વિક પ્રકારો ઇત્યાદિ ઉપાયો વડે આપણે દારૂબંધી માટે કસીને પ્રયત્ન કરવો જોઈએ.

સર્વસાધારણ સુધારાની જેમ દારૂબંધીનો સુધારો પણ દારૂ સામે કેવળ જેહાદ પોકારવાથી સાધ્ય નહીં થાય. પગે થયેલો ફોલ્લો જેમ આખા શરીરભરના લોહીમાં થયેલા વિકારનું પરિણામ હોય છે, તેવી જ રીતે દારૂની તલપ એ પણ ગજા ઉપરાંત મહેનત અને તેને પરિણામે લાગતો થાક, ગલીચ, બંધિયાર અને ભીડવાળી જગ્યામાં રહેવું, દુનિયામાં મળી આવતી કઠોરતા અને તેમાંથી થતા માનસિક કલેશ, નિરાશા અથવા હતાશ સ્થિતિ વગેરેનું પરિણામ હોય છે. એટલે તે માટેની ઉપાયયોજના પણ એટલી જ વિવિધ અને વ્યાપક હોવી જોઈએ. દાખલા તરીકે આઠ આઠ મણ વજનના અનાજના કે ખાંડના કોથળા આખો દિવસ ઉપાડીને બે ત્રણ રૂપિયા કમાનાર મજૂરોને સાંજ પડયે તેમાંથી અર્ધી કમાણી દારૂના પીઠામાં વાપરી નાખ્યા વિના બીજો ઉપાય હોતો નથી. મજૂરોનો દારૂ જો બંધ કરવો હોય, તો બંગાળી (પાકા) મણથી વધારે વજનના કોથળાની કાયદાથી બંધી કરવી જોઈએ.

અંધશાળાઓ : આંધળાં તેમ જ બહેરાંમૂંગાંની કેળવણીની બાબતમાં પણ ખ્રિસ્તી મિશનરીઓએ જ આગળ પડતો ભાગ લીધો છે. આંધળાંઓ તેમ જ બહેરાંમૂંગાંઓ દેખી કે સાંભળી શકતાં ન હોય તોય તેમની બીજી ઇંદ્રિયો અને બુદ્ધિ વિશેષ તીવ્ર હોય છે. તેમનો જો વિકાસ સાધી શકાય, તો તેઓ સમાજના સ્વાવલંબી અને ઉપયોગી ઘટક બની શકે.

ભિખારીઓ : ભિખારીઓનો પ્રશ્ન પણ ઘણો કઠણ પણ સાથે જ ઘણો મહત્ત્વનો છે. સાધુઓ, ફકીરો, વગેરે સાથે હિંદુસ્તાનમાં કુલ ૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખ માગનારા છે એમ કહેવાય છે! એમાંથી જેઓ ધાર્મિક પ્રતિષ્ઠા-વાળા હોય તેમને અડવું જોખમકારક છે! જેઓ દૂબળા કે લૂલાપાંગળા હોય અથવા મહારોગ જેવા વ્યાધિથી પીડાયેલા હોય તેમને ઘેરેઘેર રખડવાની જરૂર ન રાખતાં, અને મહારોગીઓને તો રખડવા ન દેતાં, તેમની પોતાને ઠેકાણે સુખસંગોપનની વ્યવસ્થા થાય એ યોગ્ય છે. પરંતુ જેઓ સાજાતાજા અથવા કોઈ ને કોઈ કામ કરવાની લાયકાતવાળા હોય. તેમને માટે ભિક્ષાની બંધી થવી જોઈએ; અને પોતપોતાની લાયકાત કે શક્તિ અનુસાર તેમને કામ પૂરું પાડીને તે બદલ મહેનતાણું આપવાની વ્યવસ્થા થવી જોઈએ.

અજ્ઞાન, દૈન્ય, દારિદ્ર, વ્યસનો, અણબનાવ, પરતંત્રતા, ઇત્યાદિનું નિવારણ થાય, હિંદુસ્તાનના એકેએક વતનીની સુપ્ત શક્તિઓનો વિકાસ થાય અને એવી રીતે સુખી, સુજાણ, સમૃદ્ધ, સુશીલ, સમર્થ બનેલો હિંદુસ્તાન પોતાનું કલ્યાણ સાધીને દુનિયાની પ્રગતિને પણ સહાયભૂત બને, એટલા માટે અનેક દિશામાં જે પ્રયત્ન થવા જોઈએ તેમાંના કેટલાક મહત્ત્વના પ્રકારોનો અહીં સુધી ટૂંકાણમાં ઉલ્લેખ કર્યો છે. સેવક પ્રત્યક્ષ કામ કરતો થયા પછી બીજા કેટલાય પ્રકારો એને સૂઝતા જશે. કેટલાંય વિસ્તૃત ક્ષેત્રો સેવકોની રાહ જોતાં ચારેકોર પ્રસરેલાં છે, તેની કંઈક કલ્પના આપવાનો જ અમારો ઉદ્દેશ હતો.

સેવાશીલ સંસાર : આ કાર્યને માટે જેટલા નિઃસંગ સેવકો આગળ આવશે તેટલા જોઈએ જ છે. પરંતુ નિઃસંગ સેવા એટલે બધું જ એમાં આવી ગયું એમ નથી; અથવા નિઃસંગ થયા વિના સેવા કરી જ ન શકાય એમ પણ નથી. આપણને સંસારી સેવકો પણ જોઈએ છે. ગૃહસ્થાશ્રમ એ જ સમાજની શક્તિનો કોઠાર છે. એ આશ્રમ જ સેવાશીલ બનવો જોઈએ. બધા પોતપોતાનો સંસાર સેવાભાવથી અને દેશહિત તરફ નજર રાખીને ચલાવે, પોતપોતાના સ્વાર્થને દેશહિતાનુવર્તી અને દેશહિતને અધીન બનાવે, દેશનું જેથી હિત થાય એવા જ ઉદ્યોગ-ધંધા અને વેપાર કરે, દેશવિઘાતક ધંધા અને કામો વર્જ્ય કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારી માણસને પણ બીજાને ઉપયોગી થવાના, સંકટ સમયે વહારે ધાવાના, અન્યાય સાથે ઝઘડવાના પ્રસંગો હરઘડી આવે છે. એવે પ્રસંગે તેણે પોતાનું કર્તવ્ય કરવા કદી ચૂકવું નહીં.

માબાપ બાળકોમાં દેશભક્તિનો રસ જગાડી તેની કેળવણી આપે; શિક્ષકો વિદ્યાર્થીઓને કેવળ અભ્યાસમાં નિષ્ણાત બનાવીને સંતોષ ન માનતાં તેઓ સમાજના ચારિત્ર્યસંપન્ન, સુજાણ, કળકળવાળા, કર્તવ્ય-તત્પર અને કર્તૃત્વશાળી ઘટક બને એવી કેળવણી આપે; લેખકો, કવિઓ, યંત્રશાસ્ત્રજ્ઞો, વૈદ્યો અને ડૉકટરો પોતપોતાની સેવા આમજનતા સુધી—સમાજના છેવટના થર સુધી—કેવી રીતે પહોંચે તેનો કાળજીપૂર્વક પ્રયત્ન કરે. સરકારી નોકરોએ પણ જનતા જ પોતાનો સાચો શેઠ છે, તેમ જ પોતાના હાથ નીચેના નોકરોના પણ પોતે સ્વામી નથી, સેવક જ છે, એ ધ્યાનમાં રાખવું જોઈએ. આખું વાતાવરણ આવી રીતે કર્તવ્યતત્પર, સેવાશીલ અને રાષ્ટ્રનિષ્ઠ બન્યા વિના કોઈ પણ દેશનો અભ્યુદય થતો નથી.

સેવકસંસ્થાઓ જોઈએ છે: દેશસેવા કરવા માટે સેવકોએ પોતે વ્યક્તિગત રીતે આગળ વધવું જોઈએ એ સાચું છે; છતાં આવા સેવકોને આધાર મળે તે માટે તેમ જ તેમની યોજના અને તેમનું માર્ગદર્શન કરવા માટે સેવાસંસ્થાઓની પણ જરૂર છે. કારણ કવિવર રવીન્દ્રનાથ કહે છે તેમ "આજ જો કોઈ જુવાનને કહીએ કે, 'જા અને સમાજસેવાને પોતાનું જીવન અર્પણ કર', તો એ મૂંઝવણમાં પડશે. હું કયું કામ કરું, કોને આધારે કરું? હું શું ખાઉં, ક્યાં રહું? એવા અનેક સવાલો એ જુવાનની સામે ઊભા થશે. પોતાના કાર્યની યોજના ઘડવી કોઈ એક વ્યક્તિ માટે મુશ્કેલ છે; તેને માટે સંગઠન જોઈએ; એકાદ આશ્રમ જેવી સંસ્થા જોઈએ." (स्वदेशी समाज) વળી તેઓ લખે છે, "આવે વખતે કોઈ મધ્યવર્તી આશ્રમ જેવી સંસ્થાની બહુ જ જરૂર હોય છે. એ મધ્યવર્તી શક્તિની આસપાસ બધાનું એકીકરણ થવું જોઈએ. ત્યાં વિચારકો વિચારો આપશે, શ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા શ્રમ કરશે, ઉદાર દાતાઓની દેણગીઓ કે સખાવતો ત્યાં આવશે. કેળવણી, સાહિત્ય, કળા, ઉદ્યોગધંધા, આપણા કલ્યાણનાં બધાં કાર્યો એ મુખ્ય કેન્દ્રની આસપાસ ઊભાં થશે. અને જે રામરાજ્ય નિર્માણ કરવા માટે દેશભક્તો તનતોડ મહેનત કરી રહ્યા છે, તે રામરાજ્ય નિર્માણ થવામાં એ કેન્દ્ર તરફથી મદદ થશે."

આવી સંસ્થાઓ અથવા આશ્રમો જિલ્લાદીઠ હોવા જોઈએ; જિલ્લાસંસ્થાઓનું એકીકરણ કરનારી પ્રાંતિક સંસ્થાઓ હોવી જોઈએ; અને તેમનું પણ એકીકરણ કરનારી અખિલ ભારતીય સંસ્થા હોવી જોઈએ.

સ્વયંસેવકો પણ જોઈએ : ધંધાદારી લોકો પોતપોતાનો ધંધો દેશનું હિત ખ્યાલમાં રાખીને કરે એ તો જરૂરનું છે જ; પણ તે ઉપરાંત તેમણે પોતાનો નવરાશના સમયમાં પોતપોતાની અભિરુચિ અને પરિસ્થિતિની જરૂરિયાત પ્રમાણે કોઈ પણ જાહેર કાર્યમાં નિયમિતપણે ભાગ લેવો જોઈએ. પોતાની નોકરી અથવા ધંધો જેટલી જવાબદારીના ભાનથી, નિષ્ઠાથી અને શિસ્તથી આપણે કરીએ છીએ, એટલી જ જવાબદારીથી, નિષ્ઠાથી, શિસ્તથી અને કર્તવ્યબુદ્ધિથી એ નિર્વેતન કામ પણ આપણે કરવું જોઈએ. 'સર્વસંગપરિત્યાગ' ન કરી શકાય— અને બધા જ એ કરે તો ચાલે પણ નહીં—તોય પોતપોતાનો મુખ્ય અથવા ગુજરાતનો ધંધો કરીને પણ વખત કાઢીને અનેક જાતનાં દેશોપયોગી કામ કરી શકાય તેમ છે. એને માટે દૃઢ સંકલ્પ જોઈએ અને યોજકતા પણ જોઈએ.

નિયમિત દ્રવ્યદાન : દેશસેવાનો એક બીજો પ્રકાર પણ છે, તે દ્રવ્યદાનનો. સેવાકાર્ય માટે તેમ જ સેવકના નિર્વાહને માટે દ્રવ્યની જરૂર હોય જ છે. પૈસાદાર લોકો પોતાને પસંદ હોય તે કાર્યને અને કાર્યકર્તાને નિયમિતપણે કર્તવ્યબુદ્ધિથી પૈસા પૂરા પાડે તોય ઘણું કર્યું કહેવાય. પોતાના અંગત ઘરસંસારની જેમ દેશનો સંસાર કે કારભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણે શિર છે. કૉલેજમાં ભણતા પોતાના છોકરાઓને કે ભાંડુઓને આપણે દર મહિને પૈસા મોકલીએ છીએ, તેવી જ રીતે અમુક કાર્યકર્તા એ પણ આપણો ભાઈ જ છે, અથવા આપણા પ્રતિનિધિ તરીકે જ આપણે એને કોઈ વિશિષ્ટ કાર્યમાં રોકયો છે; સરકારી દેશકાર્ય માટે જેમ આપણે સ્વેચ્છાએ કે પરાણે કર આપીએ છીએ તેવી જ રીતે બિનસરકારી દેશકાર્ય માટે પણ સ્વેચ્છાથી કર આપવો આવશ્યક છે; આવી ભાવનાથી પોતાની કમાણીનો કે ઊપજનો અમુક હિસ્સો કોઈ વિશિષ્ટ કાર્યને – એ હિસ્સો આપણો છે જ નહીં, એ કાર્યનો જ છે એવી દૃઢ ભાવનાથી – અર્પણ કરવો એ દેશસેવાનો એક નક્કર અને મહત્ત્વનો પ્રકાર છે એમાં મુદ્દલ શંકા નથી.

મિશનરીઓનું શિષ્યત્વ : આધુનિક જમાનામાં આપણા દેશમાં જે અનેક સેવાકાર્યો ચાલુ છે તેમની સંસ્થાપના મિશનરી લોકોએ કરી છે એ કૃતજ્ઞતાપૂર્વક કબૂલ કરવું જોઈએ. મોટી મોટી કૉલેજો અને કેળવણી સંસ્થાઓ, આધુનિક સાધનોથી સુસજ્જિત એવી ઇસ્પિતાલો, અનાથાલયો વગેરે તેમણે જ શરૂ કર્યાં અને તેઓ જ ચલાવી રહ્યા છે. રક્તપીતિયાઓની સારવાર અને અંધ તેમ જ બહેરાંમૂંગાંની કેળવણી તેમણે જ શરૂ કર્યાનું અમે અગાઉ કહી ગયા જ છીએ. છાપખાનાં પ્રથમ તેમણે જ કાઢ્યાં. ઉદ્યોગધંધાઓમાં અનેક સુધારાઓ તેમણે આપણને શીખવ્યા. દુકાળરાહતનું કામ તેમણે અનેક પ્રસંગોએ કર્યું છે. હરિજનો, આદિવાસીઓ, વગેરેના ઉદ્ધારનું કાર્ય તેમણે જ શરૂ કર્યું અને હજી પણ તેઓ તે મોટા પ્રમાણ પર ચલાવી રહ્યા છે. સ્ત્રીકેળવણીનો પાયો પણ તેમણે જ નાખ્યો.

મિશનરીઓની જેમ જ ગોરા લોકોએ કાઢેલી અને આખી દુનિયામાં ચલાવેલી મુક્તિ ફોજ (સૅલ્વેશન આર્મી), બાલવીર (બૉયસ્કાઉટ), રેડક્રૉસ વગેરે જેવી જગદ્વ્યાપી સંસ્થાઓની શાખાઓ અને પેટા શાખાઓ હિન્દુસ્તાનમાં પણ ફેલાયેલી છે, એ તેમનો આપણા પર ભારે ઉપકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને તે બદલ આપણે તેમનો પાડ માનવો ઘટે. સેવાકાર્યમાં આપણે સંકુચિત દેશાભિમાનને વચ્ચે ન આણવું ઘટે. તેમ છતાં આ બધાં કાર્યો તેમ જ બીજાં પણ અનેક કાર્યો આપણે પોતે જ કરીએ એ શોભે. સમાજસેવાની બાબતમાં આપણે ગોરા લોકો પાસેથી ધડો લેવો ઘટે.

परंपरागत सेवावृत्ति : આપણામાં કૌટુંબિક ક્ષેત્રમાં સેવાવૃત્તિનો ખૂબ વિકાસ થયેલો દેખાય છે. આપણી અવિભક્ત કુટુંબપદ્ધતિ એ તો સેવાવૃત્તિનો જ પરિપાક છે. અપત્યસંગોપન, માતપિતાની સેવા, બંધુપ્રેમ, પાતિવ્રત્ય, એ ઉત્કટ સેવાવૃત્તિના જ નમૂનાઓ છે. એટલું જ નહીં, પણ ફોઈ, કાકી, માસી, સાળી, ભાણા, ભત્રીજા જેવાં સગાં-વહાલાંને ધર્મ (ચૅરિટી) નો નહીં પણ હકનો આશ્રય આપણી કુટુંબ-પદ્ધતિમાં મળતો; અને હજી પણ ઘણાં કુટુંબોમાં મળે છે. અતિથિસેવા એ પણ ગૃહસ્થનું આવશ્યક કર્તવ્ય હતું. દાનધર્મની જવાબદારી પણ દરેક ગૃહસ્થની હતી. આપણા ઘરગથ્થુ ગૃહસ્થજીવનમાં આ અંગો સ્પૃહણીય અને સંગ્રહણીય છે, એમાં જરાય શંકા નથી. માણસ જન્મ પામે છે ત્યારે દેવોનું, પિતરોનું, ઋષિઓનું તેમ જ સમાજનું ઋણ લઈને જ જન્મે છે; અથવા ગૃહસ્થે દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ, આ પંચ મહાયજ્ઞો નિત્ય કરવા જોઈએ, આ કલ્પનાઓમાં પણ સેવાધર્મ જ પ્રતિબિંબિત થયેલો છે.

આપણી વર્ણવ્યવસ્થા પણ એકબીજાની સેવા અને સહકારને ધોરણે જ રચાયેલી હતી. બ્રાહ્મણ એ નિઃસંગ સમાજસેવક હતો, તેથી બ્રાહ્મણને આપેલું દાન સહેજે જ આખા સમાજને અને સમાજકાર્યને પહોંચતું હતું. વૈશ્ય 'સંસારી સેવક' અને ક્ષત્રિય 'સ્વયંસેવક હતો' એમ પણ કહી શકાય. જૂના વખતના રસ્તા, ઘાટ કે આરા, તળાવ, ધર્મશાળાઓ, મંદિરો, વગેરે બાંધવાં, વડ કે પીપળા માટે ચબૂતરો બાંધવો, ઇત્યાદિ દાનધર્મના પ્રકારો બધી માનવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિને માટે જ નહીં પણ ઢોર, પશુપક્ષીઓ વગેરે બધાંને ઉપયોગી હોતા; તેથી આર્થિક વિષમતાનું મૂળમાં જ અથવા તે જ્યાં પેદા થતી ત્યાં જ નિરસન થતું. એ જમાનામાં શૂદ્રોને માત્ર સમાજ બહારના ગણવામાં આવતા, એમ દેખાય છે.

પણ હવે જમાનો પલટાયો છે. જૂની કુટુંબપદ્ધતિ શિથિલ અને છિન્નભિન્ન થઈ છે અને વર્ણવ્યવસ્થાનો પૂરેપૂરો લોપ થયો છે. લોકશાહીના ચાલુ જમાનામાં સ્ત્રીશૂદ્રો સાથે બધા જ લોકો કેવળ નામમાત્રે કરીને નહીં પણ ખરેખર 'રાજશ્રિયા વિરાજિત' થયા છે. પાશ્ચાત્ય પદ્ધતિનું આપણે અનેક બાબતોમાં અનુકરણ કરીએ છીએ. સામાજિક જવાબદારીઓનું ભાન અને સામાજિક જીવનપદ્ધતિના નિર્માતા હવે આપણે પોતે જ છીએ એવો આત્મવિશ્વાસ રાખવાનું આપણે આપણા રાજ્યકર્તાઓ પાસેથી શીખી લેવું જોઈએ.

स्वर्गने पृथ्वी पर लावो: આપણામાં સ્વાર્થત્યાગની અથવા પરમાર્થવૃત્તિની ઊણપ છે એમ નથી. પણ આપણામાં જે સ્વાર્થ-સાધનાથી કંટાળી જાય છે, તે સીધો વિરક્ત બનીને ઈશ્વરભજન–પરલોક શોધન–કરવા મંડી પડે છે. ઉપનિષદકારોએ આપણને 'ईशा वास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत्'— આ આખું જગત ઈશ્વરે વ્યાપેલું છે, એવો સંદેશો આપ્યો. સમર્થ રામદાસ સ્વામીએ પણ जनी थोरला देव तो चोरलासे (પરમેશ્વર માણસોમાં જ ગુપ્ત રીતે સંતાયેલો છે) અને "नारायण असे विश्वीं । त्याची सेवा करीत जावी । त्या कारणें तोषवावी । कोणी तरी काया ।।" (નારાયણ એટલે કે પરમેશ્વર આખા વિશ્વમાં રહેલો છે, તેની સેવા–ઉપાસના કરતા રહેવું. તેટલા માટે કોઈ પણ દેહધારીને સંતોષ આપવો,) એવો ઉપદેશ કર્યો છે. તેમ છતાં આવા છૂટાછવાયા ઉપદેશની આપણા સામાજિક જીવન પર જોઈએ તેવી અસર થયેલી દેખાતી નથી. આપણો ઈશ્વર દુનિયાથી અળગો જ રહી ગયો અને આપણું સ્વર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્ય-ચંદ્ર-તારાઓની પેલી પાર કોઈ અજ્ઞાત સ્થળે સંતાયેલું રહ્યું છે. સ્વર્ગને પૃથ્વી પર લાવનારા અને પરમેશ્વરને આખી સૃષ્ટિમાં સંચાર કરાવનારા કર્મયોગનો બોધ આપણે આત્મસાત કરવાની જરૂર છે.

उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान्निबोधत ।

ઊઠો, જાગો, મોટાઓનું માર્ગદર્શન મેળવીને સુબુદ્ધ, જ્ઞાનવાન થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારકમાળા

૧. **શ્રી યોગવાસિષ્ઠ** : સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૪–૦–૦

અદ્વૈત-વેદાંતના સુપ્રસિદ્ધ લોકગ્રંથનો સળંગ છાયાનુવાદ. મૂળના લગભગ પાંચમા ભાગ જેટલા કદમાં. ગ્રંથના વસ્તુનું મૂલ્યાંકન કરતા શ્રી. મગનભાઈ પ્ર૦ દેસાઈના આમુખ સાથે.

૨. **કળા એટલે શું ?** : [ટૉલ્સ્ટૉય કૃત ‘ What is Art ?]

ભાષાંતરકાર શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૩–૮–૦

કળા ઉપરનો ટૉલ્સ્ટૉયનો આ નિબંધ તેમના થોડાક આર્ષ ગણાતા ગ્રંથોમાંનો એક છે. પુસ્તકની દલીલ સમજાવતો ઉપોદ્ઘાત, ગ્રંથમાં આવતાં નામોની પરિચયસૂચિ, તથા વિસ્તૃત વિષયસૂચિ સાથે.

૩. **ગૌતમબુદ્ધ** : અનુ૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૧–૮–૦

બ્રિટિશ ઍકેડેમીની ‘માસ્ટર માઈન્ડ’ (મહા-પ્રજ્ઞ) વ્યાખ્યાન-માળામાં શ્રી. રાધાકૃષ્ણને આપેલા વ્યાખ્યાનનો અનુવાદ. આ વ્યાખ્યાનને ‘એક મહા-પ્રજ્ઞે બીજા એક મહા-પ્રજ્ઞ વિષે આપેલું વ્યાખ્યાન’ કહીને વર્ણવવામાં આવ્યું છે. શ્રી. રાધાકૃષ્ણનનો ટૂંક જીવનપરિચય, તથા ઉપયોગી ટિપ્પણો સાથે.

૪. **મુંડકોપનિષદ** : સંપા૦ શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૨–૦–૦

ઉપનિષદોમાં ‘સર્વાંગસુંદર અને પરિપૂર્ણ’ ગણાતા આ ઉપનિષદમાં આર્યોના જ્ઞાનની અને સાધનાની આખી વિચારણા એક વ્યાપમાં અને ભારે કાવ્યમયતાથી રજૂ થાય છે. મૂળ શ્લોક સાથે તેનો પદાર્થ, તેનો અન્વય, તેનું ભાષાંતર, દલીલની સળંગસૂત્રતા પ્રગટ કરતું વિસ્તૃત વિવેચન, પદસૂચિ — એવાં ઉપયોગી અંગો સહિત. ઉપનિષત્-સાહિત્યની માહિતી આપતા ઉપોદ્ઘાત સહિત,

૫. **શ્રીમદ્ભાગવત** : સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૩–૮–૦

મૂળના પાંચમા ભાગ જેવડા કદમાં મૂળ ગ્રંથનો છાયાનુવાદ. શ્રીમદ્ ભાગવત અને ભાગવતધર્મ વિષેનો વિસ્તૃત ઉપોદ્ઘાત, પરિશિષ્ટો તથા વિશેષનામોની સૂચિ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. **પ્રાચીન સાહિત્ય :** [શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર કૃત] કિં. રૂ. ૧–૦–૦

પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો મોંઘેરો વારસો શ્રી. રવીન્દ્રનાથે આ નિબંધોમાં પોતાની અનોખી ઢબે નિરૂપ્યો છે. મૂળ બંગાળી ઉપરથી સ્વ૦ મહાદેવભાઈ અને શ્રી. નરહરિભાઈ પરીખે કરેલા અનુવાદની નવી આવૃત્તિ.

૭. **સુખમની :** [શીખગુરુ અર્જુનદેવ]

અનુવાદક : શ્રી. મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ કિં. રૂ. ૨–૦–૦

સુપ્રસિદ્ધ ભક્ત-વિદ્વાન સાધુ વસવાણી કહે છે કે, 'ભગવદ્‌ગીતા અને સુખમની એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાને અવશ્ય ભણવાં જોઈએ.' રોજ પાઠ કરવાના ગ્રંથ તરીકે શીખધર્મમાં ઉપયોગમાં લેવાતા એ ભક્તિકાવ્યનો પદ્યાનુવાદ. શીખધર્મ અને ગુરુ અર્જુનદેવનું ચરિત્ર-નિરૂપતા વિસ્તૃત ઉપોદ્‌ઘાત સાથે.

૮. **ઇસ્લામનો સુવર્ણયુગ :** ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ કિં. રૂ. ૧–૪–૦

ઇસ્લામના સંસ્થાપક હજરત મહંમદ પેગંબર, તથા તેમની પાછળ તેમનું જગત્કાર્ય આગળ ચલાવનાર ચાર પ્રતાપી ખલીફાઓની ઓળખ આપતી લેખમાળા. ઇસ્લામના મુખ્ય પ્રવર્તકોના ધર્મજીવનની મૂળ ભાવના દ્વારા તે ધર્મની સારી ઓળખ પામવા માટે ઉપયોગી.

૯. **યોગ એટલે શું ? :** [યોગસૂત્રના સમાધિપાદનું વિવેચન]

સંપા૦ શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૩–૪–૦

પાતંજલ યોગસૂત્રનાં ચાર પાદોમાં આ પ્રથમ પાદ આખા ગ્રંથનું મુખ્ય પાદ છે; અને તેમાં યોગવસ્તુનું સળંગ નિરૂપણ આવી જાય છે. આ અનુવાદમાં પરંપરાથી ચાલી આવતી પ્રણાલેને જ અનુસરવાને બદલે એક સળંગસૂત્ર તથા સમજી શકાય તેવો અર્થ કરાયો છે; તથા આ વિષયની આસપાસ ઊભી થતી આવેલી ગૂઢતામાં અવશપણે અટવાઈ ગયા વિના, યોગવિદ્યા રૂપી આપણા મહામૂલા વારસાને સુસગત રજૂ કરવામાં આવ્યો છે. યોગતત્ત્વ વિષે વિસ્તૃત ઐતિહાસિક ઉપોદ્‌ઘાત સહિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહની મીમાંસા

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

એક સામાજિક સિદ્ધાંત તરીકે સત્યાગ્રહનું નિરૂપણ. સત્યાગ્રહ કેવળ રાજદ્વારી શસ્ત્ર નથી; તે સુધારકનું સાચું સાધન છે.

સત્યાગ્રહનાં પ્રધાન શસ્ત્રો સમાજ-ધર્મનાં જ અંગો હોઈ, સમાજનાં સાર્વભૌમ તત્ત્વોની વિચારણા પણ તેમાં આવી જાય છે.

આ રીતે એ પુસ્તક 'સેવાધર્મ' પુસ્તકને વિશેષ સમજવા માટે પણ ઉપયોગી થાય તેવું છે.

બીજી આવૃત્તિ

કિં. ૩-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar